સાપ્તાહિક
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૫ વર્ષ
# મુંબઈ સમાચાર
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 38 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ભાદ્રપદ સુદ - ૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/058/2018-20
રવિવાર, ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૬, (૧૫ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
ઉત્સવ પૂર્તિ ૫ થી ૧૧
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ભારતને ટૅરિફ અને વિઝાને લગતા ટ્રમ્પના ઝટકા

## ૧૦૦ ટકા ટૅરિફ લાદતા ખરડા પર સહી કરીઃ એચ-૧બી વિઝાની વધારેલી ફી એક વર્ષ લંબાવી

**બંને નિર્ણયની અસર ભારત અને ખાસ કરીને ભારતીય આઈટી પ્રોફેશનલ્સ પર પડી શકે છે**

વૉશિંગ્ટન : અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે ભારત માટે એક જ દિવસમાં બે મોટા નિર્ણયો લીધા છે. ટ્રમ્પે રશિયા પર પ્રતિબંધને લઈને એવા ખરડા પર હસ્તાક્ષર કર્યા છે, જે હેઠળ રશિયન તેલ-ગેસ ખરીદતા ભારત સહિતના દેશો પર ૧૦૦ ટકા સુધીનો ટૅરિફ લગાવવાનો રસ્તો ખુલ્યો છે. આ ઉપરાંત, વિદેશી કર્મચારીઓ માટેના એચ-૧બી વિઝાની એક લાખ ડૉલરની વધારેલી ફી પણ વધુ એક વર્ષ લંબાવવામાં આવી છે. બંને નિર્ણયની અસર ભારત અને ખાસ કરીને ભારતીય આઈટી પ્રોફેશનલ્સ પર પડી શકે છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પે એચ-૧બી વિઝા પર વિદેશી કર્મચારીઓને અમેરિકા લાવતા નોકરીદાતાઓ પર લાદવામાં આવતી એક લાખ અમેરિકન ડૉલર ફી એક વર્ષ માટે લંબાવી દીધી છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે શુક્રવારે જાહેરાત કરી હતી કે ૨૦૨૫માં ૧૦૦,૦૦૦ ડૉલર ફી લાદવાના નિર્ણય પછી મોટી આઈટી આઉટસોર્સિંગ કંપનીઓમાં એચ-૧બી નોંધણીઓની સંખ્યામાં ૯૨ ટકાનો ઘટાડો થયો છે.

બીજી તરફ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે શુક્રવારે 'લિન્ડસે ઓ. ગ્રેહામ સેન્ક્શનિંગ રશિયા એન્ડ ઈરાન એક્ટ ઓફ ૨૦૨૬' પર હસ્તાક્ષર કર્યા હતા. આ કાયદા હેઠળ રાષ્ટ્રપતિ ટ્રમ્પને રશિયા પાસેથી તેલ અને ગેસ ખરીદતા દેશો પર ૧૦૦ ટકા સુધીના ટૅરિફ લાદવાનો અધિકાર આપવામાં આવ્યો છે.

ટ્રમ્પે જણાવ્યું હતું કે ૨૦૨૫ની જાહેરાતને એક વર્ષ માટે લંબાવવાથી અમેરિકાનાં આર્થિક અને રાષ્ટ્રીય સુરક્ષા હિતોનું રક્ષણ થશે. અમેરિકન કર્મચારીઓ અને સ્નાતકો માટે રોજગારી મેળવવી સરળ બનશે અને ખાતરી કરવામાં આવશે કે નોકરીદાતાઓ ફક્ત સૌથી કુશળ અને આવશ્યક વિદેશી કામદારોને જ નોકરી પર રાખે છે. આ કાર્યક્રમના મૂળ હેતુ સાથે સુસંગત છે.

ભારતીય નાગરિકો અમેરિકાના એચ-૧બી વિઝા કાર્યક્રમના સૌથી મોટા લાભાર્થીઓ છે. ૨૦૨૫માં એક લાખ ડૉલરની ફી લાદવાના નિર્ણયને પણ કાનૂની પડકારોનો સામનો કરવો પડ્યો છે અને કેસ બે અલગ અલગ ફેડરલ કોર્ટમાં ચાલી રહ્યો છે.

ફી વધારાનો આદેશ આ મહિને સમાપ્ત થવાનો હતો. આ આદેશ વિદ્યાર્થી વિઝા પર અમેરિકામાં પહેલાથી જ રહેતા વિદેશી નાગરિકોને આપવામાં આવેલા વિઝા પર લાગુ પડતો ન હતો. આ ફી હાલના વિઝા (જુઓ પાનું ૨) ▶▶

## મહારાષ્ટ્રના પ્રધાનને બૅન્કના ડિરેક્ટરપદેથી દૂર કરાયા

લાતુર (મહારાષ્ટ્ર): રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા (આરબીઆઈ)એ મહારાષ્ટ્રના સહકાર ખાતાના પ્રધાન બાબાસાહેબ પાટીલ અને અન્ય સાત ડિરેક્ટરને ૧૦ વર્ષની નિર્ધારિત સમયમર્યાદા કરતા વધુ સમય સુધી હોદ્દા પર કાર્યરત રહેવા બદલ લાતુર ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઑપરેટિવ બૅન્ક (ડીસીસીબી)ના હોદ્દાઓ પરથી તેમને દૂર કરવાનો આદેશ આપ્યો હતો.

બાબાસાહેબ પાટીલ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય સુનેત્રા પવારના વડપણ હેઠળનાં એનસીપી સાથે જોડાયેલા છે.

બૅન્કના સભ્ય સતીશ શેશરાવ જાધવ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને મામલે બૉમ્બે હાઈ કોર્ટની ઔરંગાબાદ ખંડપીઠના ચુકાદાને અનુસરતા આરબીઆઈએ આ આદેશ આપ્યો હતો.

આરબીઆઈના સહાયક જનરલ મેનેજર કપિલ ગોસ્વામીએ શુક્રવારે આ આદેશ બહાર પાડ્યો હતો.

બૅન્કિંગ લૉ (અમેન્ડમેન્ટ) ઍક્ટ ૨૦૨૫ (જુઓ પાનું ૨) ▶▶

## જાપાનમાં એશિયન ગેમ્સની હાઇ-ટેક ઓપનિંગ સેરેમની

### મનુ ભાકર અને સેહરાવતે સંભાળી ભારતીય સંઘની આગેવાની




નાગોયાઃ ૨૦મી એશિયન ગેમ્સમાં ક્રિકેટ સહિત અમુક રમતોની કેટલીક ઇવેન્ટ થોડા દિવસથી શરૂ થઈ ચૂકી છે, પરંતુ આ રમતોત્સવનો સત્તાવાર આરંભ ગઈ કાલે જાપાનમાં હાઇ-ટેક ઓપનિંગ સેરેમની સાથે થયો હતો. આ રંગારંગ સમારોહ મિઝુહો પાર્ક ઍથ્લેટિક સ્ટેડિયમમાં ૩૦,૦૦૦ જેટલા પ્રેક્ષકોની હાજરીમાં થયો હતો જેમાં જાપાને ટેક્નોલૉજી તેમ જ ઉદ્યોગના ક્ષેત્રે પોતાની જે ક્ષમતા અને કાબેલિયતની ઝલક કરાવી હતી.

બે કલાકના શાનદાર સમારંભનો જાપાનના રાજા નારુહિતોએ એશિયન ગેમ્સના આરંભની જાહેરાત કરી હતી. ત્યારે રાણી મસાકો તેમ જ પ્રિન્સ અકિશિનો, રમતોત્સવના પ્રમુખ તેમ જ પ્રિન્સેસ કિકો પણ ઉપસ્થિત હતા. આ પ્રસંગે ઑલિમ્પિક કાઉન્સિલ ઑફ એશિયાના પ્રમુખ શેખ જોઆન બિન હમાદ અલ થાની પણ હાજર હતા.

એશિયન ગેમ્સમાં ૪૫ દેશ ભાગ લઈ રહ્યા છે અને ૧૧,૦૦૦-પ્લસ ઍથ્લીટો-ખેલાડીઓ તેમ જ ૬,૦૦૦ જેટલા અધિકારીઓ જાપાન આવ્યા છે. આ રમતોત્સવમાં કુલ મળીને ૪૬૯ ગોલ્ડ મેડલ આપવામાં આવશે. બીજી રીતે કહીએ તો જાપાનની એશિયન ગેમ્સ એશિયાને આટલા ચૅમ્પિયનો આપશે. 'હૃદયની લયબદ્ધ અને (જુઓ પાનું ૨) ▶▶

## રામ મંદિર દાન ચોરી કેસઃ આઠ આરોપીની કસ્ટડી લંબાવાઈ

અયોધ્યાઃ શ્રી રામ જન્મભૂમિ મંદિરમાંથી દાનની ચોરીના આરોપમાં ધરપકડ કરાયેલા આઠ આરોપીની ન્યાયિક કસ્ટડી ૨૧ સપ્ટેમ્બર સુધી લંબાવવામાં આવી છે, એમ તેમના વકીલ, ડેપ્યુટી ચીફ લીગલ એન્ડ ડિફેન્સ કાઉન્સેલ બકુલશેખર સિંહે જણાવ્યું હતું.

આઠ આરોપી – અવિનાશ શુક્લા, અંકલ્પ મિશ્રા, લવકુશ મિશ્રા, મનીષ કુમાર યાદવ, કરુણેશ પાંડે, રામ શંકર મિશ્રા, સુભાષ શ્રીવાસ્તવ અને રામ શંકર (ઉર્ફે ટીનુ)ની આ કેસના સંદર્ભમાં ધરપકડ કરવામાં આવી હતી. રામ મંદિરમાં ભંડોળના દાનમાં કથિત નાણાકીય ગેરરીતિ બદલ પોલીસે રામ જન્મભૂમિ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધી હતી. એફઆઈઆર ૨૫ જૂને નોંધવામાં આવી હતી. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના સભ્ય કૃષ્ણમોહન દ્વારા આ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ફરિયાદમાં વ્યક્તિઓ પર ભક્તો દ્વારા દાનમાં આપેલા ભંડોળની ચોરી, ઉચાપત અને યોજનાબદ્ધ રીતે દુરુપયોગનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ■

## વિકસિત દેશોમાં કાર્બન ઉત્સર્જન ભારત કરતાં ઘણું વધારે છે : મોદી

નવી દિલ્હી : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે નવી દિલ્હીમાં ''પર્યાવરણ અને આબોહવા ગતિશીલતાનું ભવિષ્ય'' વિષય પર એક આંતરરાષ્ટ્રીય પરિષદનું ઉદ્ઘાટન કરવા સાથે જણાવ્યું હતું કે વિકસિત દેશોમાં પ્રતિ વ્યક્તિ કાર્બન ઉત્સર્જન ભારત કરતા છ ગણું વધારે છે.

નેશનલ ગ્રીન ટ્રિબ્યૂનલ (એનજીટી) દ્વારા આયોજિત, બે દિવસીય પરિષદ ૧૯ અને ૨૦ સપ્ટેમ્બરના રોજ યોજાઈ હતી.

મોદીએ કહ્યું કે કાર્બન ઉત્સર્જનની જવાબદારી ઘણીવાર વિકાસશીલ દેશો પર અન્યાયી રીતે નાખવામાં આવે છે. તેમણે કહ્યું કે ઐતિહાસિક સત્ય એ છે કે આજે પણ, પ્રતિ વ્યક્તિ કાર્બન ઉત્સર્જનમાં ભારતનું યોગદાન વૈશ્વિક સરેરાશ કરતા અડધા કરતા પણ ઓછું છે. વિકસિત દેશોમાં પ્રતિ વ્યક્તિ કાર્બન ઉત્સર્જન ભારત કરતાં છ ગણું વધારે છે.

તેમણે કહ્યું કે ભારત વૈશ્વિક પ્લેટફોર્મ પર આ તથ્યોની મજબૂત રીતે હિમાયત કરે છે. એમણે દરેક ભારતીયને પર્યાવરણના રક્ષણમાં પોતાની ભૂમિકા ભજવવા હાકલ કરી હતી. પરિષદ (જુઓ પાનું ૨) ▶▶

## યુપીમાં સાંસદની કાર પર પથ્થરમારો

સંત કબિર નગર (ઉત્તર પ્રદેશ): ગણેશ વિસર્જન દરમિયાન અહીંના ગામ ખાતે સમાજવાદી પક્ષના સાંસદ લક્ષ્મીકાંત ઉર્ફે પપ્પુ નિશાદની એસયુવી કાર પર પથ્થરમારો કરવામાં આવ્યો હોવાનું પોલીસે શનિવારે કહ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર સંત કબિર નગરના સાંસદ લક્ષ્મીકાંત ઉર્ફે પપ્પુ નિશાદ પૂરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લઈને પાછા ફરી રહ્યા હતા ત્યારે એટલે કે શુક્રવારે મોડી રાતે બાખીરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા અમરડોભા ગામ નજીક આ ઘટના બની હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર અમરડોભા નજીક રસ્તા પર પ્રદર્શન કરી રહેલા લોકોએ સાંસદના વાહનને ઘેરી લીધું હતું અને પથ્થરમારો કર્યો હતો જેને કારણે વાહનની બારીઓના કાચ તૂટી ગયા (જુઓ પાનું ૨) ▶▶

## અમિત શાહ બીમાર

કર્ણાટકઃ કેન્દ્રીય પ્રધાન અમિત શાહને ફૂડ પોઇઝનિંગને લીધે આરોગ્ય સંબંધિત સમસ્યા સર્જાતા તેઓ શનિવારે નિર્ધારિત કાર્યક્રમમાં હાજરી નહોતા આપી શક્યા, એમ સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું.

અમિત શાહ હૂબલીના ગાબુરુસ્થિત નવી શૈક્ષણિક ઈમારત કેએલઈ જગદ્‌ગુરુ ગંગાધર મહાસ્વામીગલુ મૂરુસાવિરામઠ મેડિકલ કૉલેજ અને ૧૨૦૦ પલંગ ધરાવતી કેએલઈ હૉસ્પિટલ ઍન્ડ મેડિકલ રિસર્ચ સેન્ટરનું ઉદ્‌ઘાટન કરવાના (જુઓ પાનું ૨) ▶▶

## તિરુપતિના લાડુના ઘીમાં ભેળસેળ : એકની ધરપકડ

નવી દિલ્હીઃ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી) એ પ્રખ્યાત તિરુપતિ લાડુ પ્રસાદમ બનાવવા માટે વપરાતા ઘીમાં કથિત ભેળસેળ અંગેની મની-લોન્ડરિંગ તપાસના સંબંધમાં 'સુકૃતિ ફૂડ્સ પ્રાઇવેટ લિમિટેડ'ના પ્રમોટર કૈલાશ ચંદ મંગલાની ધરપકડ કરી છે.

ઇડીનો આરોપ છે કે તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ (ટીટીડી)ને 'એગમાર્ક સ્પેશ્યલ ગ્રેડ ગાયના ઘી' તરીકે જે ઘી પૂરું પાડવામાં આવ્યું હતું, તે રિફાઇન્ડ પામ ઓઈલ, પામ કર્નલ ઓઈલ, પામોલિન અને વિવિધ રસાયણોનો ઉપયોગ કરીને બનાવવામાં આવ્યું હતું.

મંગલાની ધરપકડ ઇડીની હૈદરાબાદ ઓફિસ દ્વારા ૧૭ સપ્ટેમ્બરના રોજ 'પ્રિવેન્શન ઓફ (જુઓ પાનું ૨) ▶▶

## સિટી સર્વે વિભાગના વર્ગ-૩ કર્મીઓની અચોક્કસ મુદતની હડતાળથી જનતા પરેશાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ શહેરી વિસ્તારોમાં જમીન અને પ્લોટની એન્ટ્રી નોંધવાની કામગીરી અગાઉ તલાટી પાસેથી લઈ સિટી સર્વે કચેરીને સોંપાયા બાદ કચેરીમાં કામના ભારણ વચ્ચે હજારો નોંધો પેન્ડિંગ પડી છે, ત્યારે હવે સિટી સર્વેયરના વર્ગ-ત્રણ ના કર્મચારીઓ દ્વારા ગ્રેડ-પેના પડતર પ્રશ્ને ગત તા. ૧૧ સપ્ટેમ્બરથી અચોક્કસ મુદતની હડતાળનું શસ્ત્ર ઉગામવામાં આવતાં સામાન્ય અરજદારોની હાલાકી બેવડાઈ છે. કર્મચારીઓ કામથી અળગા થઈ જતાં જમીન-મિલકતની નોંધણી તેમજ પ્રમાણિત કરવાની કામગીરી સંપૂર્ણપણે ઠપ થઈ ગઈ છે.

આ અંગે માંડવીના આઈ.એલ.આર. કેવલ દોશીએ જણાવ્યું હતું કે, સર્વેયર કર્મીઓ હડતાળ પર હોવાથી નવી નોંધો પાડવાની તેમજ તેને પ્રમાણિત કરવાની પ્રક્રિયા અટકી પડી છે. જોકે, નોંધ પ્રમાણિત કરવાની આખરી સત્તા આઈ.એલ.આર. હસ્તક હોવા છતાં સર્વેયરની ગેરહાજરીના કારણે સમગ્ર વહીવટ અટવાયો હોવાનું દર્શાવી જવાબદારી સર્વેયરો તરફ ઢોળવામાં આવી રહી છે.

માંડવી સહિત જિલ્લાભરની સિટી સર્વે કચેરીઓમાં અગાઉથી જ અરજદારોનાં કામો મહિનાઓ સુધી લટકી રહેતા હોવાની ફરિયાદો વ્યાપક હતી. હવે આ હડતાળના કારણે મિલકત ખરીદ-વેચાણ, દસ્તાવેજ, લોન તેમજ વારસાઈ નોંધ જેવાં અગત્યનાં કામો માટે લોકોને કચેરીઓના ધરમધક્કા ખાવા પડી રહ્યા છે. અગાઉ રેવન્યુ તલાટીઓની લાંબી હડતાળે પ્રજાને મુશ્કેલીમાં મૂકી હતી અને હવે સિટી સર્વે વિભાગના આંદોલનથી જનતા પિસાઈ રહી છે. આ સ્થિતિમાં લોકોના જરૂરી કામો ખોરંભે ન પડે તે માટે તંત્ર દ્વારા તાકીદે વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવામાં આવે તેવી લોકમાંગ ઊઠી છે. ■

## મધ્ય પ્રદેશમાં નાળામાં કાર ખાબકીઃ આઠનાં મોત

અગર માલવા (મધ્ય પ્રદેશ) : મધ્ય પ્રદેશના અગર માલવા જિલ્લામાં શનિવારે વહેલી સવારે એક કાર વરસાદી પાણીથી ભરાયેલા નાળામાં પડી જતાં ત્રણ બાળક અને બે મહિલા સહિત આઠ લોકોનાં મોત થયા હતા, એમ પોલીસે જણાવ્યું હતું.

નળખેડા પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ શશી ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, જિલ્લા મુખ્યાલયથી લગભગ ૩૦ કિમી. દૂર નળખેડા શહેરમાં બગુલામુખી મંદિર પાસે આ અકસ્માત થયો હતો. તેમણે કહ્યું કે ઓડિશાના શ્રદ્ધાળુઓ સાથેની કાર વરસાદી પાણીથી ભરાયેલા નાળામાં પડી ગઈ હતી અને તેમાં સવાર ત્રણ બાળક, બે મહિલા અને ત્રણ પુરુષ સહિત તમામનાં મોત થયા હતા. નળખેડા પોલીસે બચાવ કામગીરી શરૂ કરીને મૃતદેહોને બહાર કાઢ્યા હતા અને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા હતા, એમ અધિકારીએ ઉમેર્યું હતું. આ મામલે કેસ નોંધવામાં આવ્યો છે અને વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે. ■

## ઉમેદવારી પાછી ખેંચનાર મમતાના ઉમેદવારનો યુ-ટર્ન, હવે ચૂંટણી લડશે

કોલકાતાઃ પશ્ચિમ બંગાળના રેજીનગર વિધાનસભા પેટાચૂંટણીમાં મમતા બેનર્જીની છાવણીના નામાંકન પાછું ખેંચવાની જાહેરાત કરનાર ઉમેદવાર રબીઉલ આલમ ચૌધરીએ હવે ચૂંટણી લડવાનો નિર્ણય લીધો છે. ઉમેદવારી પાછી ખેંચવાની જાહેરાત કર્યાના માત્ર ત્રણ કલાક બાદ તેમણે યુ-ટર્ન લેતા પૂરા જોશથી ચૂંટણી લડવાનો હુંકાર ભર્યો છે.

ચૌધરીએ યુ-ટર્ન લેતા કહ્યું કે હું પેટાચૂંટણી લડીશ. અમે દીદીના પક્ષમાં છીએ અને તેમની ઇચ્છા વિરુદ્ધ કંઇ કરી શકીએ નહીં. તેથી દીદીના નિર્દેશોનું પાલન કરતાં હું મારી ઉમેદવારી જાળવી રાખું છું. તેમણે વધુમાં કહ્યું કે બેનર્જીએ તેમને (જુઓ પાનું ૨) ▶▶

## અમેરિકાને ઈરાન સાથેના યુદ્ધનો ખર્ચ ૪૩.૬ અબજ ડૉલર થયો

વૉશિંગ્ટનઃ સંસદસભ્યોને અપાયેલી તાજી આંકડાકીય માહિતી પ્રમાણે ઇરાન સાથેના અમેરિકાના યુદ્ધને લીધે તેના લશ્કરને ૪૩.૬ અબજ અમેરિકન ડૉલરનો ખર્ચ થયો.

મધ્ય પૂર્વના ઑપરેશન પર દેખરેખ રાખતા અમેરિકાના સેન્ટ્રલ કમાન્ડે આ આંકડાકીય માહિતી આપી હતી. ઈઝરાયલ અને અમેરિકાએ ૨૮ ફેબ્રુઆરીએ ઇરાન પર હુમલો કર્યો ત્યાર બાદનો આ લશ્કરી ખર્ચ છે. સંસદની બજેટ ઑફિસે જારી કરેલા અહેવાલ પ્રમાણે પહેલી ઑગસ્ટ સુધી યુદ્ધને લીધે ૩૮ અબજ ડૉલરનો ખર્ચ થયો હતો અને લડાઈની તીવ્રતાના આધારે દર મહિને ત્રણ અબજ ડૉલરનો ખર્ચ થશે. આકંડાના વિશ્લેષણ બતાડે છે કે અમેરિકાનું લશ્કર સતત મોંઘો દારૂગોળો વાપરે (જુઓ પાનું ૨) ▶▶

## રાજકોટની મારવાડી યુનિવર્સિટીની ગર્લ્સ હોસ્ટેલમાં કોમ્પ્યુટર એન્જિનિયરિંગની વિદ્યાર્થિનીનો આપઘાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટઃ શહેરમાં વધુ એક દુઃખદ ઘટના બની હતી. શહેરના મોરબી રોડ પર આવેલી મારવાડી યુનિવર્સિટીની ગર્લ્સ હોસ્ટેલમાં ૧૯ વર્ષીય વિદ્યાર્થિનીએ આત્મહત્યા કરતા ચકચાર મચી ગઈ હતી. આ ઘટના અંગે મળતી વિગતો મુજબ, મારવાડી યુનિવર્સિટીની ગર્લ્સ હોસ્ટેલના એ વિંગના ૧૦મા માળેથી ઝંપલાવી વિદ્યાર્થિનીએ આપઘાત કર્યો હતો. મૂળ આંધ્ર પ્રદેશની ૧૯ વર્ષીય અલ્લા વ્યંકટેશ સૌબર્નિકાએ શનિવાર સવારે લગભગ ૧૦ વાગ્યે આ પગલું ભર્યું હતું. મૃતક યુવતી કોમ્પ્યુટર એન્જિનિયરિંગના બીજા વર્ષમાં અભ્યાસ કરી રહી હતી. ઘટનાને પગલે હોસ્ટેલમાં દોડધામ મચી ગઈ હતી.

બનાવની જાણ કરવામાં આવતા કુવાડવા પોલીસ અને ૧૦૮ની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. તેને હોસ્પિટલ ખસેડાઈ હતી, જ્યાં તબીબે તપાસી મૃત જાહેર કરી હતી. ત્યારબાદ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો હતો.

આ મામલે કુવાડવા પોલીસે સમગ્ર બનાવ અંગે તપાસ શરૂ કરી છે. વિદ્યાર્થિની કયા સંજોગોમાં ૧૦મા માળેથી નીચે પડી તે અંગે પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. ઘટનાને પગલે યુનિવર્સિટી અને હોસ્ટેલમાં પણ શોકનો માહોલ જોવા મળ્યો હતો. ■

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૨૦-૯-૨૦૨૬ થી તા. ૨૬-૯-૨૦૨૬

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ સમગ્ર સપ્તાહમાં કન્યા રાશિમાં ભ્રમણ કરે છે. મંગળ માર્ગી ગતિએ કર્ક રાશિમાં સમગ્ર સપ્તાહમાં મધ્યમ ગતિએ ભ્રમણ કરે છે. બુધ કન્યા રાશિમાં મિશ્ર ગતિએ ભ્રમણ કરે છે. ગુરુ કર્ક રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શુક્ર તુલા રાશિમાં મિશ્ર ગતિએ ભ્રમણ કરે છે. શનિ વક્રી ગતિએ મીન રાશિમાં ભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે ધનુ રાશિમાં રહે છે. તા. ૨૧મીએ મકર રાશિમાં, તા. ૨૩મીએ કુંભ રાશિમાં, તા. ૨૬મીએ મીન રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના વાયદાના વેપારમાં તથા દૈનિક સાપ્તાહિક વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરીમાં પરિવર્તનો શક્ય જણાય છે. તા. ૨૧, ૨૨, ૨૪ નોકરી માટે શુભ ફળદાયી જણાય છે. નવા કામકાજનો પ્રારંભ શક્ય જણાય છે. નાણાં આવકની વૃદ્ધિ થશે. મહિલાઓને આ સપ્તાહમાં નવા કામકાજના પ્રારંભમાં પતિનો સહયોગ પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં સહઅધ્યાયીઓનો સહયોગ પ્રાપ્ત થશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણારોકાણ શક્ય જણાય છે, પરંતુ દૈનિક સાપ્તાહિક વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરીમાં પરિવર્તનો જણાય છે. નવી નોકરીનો પ્રારંભ પણ શક્ય જણાય છે. નાણાં આવક વિશેના સફળ નિર્ણયો લઈશકશો. પ્રવાસ દ્વારા નાણાં ઉઘરાણીના કામકાજ સફળ નીવડશે. મહિલાઓને પતિનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે જરૂરી સાધનો પ્રાપ્ત થતા જણાશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણના નિર્ણયનો અમલ શક્ય જણાય છે. નોકરીમાં પ્રગતિ જળવાશે. નોકરીના અધિકારીનો સહયોગ પ્રાપ્ત થશે. કાર્યક્ષેત્રે યશ મેળવશો. કુટુંબીજનો સાથેના નાણાં વ્યવહાર પણ પૂર્ણ થશે, પરંતુ ભાઈ–બહેનો સાથેના વાણી વ્યવહારમાં સાવચેતી દાખવવી જરૂરી છે. મહિલાઓને પરિવારના પ્રસંગોમાં અનુકૂળતા જણાશે. પરિવાર માટે અપેક્ષા મુજબનો નિર્ણય લઈશકશો. વિદ્યાર્થીઓ અધ્યયનમાં નિયમિતતા જાળવી શકશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપારમાં લાભ જળવાશે. નોકરીમાં સહકાર્યકરો અને ઉપરી અધિકારી ઉપયોગી થશે. નોકરીમાં પ્રગતિ જળવાશે. વ્યવસાયમાં નાણાં આવકની વૃદ્ધિ થશે, પરંતુ અનિવાર્યતા અનિશ્ચિત ખર્ચા વિશે સાવધાની દાખવવી જરૂરી છે. મિલકતો વાહન, ઈત્યાદિ માટે ગોચરફળ શુભ છે. મહિલાઓના સહોદર સાથેના વિવાદોનો ઉકેલ આવે તેમ જણાય છે. વિદ્યાર્થીઓ માટે આ સપ્તાહ સફળતાસૂચક જણાય છે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજાર માટે દૈનિક સાપ્તાહિક, વાયદાના વેપાર માટે સાવધાની દાખવવી જરૂરી છે. મુસાફરી દ્વારા નોકરીના કામકાજ પૂર્ણ થશે. મુસાફરીમાં નવી ઓળખાણો થાય. ભાગીદારીના સંબંધોમાં મતભેદોનો ઉકેલ આવશે. નાણાં ખર્ચ પરત્વે સાવધાન રહેવું જરૂરી છે. નાણાં આવક જળવાશે. મહિલાઓનો મહત્તમ નાણાં ખર્ચ પરિવાર માટે જણાય છે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં અભ્યાસમાં તથા ઈત્તર પ્રવૃત્તિઓમાં સફળતા મેળવશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણ અને વેપારની નવી કાર્યપદ્ધતિ અપનાવશો. નોકરી માટે સપ્તાહ અનુકૂળતા દર્શાવે છે, પરંતુ જન્મકુંડળીના આધારે ફેરબદલીના નિર્ણયો લેવા જરૂરી છે. સપ્તાહમાં કારોબારમાં નાણાં આવકની વૃદ્ધિ થશે. નાણાં આવક વિશેના મૂંઝવતા પ્રશ્નો ઉકેલ આવશે. મહિલાઓના આ સપ્તાહના કુટુંબીજનો સાથેના મતભેદોનો ઉકેલ આવશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે અનુકૂળ તકો પ્રાપ્ત થતી જણાશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરી માટે તા. ૨૧, ૨૩, ૨૫ શુભ જણાય છે. નોકરીમાં સ્થાન પરિવર્તન પણ શક્ય જણાય છે. નાણાં આવકના નવા સાધનો પણ નિર્માણ થશે. ભાગીદારી તથા વ્યવસાયની મિત્રતાના પ્રશ્નો ઉકેલ આવશે. અર્થવ્યવસ્થા સરળ બની રહેશે. મહિલાઓને મદદનીશ પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા અભ્યાસનો પ્રારંભ કરી શકશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારનું દૈનિક સાપ્તાહિક વેપાર સાવધાની દાખવવાનું સૂચવે છે. નોકરીમાં યશ મેળવશો. તા. ૨૧, ૨૨, ૨૬ નોકરી માટે શુભ જણાય છે. નોકરીના મિત્રોની મદદ મેળવશો. સ્વતંત્ર કારોબારમાં યશ અનુભવશો તથા કારોબારની અર્થવ્યવસ્થા વધુ સક્ષમ પુરવાર થશે. મહિલાઓ નવા કામકાજનો પ્રારંભ કરી શકશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં અધ્યયનમાં નિયમિતતા દાખવી શકશે. શાળા કૉલેજના અભ્યાસમાં પરિવર્તનો પણ આવે તેમ છે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજાર માટે આ સપ્તાહ શુભ ફળદાયી જણાય છે. નોકરી માટે તા. ૨૧, ૨૪, ૨૫ શુભ જણાય છે. સાહસિકતાથી નવીન પ્રવૃત્તિઓનો પ્રારંભ કરી શકશો. નવા આવકના સાધનો મેળવશો. મુસાફરી દ્વારા આ સપ્તાહમાં કોરાબારની નાણાં ઉઘરાણીના પ્રયત્નો સફળ બની રહેશે. વ્યવસાયમાં પ્રગતિ જળવાશે. મહિલાઓને નોકરીમાં અધિકારીનો સહયોગ પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં કુટુંબીજનોનું પ્રોત્સાહન પ્રાપ્ત થશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં સફળ કામકાજ જણાય છે. નોકરી માટે તા. ૨૨, ૨૩, ૨૬ શુભ જણાય છે. નોકરીના અધિકારીનો સહયોગ મેળવશો. વ્યવસાયના મિત્રો તથા ભાગીદાર ઉપયોગી થશે. પ્રવાસમાં નવી ઓળખાણો તથા હસ્તગત કાર્યો પૂર્ણ થશે. નાણાં આવકના નવા સાધનો નિર્માણ થશે. મહિલાઓને કાર્યક્ષેત્રે પતિનો સહયોગ પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓને અભ્યાસના નવા સાધનો પ્રાપ્ત થતા જણાય.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજાર માટે આ સપ્તાહ શુભ ફળદાયી છતાંય વેપારના નિર્ણયો જન્મકુંડળીના આધારે લેવા જરૂરી છે. ગોચરફળ પ્રોત્સાહક નથી. નોકરી માટે તા. ૨૦, ૨૧, ૨૫ શુભ છે. નોકરીના ઉપરી અધિકારીની મદદ મેળવશો. પ્રવાસઆ સપ્તાહમાં સફળ બની રહેશે. વ્યવસાય માટે મહિલાઓને પરિવારજનોનું પ્રોત્સાહન, માર્ગદર્શન પ્રાપ્ત થતું જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે નવી તકો પ્રાપ્ત થતી જણાશે.

મીન (દ, ચ, ઝ, થ) : ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના વેપારમાં તથા દૈનિક સાપ્તાહિક વેપાર સફળ પુરવાર થશે. નોકરી માટે તા. ૨૦, ૨૧, શુભ ફળદાયી જણાય છે. નોકરીના હસ્તગત કાર્યો સમયસરપૂર્ણ કરી શકશો. વ્યવસાયના મિત્રો તથા ભાગીદાર સાથેના વ્યવહારમાં સાવચેતી દાખવવી જરૂરી છે. નાણાં આવકની મૂંઝવણો દૂર થશે. મહિલાઓને સંતાનની જવાબદારીમાં રાહત આવેલી જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં અભ્યાસ માટે કુટુંબીજનોનો સહયોગ પ્રાપ્ત કરશે. ■

## આજનું પંચાંગ

### દક્ષિણાયન - સૌરશરદઋતુ, રવિવાર, તા. ૨૦-૯-૨૦૨૬, ભાગવત સપ્તાહ પ્રારંભ, રામદેવ પીરના નોરતા સમાપ્ત.

ભારતીય દિનાંક ૨૯, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૮
વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ભાદ્રપદ સુદ–૯
જૈન વીર સંવત ૨૫૫૨, માહે ભાદ્રપદ, તિથિ સુદ–૯
પારસી શહેનશાહી રોજ ૭મો અમરદાદ, માહે ૨જો અર્દીબહેસ્ત, સને ૧૩૯૬
પારસી કદમી રોજ ૭મો અમરદાદ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૬
પારસી ફસલી રોજ ૪થો શહેરેવર, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
મુસ્લિમ રોજ ૮મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
મીસરી રોજ ૯મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
નક્ષત્ર પૂર્વાષાઢા મધ્યરાત્રે ક. ૨૮–૩૫ સુધી, પછી ઉત્તરાષાઢા
ચંદ્ર ધનુમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૮, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૯, સ્ટા. ટા.
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૬, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૭, સ્ટા. ટા.
–ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ–
ભરતી : સવારે ક. ૦૬–૫૫, સાંજે ક. ૧૭–૪૦
ઓટ : બપોરે ક. ૧૩–૪૬, મધ્યરાત્રિ પછી ક. ૦૧–૦૫ (તા. ૨૧)
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, ‘પરાભવ’ નામ સંવત્સર, ભાદ્રપદ શુક્લ – નવમી. શ્રી હરિ નવમી, અદુઃખ નવમી, તલ નવમી (ઓરિસ્સા), શ્રી ચંદન નવમી (ઉદાસીન સંપ્રદાય), ભાગવત સપ્તાહ પ્રારંભ, રામદેવ પીરના નોરતા સમાપ્ત.
શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
મુહૂર્ત વિશેષઃ ભગવાન સૂર્યનારાયણનું પૂજન, ગાયત્રી જાપ, પૂજા, હવન, સપ્તસતી પાઠ વાંચન, હવન, શ્રી સત્યનારાયણદેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, તુલસીપૂજા, શ્રી ગણેશપૂજા, શ્રી સુક્ત પુરુસુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ અભિષેક. નિત્ય થતાં દુકાન–વેપારના કામકાજ, ખેતીવાડી, પશુ લે–વેંચના કામકાજ.
શ્રી ગણેશ મહિમાઃ ગણેશજીનું સુંદર સ્વરૂપ ખૂબ જ સૂક્ષ્મ, સંવાદ ધરાવે છે એટલે કે ગણપતિના મુખથી લઈને વાહનનું મહત્ત્વ વૈજ્ઞાનિક, તાર્કિક, સંદેશયુક્ત છે. ગણપતિને હાથીનું મુખ સર્વવિદિત છે. મુખમાં જીહ્વા દાંત, નાક ને આંખ – આ બધા અંગોની વિશેષતા શ્રી ગણેશજીની મહત્તાની સિદ્ધિ દર્શાવે છે. ગણપતિ વિઘ્ન, વિનાશક, વિઘ્ન વિનાયક પણ કહેવાય છે.
આચમનઃ ચંદ્ર–શનિ ચતુષ્કોણ રાજકારણમાં સંભાળવું, ચંદ્ર–બુધ ચતુષ્કોણ ટીકા–ટિપ્પણ નિંદાથી દૂર રહેવું.
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–શનિ ચતુષ્કોણ, ચંદ્ર–બુધ ચતુષ્કોણ
ગ્રહગોચરઃ સૂર્ય– કન્યા, મંગળ–કર્ક માર્ગી, બુધ–કન્યા માર્ગી, ગુરુ–કર્ક, શુક્ર–તુલા, વક્રી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, વક્રી હર્ષલ–વૃષભ, વક્રી નેપ્ચ્યુન–મીન, વક્રી પ્લુટો–મકર. ■

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૨૦-૯-૨૦૨૬ થી તા. ૨૬-૯-૨૦૨૬

રવિવાર, ભાદ્રપદ સુદ–૯, વિ. સં. ૨૦૮૨, તા. ૨૦મી, ઈ. સ. ૨૦૨૬, નક્ષત્ર પૂર્વાષાઢા મધ્યરાત્રે ક. ૨૮–૩૫ સુધી, પછી ઉત્તરાષાઢા. ચંદ્ર ધનુ રાશિ પર જન્માક્ષર. શ્રી હરિ નવમી, અદુઃખ નવમી, તલ નવમી (ઓરિસ્સા), શ્રી ચંદન નવમી (ઉદાસીન સંપ્રદાય), ભાગવત સપ્તાહ પ્રારંભ, રામદેવ પીરના નોરતા સમાપ્ત. શુભ કાર્ય વર્જ્ય છે.

સોમવાર, ભાદ્રપદ સુદ–૧૦, તા. ૨૧મી, નક્ષત્ર ઉત્તરાષાઢા. ચંદ્ર ધનુમાં સવારે ક. ૧૧–૧૪ સુધી, પછી મકર રાશિ પર જન્માક્ષર. ભાદ્રપદ શુક્લ – દસમી. શ્રી દયાનંદગીરી ગુરુ બ્રહ્મગીરી યાને શ્રી મુંડિયાસ્વામી જન્મજયંતી (સૌરાષ્ટ્ર–કચ્છ ગુજરાત), નારાયણગુરુ સમાધિ દિન (કેરાલા). શુભ કાર્ય વર્જ્ય છે.

મંગળવાર, ભાદ્રપદ સુદ–૧૧, તા. ૨૨મી, નક્ષત્ર ઉત્તરાષાઢા સવારે ક. ૦૭–૦૬ સુધી, પછી શ્રવણ. ચંદ્ર મકર રાશિ પર જન્માક્ષર. પરિવર્તિની એકાદશી (કમળકાકડી), ભદ્રા સવારે ક. ૦૮–૫૫ થી રાત્રે ક. ૨૧–૪૩. સામાન્ય દિવસ.

બુધવાર, ભાદ્રપદ સુદ–૧૨, તા. ૨૩મી નક્ષત્ર શ્રવણ સવારે ક. ૦૯–૦૮ સુધી, પછી ધનિષ્ઠા. ચંદ્ર મકરમાં રાત્રે ક. ૨૧–૫૬ સુધી, પછી કુંભ રાશિ પર જન્માક્ષર. શ્રાવણોપવાસ સૂર્યોદયથી ૦૯–૦૮. વામન જયંતી, વામન દ્વાદશી, રેંટીયા બારસ, વિષ્ણુદમનોત્સવ, મદન દ્વાદશી, મીનાશ્રી કલ્યાણ, ભારતીય આશ્વિન માસારંભ, વિષુવવૃત્ત દિન, દક્ષિણ ગોલારંભ, પંચક પ્રારંભ રાત્રે ક. ૨૧–૫૬. શુભ દિવસ.

ગુરુવાર, ભાદ્રપદ સુદ–૧૩, તા. ૨૪મી, ૨૦૨૬, નક્ષત્ર ધનિષ્ઠા સવારે ક. ૧૦–૩૪ સુધી, પછી શતભિષા. ચંદ્ર કુંભ રાશિ પર જન્માક્ષર. પ્રદોષ, ગોત્રીરાત્રિ વ્રતારંભ, પંચક, ફતીહા યાજમ (મુસ્લિમ). શુભ દિવસ.

શુક્રવાર, ભાદ્રપદ સુદ–૧૪, તા. ૨૫મી, નક્ષત્ર શતભિષા સવારે ક. ૧૧–૨૨ સુધી, પછી પૂર્વાભાદ્રપદા. ચંદ્ર કુંભમાં મધ્યરાત્રિ પછી ક. ૨૯–૩૨ સુધી (તા. ૨૬) સુધી, પછી મીન રાશિ પર જન્માક્ષર. ચતુર્દશી. અનંત ચતુર્દશી, ઈન્દ્ર ગોવિંદ પૂજા (ઓરિસ્સા), ગણપતિ વિસર્જન, પંચક, ભદ્રા પ્રારંભ ક. ૨૩–૦૬. શુભ કાર્ય વર્જ્ય છે.

શનિવાર, ભાદ્રપદ સુદ–૧૫, તા. ૨૬મી, નક્ષત્ર પૂર્વાભાદ્રપદા સવારે ક. ૧૧–૩૧ સુધી, પછી ઉત્તરા ભાદ્રપદા. ચંદ્ર મીન રાશિ પર જન્માક્ષર. પૌષ્ટપદી પૂર્ણિમા, અંબાજીનો મેળો, ઋક ઋક શ્રાવણી ઉપાકર્મ અથર્વવેદી, પૌષ્ઠપદી શ્રાદ્ધ, ગોત્રીરાત્રી વ્રત સમાપ્ત, અન્વાધાન, ખગ્રાસ ચંદ્રગ્રહણ મુંબઈમાં દેખાવાનું છે. સંન્યાસીના ચાતુર્માસ સમાપ્ત, ભાગવત સપ્તાહ સમાપ્ત, શ્રાદ્ધ પ્રારંભ, ભદ્રા સમાપ્તિ સવારે ક. ૧૦–૪૦. સામાન્ય દિવસ. ■

## પહેલા પાનાનું ચાલુ

### ટ્રમ્પના ભારતને

રિન્યૂ કરવામાં લાગુ પડતી ન હતી. આ આદેશ માટે ૩૦ દિવસની સમયમર્યાદા પણ નક્કી કરે છે. રાષ્ટ્રપતિએ એક અલગ જાહેરાત પણ કરી હતી જે એચ-૧બી વિઝા અરજીઓની ચકાસણીને વધુ કડક બનાવે છે, જેમાં વિવિધ સરકારી એજન્સીઓ વચ્ચે વધુ સારા સંકલન પર ભાર મૂકવામાં આવ્યો છે.

વ્હાઇટ હાઉસના એક નિવેદન અનુસાર, ‘‘આ આદેશ એચ-૧બી વિઝા કાર્યક્રમમાં વિવિધ સરકારી એજન્સીઓ વચ્ચે સંકલન સુધારે છે અને અમેરિકન કામદારોને નોકરીમાંથી કાઢી મૂકવાનું જોખમ ધરાવતી વિઝા અરજીઓની વધુ કડક તપાસનો નિર્દેશ આપે છે.’’

અમેરિકાએ ભારત સાથેના સંબંધોને ધ્યાનમાં લીધા વિના રશિયા સંબંધિત બિલને મંજૂરી આપી છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે શુક્રવારે ‘લિન્ડસે ઓ. ગ્રેહામ સેન્ક્શનિંગ રશિયા એન્ડ ઈરાન એક્ટ ઓફ ૨૦૨૬’ પર હસ્તાક્ષર કર્યા હતા. આ કાયદા હેઠળ રાષ્ટ્રપતિ ટ્રમ્પને રશિયા પાસેથી તેલ અને ગેસ ખરીદતા દેશો પર ૧૦૦ ટકા સુધીના ટેરિફ લાદવાનો અધિકાર આપવામાં આવ્યો છે. આ કાયદો રશિયાના ઊર્જા ક્ષેત્ર, નાણાકીય સંસ્થાઓ, સંરક્ષણ નેટવર્ક્સ અને પ્રતિબંધોથી બચવાની પદ્ધતિઓને લક્ષ્ય બનાવે છે. વાઇટ હાઉસના જણાવ્યા અનુસાર, આનાથી રશિયા પર પહેલાથી જ અસ્તિત્વમાં રહેલા પ્રતિબંધો વધુ કડક બન્યા છે. આ કાયદાનો ઉદ્દેશ્ય ચીન તથા ભારત જેવા રશિયાના મુખ્ય ઊર્જા ખરીદદારો પર ભારે શુલ્ક (ટૅરિફ) લાદવાનો છે. વાઇટ હાઉસે જણાવ્યું હતું કે, ‘‘શુક્રવાર, ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ રાષ્ટ્રપતિએ ‘લિન્ડસે ઓ. ગ્રેહામ સેન્ક્શનિંગ રશિયા એન્ડ ઈરાન એક્ટ ઓફ ૨૦૨૬’ પર હસ્તાક્ષર કરીને તેને કાયદાનું સ્વરૂપ આપ્યું છે. આ કાયદો રશિયા પર કાયદેસરના પ્રતિબંધો, ટૅરિફ અને નિયંત્રણોને અધિકૃત અને વિસ્તૃત કરે છે તેમજ ઈરાન પરના વર્તમાન પ્રતિબંધોને લંબાવે છે.’’ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સે બુધવારે આ કાયદો પસાર કર્યો હતો. આ કાયદા હેઠળ રશિયાના નેતૃત્વ અને ઊર્જા ક્ષેત્ર તેમજ મોસ્કોના સંરક્ષણ ઉદ્યોગ અને તેના કહેવાતા ‘શેડો ફ્લીટ’ (ગુપ્ત જહાજ કાફલા) સાથે સંકળાયેલા સહયોગીઓ પર પ્રતિબંધો લાદવાની જોગવાઈ છે.

આ કાયદો રાષ્ટ્રપતિ ટ્રમ્પને ચીન અને ભારત સહિત રશિયન તેલ અને ગેસ ખરીદતા દેશો પર ૧૦૦ ટકા સુધીનું ટૅરિફ લાદવાની સત્તા પણ આપે છે. આ કાયદો ટ્રમ્પને તેના અમલીકરણ અંગે વ્યાપક વિવેકાધિકાર આપે છે, જેમાં કયા દેશો પર ટેરિફ લાદવું, ટૅરિફના દરો શું રાખવા અને પ્રતિબંધોની જોગવાઈઓમાં છૂટછાટ આપવી કે નહીં, તેનો સમાવેશ થાય છે.

રાષ્ટ્રપતિના હસ્તાક્ષરના ૩૦ દિવસની અંદર આ કાયદો અમલમાં આવશે. તે મુજબ, કાયદો અમલમાં આવતા પહેલાના ૧૨ મહિના દરમિયાન રશિયન ક્રૂડ ઓઈલ અથવા કુદરતી ગેસના કુલ જથ્થાની દ્રષ્ટિએ ટોચના પાંચ ખરીદદાર દેશોમાંથી આયાત થતી વસ્તુઓ પર ૧૦૦ ટકા સુધીની ડ્યૂટી (શુલ્ક) લાદવી ફરજિયાત છે. જો કોઈ દેશની રશિયન ગેસની આયાત નિર્ધારિત સમયગાળા દરમિયાન રશિયાની કુલ નિકાસના ૧૫ ટકાથી ઓછી હોય અને તે દેશ દ્વારા આવી આયાત ઘટાડવા માટે ‘‘મહત્ત્વપૂર્ણ પગલાં’’ લેવામાં આવ્યા હોય તો તે દેશને ગેસ-સંબંધિત ડ્યૂટીમાંથી મુક્તિ મળે છે. આ કાયદો રશિયાના ‘‘શેડો ફ્લીટ’’ અને રશિયન ઊર્જા ઉત્પાદનમાં મદદ કરતા અથવા પ્રતિબંધોથી બચવામાં સહાય કરતા અન્ય વિદેશી વ્યક્તિઓ કે સંસ્થાઓને નિશાન બનાવે છે. અગાઉ, અમેરિકાની પ્રતિનિધિસભા (હાઉસ ઑફ રિપ્રેઝન્ટેટિવ્સ)એ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પને રશિયા પર પ્રતિબંધ મૂકવાની અને મૉસ્કો પાસેથી ખનિજ તેલ તેમ જ ગૅસ ખરીદતા વેપારી ભાગીદાર દેશો (ભારત અને ચીન સહિતનાં રાષ્ટ્રો) પરની ટૅરિફમાં જંગી વધારો કરવાની સત્તા આપતો ખરડો પસાર કર્યો હતો. અગાઉ, અમેરિકાના સેનેટે આ ખરડાને બહાલી આપી દીધી હતી. આ સાથે ભારત પર પ્રસ્તાવિત ૧૦૦ ટકા ટૅરિફ લાદવા માટે ટ્રમ્પનો માર્ગ મોકળો થયો હતો.

દરમિયાન, ભારતે આ સંબંધમાં પોતાનું મક્કમ વલણ અપનાવતા સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે ભારત પોતાના વેપારી અને આર્થિક હિતની સુરક્ષા માટે દરેક જરૂરી પગલાં લેશે. રશિયાએ ચેતવણી આપી હતી કે અમેરિકાનો સંબંધિત નિર્ણય યુક્રેન સાથેની લડાઇનો અંત આણવા માટેની મંત્રણા પર માઠી અસર કરી શકે છે. ચીને પણ જણાવ્યું હતું કે અમારા દેશના અન્ય રાષ્ટ્રો સાથેના સામાન્ય વેપાર અને આર્થિક સહકારમાં ત્રીજા કોઇ દેશની દખલગીરી ચલાવી નહિ લઇએ. અમેરિકાની સેનેટે ગયા મહિને ‘લિન્ડસે ઓ. ગ્રેહામ સેન્ક્શનિંગ રશિયા ઍન્ડ ઇરાન ઍક્ટ ઑફ ૨૦૨૬’ને બહાલી આપી હતી. તેને અમેરિકાની પ્રતિનિધિસભાએ બુધવારે સાંજે ૨૬૨ વિરુદ્ધ ૧૫૯ મતથી પસાર કર્યો હતો અને તેને કાયદો બનાવવા ટ્રમ્પની સહી માટે મોકલી દેવાયો હતો. અમેરિકાની પ્રતિનિધિસભામાં ૨૦૩ રિપબ્લિકન્સ, ૫૮ ડેમોક્રેટ્સ અને એક અપક્ષ સાંસદે આ ખરડાની તરફેણમાં મતદાન કર્યું હતું, જ્યારે સાત રિપબ્લિકન્સ અને ૧૫૨ ડેમોક્રેટ્સે તેનો વિરોધ કર્યો હતો.

ડેમોક્રેટ્સ ટ્રમ્પને જંગી ટૅરિફ લાદવાની સત્તા આપતી કલમનો મુખ્ય વિરોધ કરી રહ્યા હતા. સાઉથ કેરોલિનાના સેનેટર લિન્ડસે ગ્રેહામ આ ખરડા માટે અન્ય સાંસદોનો ટેકો મેળવવા છેલ્લા એક વર્ષથી પ્રયાસ કરતા હતા અને ગયા જુલાઇમાં તેમનું નિધન થયું હતું. તેથી આ ખરડાનું નામ તેમના પરથી રખાયું હતું. ડેમોક્રેટ કૉંગ્રેસમેન રિચાર્ડ નીલે આ ખરડા પરની ચર્ચામાં જણાવ્યું હતું કે અમે પ્રમુખને અન્ય દેશો પરની ટૅરિફ વધારવાની સત્તા આપવાનો વિરોધ કરીએ છીએ. આ ખરડામાં માત્ર રશિયાના નેતૃત્વ અને તેના ઊર્જા ક્ષેત્ર પર જ પ્રતિબંધ મૂકવાની વાત નથી કરાઇ, પરંતુ મૉસ્કોને તેલની નિકાસમાં સહાય કરતા જહાજો પર પણ પ્રતિબંધ મૂકવાની તેમાં જોગવાઇ છે. ડેમોક્રેટિક સેનેટર રિચર્ડ બ્લૂમેન્થલે આ ખરડો પસાર થયા બાદ જણાવ્યું હતું કે ભારત અને ચીને હવે પોતાની જરૂરિયાતનું તેલ અને ગૅસ રશિયા સિવાયના અન્ય દેશ પાસેથી ખરીદવું પડશે.

ડેમોક્રેટિક સેનેટર જેન શાહીને જણાવ્યું હતું કે રશિયા પાસેના તેલ અને ગૅસ સસ્તાં દરે ખરીદનારા દેશોમાં ભારત અને ચીન મુખ્ય છે. મૉસ્કો પાસેથી તેલ અને ગૅસ ખરીદનારાં રાષ્ટ્રોએ તેની મોટી કિંમત ચૂકવવી પડશે.

રશિયા પાસેથી તેલ અને ગૅસ ખરીદતા દેશોમાં ભારત, ચીન ઉપરાંત સ્કોવાકિયા, હંગેરી અને અઝરબૈજાન મુખ્ય છે.

અગાઉ, અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે કૅનેડાને યુરોપિયન યુનિયન (ઇયુ)નું સૌપ્રથમ ‘અસોશિએટ મેમ્બર’ બનાવવા સામે ધમકી આપતા જણાવ્યું હતું કે જો યુરોપિયન યુનિયન દ્વારા કૅનેડાને ‘સંલગ્ન સભ્ય’ બનાવાશે, તો અમેરિકા દ્વારા યુરોપ સાથેનો વેપાર બંધ કરાશે અથવા યુરોપના દેશો પર ‘બહુ જ ગંભીર ટૅરિફ’ લાદશે. અમેરિકાના પ્રમુખે જણાવ્યું હતું કે યુરોપિયન યુનિયન જો કૅનેડાને સૌપ્રથમ ‘અસોશિએટ મેમ્બર’ બનાવવા માટે આગળ વધશે, તો વૉશિંગ્ટન યુરોપ સાથેનો વેપાર બંધ કરશે અથવા ‘બહુ જ ગંભીર ટૅરિફ’ લાદશે. યુરોપિયન યુનિયનનાં પ્રમુખ ઉર્સુલા વૉન ડેર લિયેને કૅનેડાને યુરોપિયન યુનિયનનું સૌપ્રથમ ‘સંલગ્ન સભ્ય’ બનવા માટે આમંત્રણ આપ્યું, તેના બીજા દિવસે કૅનેડાના વડા પ્રધાન માર્ક કર્નીએ યુરોપિયન સંસદને સંબોધી હતી. ટ્રમ્પે કરેલા વિરોધના સંબંધમાં ફ્રાંસના યુરોપ માટેના પ્રધાન બેન્જામિન હેડેડે જણાવ્યું હતું કે વૉશિંગ્ટન યુરોપિયન યુનિયનના નિર્ણયમાં દખલગીરી કરવાની કે તેને રોકવાની સત્તા નથી ધરાવતું. તેમણે એક ટીવી ચેનલને જણાવ્યું હતું કે અમેરિકા કે કોઇ અન્ય દેશ યુરોપિયન્સની રાજકીય અને ભૂરાજકીય દિશા નક્કી કરી ન શકે. અમે કૅનેડા સાથેના સંબંધ વધુ દૃઢ બનાવવાનો નિર્ધાર કર્યો છે. (એજન્સી) ■

### અમિત શાહ બીમાર

હતા. કેએલઈ સોસાયટીના અધ્યક્ષ અને રાજ્યસભાના ભૂતપૂર્વ સાંસદ પ્રભાકર કોરેએ સભાને સંબોધન કરતાં કહ્યું હતું કે આ ઐતિહાસિક ક્ષણના મુખ્ય નાયક કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને આરોગ્યની સમસ્યા સર્જાતા ડૉક્ટરોની સલાહને પગલે તેમને હૉટલમાં જ રહેવાની ફરજ પડી છે અને તેમણે આ સંદેશો તમારા સુધી પહોંચાડવાનું મને જણાવ્યું છે.

અમિત શાહની ગેરહાજરીમાં કેન્દ્રીય પ્રધાન પ્રહ્લાદ જોશી, કર્ણાટક મેડિકલ એજ્યુકેશન મિનિસ્ટર શરન પ્રકાશ પાટીલ, ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન બાસવરાજ બોમ્માઈ, બેલગાવીના સાંસદ જગદીશ શેટ્ટાર અને જગદ્ગુરુ મહાસ્વામીગલુ મૂરુસાવિરામઠે સંસ્થાનું ઉદ્ઘાટન કર્યું હતું. (એજન્સી) ■

### મહારાષ્ટ્રના પ્રધાનને

મારફતે બૅન્કિંગ રેગ્યુલેશન ઍક્ટ ૧૯૪૯માં કરવામાં આવેલા સુધારા મુજબ ડીસીસીબી અને સેન્ટ્રલ કૉ-ઑપરેટિવ બૅન્કના ડિરેક્ટરના હોદ્દા પર ચાલુ રહેવાની સર્વાધિક સમયમર્યાદા ૧૦ વર્ષની હોય છે.

બૅન્કના સભ્ય સતીશ શેશરાવ જાધવે પચીસ મે ૨૦૨૬ના આરબીઆઈના મુખ્ય જનરલ મેનેજર સમક્ષ કરેલી અરજીમાં આ જ ભૂમિકાને આધારે લાતુર ડીસીસી બૅન્કના આઠ ડિરેક્ટરને ગેરલાયક ઠરાવવાની માગણી કરી હતી. (એજન્સી) ■

### વિકસિત દેશોમાં

દરમિયાન, એમણે પર્યાવરણીય સંરક્ષણ, નવીનીકરણીય ઊર્જા, કાર્બન ઉત્સર્જન, સૌર ઊર્જા, ઇલેક્ટ્રિક વાહનો, પાણી સંરક્ષણ અને કચરા વ્યવસ્થાપનમાં ભારતની સિદ્ધિઓ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે કહ્યું કે ભારત પર્યાવરણનું રક્ષણ કરવા અને નવાં ધોરણો સ્થાપિત કરવા માટે વિશ્વ સાથે કામ કરી રહ્યું છે. મોદીએ જણાવ્યું હતું કે છેલ્લા ૧૨ વર્ષમાં ભારતની સૌર ઊર્જા ક્ષમતા વધીને ૧૬૦ ગીગાવોટથી વધુ થઈ છે.

તેમણે એવો દાવો કર્યો હતો કે ભારત જી૨૦માં એકમાત્ર દેશ છે જેણે પેરિસમાં કોપ-૨૧ સમિટમાં કરવામાં આવેલી આબોહવા સંબંધિત પ્રતિબદ્ધતાઓને સમયસર પૂર્ણ કરી છે. તેમણે કહ્યું કે પીએમ સૂર્યઘર મફત વીજળી યોજના હેઠળ અત્યાર સુધીમાં, ૫૦ લાખથી વધુ ઘરમાં છત પર સોલાર પેનલ લગાવવામાં આવ્યા છે, જેમાં આ ઘરોને સરકાર તરફથી ૮૦,૦૦૦ રૂપિયા સુધીની વધારાની નાણાકીય સહાય મળી છે.

તેમણે નોંધ્યું હતું કે પ્લાસ્ટિક કચરો એક મોટો પર્યાવરણીય પડકાર રહ્યો છે. આને ધ્યાનમાં રાખીને ભારતે સિંગલ-યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ મૂક્યો છે. તેમણે ઉમેર્યું કે ‘‘ઘટાડો, પુનઃઉપયોગ અને રિસાયકલ’’ ના મંત્ર સાથે એક પરિપત્ર અર્થતંત્રને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. આજે ભારતમાં દરરોજ હજારો ટન કચરો રિસાયકલ કરવામાં આવે છે. પર્યાવરણ નિષ્ણાતોની સાથે સુપ્રીમ કોર્ટ અને વિવિધ હાઇ કોર્ટના ન્યાયાધીશો, જિલ્લા અદાલતોના ન્યાયાધીશો, સચિવો અને કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયોના વરિષ્ઠ અધિકારીઓએ આ પરિષદમાં ભાગ લીધો હતો. ■

### જાપાનમાં એશિયન ગેમ્સ

તાલમેલવાળી ધડકન’ એવી થીમ સાથે જાપાને ૪૪ દેશના ઍથ્લીટોનું સ્વાગત કર્યું છે. જાપાનમાં ત્રીજી વખત એશિયાડનું આયોજન થયું છે. આ પહેલાં ૧૯૫૮માં ટોક્યોમાં અને ૧૯૯૪માં હિરોશિમામાં એશિયન ગેમ્સ યોજાઈ હતી. ‘એક એશિયા’ એવી થીમ પણ અપનાવવામાં આવી છે જે મુજબ ઓપનિંગ સેરેમનીનું સ્ટેજ હૃદયના આકારનું બનાવવામાં આવ્યું હતું અને ‘દિલ સે મિલ દિલ...’ જેવો ભાવ આયોજકો દ્વારા વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. પ્રારંભિક સમારોહમાં જાપાનની સંસ્કૃતિ, કાબુકી પરંપરા તથા સ્થાનિક ‘આઇચી ઇન્ડસ્ટ્રિયલ ટેક્નોલૉજીને કલાત્મક રીતે મંચ પર રજૂ કરવામાં આવી હતી.

ટોયોટા કંપનીનું વડુમથક એશિયન ગેમ્સના સ્થળ આઇચી પ્રીફેક્ચરમાં જ છે એટલે એના લૉ-સ્પીડ મૉબિલિટી વેહિકલ્સ સહિતના વિશિષ્ટ વાહનો પ્રદર્શન માટે લાવવામાં આવ્યાં હતાં.

ઍથ્લીટોની પરેડમાં અફઘાનિસ્તાનથી શરૂઆત થઈ હતી. ભારતના ૫૦૧ ઍથ્લીટ-ખેલાડીના સંઘની આગેવાની ૨૦૨૪ની પૅરિસ ઑલિમ્પિક્સમાં બે બ્રૉન્ઝ મેડલ જીતનાર શૂટર મનુ ભાકર તથા કબડ્ડી ખેલાડી પવન સેહરાવતે ગર્વભેર સંભાળી હતી. બે કલાકની સેરેમનીની શરૂઆત જાપાનના રાષ્ટ્ર ગીત સાથે શરૂ થઈ હતી. જાપાનના આત્મ-સંરક્ષણ દળના નવ મેમ્બર સ્ટેજ પર યજમાન જાપાનનો રાષ્ટ્ર ધ્વજ લઈ આવ્યા હતા અને ફરકાવ્યો હતો. ત્યાર બાદ સ્ટેડિયમમાં અંધકાર છવાઈ ગયો હતો અને સ્પૉટલાઇટ માત્ર રાષ્ટ્ર ધ્વજ પર પડતાં એ સૌનું આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. કુલ ૪૫ દેશના ઍથ્લીટો-ખેલાડીઓ આ રમતોત્સવમાં ભાગ લઈ રહ્યા છે. જાપાનના રાજવી પરિવારની હાજરીમાં એશિયન ગેમ્સનો સત્તાવાર આરંભ થયો હતો. ક્રિકેટ સહિતની જે રમતોની હરીફાઈઓ તથા ઇવેન્ટની શરૂઆત થઈ ચૂકી છે એમાં મહિલા ક્રિકેટ પણ સામેલ છે. હરમનપ્રીત કૌરના સુકાનમાં ભારતીય ટીમ સેમિ ફાઇનલમાં પહોંચી ગઈ છે. જાપાનમાં ૨૦૦૨માં ફિફા ફૂટબૉલ વર્લ્ડ કપ તેમ જ ૧૯૬૪માં તથા ૨૦૨૧માં ઑલિમ્પિક ગેમ્સ યોજાઈ હતી, પરંતુ ત્યારની તુલનામાં આ વખતે એશિયન ગેમ્સ દરમ્યાન ઍથ્લીટો માટેની રહેવાની વ્યવસ્થા સહિત આયોજનની બાબતમાં ખૂબ ધાંધિયા છે જેને કારણે જાપાનની પ્રતિષ્ઠાને થોડી હાનિ પહોંચી છે. ચોથી ઑક્ટોબર સુધી ચાલનારા આ રમતોત્સવમાં સૌથી વધુ જાપાનના ૯૦૦થી વધુ સ્પર્ધકો ભાગ લઈ રહ્યા છે. ■

### યુપીમાં સાંસદની

હતા અને વાહનને ભારે નુકશાન પહોંચ્યું હતું.

પોલીસે દખલગીરી કરી સાંસદને સુરક્ષિત સ્થળે ખસેડ્યા હતા.

ગણેશ વિસર્જન દરમિયાન ઘોંઘાટિયું મ્યુઝિક વગાડી રહેલા ડીજે વાહન વિરુદ્ધ પોલીસે કાર્યવાહી કરતાં થયેલી ચડભડ બાદ આ ઘટના બની હતી. ઘટનાને મામલે તપાસ આરંભી દેવામાં આવી હોવાનું કબિર નગરના એસપી કુમાર મીનાએ કહ્યું હતું. (એજન્સી) ■

### અમેરિકાને ઈરાન

છે. અડધા ભાગનો ખર્ચ તો યુદ્ધસામગ્રી પાછળ થયો છે. હથિયારોનો ખર્ચ એક મહિનાના સમયમાં છ અબજ ડૉલર વધી ગયો. સેન્ટ્રલ કમાન્ડના અંદાજ પ્રમાણે આ ખર્ચ ૨૧.૭ અબજ ડૉલરથી વધીને ૨૮.૧ અબજ ડૉલર થયો હતો. આ નાણાકીય ખર્ચ તો યુદ્ધની એક અસર છે, પરંતુ યુદ્ધને લીધે તેલના ભાવ વધી ગયા છે. આને લીધે શેર બજાર પર માઠી અસર થઈ છે અને અમેરિકાના અનેક જવાનના મરણ કે ઘાયલ થયા છે. રાજકીય અસર તો નવેમ્બરમાં જોવા મળશે જ્યારે વચગાળાની ચૂંટણી યોજાશે. યુદ્ધની અપ્રિયતાને લીધે રિપબ્લિકન પાર્ટી સામે પૂરે તરી રહી છે. અમેરિકન લશ્કરે એક પાનામાં આપેલી ખર્ચની વિગતો પ્રમાણે આમાં યુદ્ધજહાજો, વિમાનો અને મથકોને ઑપરેટ કરવાનો ખર્ચ તેમ જ ઉપકરણોના નાશ અને જવાનોને તબીબી ટેકાનો સમાવેશ થાય છે. પેન્ટાગોનના કહેવા મુજબ યુદ્ધમાં અમેરિકાના ૧૮ જવાન મરણ પામ્યા છે. નોંધ લેવા જેવી વાત તો એ છે કે આમાં ઇરાને ડ્રોન અને મિસાઈલ વડે મિડલ ઈસ્ટમાં મથકોને પહોંચાડેલા નુકસાનનો સમાવેશ થતો નથી. ઈરાનના હુમલાને લીધે કુવૈત, બાહરિન,કતાર, સંયુક્ત આરબ અમિરાત, સઉદી અરેબિયા, ઇરાક, ઓમાન અને જોર્ડનના અમેરિકાનાં મથકોમાં સેંકડો મકાનો નાશ પામ્યા છે. (એજન્સી) ■

### તિરુપતિના લાડુના

મની લોન્ડરિંગ એક્ટ’ (પીએમએલએ) હેઠળ કરવામાં આવી હતી. એજન્સીએ જણાવ્યું હતું કે ત્યારબાદ તેને વિશાખાપટ્ટનમની વિશેષ પીએમએલએ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો, જ્યાંથી તેને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યો હતો. ઇડીની તપાસમાં જાણવા મળ્યું છે કે કથિત ભેળસેળયુક્ત ઘી રિફાઇન્ડ પામ ઓઈલ, પામ કર્નલ ઓઈલ અને પામોલિન ઉપરાંત એમજી-૯૦, મોનોગ્લિસરાઈડ્સ, માયવાસેટ સોફ્ટ ૪૦૦ અને એસિટિક એસિડ એસ્ટર જેવા રસાયણોનો ઉપયોગ કરીને બનાવવામાં આવ્યું હતું.

એજન્સીનો આરોપ છે કે આ ઉત્પાદન બાદમાં ટીટીડીને ‘એગમાર્ક સ્પેશ્યલ ગ્રેડ ગાયના ઘી’ તરીકે પૂરું પાડવામાં આવ્યું હતું, જેથી તેનો ઉપયોગ તિરુપતિ લાડુ પ્રસાદમ બનાવવામાં થઈ શકે. ઇડીનો અંદાજ છે કે ૨૦૧૯ અને ૨૦૨૪ વચ્ચે ટીટીડીને કરવામાં આવેલો ઘીનો કથિત છેતરપિંડીભર્યો પુરવઠો આશરે ₹ ૨૩૦ કરોડનો હતો. તેમાંથી એજન્સીનો દાવો છે કે આશરે ₹ ૯૬ કરોડની કિંમતનું ભેળસેળયુક્ત ઘી મંગલા દ્વારા તેમની ફેક્ટરીમાં બનાવવામાં આવ્યું હતું. એજન્સીનો આરોપ છે કે મંગલા આ કેસમાં સહ-ષડ્યંત્રકારોમાંનો એક છે. એજન્સીનો દાવો છે કે તેણે ભેળસેળ માટેના પદાર્થોની પ્રાપ્તિમાં મદદ કરી હતી અને તેની ફેક્ટરીના પરિસરમાં કથિત ભેળસેળયુક્ત ઘીનું ઉત્પાદન કર્યું હતું.

ઇડીએ વધુમાં આરોપ મૂક્યો છે કે મંગલાએ ‘શ્રી વૈષ્ણવી ડેરી સ્પેશ્યાલિટીઝ’, ‘માલગંગા મિલ્ક એન્ડ એગ્રો પ્રોડક્ટ્સ’ અને ‘એ.આર. ડેરી ફૂડ્સ’ સહિતની વિવિધ સંસ્થાઓ દ્વારા ઉત્પાદનના પુરવઠાનું સંકલન કર્યું હતું. મંગલાની ધરપકડ એ જ તપાસના સંબંધમાં ઇડી દ્વારા અગાઉ ‘ભોલે બાબા ઓર્ગેનિક ડેરી મિલ્ક’ના પ્રમોટર અને ડિરેક્ટર વિપિન જૈનની ધરપકડ કર્યા બાદ કરવામાં આવી છે. ■

### ઉમેદવારી પાછી

ચૂંટણી મેદાનમાંથી દૂર ન થવાનો આદેશ આપ્યો હતો. તેમણે કહ્યું કે પાર્ટી પ્રમુખ(બેનર્જી)ના હસ્તક્ષેપ બાદ પોલીસે મને સુરક્ષાની ખાતરી આપી છે. હું બેલડાંગા પોલીસ સ્ટેશનના અધિકારીઓને મળ્યો છું અને તેમણે મને તથા મારા કાર્યકરોને ચૂંટણી પ્રચાર દરમિયાન સુરક્ષાની ખાતરી આપી છે. ચૌધરીએ કહ્યું કે જો માત્ર ૧૦ કાર્યકરો પણ મારી સાથે ઊભા રહેશે, તો હું તેમને સાથે લઇને ઘરે-ઘરે જઇને પ્રચાર શરૂ કરીશ. અત્રે ઉલ્લેખનીય છે કે શુક્રવારે બેનર્જીની પાર્ટીના નંદીગ્રામ પેટાચૂંટણીના ઉમેદવાર સંચિતા પ્રધાન ડેએ મુખ્ય પ્રધાન સુવેન્દુ અધિકારી સાથેની મુલાકાત બાદ ઉમેદવારી પાછી ખેંચી લઇને મમતા કેમ્પની મુશ્કેલીઓમાં વધારો કર્યો હતો. પશ્ચિમ બંગાળમાં નંદીગ્રામ અને રેજીનગર વિધાનસભા બેઠકો માટે ૬ ઑક્ટોબર, ૨૦૨૬ના રોજ મતદાન થશે. જ્યારે ૯ ઑક્ટોબરના રોજ મતગણતરી બાદ પરિણામો જાહેર થશે.

અગાઉ, પશ્ચિમ બંગાળનાં ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ રાજ્યના નંદીગ્રામની વિધાનસભા બેઠક પરની પેટાચૂંટણી માટેના કૉંગ્રેસના ઉમેદવાર મિલન પ્રધાનને પોતાનો ટેકો જાહેર કર્યો, તેના થોડા કલાક પછી પશ્ચિમ બંગાળની પોલીસે એક જૂના કેસના સંબંધમાં આ ઉમેદવારની શુક્રવારે ધરપકડ કરી હતી.

નંદીગ્રામ ખાતે છ ઑક્ટોબરે યોજાનારી પેટાચૂંટણી માટે મિલન પ્રધાન કૉંગ્રેસના ઉમેદવાર છે. મમતા બેનરજીએ પોતાના રાજકીય પક્ષનાં ઉમેદવાર સંચિતા પ્રધાન ડેની ઉમેદવારી પાછી ખેંચ્યા બાદ જાહેર કર્યું હતું કે અમારો પક્ષ આ બેઠક પર કૉંગ્રેસના ઉમેદવારની સામે કોઇ ઉમેદવાર ઊભો નહિ રાખે. અમે ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએ સામેની વિપક્ષની લડતને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લીધો છે. તેમણે જણાવ્યું હતું કે કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ મને ગુરુવારે ફોન કરીને અમારો ટેકો માગ્યો હતો. (એજન્સી) ■

### વિરોધ પ્રદર્શન દરમિયાન યુનિવર્સિટીમાં પોલીસ સાથે ઝપાઝપી

# ગુજરાત યુનિવર્સિટીનાં પૂર્વ કુલપતિ પર ૨૦૦ કરોડના કૌભાંડનો એનએસયુઆઈનો આરોપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડૉ. નીરજા ગુપ્તા પર કથિત કૌભાંડના આક્ષેપો લાગ્યા છે. આ મામલે ફરી એનએસયુઆઈએ ગુજરાત યુનિવર્સિટીમાં વિરોધ પ્રદર્શન કર્યા હતા. આ દરમિયાન પોલીસ સાથે ઝપાઝપીના અહેવાલો પણ મળ્યા હતા. સૂત્રો દ્વારા મળતી વિગતો અનુસાર અગાઉ નીરજા ગુપ્તાએ પોતાના જાણીતા લોકોને મોટા પગાર સાથે યુનિવર્સિટીમાં નોકરી આપી હોવાનું અને લગભગ રૂ. ૪૦ કરોડનું કૌભાંડ કર્યું હોવાનો આક્ષેપ હતો ત્યારે હવે ફરી નવી માહિતી બહાર આવી હતી. ગુપ્તાએ પોતાના અંગત ખર્ચ, વિદેશ પ્રવાસો માટે પણ યુનિવર્સિટીમાં બિલ મૂક્યા હોવાની માહિતી પ્રકાશમાં આવી હતી. ગુપ્તાએ લિપસ્ટિક સહિતની ખરીદીના ખર્ચ પણ યુનિવર્સિટીના પૈસે કર્યા હોવાનું અને તેમનાં અમેરિકા પ્રવાસ દરમિયાન લગભગ રૂ. ૩૩ લાખની ખરીદી થઈ હોવાના આક્ષેપો પણ એનએસયુઆઈના નેતાઓએ કર્યા હતા.

આ મામલે શનિવારે યુનિવર્સિટીમાં એનએસયુઆઈના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં વિરોધ પ્રદર્શન માટે પહોંચ્યા હતા. તેમણે ગુપ્તાના ફોટા પર લિપસ્ટિક લગાવી હતી અને બંગડીઓ લઈ આવ્યા હતા. દરમિયાન પોલીસ અધિકારીઓએ એનએસયુઆઈના કાર્યકર્તાઓની અટકાયતનો પ્રયત્ન કર્યો હતો ત્યારે ઝપાઝપી થઈ હતી, જેમાં કાચના ગ્લાસ વગેરે ફૂટ્યા હોવાની માહિતી પણ મળી હતી. વાતાવરણ તંગ બનતા પોલીસ અધિકારી સહિત ૫૦ જવાન યુનિવર્સિટી ખાતે તહેનાત કરી દેવામાં આવ્યા હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. નીરજા ગુપ્તાનાં કાર્યકાળ દરમિયાન થયેલા કથિત ભરતી કૌભાંડ, પ્રધાન મંત્રી જન વિકાસ કાર્યક્રમની ગ્રાન્ટના દુરુપયોગના આક્ષેપો થયા હતા. હાલમાં યુનિવર્સિટીએ ગુજરાત પબ્લિક યુનિવર્સિટી એક્ટ હેઠળ હાઈકોર્ટના નિવૃત જજની એક સભ્યની તપાસ સમિતીની રચના કરવામાં આવી છે. જે ગુપ્તા સામે થયેલા ગંભીર આક્ષેપોની તપાસ કરી ૩ મહિનામાં યુનિવર્સિટીને રિપોર્ટ સુપરત કરશે. ■

# શિક્ષણના કાયદામાં સાત દાયકાથી ચાલ્યા આવતા બોમ્બે નામને ગુજરાત સરકારે હટાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે પ્રાથમિક શિક્ષણને લગતા સાત દાયકાથી વધુ જૂના નિયમોમાં મહત્વપૂર્ણ એવા નામમાં સુધારો કર્યો છે. શિક્ષણ વિભાગે ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ ૧૯૪૭ હેઠળ, અમલમાં રહેલા બોમ્બે પ્રાઇમરી એજ્યુકેશન રૂલ ૧૯૪૯નું નામ બદલીને હવે ગુજરાત પ્રાઇમરી એજ્યુકેશન ૧૯૪૯ કરવાનો નિર્ણય લીધો છે. આ અંગે શિક્ષણ વિભાગે ૮ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ એક નોટિફિકેશન બાહર પાડ્યું હતું. જેનું પ્રકાશન ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૬ના ગુજરાત સરકારના ગેઝેટમાં કરવામાં આવ્યું છે.

આ સુધારાને બોમ્બે પ્રાયમરી એજ્યુકેશન ગુજરાત સુધારેલો કાયદો ૨૦૨૬ તરીકે ઓળખવામાં આવ્યો છે. ગેઝેટમાં પ્રકાશિત થવાની તારીખથી જ આ સુધારો અમલમાં આવ્યો છે. સુધારાની એક મહત્ત્વની જ જોગવાઈ અનુસાર પ્રાથમિક શિક્ષણને લગતા અગાઉના નિયમો, પેટા નિયમો ઠરાવો, હુકમ, પરિપત્ર, નિયમ તથા નોટિફિકેશનમાં જ્યાં પણ બોમ્બે શબ્દનો ઉલ્લેખ હશે ત્યાં હવે તેને ગુજરાત તરીકે વાંચવાનો રહેશે. આ જોગવાઈ અગાઉ ગુજરાત સરકાર દ્વારા પણ જાહેર કરવામાં આવી હતી. આ વાત સંબંધિત દસ્તાવેજો ઉપર પણ લાગુ પડશે. સરકારે આ ફેરફાર ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ ૧૯૪૭ની કલમ ૬૩ની પેટા કલમ ૧ અને ૨ અંતર્ગત મળેલી સત્તાનો ઉપયોગ કરીને કર્યો છે. ૧૯૪૯માં અમલમાં આવેલા આ નિયમોમાં સમયાંતેર ફેરફાર કરી વિવિધ સુધારા કરવામાં આવ્યા છે. મૂળ નામમાં રહેલો બોમ્બે સંદર્ભ અત્યાર સુધી યથાવત રહ્યો હતો. જેમાં હવે ફેરફાર કરવામાં આવ્યો હોવાની માહિતી મળી હતી. ■

# લગ્નની ઓનલાઈન કંકોત્રી ડાઉનલોડ કરતા સાવધાની રાખજો, વૃદ્ધે ₹ ૧૫.૪૫ લાખ ગુમાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશમાં સાયબર ગઠિયાઓ હવે લોકોને છેતરવા માટે નવા નવા કીમિયા અજમાવી રહ્યા છે. અત્યાર સુધી આરટીઓ ચલણ, લાઈટ બિલ સહિતની વિવિધ એપીકે ફાઈલ મોકલીને સાયબર ઠગાઈ કરવામાં આવતી હતી, ત્યારે હવે ફરી લગ્નની ઓનલાઈન કંકોત્રીના નામે એપીકે ફાઈલ મોકલીને છેતરપિંડીનો કિસ્સો બહાર આવ્યો છે.

મણિનગરમાં રહેતા ૬૪ વર્ષીય વૃદ્ધ નિવૃત્ત છે. પહેલા તેઓ જ્યાં નોકરી કરતા હતા ત્યાંના એક પરિચિત વ્યક્તિના મોબાઈલ નંબર પરથી તેમના વોટ્સએપ પર વેડિંગ ઈન્વિટેશન કાર્ડના નામે એપીકે ફાઈલ આવી હતી. પરિચિતના નંબર પરથી મેસેજ આવ્યો હોવાથી વૃદ્ધને શંકા ગઈ નહોતી. તેમણે એપીકે ફાઈલ ડાઉનલોડ કરીને તેના પર ક્લિક કર્યું હતું. જોકે, ફાઈલ ખોલ્યા બાદ તેમણે તરત જ તે બંધ કરી દીધી હતી. ફાઈલ ડાઉનલોડ કર્યાના આશરે એક મહિના બાદ વૃદ્ધના મોબાઈલ ફોનમાં એક પછી એક અનેક ઓટીપી આવવા લાગ્યા હતા. તે સમયે વૃદ્ધ ધ્રાંગધ્રા ગયા હોવાથી તેમણે પત્નીને બેંકમાં મોકલી ખાતાની પાસબૂક પ્રિન્ટ કરાવવા કહ્યું હતું. જોકે, બેંકમાં હડતાળ હોવાથી બે દિવસ સુધી પાસબૂક પ્રિન્ટ થઈ શકી નહોતી. બે દિવસ બાદ પાસબૂક પ્રિન્ટ કરાવતાં વૃદ્ધના ખાતામાંથી અલગ અલગ ૨૬ ટ્રાન્ઝેક્શન થયા હોવાનું સામે આવ્યું હતું. યુપીઆઈ મારફતે કુલ રૂ. ૧૫.૪૫ લાખ તેમના ખાતામાંથી ટ્રાન્સફર કરી લેવામાં આવ્યા હતા. આ જોઈ પરિવારજનો ચોંકી ગયા હતા. વૃદ્ધે કંકોત્રીની ફાઈલ મોકલનાર પરિચિત વ્યક્તિનો સંપર્ક કરતાં તેનો ફોન પણ હેક થયો હોવાનું જાણવા મળ્યું હતું. ગીર-સોમનાથના યુઝરને પણ આ રીતે મિત્રના દીકરાના લગ્નની ફાઈલ આવી હતી, પરંતુ નજીકના લોકો પણ વૉટ્સ એપ પર લગ્નનું આમંત્રણ આપે તે ન ગમતું હોવાથી તેમણે ફાઈલ ખોલી ન હતી. થોડી મિનિટો બાદ વૉટ્સ એપ ગ્રુપમાંથી માહિતી મળી હતી કે મિત્રનો ફોન હેક થયો છે અને આવો કોઈ લગ્નપ્રસંગ ઘરમાં નથી. ■

# ₹ ૧૦ હજારમાં ૧૦ વર્ષની જીમ મેમ્બરશિપ, જીમ માલિક સાથે કર્મચારીઓએ ₹૧.૬૬ કરોડની કરી છેતરામણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના જીમ લોંજના માલિક સાથે તેમના જ બે કર્મચારીઓએ મળી ૧.૬૬ કરોડની છેતરપિંડી કરી હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ હોવાની માહિતી મળી હતી. મળતી વિગતો અનુસાર જીમ લોંજના વિજય સેંગર દ્વારા જીમની ૧૦મી વર્ષગાંઠ નિમિત્તે ૧૦ હજારમાં ૧૦ વર્ષની મેમ્બરશિપ આપવાની ઓફર રાખવામાં આવી હતી. જોકે, ૧ જુલાઈથી ૧૦ જુલાઈ સુધીની આ ઓફર સમયમર્યાદા પૂરી થતાં બંધ કરી દેવામાં આવી હતી. ત્યારબાદ જીમના માલિક વિજય સેંગર નવા પ્રોજેક્ટના કામે બે મહિના માટે બહારગામ ગયા હતા. તેમની ગેરહાજરીનો લાભ લઈ સેન્ટર હેડ જૈનિશ શુક્લા અને બ્રાન્ચ મેનેજર મનીષ શર્માએ બંધ થયેલી સ્કીમ ફરી શરૂ કરી ૧૫૦૦ લોકોને મેમ્બરશીપ વેચી ૧.૬૬ કરોડ રૂપિયા કથિત રીતે ઘરભેગા કરી દીધા હતા. જે અંગે સેંગરે ક્રાઇમબ્રાંચમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે વધુ તપાસ આદરી છે. વિજય સેંગર ૧૦ સપ્ટેમ્બરે પરત આવ્યા ત્યારે જીમમાં એવા ગ્રાહકો આવતા જોવા મળ્યા જેમણે અગાઉની સ્કીમમાં રજિસ્ટ્રેશન કરાવ્યું ન હતું, પરંતુ તેમની પાસે જીમની ફી ભર્યાના પુરાવા હતા. આ રકમ જીમના સત્તાવાર બેંક ખાતામાં જમા થઈ ન હોવાનું ધ્યાનમાં આવતા તેમણે તપાસ કરાવી હતી. તપાસ દરમિયાન માલિકની ગેરહાજરીમાં બંધ થયેલી સ્કીમ ફરી શરૂ કરવામાં આવી હોવાનું જણાયુ હતું. સેંગરની ફરિયાદ મુજબ બ્રાન્ચ મેનેજર મનીષ શર્મા ગ્રાહકોને એજન્ટ તરીકે મળતો હતો અને ૧૦ હજારમાં ૧૦ વર્ષની મેમ્બરશિપની સ્કીમ સમજાવી યુપીઆઈ તથા રોકડથી નાણાં મેળવી મેમ્બરશિપ આપી દેતો હતો. આ ઉપરાંત તમામ બ્રાન્ચના સ્ટાફને પણ સ્કીમ ચાલુ હોવાની જાણ કરવામાં આવી હતી. જૈનિશ શુક્લાએ ગ્રાહકોમાં વિશ્વાસ ઊભો કરવા પોતાની પત્ની ભારતી શુક્લા સાથે મળીને જીમમાં ભાગીદારી હોવાનું ખોટું એગ્રીમેન્ટ બનાવ્યું હતું. જે એગ્રીમેન્ટના આધારે જીમ લોંજના મળતા નામથી બેંક ખાતું ખોલાવવામાં આવ્યું હતું અને મેમ્બરશિપની રકમ આ ખાતામાં લેવામાં આવતી હતી. સેંગરની ગેરહાજરીમાં તેમના જ કર્મચારીઓ જૈનિશ શુક્લા, મનીષ શર્મા અને ભારતી શુક્લાએ મળીને બે મહિના દરમિયાન ૧૫૦૦થી વધુ ગ્રાહકોને મેમ્બરશિપ આપી હોવાનો અને અને રૂ. ૧.૬૬ કરોડથી વધુ રકમ મેળવવામાં આવી હોવાનો આક્ષેપ છે. સમગ્ર મામલે વિજય સેંગરે ક્રાઇમ બ્રાંચની આર્થિક ગુના નિવારણ શાખામાં ફરિયાદ નોંધાવતા પોલીસે ફરિયાદના આધારે તપાસ શરૂ કરી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ■



લગી આજ સાવન કી ફિર વો ઝડી હૈઃ સ્થાનિક તંત્રોની આયોજન વિનાની કામગીરીને કારણે આજકાલ વરસાદ રોમાન્ટિક લાગતો નથી. વરસાદી ગીતોને બદલે વરસાદી આફતો આપણા મન પર હાવી થઈ જાય છે, પણ મોબાઈલમાં જો વરસાદના સરસ વીડિયો કે ફોટો જોઈએ તો તરત જ મનમાં સુંદર ગીતો વાગવા માંડે છે. આ ફોટો જોઈને તમને કયું ગીત યાદ આવ્યું? - (કેદાર દવે)

# ગુજરાતમાં વરસાદી માહોલ યથાવત્, નડિયાદમાં બે ઇંચ સાથે રાજયમાં ૪૪ તાલુકામાં વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં શનિવારે પણ વરસાદી માહોલ યથાવત રહ્યો હતો. ખેડાના નડિયાદમાં ૨.૪ ઇંચ, માતારમાં ૧.૬૫ ઇંચ, ખેડામાં ૧.૨૬ ઇંચ, આણંદના સોજીત્રામાં ૧.૧૮ ઇંચ, સુરતના ઉંમરપાડામાં ૧.૬, પંચમહાલના જાંબુપાડામાં ૧.૧ ઇંચ વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત સૌરાષ્ટ્રના ઘણા વિસ્તારોમાં અડધા ઇંચ જેટલો વરસાદ વરસ્યો હતો.

ગોહિલવાડ પંથકમાં છેલ્લા થોડા દિવસોના વિરામ બાદ આજે ફરી એકવાર વરસાદી માહોલ જામ્યો છે. ભાવનગર જિલ્લાના તળાજા, વલભીપુર અને ઉમરાળા પંથકમાં આજે બપોર પછી મેઘરાજાએ પધરામણી કરી હતી અને અડધો ઇંચ જેટલો વરસાદ ખાબક્યો હતો. ત્રણ દિવસના વિરામ બાદ ફરી વરસાદી માહોલ સર્જાતા સમગ્ર પંથકના વાતાવરણમાં મોડી સાંજે આહલાદક ઠંડક પ્રસરી ગઈ હતી, જ્યારે વિરામ બાદ પડેલા આ વરસાદથી સ્થાનિક ખેડૂતોમાં પણ ભારે રાહતની લાગણી જોવા મળી રહી છે. ■

# ગુજરાત સરકારે ગોધાવી માટેની ટીપી સ્કીમને મંજૂરી આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે અમદાવાદમાં ગોધાવી માટે પ્રિલિમિનરી ટાઉન પ્લાનિંગ (ટીપી) સ્કીમ નંબર ૪૫૭ ને મંજૂરી આપી છે, જેમાં અંતિમ પ્લોટ વિસ્તારો, સીમાઓ, સ્થાનો અને જમીન-ઉપયોગની જોગવાઈઓમાં ઘણા ફેરફારો કરવામાં આવ્યા હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગે તાજેતરમાં ગુજરાત ટાઉન પ્લાનિંગ અને અર્બન ડેવલપમેન્ટ એક્ટ, ૧૯૭૬ની કલમ ૬૫ હેઠળ એક જાહેરનામું બહાર પાડ્યું છે. આ યોજના અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (ઔડા) દ્વારા તૈયાર કરવામાં આવી હતી અને ટાઉન પ્લાનિંગ ઓફિસર દ્વારા સબમિટ કરવામાં આવી હતી. મંજૂર થયેલા સુધારાના ભાગ રૂપે, અંતિમ પ્લોટ ફાળવતા પહેલા ઘણા કિસ્સાઓમાં મૂળ જમીનના ટુકડામાંથી ૧૦% કપાત લાગુ કરવામાં આવી છે. સરકારે ઘણા અંતિમ પ્લોટના કદમાં પણ ફેરફાર કર્યા છે.

સરકારે નિર્દેશ આપ્યો હતો કે પ્રારંભિક ટીપી સ્કીમ, તેના નકશામાં પણ ફેરફાર કરી તેને અપડેટ કરવામાં આવે. મંજૂર કરાયેલી યોજના કામકાજના દિવસોમાં કામકાજના કલાકો દરમિયાન ઔડા ઓફિસમાં જાહેર જનતા માટે પણ ખુલ્લી રાખવામાં આવશે, તેવી માહિતી પણ સૂત્રોએ આપી હતી. ■

# આપે ગાંધીનગર મનપાની ચૂંટણીની પહેલી યાદી જાહેર કરી, ટ્રાન્સજેન્ડરને આપી ટિકિટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગર મનપાની ચૂંટણી માટે આમ આદમી પક્ષે (આપ) પહેલી યાદી જાહેર કરી હતી. પક્ષના મહામંત્રી મનોજભાઈ સોરઠિયાએ ૨૩ ઉમેદવારની યાદી જાહેર કરી હતી, જેમાં વોર્ડ નંબર ૧૦માં એક ટ્રાન્સજેન્ડર પારેખ જય શૈલેષભાઈ (એન્જલ માસી) ને પણ ટિકિટ આપવામાં આવી છે. મનોજ સોરઠિયાએ જણાવ્યું હતું કે, અમે અમારા ૨૩ ચૂંટણીના ઉમેદવારો જાહેર કરી રહ્યા છીએ. આમ આદમી પાર્ટીએ યુવાનોને તક આપવાનું કામ કર્યું છે, જેમાં ડૉક્ટર્સ છે, વકીલો છે, એમબીએ થયેલા અને સામાજિક કાર્યકરો પણ છે. તેમણે જાહેર કરેલી પ્રથમ યાદી મુજબ, વોર્ડ નં. ૧ માં બળદેવભાઈ પટેલ અને વિજયસિંહ આર. વાઘેલા ઉમેદવારી કરી રહ્યા છે. વોર્ડ નં. ૩માં શ્રેયા બકુલકુમાર મકવાણા, પિંકી રાજપૂત અને ભરતભાઈ જોશીને ઉમેદવાર તરીકે પસંદ કરવામાં આવ્યા છે.

વોર્ડ નં. ૫ માંથી પાર્વતીબેન નાગરભાઈ અને જીતેન્દ્ર ધરાવાડિયા ચૂંટણી લડી રહ્યા છે. વોર્ડ નં. ૬ માંથી પાર્વતીબેન ગોપાલ વસાવા, પટ્ટણી સોનાબેન મહેન્દ્રભાઈ (દેવીપૂજક), તુષાર પારેખ, મેલાભાઈ ભાલોડિયા, વોર્ડ નં. ૯ માંથી મનીષા પવિત્ર પરમાર, મેહુલકુમાર શંકરભાઈ શ્રીમાળી અને વિવેક શિવાભાઈ પટેલ ઉમેદવારી નોંધાવી રહ્યા છે. વોર્ડ નં. ૭ માંથી રાહુલ વાઘેલા અને સુરેશ પટેલ ઉમેદવાર તરીકે છે. વોર્ડ નં. ૮ માંથી દેવયાની રાઠોડ, ધર્મેશભાઈ ઠાકોર અને ગૌતમભાઈ પરમાર ચૂંટણી લડી રહ્યા છે. વોર્ડ નં. ૧૦ માંથી પારેખ જય શૈલેષભાઈ (એન્જલ માસી) અને ડૉ. હાર્દિક વિ. તલાટી ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવ્યા છે. તેમજ વોર્ડ નં. ૧૧ માંથી કૈલાશબેન પરમાર અને રાજેશ્વરીબેન સોલંકીની પસંદગી કરવામાં આવી છે. એન્જલ માસી સામાજિક કાર્યકર તરીકે જાણીતા છે.

આપ' નેતા મનોજ સોરઠીયાએ વધુમાં જણાવ્યુ હતુ કે, કુલ આશરે ૨૩ જેટલા ઉમેદવારો આજે આમ આદમી પાર્ટીએ જાહેર કર્યા છે. બાકીના ઉમેદવારોની સ્ક્રૂટિની પણ પાર્ટી કરી રહી છે. ■

# સુરતમાં નવજાત બાળકીનો મૃતદેહ ખાડીમાંથી મળ્યો, ગુનેગારોની શોધખોળ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં ફરી નવજાત બાળકીનો મૃતદેહ મળ્યો હતો. શહેરના સચિન વિસ્તારમાં આવેલા કૉમ્યુનિટી હૉલની પાછળ વહેતી ખાડીમાંથી એક નવજાત બાળકી મળી આવતા લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા.

સૂત્રોના જણાવ્યા અનુસાર સચિન કોમ્યુનિટિ હૉલ નજીક લોકોની અવરજવર રહેતી હોય છે અને આ એક વ્યસ્ત વિસ્તાર છે. બાળકીના મૃતદેહને પાણીમાં જોતા અમુક લોકો એકઠા થયા હતા ત્યારે નગરપાલિકાના અમુક કર્મચારીઓ ત્યાં એકઠા થયા હતા. તેમણે પણ પાણીમાં બાળકીનો મૃતદેહ જોયો હતો અને પોલીસને જાણ કરી હતી.

ઘટનાની જાણ થતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે મૃત બાળકીના દેહને પાણીમાંથી બહાર કાઢી સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે મોકલ્યો હતો અને તેને આ રીતે અહીં કોણ ફેંકી ગયું તે અંગે તપાસ શરૂ કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. પોલીસે સીસીટીવી ચેક કરવાની સાથે આસપાસની હૉસ્પિટલોમાં પણ નવજાત બાળકો વિશે તપાસ કરવાનું શરૂ કરી દીધું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# અંબાજીમાં ભાદરવી પૂનમનો મેળો : શ્રદ્ધાળુઓ માટે રેસ્ટ શેલ્ટર, પાર્કિંગ, ફ્રી ફૂડ શેલ્ટર, વોટર પેગોડા, ટોઈલેટ બ્લોક, મેડિકલ સેન્ટર, સીસીટીવી કેમેરા જેવી સુવિધાઓ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના પ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજીમાં તા. ૨૦થી ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન યોજાનારા ભાદરવી પૂનમ મહામેળાને લઈને તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી છે. દેશ-વિદેશમાંથી લાખો શ્રદ્ધાળુઓ મા અંબાના દર્શન માટે અંબાજી પહોંચવાના હોવાથી યાત્રાળુઓની સુવિધા, સલામતી, સ્વચ્છતા અને સરળ અવરજવરને કેન્દ્રમાં રાખીને વિશાળ પાયે કામચલાઉ માળખાકીય સુવિધાઓ ઊભી કરવામાં આવી રહી છે.





ગુજરાત સરકાર અને ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા વિવિધ વિભાગો સાથે સંકલન કરીને મહામેળા દરમિયાન યાત્રાળુઓને વધુ સારી સુવિધાઓ મળી રહે, તે માટે રેસ્ટ શેલ્ટર, પાર્કિંગ, શૌચાલય, પીવાનું પાણી, આરોગ્ય સેવા, સુરક્ષા વ્યવસ્થા, સીસીટીવી, મોબાઇલ ચાર્જિંગ અને ફ્રી ફૂડ શેલ્ટર સહિતની વિવિધ સુવિધાઓનું આયોજન કરવામાં આવ્યું છે.

મેળા દરમિયાન લાંબી યાત્રા કરીને આવતા ભક્તોને આરામ મળી રહે, તે માટે કુલ ૧૨,૩૦૦ ચો.મી. વિસ્તારમાં રેસ્ટ શેલ્ટર તૈયાર કરવામાં આવ્યા છે. હડાદ રૂટ પર ૫ રેસ્ટ શેલ્ટરમાં આશરે ૨,૭૭૬ યાત્રાળુઓ માટે સિંગલ અને બંક બેડની સુવિધા ઉપલબ્ધ છે, જ્યારે દાંતા રૂટ પર ૨ રેસ્ટ શેલ્ટરમાં આશરે ૧,૧૪૦ યાત્રાળુઓ માટે વ્યવસ્થા કરાઈ છે. આ ઉપરાંત હડાદ રૂટ પર ૬૦૦ ફ્લોર બેડિંગની ક્ષમતા ધરાવતો અલગ રેસ્ટ શેલ્ટર પણ તૈયાર કરવામાં આવ્યો છે.

અંબાજી મેળા દરમિયાન યાત્રાળુઓ માટે કુલ આશરે ૨,૧૯૦ ચો.મી. વિસ્તારમાં ફ્રી ફૂડ શેલ્ટર ઊભા કરવામાં આવ્યા છે. દાંતા રૂટ પર ૨,૦૦૦થી ૨,૫૦૦ વ્યક્તિઓની ક્ષમતા ધરાવતો, જ્યારે ગબ્બર રૂટ પર આશરે ૫૦૦ વ્યક્તિઓની ક્ષમતા ધરાવતો ફ્રી ફૂડ શેલ્ટર ઉપલબ્ધ રહેશે. પીવાના પાણી માટે મુખ્ય હાઇવે અને યાત્રામાર્ગો પર કુલ ૩૦ વોટર પેગોડા બનાવવાયા છે. તેમાં હડાદ રૂટ પર ૧૩, દાંતા રૂટ પર ૧૩ અને ગબ્બર રૂટ પર ૪ પેગોડાનો સમાવેશ થાય છે.

લાખો યાત્રાળુઓની અવરજવરને ધ્યાનમાં રાખીને સ્વચ્છતા વ્યવસ્થા પણ સુદૃઢ કરવામાં આવી છે. રેસ્ટ શેલ્ટર ખાતે ૮ ટોયલેટ બ્લોક બનાવાયા છે, જેમાં કુલ ૮૦ બાથ યુનિટ, ૮૦ ડબલ્યુસી યુનિટ, ૨૪ યુરિનલ અને ૩૨ હેન્ડવોશ યુનિટની વ્યવસ્થા છે. આ ઉપરાંત હાઇવે પર ૧૪ ટોયલેટ બ્લોક અને મોટા પાર્કિંગ વિસ્તારોમાં ૧૧ ટોયલેટ બ્લોકની વ્યવસ્થા કરાઈ છે. આમ કુલ ૩૩ ટોયલેટ બ્લોક યાત્રાળુઓ માટે ઉપલબ્ધ રહેશે.

મહામેળા દરમિયાન મોટી સંખ્યામાં વાહનો અંબાજી પહોંચવાના હોવાથી વાહન વ્યવસ્થાપન માટે કુલ ૨,૬૭,૨૬૫ ચો.મી. વિસ્તારમાં પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી છે. હડાદ રૂટ પર ૧૭ અને દાંતા રૂટ પર ૨૧ પાર્કિંગ વિસ્તારો ઉપલબ્ધ રહેશે.

યાત્રાળુઓને તાત્કાલિક તબીબી સહાય મળી રહે; તે માટે ૬ ફર્સ્ટ એઇડ કાઉન્ટર અને ૧૦ મેડિકલ/લોસ્ટ એન્ડ ફાઉન્ડ સેન્ટર કાર્યરત રહેશે. સલામતીના ભાગરૂપે ૧૨૫ ફાયર એક્સ્ટિંગ્વિશર સહિત જરૂરી વિદ્યુત અને પ્રકાશ વ્યવસ્થાઓ પણ ગોઠવવાઈ છે. રેસ્ટ શેલ્ટરોમાં મલ્ટિપલ મોબાઇલ ચાર્જિંગ પોઇન્ટ્સ ઉપલબ્ધ રહેશે. સાથે જ નોંધણી પેગોડા, પાણીના કાઉન્ટર, માહિતી અને માર્ગદર્શન માટેના સાઇનેજ સહિતની વિવિધ સુવિધાઓ પણ છે. ■

## મેળાના અવસર પર અસારવા અને ખેડબ્રહ્મા વચ્ચે મેળા સ્પેશિયલ ટ્રેનની શરૂઆત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ખેડબ્રહ્મામાં આયોજિત થનારા પ્રસિદ્ધ ભાદરવી પૂનમ મેળામાં હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુ દર્શન અને ધાર્મિક આયોજનમાં સામેલ થવા પહોંચે છે. સાબરકાંઠાના સાંસદ શ્રીમતી શોભનાબેન બારૈયા અને અમદાવાદ પશ્ચિમના સાંસદ દિનેશભાઈ મકવાણા દ્વારા અમદાવાદ મંડળને ભાદરવી પૂનમ મેળા દરમિયાન શ્રદ્ધાળુઓની સુવિધા માટે અસારવા અને ખેડબ્રહ્મા વચ્ચે વિશેષ ટ્રેન ચલાવવાની માંગણી કરવામાં આવી હતી.

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા અસારવા-ખેડબ્રહ્મા-અસારવા વચ્ચે વિશેષ મેળા ટ્રેનનું સંચાલન ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૬થી શરૂ કરી દેવામાં આવ્યું છે. આ અનરિઝર્વ્ડ સ્પેશિયલ ટ્રેન ૦૧ ઓક્ટોબર ૨૦૨૬ સુધી દરરોજ સંચાલિત કરવામાં આવશે.

ટ્રેન નંબર ૦૯૪૦૫ અસારવા-ખેડબ્રહ્મા સ્પેશિયલ ૧૯ સપ્ટેમ્બરથી ૦૧ ઓક્ટોબર ૨૦૨૬ સુધી દરરોજ અસારવાથી સવારે ૦૯૩૫ કલાકે પ્રસ્થાન કરશે તથા આ ટ્રેન નરોડા ૦૯.૪૩/૦૯.૪૫ કલાકે, હિમ્મતનગર ૧૦.૫૮/૧૧.૦૦ કલાકે, વડાલી ૧૧.૪૦/૧૧.૪૨ કલાકે અને ૧૨૧૦ કલાકે ખેડબ્રહ્મા પહોંચશે.

ટ્રેન નંબર ૦૯૪૦૬ ખેડબ્રહ્મા-અસારવા સ્પેશિયલ ૧૯ સપ્ટેમ્બરથી ૦૧ ઓક્ટોબર ૨૦૨૬ સુધી દરરોજ ખેડબ્રહ્માથી બપોરે ૧૫૩૫ કલાકે પ્રસ્થાન કરશે તથા વડાલી ૧૫.૪૩/૧૫.૪૫ કલાકે, હિમ્મતનગર ૧૬.૨૩/૧૬.૨૫ કલાકે, નરોડા ૧૭.૨૩/૧૭.૨૫ કલાકે અને ૧૮૧૦ કલાકે અસારવા પહોંચશે. ■

# મુંબઈમાં ગણેશવિસર્જન માટે ભવ્ય તૈયારી

## ગણેશમૂર્તિના વિસર્જન માટે ૬૭ નૈસર્ગિક અને ૩૮૩ કૃત્રિમ તળાવ

## ૨૫,૦૦૦થી વધુ અધિકારી-કર્મચારી તહેનાત રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આ વર્ષે પર્યાવરણને અનુરૂપ ગણેશોત્સવની ઉજવણી થઈ રહી છે અને ગણેશમૂર્તિના વિસર્જન પણ પર્યાવરણને ધ્યાનમાં રાખીને કરવામાં આવી રહ્યાં છે, જેમાં હાઈ કોર્ટના નિર્દેશ અનુસાર છ ફૂટ સુધીની મૂર્તિના વિસર્જન કૃત્રિમ તળાવમાં કરવામાં આવી રહ્યા છે, તે માટે પાલિકા દ્વારા ૨૭૮ સ્થળોએ ૩૮૩ કૃત્રિમ તળાવો તૈયાર કર્યાં છે અને ૬૭ કુદરતી વિસર્જન સ્થળોએ વ્યવસ્થાઓ પૂર્ણ કરી છે. તેમજ સમગ્ર શહેરમાં ૨૫,૦૦૦થી વધુ પાલિકાના અધિકારી અને કર્મચારીઓને તહેનાત કરવામાં આવ્યા છે. આ દરમ્યાન દરિયાકિનારા પર જેલીફિશ જેવી દરિયાઈ જીવોથી ગણેશભક્તોને સાવધાન રહેવાની અપીલ કરવામાં આવી છે. મુંબઈમાં ૧૪ થી ૨૫ સપ્ટેમ્બર દરમ્યાન ગણેશોત્સવની ઉજવણી થઈ રહી છે ત્યારે પાલિકા પ્રશાસને મુંબઈ હાઈ કોર્ટના ૨૦ ઑગસ્ટના નિર્દેશના આધારે વિસર્જન માટેની માર્ગદર્શિકા અમલમાં મૂકી છે. છ ફૂટ કે તેથી ઓછી ઊંચાઈ ધરાવતી મૂર્તિઓનું વિસર્જન માત્ર કૃત્રિમ તળાવોમાં જ કરવાનું રહેશે, જ્યારે છ ફૂટથી વધુ ઊંચાઈ ધરાવતી મૂર્તિઓનું વિસર્જન માત્ર ૬૭ અધિકૃત કુદરતી સ્થળોએ જ થઈ શકશે, જેમાં ૪૪ દરિયાકિનારા અને જેટી તેમજ ૨૩ કુદરતી તળાવો અને સરોવરોનો સમાવેશ થાય છે.

નૈસર્ગિક વિસર્જન સ્થળે ૧,૧૯૪ સ્ટીલ પ્લેટ, ૨૩ જર્મન તરાફા, ૩૪ ક્રેન, ૮૫ એમ્બ્યુલન્સ, ૧૦ મોટરબોટ, ૪૯૮ કચરો એકત્રિત કરતાં વાહનો, ૩૨૬ કચરાના ડમ્પર્સ, ૨૬૧ સ્વાગત કેબિન્સ, ૨૨૮ કંટ્રોલ રૂમ્સ, ૭૫ નિરીક્ષણ ટાવર, ૧,૧૩૨ લાઈફગાર્ડ,અને ૪૮૯ મોબાઈલ ટોઈલેટનો સમાવેશ થાય છે.

### ગિરગામમાં ૧૨ કૃત્રિમ તળાવ

'સ્વરાજ્યભૂમિ' તરીકે ઓળખાતા અને મુંબઈના સૌથી વ્યસ્ત વિસર્જન સ્થળ એવા ગિરગાંવ ચોપાટી ખાતે પાલિકાએ ૧૨ કૃત્રિમ તળાવો બનાવ્યાં છે અને ઉત્સવની દેખરેખ માટે લગભગ ૧,૦૦૦ કર્મચારીઓને તહેનાત કર્યા છે.

ગણેશભક્તોની સુરક્ષા અને સુવિધા સુનિશ્ચિત કરવા માટે આ સ્થળ પર ૨૦ વોચટાવર, ૯૦ મોબાઈલ ટોઈલેટ, બાવીસ નિર્માલ્ય કલશ, એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ૫૪૮ ફ્લડલાઈટ, ૧૧ સર્ચલાઈટ, બાવીસ તરાફા અને ત્રણ એમ્બ્યુલન્સની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

### પર્યાવરણ સંવર્ધનનો સંદેશ

પર્યાવરણીય સંઘર્વનને પ્રોત્સાહન આપવાના પ્રયાસરૂપે પાલિકાએ 'એક ગણપતિ, એક ઝાડ' પહેલ શરૂ કરી છે, જેનો ઉદ્દેશ્ય મુંબઈમાં વિસર્જન કરવામાં આવતી દરેક ગણેશ મૂર્તિ દીઠ એક વૃક્ષ વાવીને મુંબઈના હરિયાળા ભવિષ્ય માટે યોગદાન આપવાનો ઉપક્રમ છે.

### વિસર્જન રૂટ પર તૈયારી

વિસર્જન પ્રક્રિયા પહેલાં પાલિકા પ્રશાસને ૨૮૧ સ્થળ પસાર થતાં અને નીચે લટકતા કેબલ્સ હટાવ્યા હતા. ૪,૨૭૯ ખાડાઓનું સમારકામ કર્યું અને ૫૦૬ માર્ગો પર ૧૭૧ ડ્રેનેજ કવર (ગટરના ઢાંકણાં) ઠીક કર્યાં છે. તેમજ વિસર્જન સરઘસો સરળતાથી પસાર થઈ શકે તે માટે ૫૧૫ માર્ગખંડો પર વૃક્ષોની ડાળખી છટણીનું કામ પૂર્ણ કરવામાં આવ્યું હતું.

### જેલીફિશથી સાવધાન

મુંબઈમાં દર વર્ષે ગણેશવિસર્જન દરમ્યાન ચોપાટીઓ પર કિનારપટ્ટી પર 'બ્લૂ બટન જેલીફિશ' અને 'સ્ટિંગ રે' પ્રજાતિઓની માછલીઓનું જોખમ રહેતું હોય છે. ચોપાટી પર કિનારા પર પ્રવેશતા ભક્તોને 'બ્લૂ બટન જેલીફિશ' અને 'સ્ટિંગરે' જેવા મોસમી દરિયાઈ જીવોથી સાવધ રહેવાની સલાહ આપવામાં આવી છે. ■

# દહિસરમાં મોટરસાઇકલ ડિવાઇડર સાથે ટકરાતાં બે જણનાં મોત

મુંબઈ: દહિસર પૂર્વમાં મોટરસાઇકલ ડિવાઇડર સાથે ટકરાતાં યુવક અને તેના મિત્રનું મૃત્યુ થયું હતું. મૃતકોની ઓળખ આશિષ ડોંડે અને એરિસ્ટર નિકમ તરીકે થઇ હતી. આઇટી સર્વિસ કંપનીમાં કામ કરતા બંને જણ શુક્રવારે મોડી રાતે મોટરસાઇકલ પર પાછા ફરી રહ્યા હતા ત્યારે તેમને અકસ્માત નડ્યો હતો, એમ પોલીસે જણાવ્યું હતું.

વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવેના દક્ષિણ તરફ જતા માર્ગ પર મોડી રાતે અઢી વાગ્યાની આસપાસ આ અકસ્માત થયો હતો. મોટરસાઇકલ આશિષ ડોંડે હંકારી રહ્યો હતો અને તેની આગળ એક કાર જઇ રહી હતી. એ સમયે આશિષે કાબૂ ગુમાવ્યો હતો અને મોટરસાઇકલ ડિવાઇડર સાથે ભટકાતાં બંને જણ રસ્તા પર પટકાયા હતા.

અકસ્માતમાં ઘવાયેલા બંનેને સારવાર માટે હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોએ તપાસીને તેમને મૃત જાહેર કર્યા હતા. આશિષ મલાડનો અને નિકમ કાંદિવલીનો રહેવાસી હતો. આ અકસ્માત અંગે તેમના પરિવારને જાણ કરવામાં આવી હતી. ■

# હિન્દુ મરણ

સ્વ. પ્રફુલા મુકુંદભાઈ પડિયા (ઉં.વ.૫૫) સ્વ. મુકુંદભાઈ નટવરભાઈ પડિયાની પત્ની. કૃણાલ તથા જીતેશની માતા. કનૈયાલાલ નટવરલાલના નાનાભાઈના પત્ની. હસમુખભાઈ જીવરાજભાઈ ગરાછની દીકરી. જયેશભાઇ, સ્વ હિતેષભાઇ, કિરણબેન, ગીતાબેનના બેન તા. ૧૬/૯/૨૬ બુધવારના શ્રીજીચરણ પામેલ છે. પિયરપક્ષની સાદડી સાથે રાખેલ છે. પ્રાર્થનાસભા. તા. ૨૦/૯/૨૬ રવિવાર ૪.થી ૬. સ્થળઃ હેમાલી હોલ. નાલાસોપારા સ્ટેશન પાસે, નાલાસોપારા વેસ્ટ.

ભાદરવાવાળા હાલ દહિસર, રસીકલાલ ભીમજીભાઈ ધાનક તથા નર્મદાબેન રસિકલાલ ધાનકના પુત્ર ભુપેન્દ્રભાઈ રસિકલાલ ધાનક (ઉં.વ.૬૯) તે આશાબેનના પતિ. મિતાલી, કુણાલ, બ્રિંદાના પિતા. સ્વ. રાજેશભાઈના નાનાભાઈ. મહેશભાઈ, શૈલેષભાઈ, સ્વ. ભરતભાઈ, ભાવિકાના મોટાભાઈ. ગઢડાવાળા સ્વ. તુલસીદાસ ત્રિભુવનદાસ ધકાણના જમાઈ, તા. ૧૮-૯-૨૬ શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૨૧-૯-૨૬ સોમવારના સોનીવાડીમાં સવારે ૧૦:૩૦ થી ૧૨:૦૦.

**ખંભાતી વિશા લાડ વણિક**

સ્વ. શરદ રમણલાલ મહેતા (ઉં. વ. ૮૫) હાલ મુંબઇ ગુરુવાર, તા. ૧૭-૯-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. અશ્રુમતીબેન અને સ્વ. રમણલાલ મહેતાના પુત્ર. સ્વ. ગીતાબેન મહેતાના પતિ. રક્ષિત મહેતા અને મીનલ દેસાઇના પિતા. સ્વ. પૂર્ણિમાબેન, ગીતાબેન, જયોતિબેન, સ્મિતાબેન અને પરિમલભાઇના ભાઇ. સ્વ. જશવંતીબેન પુષ્કરલાલ બંગાળીના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

મૂળ ગામ મોટી વિરાણી હાલ થાણે ગં. સ્વ. રૂક્ષ્મણી મુલજી કાનજી ધેરાઇ (ઉં. વ. ૮૮) શુક્રવાર તા. ૧૮-૯-૨૬ના રામશરણ પામેલ છે. સ્વ. જભાબેન નાથુરામ રૂપારેલ મુરુવાલાનાં પુત્રી. સ્વ. હરીશભાઇ, સ્વ. રણજીતભાઇ, શરદભાઇ, હેમંતભાઇ તથા દેવયાનીબેન જયંતીલાલ મહિન્ધરનાં માતુશ્રી. શારદાબેન, સ્વ. પ્રફુલ્લાબેન, સ્વ.ઉષાબેન તથા અલ્પાબેનના સાસુમાં. મહેશ, રાકેશ, હેમંત, કોમલ કેવલ સુરાના, ચિંતન તથા હેતલ અમિત મેથીયાના દાદી અને નીલકંઠના નાની. પ્રીતિ, કુંજલ અને દર્શનાના દાદી-સાસુ. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રીય**

સાવરકુંડલા વાળા હાલ મુંબઇ ગં. સ્વ. શારદાબેન (ઉં. વ. ૮૩) તે સ્વ. નાથાલાલ દુર્લભદાસ છાટબારના ધર્મપત્ની. સ્વ. રૂગનાથ પિતાંબર નિર્મળના દીકરી. જયશ્રીબેનના માતુશ્રી. જગદીશ પ્રભુદાસ પડિયાના સાસુ. સ્વ. ચંદુભાઇ, ભીખુભાઇ, સ્વ. રાજુભાઇ, ધીરુભાઇના ભાભી. અંકિતા, હિમાંશુના નાની તા. ૧૬-૯-૨૬ બુધવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૦-૯-૨૬ રવિવારના સાંજે ૪.૩૦થી ૬.૩૦. ઠે. તુષાર સોસાયટી, ચવાણ હોસ્પિટલની બાજુમાં, દત્ત મંદિર ક્રોસ રોડ, નં.૧, દહાણુકર વાડી, કાંદીવલી (વેસ્ટ).

**કચ્છી લોહાણા**

સ્વ. લક્ષ્મીબેન જેઠાલાલ રૂપારેલ કચ્છ ગામ બરંડા હાલ મુલુંડવાળાના પુત્ર સુરેશભાઇ (ઉં. વ. ૮૦) તે સાવિત્રીબેનના પતિ. સ્વ. શાંતાબેન વિકાનજી શીંગડે ગામ કોરાવાળાના જમાઇ. તા. ૧૯-૯-૨૬ શનિવારના રામશરણ પામેલ છે. તે ધીરેન તથા વંદના જયેશકુમાર ઠક્કરના પિતાશ્રી. અરવિંદભાઇ, કિશોરભાઇ, રવિન્દ્રભાઇ, નિર્મળાબેન, સ્વ. કલાબેન, ભારતીબેનના ભાઇ. ફાલ્ગુની તથા જયેશ શંભુલાલ ઠક્કરના સસરા. ક્રિશા તથા અનિષાના દાદા. શૈલી તથા પ્રણાલીના નાના. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૦-૯-૨૬ રવિવારના સાંજે ૫થી ૬.૩૦. ઠે. પરમેશ્વરી હોલ, અચીજા હોટેલની સામે, મદન મોહન માલવીયા ક્રોસ રોડ, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે. બૈરાઓએ તેજ દિવસે આવી જવું.

**હાલાઇ બ્રમુખશ્રત્રિય**

વસઇ નિવાસી અને મૂળ જામનગર ગં. સ્વ. શાંતાબેન વિઠ્ઠલદાસ ભેડા (ઉં.વ. ૮૭) તા. ૧૮-૯-૨૬ના શ્રીચરણ પામ્યા છે. તે સ્વ. વિઠ્ઠલદાસ ભેડાના ધર્મપત્ની. અરવિંદ ભેડા ને મીરા નાદરના માતુશ્રી. હર્ષા ભેડાના સાસુ. કેતન ભેડાના દાદી ને પાયલ ભેડાના દાદી સાસુ. જેની, જુલિયટ, એશ્લેના નાની. લૌકિક પ્રથા બંધ છે.

**રામાનંદી સાધુ**

મૂળવતન ભાડી ભંડારિયા (જી.ભાવનગર) હાલ મીરારોડ મુંબઇ નિવાસી ભગવતીબેન કુબાવત (ઉં. વ. ૭૧) શુક્રવાર તા. ૧૮-૯-૨૬ના રામચરણ પામેલ છે. તે ભગીરથભાઇ (રામભાઇ) ના ધર્મપત્ની. તે જીજ્ઞેશ, નિલેશ, પારુલના માતુશ્રી. તે નયના, સગુણા, યોગેશકુમારના સાસુમા. બાલકૃષ્ણભાઇ અગ્રાવતના બનેવી. તે સોહમ, ધર્મ, વિદા, રિયાનના દાદીમાં. તે રાજવીરના નાનીમા. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૨૧-૯-૨૬ના સાંજે ૪થી ૬. ઠે. સ્વામીનારાયણ મંદિર, શાંતિ પાર્ક ફેઇસ-૩, એચડીએફસી બેન્કની સામે, મીરા રોડ (ઇસ્ટ).

**કપોળ**

અમરેલીવાળા, સ્વ કંચનબેન તુલસીદાસ નરોત્તમદાસ મેહતાના પુત્ર હરીશ (ઉં.વ.૭૪) તે અરુણાના પતિ. જીતેનના પિતા. અ.સો. ધારાના સસરા. તથા જ્યોત્સનાબેન કિશનભાઈ મહેતા, નિરંજનભાઈ સુરેશભાઈ, સ્વ. પ્રવીણભાઈના નાનાભાઈ. ખંભાતવાળા સ્વ. સાકરલાલ છોટાલાલ ગાંધીના જમાઈ ૧૨.૯.૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથાબંધ રાખેલ છે.

**ઔદિચ્ય સહસ્ત્ર સાઠા બ્રાહ્મણ જ્ઞાતિ**

મહેશચંદ્ર કિરપાશંકર ગોર જે કુંદનબેન મહેશચંદ્ર ગોરના પતિ. જયેશભાઈ ગોર, બિંદુબેન ડોંગરેજ ગોર અને રીતુબેન સમીરભાઈ જાનીના પિતા. બીનાબેનના સસરા. યશ તથા દેવલના દાદા. મહેકના દાદા સસરા તા. ૭/૯/૨૬ના પ્રભુશરણ સઢા મુકામે થયા છે. પ્રાથનાસભા ૨૧/૯/૨૬ના કચ્છી સમાજ હોલ, સુંદરવન, ઉમરગામ મુકામે ૩ થી ૫.

**દશા સોરઠિયા વણિક**

કંઠાસર નિવાસી હાલ કાંદિવલી અં.સૌ.જ્યોતિબેન (ઉં.વ.૬૫) તે રમેશભાઈ ચુનીલાલ વસાણીના ધર્મપત્ની. જતીનભાઈના માતુશ્રી. ભરતભાઈ હીરાચંદ વૈદ્ય, હિતેનભાઈ, સ્વ. વાસંતીબેન, સુધાબેન, નયનાબેન, કાશ્મીરાબેનના બેહન. સુરેશભાઈ, સ્વ. મંજુલાબેન, ધીરેનભાઈ, સ્વ. રજનીભાઇ, વનીતાબેનના ભાઈના પત્ની તા. ૧૭.૯.૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથાબંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

ઠા. ધીરજલાલ રતનશી સોમૈયા (ઉં.વ.૮૪) કચ્છ ગામ માંડવી હાલે ઘાટકોપર, તે સ્વ. રતનબેન રતનશી વીરજી સોમૈયાના પુત્ર. ગુણવતીબેનના પતિ. સ્વ. ખટાઉ જેઠાભાઇ રામાણીના જમાઈ. સ્વ. સરસ્વતીબેન, સ્વ. હિરાલાલભાઇ, કૃષ્ણાબેન, સ્વ. ચન્દ્રાબેન, સરોજબેન, અનિલાબેનના ભાઈ. સ્વ. રમેશભાઈ, અશોકભાઈ, વાસંતીબેન, પંકજબેન, સુશીલાબેન, ગીતાબેનના બનેવી. ૧૫-૯-૨૬ મંગળવારના ભૂજ-કચ્છ મધ્યે શ્રીજીમહારાજના ધામમાં શરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૦-૯-૨૬ રવિવારના ૪.૩૦ થી ૬. ઠે. શ્રી સ્વામિનારાયણ મંદિર, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર પૂર્વ. લૌકીક વ્યવહાર બંધ છે.

**વાગડ લોહાણા**

મૂળ ગામ નંદાસર હાલે મુલુંડ જયંતિલાલ વિરજીભાઈ ભિન્ડે (ઉં.વ.૬૪) ગુરુવાર, ૧૭/૯/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે વિરજીભાઈ ફુલચંદભાઇ ભિન્ડેના પુત્ર. મધુબેનના પતિ. ચુનીલાલભાઇ નરસંગભાઇ કાથરાણી (અંજાર)ના જમાઇ. ભાવિનભાઇ વ્રજેશભાઇ, બિનાબેન સચિનભાઇ રાજદેના પિતાશ્રી. કાંતિલાલ, સવજીભાઈ, મનસુખલાલ, ઝવેરીબેન ભવાનજીભાઇ કોટક, શાંતાબેન ચમનલાલ કોટક, મન્છીબેન દલસુખભાઈ રૈયા, કુંવરબેન વિઠલજીભાઇ પંડિતના ભાઇ. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨૦/૯/૨૬ના રોજ સાંજે ૪:૩૦ થી ૬:૦૦. એન.કે.ટી. કોલેજ સભાગૃહ ખારકરઆળી, થાણા (વે).

**કચ્છી લોહાણા**

સ્વ. શ્રી ચંદ્રસેન રામજી કારીઆ (ઉં.વ.૮૦) તે સ્વ. રામજી નાનજી કારિઆના સુપુત્ર. મંગળજી ગોકુલદાસ રાજલ ગામ સતાપરના જમાઈ. ચેતનાબેનના પતિ. નમ્રતા અને રૂપલના પિતા. સ્વ. નારાણભાઈ, સ્વ. જીતેન્દ્રભાઈ, ગં.સ્વ. વસંતાબેન, ગં.સ્વ. જ્યોતિબેનના ભાઈ. તા. ૧૮/૯/૨૬ના મુંબઈ ખાતે શ્રીરામશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા રવિવાર, ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૬ના સાંજે ૫:૦૦ થી ૭:૦૦. ગોપુરમ હોલ, જ્ઞાન સરિતા સ્કૂલ પાસે, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ રોડ, મુલુંડ પશ્ચિમ.

**સુરતી વિશા લાડ વણિક**

કિન્નરી યોગેશ બંગાળી ૧૮-૯-૨૬ના અવસાન થયેલ છે. તે ધૈવત અને હેમાંગના માતુશ્રી. દેવાંશીના સાસુમા. તનિષ્કા અને કવિરના દાદીમા. સ્વ. માતુશ્રી શ્રીમતી ઉમાબહેન અને સ્વ. પિતાશ્રી પ્રવિણચંદ્ર ભગત. પ્રાર્થનાસભા ૨૦-૯-૨૬ના રોજ સાંજે ૫થી ૭ . સરનામુઃ અરવિંદ ગનબીર હાઇસ્કૂલ, ઇસ્માઇલ યુસુફ કોલેજ નજીક, ગૂફા રોડ, જોગેશ્વરી સ્ટેશન પૂર્વ.

**કચ્છી ભાટિયા**

ચંદ્રસેન કરસનદાસ ઠક્કર (પાલેજા) (ઉં.વ.૮૭) હાલ મુંબઈ, સ્વ. લક્ષ્મીબાઇ કરસનદાસ પાલેજાના સુપુત્ર. સ્વ. ઇન્દુમતી પુષ્પસેન વેદ (કોલ્હાપુર)ના જમાઈ. મૃદુલાબેનના પતિ. સ્વ. પંકજ, અજય, જયેશ, મેહુલના પપ્પા. ગ.સ્વ.હેમા, દિપ્તી, રોશની, મોનાલીના સસરા. શુક્રવાર તા. ૧૮/૯/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૧/૯/૨૬ના ૫ થી ૬.૩૦. સર મથુરાદાસ વિસનજી હોલ, તેજપાલ ઑડીટોરીયમની બાજુમાં, ગોવાલીયા ટેંક ઑગસ્ટ ક્રાંતિ મેદાન, ગ્રાન્ટરોડ પશ્ચિમ. લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે.

# પારસી મરણ

પરવેઝ બેહરામ ઝાઇવાલા તે મરહુમ ફિરંગઝીઝના ધની. તે મરહુમો જરબાનું બેહરામશા ઝાઇવાલાના દીકરા. તે દેબંગીઝ ને જેસ્મીનના પપા. તે મરહુમ હરવેસપરના સસરા. તે ટોરાજના મમાવાજી. તે મરહુમો બાહાદુર બાહાદુરજીના જમાઇ. (ઉં. વ. ૮૫) રે. ઠે. નવરોઝ બાગ, જી-બિલ્ડિંગ, રૂમ.નં.૪, ડો. એસ. એસ. રાવ રોડ, ગણેશ ગલ્લી સામે, લાલબાગ, મુંબઇ-૪૦૦૦૧૨. ઉઠમણાંની ક્રિયા: તા. ૨૦-૯-૨૬ના દીને બપોરે ૩.૪૫ વાગે વાડીયાજી આતશ બેહરામમાં છે.

# મુસ્લિમ મરણ

**દાઉદી વ્હોરા**

ગારીયાધાર ફાતિમાબેન અબ્દુલહસૈન લક્ષ્મીધર (ઉં. વ. ૫૮) તે મ. ઇસ્માઇલભાઇ ગુલામહસૈન લક્ષ્મીધરના પત્ની. ઝોહરભાઇ ઇસ્માઇલભાઇ તથા હૈદરભાઇ ઇસ્માઇલભાઇના મમ્મી. રેહાનાબેન ઝોહરભાઇ તથા સકીનાબેન હૈદરભાઇના સાસુ ગારીયાધાર મુકામે તા. ૧૯-૯-૨૬ શનિવારે બપોરે વફાત થયેલ છે. તેમના જયારતના ફાતેહા તા. ૨૧-૯-૨૬ સોમવારે સવારે ૧૦.૩૦ કલાકે ફૂલની ચાદર અને તે બાદ સૈફી બાગમાં સદકલ્લાદ રાખેલ છે.

# જૈન મરણ

**રાધનપુર તીર્થ જૈન**

રાધનપુર તીર્થ નિવાસી હાલ કાંદીવલી અશોકભાઈ અચરતલાલ મોરખીયા (ઉં.વ. ૯૧) ૧૮- ૯ -૨૬ ના રોજ અવસાન પામેલ છે. મેઘ કુમાર (લાલુ), વંદના, હીના, મીના, લીનાના પિતાશ્રી. મીતા દીપકભાઈ સ્વ કેતનભાઇ પ્રદીપભાઈ પંકજભાઈ ના સસરા. કેવલ રીયા ધૈર્યના દાદા. મૃદુલા બેન, ધનકુમાર, જયકુમારના ભાઈ. વર્ધી લાલ વમળશી શેઠના જમાઈ લૌકિક વ્યવહાર બંધ છે.

**પાટણ વિશા શ્રીમાળી જૈન**

પાટણ નિવાસી લિમડીના પાડાના (હાલ મુંબઇ) રજનીકાંત મણીલાલ શાહ (દેવડાવાળા) (ઉં. વ. ૯૨) તે સ્વ. મંજુલાબેનના પતિ. સ્વ. તારાબેન મણીલાલ સ્વરૂપચંદના સુપુત્ર. સ્વ. જયંતીભાઇ, સ્વ. સારાભાઇ, સ્વ. જશવંતભાઇ (બાબુભાઇ) રમેશભાઇ અને સ્વ. સુભદ્રાબેનના ભાઇ. સ્વ. સુરજમલ ગભરૂચંદના જમાઇ. નિમિષ-મોના, રૂપેન-કોમલના પિતાશ્રી તથા વિધિ-નેહલ, રૂચી-અમયના દાદા. બુધવાર, તા. ૧૬-૯-૨૬ના અરિહંતશરણ પામેલ છે.

**કચ્છી ગુર્જર જૈન**

માંડવી નિવાસી હાલ મુંબઇ અશોક ચંદુલાલ ભણસારી (ઉં. વ. ૬૮) તે સ્વ. ચંદ્રકળા ચંદુલાલ ભણસારીના સુપુત્ર. ચંદ્રકાન્ત મહેન્દ્ર રજનીકાંત અને સરોજના ભાઇ. સોનાલી અને વનેશાના કાકા તા. ૧૨-૯-૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી શ્વેતાંબર જૈન**

રામપુરા ભંકોડા નિવાસી હાલ સાંતાક્રુઝ અ. સૌ. રીટા અશોકકુમાર શાહ (ઉં. વ. ૬૯) તે સ્વ. કાંતાબેન ભોગીલાલ શાહના પુત્રવધૂ. તે ચોટીલા નિવાસી સ્વ. પ્રભુદાસ પાનાચંદ શાહના પુત્રી. તે શ્વેતા-દીપેન, પ્રીયાંકા-આશીનના માતુશ્રી. તે પરમ, ધિવીકા, આધવન, બનીના દાદી. તે કમલેશ, રાજેન્દ્ર, સુનીલ, સ્વ. કેતન તથા સ્વ. નયનાના બેન ગુરુવાર, તા. ૧૭-૯-૨૬ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨૦-૯-૨૬ના બપોરે ૩થી ૫. ઠે. શ્રી વિશ્વકર્મા બાગ, બજાજ રોડ, સંન્યાસ આશ્રમની બાજુમાં, વિલેપાર્લે (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બેરાજાના ગિરિશ સાવલા (ઉં.વ.૬૨) તા. ૧૮/૯/૨૬ના અવસાન પામેલ છે. માતુશ્રી મણિબેન ખેતશીના પુત્ર. સુંદરબેન તેજશી નેણશી છેડાના દોહિત્ર. દીપક, નીતા (જયવંતી) ખુશાલ (રાજુ) સ્વ. ભુપેન્દ્ર, ગૌતમના ભાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિઃ ખુશાલ ખેતશી સાવલા ૪૦૨, પટેલ પેલેસ, કોલડુંગરી, અંધેરી ઈસ્ટ, મું. ૯૩.

પ્રતાપરના મનોજ કુંવરજી ગાલા (ઉં.વ.૬૬) તા. ૧૭.૯.૨૬ના અવસાન પામ્યા છે. લીલાવંતીબેન કુંવરજી નાનજી જેઠાના સુપુત્ર. વર્ષાના પતિ. અંકિત, દર્શિતના પિતાશ્રી. હેમા, અલ્કાના ભાઈ. બારોઈના હંસાબેન ભવાનજી ઉમરશી રતનશીના જમાઈ. પ્રા. યોગી સભાગૃહ, દાદર. ટા. ૪ થી ૫.૩૦. નિવાસ : મનોજ ગાલા : ૨૬/૬, મેહેર આબાદ, ભુલાભાઈ દેસાઈ રોડ, બ્રીચકેન્ડી, મું-૨૬.

મોટા લાયજાના પ્રેમજી નરશી ગડા (ઉં.વ.૮૩) તા. ૧૮/૯/૨૬ના અવસાન પામેલ છે ગંગાબેન નરશી વેલજીના પુત્ર. મંજુલાના પતિ. સ્વ. રાજેશ, વિરેન, મીનળના પિતા. સ્વ.ખીમજીભાઈ, સ્વ.લાલજીભાઈ, મેરાઉના સ્વ જયાબેન ખીમજી, ગોધરા સ્વ. જયાબેન પ્રેમજી, દમયંતીબેન મણીલાલ, લાયજા સ્વ દેવકાબેન ઝવેરીલાલના ભાઇ. કોડાય સ્વ પાનબાઇ, વેજબાઈ દેવરાજ વેલજી લાલનના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. વિરેન પ્રેમજી ગડા, ૯/૧૨, એસ. ટી.રોડ, ચેમ્બુર, મું. ૭૧.

# મલબાર હિલ જળાળયના નવા પ્લાનનો આઈઆઈટી-રુરકી પુનઃઅભ્યાસ કરશેઃ ₹ ૨૨ લાખની ફી વસૂલ કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દક્ષિણ મુંબઈના મલબાર હિલના રિઝર્વિયરના પુનઃબાંધકામનો પ્રસ્તાવ રદ થયા બાદ હવે તેનાં સમારકામ માટે નવા પયાર્યનો અભ્યાસ કરવામાં આવી રહ્યો છે. સ્થાનિક નાગરિકોનાં ઝાડ કાપવાં સામે વિરોધને પગલે મુંબઈ મહાનગરપાલિકાએ હવે ત્રણ સ્તરના બાવન મિલ્યન લિટર ક્ષમતાનું નવું જળાશય નજીક જ બાંધવાની છે, જેના નવા પ્લાનનો અભ્યાસ કરવાની જવાબદારી આઈઆઈટી-રુરકીને સોંપવામાં આવી છે. આ કામ માટે તેને લગભગ બાવીસ લાખની ફી ચૂકવવામાં આવશે.

મલબાર હિલના ફિરોઝશાહ મહેતા ગાર્ડન પરિસરમાં ૧૩૬ વર્ષ જૂના બ્રિટીશ કાળના રિઝર્વિયરના પુનઃ બાંધકામ માટે ૩૮૯ ઝાડ કાપવાં પડવાનાં હોવાથી તેમ જ હૅગિંગ ગાર્ડનને અમુક વર્ષ માટે બંધ રાખવા સામે સ્થાનિકોએ વિરોધ કર્યો હતો. તેથી કામ અટવાઈ જતા આ બાબતે નિર્ણય લેવા માટે પાલિકાએ મુંબઈ આઈઆઈટીના નિષ્ણાતોની સાથેની એક સમિતિની બનાવી હતી. આઠ લોકોની સમિતિમાં આપસમાં સહમતિ નહીં સધાતા બે અલગ અલગ અહેવાલ આપ્યા હતા. તેથી આ સંદર્ભમાં નિર્ણય લેવા માટે પાલિકાએ આઈઆઈટી-રુરકીની મદદ લીધી હતી. નવા રિઝર્વિયર માટે અસરગ્રસ્ત ઝાડની સંખ્યા મર્યાદિત રાખવા પાલિકાએ આઈઆઈટી- રુરકીના માધ્યમથી વિવિધ પર્યાયની તપાસ કર્યા બાદ પોતાના કર્મચારીઓના નિવાસસ્થાન પાસે તેમ જ પંપિંગ સ્ટેશન પરિસરમાં બાવન મિલ્યન લિટર ક્ષમતાના ત્રણ સ્તરના જળાશયનો પર્યાય પ્રસ્તાવિત કર્યો છે.

ટેક્નિકલી પ્લાન મુશ્કેલ જણાતા બાંધકામ બાબતે નિષ્ણાત સંસ્થા પાસેથી પ્લાન અને કાર્યપદ્ધતિનું પુનરાવલોકન આવશ્યક છે. તે મુજબ આ પ્રસ્તાવનો અભ્યાસ કરવા માટે આઈઆટી-રુરકીની નિમણૂક કરવામાં આવવાની છે. ■

# મહારાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં દુષ્કાળ જેવી સ્થિતિને ધ્યાનમાં લેતાં ફડણવીસે પ્રધાનોને આપ્યા પ્રાથમિક સર્વેના આદેશ

નાગપુરઃ મહારાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં દુષ્કાળ જેવી સ્થિતિ ઊભી થઈ હોવાની માહિતી મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આપી છે. તેમણે જણાવ્યું કે કેબિનેટની બેઠકમાં આ સ્થિતિ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી, ત્યારબાદ પ્રધાનોને તેમના સંબંધિત જિલ્લાઓમાં પ્રાથમિક આકલન કરવા અને જરૂરી તૈયારીઓ શરૂ કરવાની સૂચના અપાઈ છે. વરસાદમાં આવેલા વિરામને કારણે ઊભા પાકને નુકસાન થયું હોવાની માહિતી પણ મુખ્ય પ્રધાને આપી હતી. સરકાર આગામી એક સપ્તાહમાં પ્રાથમિક સમીક્ષા પૂર્ણ કર્યા બાદ સત્તાવાર પાક સર્વે હાથ ધરી તાત્કાલિક સહાય પૂરી પાડશે.

ફડણવીસે જણાવ્યું હતું કે ખેડૂતો માટેની લોન માફીનું કામ પણ આગળ વધી રહ્યું છે અને અત્યાર સુધીમાં ત્રણ યાદીઓ જાહેર કરવામાં આવી છે. બાકી રહેલી યાદીઓ ઝડપથી પૂર્ણ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. ખેડૂતોને જરૂરી તાત્કાલિક સહાય આપવા ઉપરાંત પીવાના પાણી અને પશુઓ માટે ઘાસચારાની વ્યવસ્થા કરવામાં આવશે.

સરકાર અગાઉથી જ ઍલનિન્યોને કારણે સંભવિત કટોકટીની તૈયારી કરી રહી હતી અને ઘાસચારાની અછતને પહોંચી વળવા 'વૈરણ' વિકાસ કાર્યક્રમ શરૂ કર્યો હોવાનું પણ તેમણે જણાવ્યું. મુખ્ય પ્રધાને વધુમાં જણાવ્યું કે ખેડૂતોને સાંજના સમયે વધારાનો વીજ પુરવઠો મળે તે માટે પણ વ્યવસ્થા કરવામાં આવી છે અને વિવિધ વિસ્તારોમાં વધારાની વીજળી પૂરી પાડવામાં આવી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૮ સપ્ટેમ્બરે શરદ પવારે મહારાષ્ટ્રમાં દુષ્કાળ જાહેર કરવાની અને અસરગ્રસ્ત ખેડૂતો માટે રાહત પેકેજની માગ કરી હતી; તેમના જણાવ્યા મુજબ રાજ્યના ૩૬માંથી ૩૧ જિલ્લાઓમાં સરેરાશ કરતાં ઓછો વરસાદ નોંધાયો છે. ■

# થાણેમાં વિદ્યાર્થીઓને મળી અત્યાધુનિક લાઈબ્રેરી



થાણે : થાણેના સાંસદ નરેશ મ્હસ્કેએ જેવીએમ એમરાલ્ડ ખાતે ગાંધી મહેન્દ્ર છત્રભુજ એજ્યુકેશનલ ટ્રસ્ટ લાઈબ્રેરીનું ઉદ્ઘાટન કર્યું હતું. કાર્યક્રમમાં થાણેના ઉપ મેયર કૃષ્ણા પાટીલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. થાણે અને આસપાસના વિસ્તારોની વિવિધ સામાજિક સેવા સંસ્થાઓ સાથે સંકળાયેલા આશરે ૧૦૦ પ્રતિનિધિઓએ પણ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી.

વિદ્યાર્થીઓને શાંત, આરામદાયક અને અભ્યાસ માટે અનુકૂળ વાતાવરણ મળી રહે તે હેતુથી આ લાઈબ્રેરી વિકસાવવામાં આવી છે. અહીં એકસાથે આશરે ૫૦ વિદ્યાર્થીઓ બેસીને અભ્યાસ કરી શકશે. વાંચન, અધ્યયન અને શૈક્ષણિક લક્ષ્યોની સિદ્ધિ માટે સમર્પિત જગ્યા ઉપલબ્ધ કરાવવી એ આ પહેલનો મુખ્ય ઉદ્દેશ છે. નરેશ મ્હસ્કે અને કૃષ્ણા પાટીલે વિદ્યાર્થીઓ માટે ઊભી કરવામાં આવેલી ગુણવત્તાયુક્ત પાયાની સુવિધાઓ અને વ્યવસ્થાઓની પ્રશંસા કરી હતી. શિક્ષણને પ્રોત્સાહન આપતા આવા સામાજિક ઉપક્રમો યુવાનોના સશક્તિકરણ સાથે સમાજના સર્વાંગી વિકાસમાં મહત્ત્વપૂર્ણ અને લાંબાગાળાનું યોગદાન આપી શકે છે, તેમ તેમણે જણાવ્યું હતું. ■

# મુંબઈગરા સંભાળજો! સ્વાઈનફ્લૂ અને મલેરિયાએ બીએમસીની ચિંતા વધારી

મુંબઈ: મુંબઈમાં મચ્છરોના કરડવાથી થતા મલેરિયા અને શ્વાસની ગંભીર બીમારી ગણાતી સ્વાઈનફ્લૂના દર્દીમાં ગયા વર્ષની સરખામણીમાં નોંધનીય વધારો થયો છે.

તેથી મુંબઈ મહાનગરપાલિકાનું આરોગ્ય ખાતુ સતર્ક થઈ ગયું છે. છેલ્લા સાડા ત્રણ મહિનામાં મુંબઈમાં મલેરિયાના ૫,૯૮૪ અને સ્વાઈનફ્લૂ (એચવનએનવન)ના ૪૮૮ દર્દી નોંધાયા છે.

પાલિકાના સાર્વજનિક આરોગ્ય ખાતાએ આપેલા આંકડા મુજબ જૂનથી ૧૫ સપ્ટેમ્બર સુધીના સાડા ત્રણ મહિનાના સમયગાળામાં મુંબઈમાં મલેરિયાના ૫,૯૮૪ દર્દી નોંધાયા છે.

ગયા વર્ષે આ જ સમયગાળામાં મલેરિયાના ૪,૩૦૪ દર્દી નોંધાયા હતા. સૌથી મોટા ચિંતાજનક વધારો સ્વાઈનફ્લૂમાં જોવા મળ્યો છે. પહેલી જૂનથી ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધીના સમયગાળામાં સ્વાઈનફ્લૂના ૪૮૮ કેસ નોંધાયા છે, જે ગયા વર્ષે આ જ સમયગાળામાં માત્ર ડબલ આંકડો એટલે ૬૫ હતો.સ્વાઈનફ્લૂ અને મલેરિયાના કેસમાં ચિંતાજનક વધારા સામે જોકે ગયા વર્ષની સરખામણીમાં ડેન્ગ્યૂ અને ચિકનગુનિયા, લેપ્ટો, ગેસ્ટ્રો અને કોવિડના કેસમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે. ■

## ગોરેગામ-મુલુંડ લિંક રોડ પ્રોજેક્ટઃ

# નાહુરથી ઐરોલી વચ્ચે બનશે કેબલ સ્ટે ફ્લાયઓવર

## ફ્લાયઓવરના બાંધકામની ગુણવત્તા પર વીજેટીઆઈ રાખશે નજર

મુંબઈઃ સુરક્ષા અને ગુણવત્તા સુનિશ્ચિત કરવાના ભાગરૂપે મુંબઈ મહાનગરપાલિકાએ ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર નિર્માણાધીન સેકન્ડ લેવલના કેબલ-સ્ટે ફ્લાયઓવરનું સ્વતંત્ર ઓડિટ કરવા માટે મુંબઈની વીરમાતા જીજાબાઈ ટેક્નોલોજીકલ ઈન્સ્ટિટ્યૂટ (વીજેટીઆઈ)ની નિમણૂક કરી છે. ગોરેગાંવ-મુલુંડ લિંક રોડ (જીએમએલઆર) પ્રોજેક્ટના ફેઝ-ફોરમાં નાહુર અને ઐરોલી ટોલ નાકાને જોડતા હાલના ફ્લાયઓવરની ઉપર એક નવો ફ્લાયઓવર બનાવવામાં આવવાનો છે.

ગોરેગાંવ-મુલુંડ લિંક રોડ પ્રોજેક્ટના ચોથા તબક્કામાં બે મુખ્ય ભાગોનો સમાવેશ થાય છે. પાર્ટ 'એ'માં હાલના ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવેની ઉપર ૧,૩૩૦ મીટર લાંબો સેકન્ડ લેવલનો કેબલ-સ્ટે ફ્લાયઓવર બનાવવાનો સમાવેશ થાય છે. આ ફ્લાયઓવરમાં ૧૮૦ મીટરનો સ્પાન, બંને બાજુ પાંચ લેન માટે ૪૦.૬ મીટરની પહોળાઈ અને ત્રણ લેન ધરાવતો ૨૪.૪ મીટર પહોળો વાયાડક્ટ (પુલનો ભાગ) હશે. આ બ્રિજ વર્તમાન ટ્રાફિક જામની સમસ્યા હળવી કરશે. એ સાથે નાહુર અને ઐરોલી ટોલ નાકા વચ્ચેના ૧,૬૦૦ મીટરના હાલના રસ્તાઓમાં પણ સુધારણા કરવામાં આવશે.

ફેઝ વન, ટૂ અને થ્રીનું કામ પૂર્ણ થયા બાદ ચોથા ફેઝના ભાગ 'ઇ' માં મુલુંડ ખાતે ઈસ્ટર્ન એક્સપ્રેસવે અને જીએમએલઆર જયાં મળશે એ સ્થળે એલિવેટેડ ઇન્ટરચેન્જ (ક્લોવરલીફ લૂપ્સ) બનાવવામાં આવશે. આ ઇન્ટરચેન્જમાં રેમ્પનો સમાવેશ થશે અને તે કુલ ૨,૪૦૦ મીટરની લંબાઈમાં વિસ્તરેલો હશે, જેની ડિઝાઈન ભવિષ્યમાં ટ્રાફિક જૅમ અટકાવવા માટે કરવામાં આવી છે. વધુમાં અવિરત જોડાણ સુનિશ્ચિત કરવા માટે ૩,૬૦૦ મીટર લાંબા કાયમી 'એટ-ગ્રેડ' બાયપાસ રસ્તાઓ વિકસાવવામાં આવશે. ■

# ખેડૂતોની બેઠકમાં ઉત્પાદન વધારવા, ખર્ચ ઘટાડવાને પ્રાધાન્ય

લાતુરઃ મહારાષ્ટ્ર, કર્ણાટક અને તેલંગણાના ૩૫૦થી વધુ ખેડૂત ઉત્પાદક સંગઠનો સહભાગી થયા હતા એ લાતુરની બેઠકમાં ઉત્પાદન વધારવા અને ખર્ચ ઘટાડવા અંગે વ્યાપક ચર્ચા કરવામાં આવી હોવાનું અધિકારીઓએ શનિવારે જણાવી ઉમેર્યું હતું કે સહભાગીઓમાં ખેડૂતો, કૃષિ નિષ્ણાતો, બેંકિંગ વ્યાવસાયિકો, કૃષિ યુનિવર્સિટીઓના પ્રતિનિધિઓ અને કૃષિ વ્યવસાય ક્ષેત્રના નેતાઓનો સમાવેશ થતો હતો.

સોયાબીન પ્રોસેસર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયાના એક્ઝિક્યુટિવ પ્રોડ્યુસર ડી.એન. પાઠકે ખેડૂત ઉત્પાદક સંગઠનોને સલાહ આપી હતી કે તેઓ ફક્ત વધુ ટર્નઓવર માટે પ્રયત્ન કરવાને બદલે નાણાકીય રીતે ટકાઉ અને મજબૂત બેલેન્સ શીટ પર ધ્યાન કેન્દ્રિત કરે. તેમણે ગુણવત્તાયુક્ત બીજની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે બીજ ગામના વિકાસની પણ હિમાયત કરી અને જમીનમાં કાર્બનિક કાર્બનનું સ્તર સુધારવા માટે વ્યવસ્થિત પ્રયાસો કરવા જણાવ્યું હતું. સ્માર્ટ પ્રોજેક્ટના સીઈઓ ઉમાકાંત દાંગટે લાતુરને સોયાબીનનું ઘર ગણાવી કહ્યું હતું કે કૃષિ વ્યવસાયના ભવિષ્ય માટે માત્ર મશીનરી અને માળખાગત સુવિધાઓમાં જ નહીં પરંતુ લોકોમાં પણ રોકાણની જરૂર છે. તેમણે યુવાનોને કૃષિ વ્યવસાય સાથે જોડવાની અને ઉત્પાદન અને પ્રક્રિયાથી લઈને બજાર સુલભતા સુધીની સમગ્ર કૃષિ વ્યવસ્થા મજબૂત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. (પીટીઆઈ) ■


| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# તાતા ગ્રૂપમાં તિરાડ વધશે કે સંધાશે?

**કોર્પોરેટ જગતમાં જાણીતી કંપનીઓ વચ્ચે આંતરિક વાદ-વિખવાદની વાત અજાણી નથી, પણ તાતા જૂથમાં આડકતરી રીતે પારસીઓના વર્ચસ્વને મુદ્દે ખેલાઈ રહેલો આ જંગ એક નવી જ દિશા તરફ ફંટાઈ રહ્યો છે**

કવર સ્ટોરી

**વિજય વ્યાસ**
feedback@bombaysamachar.com



નોએલ તાતા — એન. ચંદ્રશેખરન

ભારતના સૌથી પ્રતિષ્ઠિત મનાતા તાતા ગ્રૂપમાં ફરી ઘમાસાણ શરૂ થયું છે. આ ઘમાસાણના મૂળમાં તાતા સન્સના એક્ઝિક્યુટિવ ચેરમેનપદે નટરાજન ચંદ્રશેખરનની ફરી નિમણૂક છે. એક્ઝિક્યુટિવ ચેરમેન તરીકે એન. ચંદ્રશેખરનનો કાર્યકાળ ફેબ્રુઆરી ૨૦૨૭માં પૂરો થવાનો છે, પણ ગયા મહિને એટલે કે ઓગસ્ટમાં તેમણે સામેથી કહી દીધેલું કે, પોતે હવે ફરી એક્ઝિક્યુટિવ ચેરમેન બનવા નથી માગતા. ચંદ્રશેખરનની વાત માનીને નવા ચેરમેનની શોધ પણ શરૂ કરી દેવામાં આવી, પણ તાતા સન્સના બોર્ડની નોમિનેશન અને રેમ્યુનરેશન કમિટીએ ચંદ્રશેખરનને પોતાના નિર્ણય અંગે ફરી વિચારવાની વિનંતી કરી તેથી ચંદ્રશેખરને પલટી મારી દીધી ને હા પાડી દીધી.

ચંદ્રશેખરે હા પાડી દેતાં ૧૭ સપ્ટેમ્બરે મળેલી તાતા સન્સની બોર્ડ મીટિંગમાં ચંદ્રશેખરનને બીજા ૫ વર્ષ માટે એક્ઝિક્યુટિવ ચેરમેન બનાવવાનો ઠરાવ પસાર કરી દીધો. તાતા સન્સના બોર્ડમાં ચંદ્રશેખરન ઉપરાંત ટીવીએસના વેણુ શ્રીનિવાસન, રતન તાતાના સાવકા ભાઈ નોએલ તાતા, યુનિલીવરના ગ્લોબલ સીઈઓ રહી ચૂકેલા હરીશ મનવાણી, અનિતા જ્યોર્જ અને સૌરભ અગ્રવાલ એમ છ ડિરેક્ટર છે. અગ્રવાલ એક્ઝિક્યુટિવ ડિરેક્ટર હોવાથી તેમની પાસે મતદાનનો અધિકાર નથી. બાકી રહેલા પાંચ ડિરેક્ટર્સમાંથી નોએલ તાતા સિવાયના બાકીના ડિરેક્ટરે નટરાજન ચંદ્રશેખરનને વધુ પાંચ વર્ષ માટે એક્ઝિક્યુટિવ ચેરમેન નિમવાની તરફેણમાં મતદાન કરતાં ૪-૧ની બહુમતીથી ઠરાવ પસાર થઈ ગયો.

સામાન્ય રીતે બહુમતી ડિરેક્ટર્સનો નિર્ણય માન્ય રાખવો પડે, પણ તાતા ગ્રૂપની શૅર હોલ્ડિંગ પેટર્નના કારણે નોએલ તાતાનો વાંધો ચંદ્રશેખરનની વધુ પાંચ વર્ષ માટે એકઝિક્યુટિવ ચેરમેનપદે નિમણૂકમાં મોટો અવરોધ બની જાય એવી શક્યતા છે. ભારતમાં બીજાં કોર્પોરેટ ગ્રૂપ્સની માલિકી કોઈ ને કોઈ પરિવારના હાથમાં છે. રિલાયન્સ ગ્રૂપ અંબાણીનું છે કેમ કે તેમની પાસે બહુમતી શૅર છે ને એ જ રીતે અદાણી જૂથ ગૌતમ અદાણીનું છે. બજાજ ગ્રૂપમાં બહુમતી શૅર બજાજ પરિવાર સાથે હોવાથી કંપની પર તેમનો કબજો છે ને બિરલા ગ્રૂપની કંપનીઓમાં પણ એ જ સ્થિતી છે, પણ તાતા ગ્રૂપમાં બહુમતી હિસ્સો તાતા સન્સનો છે, પણ તાતા સન્સમાં બહુમતી હિસ્સો તાતા ટ્રસ્ટ્સનો છે. આ કારણે તાતા ગ્રૂપમાં સર્વોપરી સંસ્થા તાતા ટ્રસ્ટ્સ છે ને તાતા ટ્રસ્ટ્સના ચેરમેન તરીકે નોએલ તાતા છે તેથી નોએલ તાતાનો વાંધો મહત્ત્વનો છે.

તાતા ટ્રસ્ટ્સમાં સર દોરાબજી ટ્રસ્ટ અને સર રતન તાતા ટ્રસ્ટ મુખ્ય છે. આ બંને ટ્રસ્ટનો તાતા સન્સમાં હિસ્સો ૫૪ ટકા છે. બીજાં દસેક ટ્રસ્ટ છે ને એ બધાંનો લગભગ ૧૨ ટકા હિસ્સો મળીને તાતા સન્સમાં તાતા ટ્રસ્ટ્સનો હિસ્સો ૬૬ ટકા થઈ જાય છે તેથી તાતા ગ્રૂપની કંપનીઓનાં અસલી માલિક તાતા ટ્રસ્ટ્ છે. બીજું એ કે, તાતા ટ્રસ્ટ્સ પાસે ખાસ વીટો પાવર્સ છે. બોર્ડ ઓફ ડિરેક્ટર્સના ત્રીજા ભાગ સુધીના સભ્યોની નિમણૂક કરવાની સત્તા પણ છે. આ બધાના કારણે તાતા ટ્રસ્ટ્સનો નિર્ણય સર્વોપરી ગણાતો, પણ તાતા સન્સે તેને પડકારીને ચંદ્રશેખરનની ફરી નિમણૂક કરી દેતાં તાતા સામ્રાજ્યના મુખ્ય મથક 'બોમ્બે હાઉસ'માં જોરદાર કોર્પોરેટ જંગ શરૂ થઈ ગયો છે.

આ કોર્પોરેટ જંગ કાનૂની જંગમાં પણ ફેરવાશે કેમ કે નોએલ તાતા નમતું જોખવાના મૂડમાં નથી. ચંદ્રશેખરનની નિમણૂક સામે નોએલ તાતાએ વીટો વાપરેલો, પણ તાતા સન્સના બોર્ડે આ વીટો રદ કરી દીધો પછી ચંદ્રશેખરનની નિમણૂંક સંપૂર્ણપણે 'ગેરકાયદેસર' અને 'અમાન્ય' ગણાવીને નોએલે કોર્ટમાં જવાની જાહેરાત કરી જ છે. નિયમો મુજબ ચેરમેનની નિમણૂક માટે ટ્રસ્ટના નોમિની ડિરેક્ટરોની સહમતી જરૂરી છે, પણ એ સંમતિ પણ નથી લેવાઈ એવો મુદ્દો પણ નોએલે ઊભો કર્યો છે.

નોએલને એક વાંધો તાતા સન્સના શૅરબજારમાં લિસ્ટિંગને લગતો વિવાદ પણ છે. 'રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયા'એ તાતા સન્સને હાઈ ક્લાસ નોન-બેંકિંગ ફાયનાન્શિયલ કંપની (NFBC)ની કેટેગરીમાં મૂકી હતી. રિઝર્વ બેંકના નિયમ હેઠળ આ પ્રકારની કંપનીનું શૅરબજારમાં લિસ્ટિંગ ફરજિયાત છે, પણ રતન તાતા આવી લિસ્ટિંગની વિરુધ્ધ હતા તેથી તાતા સન્સે પોતાનું દેવું ચૂકવીને પોતાને આ નિયમ લાગુ નહીં પાડવા રિઝર્વ બેંકમાં અરજી કરી. ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ રિઝર્વ બેંકે અરજી ફગાવી દીધી. નોએલ તાતાએ આ નિર્ણય અંગે ફેરવિચારણા કરીને રિઝર્વ બેંક પાસે વધુ ત્રણ વર્ષનો સમય માગવા અને તાતા સન્સને ખાનગી કંપની તરીકે જ ચાલુ રાખવાની તરફેણ કરી પણ તાતા સન્સના બોર્ડે કાનૂની વિવાદમાં પડ્યા વિના રિઝર્વ બેંકનો નિર્ણય માથે ચડાવીને લિસ્ટિંગ માટે ઠરાવ કરવાનો નિર્ણય લીધો. તાતા સન્સનો આઈપીઓ આવે ત્યારે ચંદ્રશેખરન જેવો અનુભવી માણસ હોય તો ફરક પડે તેથી ચંદ્રશેખરને ફરી ચેરમેનપદે નિમવાનો નિર્ણય લેવાયો, પણ નોએલને લિસ્ટિંગ અને ફેરનિમણૂક બંને સામે વાંધો હોવાથી કોકડું ગૂંચવાયું છે.

ભારતમાં કોર્પોરેટ ગ્રૂપ્સમાં ઝગડા-અણબનાવની વાત નવી નથી. અંબાણીથી માંડીને મર્ચન્ટ- પિરામલ -સિંઘાનિયા ગ્રૂપ સુધીનાં બધાં જાણીતાં કોર્પોરેટ ગ્રૂપમાં વિખવાદ થયા છે. તાતા ગ્રૂપમાં પણ વિવાદ થયા છે. જેઆરડી તાતાએ જ્યારે રતન તાતાને તાતા ગ્રૂપની કમાન સોંપવાનો નિર્ણય લીધો ત્યારે રુસી મોદીએ બાંયો ચડાવેલી. જોરદાર જંગ પછી રુસી મોદીને મનાવી લેવામાં આવ્યા હતા. સાયરસ મિસ્ત્રીને ૨૦૧૬માં તાતા ગ્રૂપના ચેરમેન બનાવાયા એ પછી પણ જોરદાર જંગ જામેલો ને વાત સુપ્રીમ કોર્ટ લગી ગયેલી તેથી તાતા ગ્રૂપ માટે પણ આ લડાઈ નવી વાત નથી આ લડાઈના કારણે તાતા ગ્રૂપ પર પારસીઓનું વર્ચસ્વ રહેશે કે નહીં તેનો ફેંસલો થવાનો છે તેથી આ લડાઈ બધાંથી અલગ છે.

તાતા ગ્રૂપમાં વરસો સુધી પારસીઓનો દબદબો હતો. જેઆરડી તાતાએ વરસો સુધી તાતા ગ્રૂપનું સુકાન સંભાળ્યું અને પછી રતન તાતા લાંબો સમય રહ્યા. સમયની માગને કારણે રતન તાતાએ તાતા ગ્રૂપના વહીવટમાં બિન પારસીઓને મહત્ત્વ આપ્યું, પણ તાતા ગ્રૂપમાં પારસીઓનું જ વર્ચસ્વ રહે તેનું ધ્યાન પણ ખાસ રખવામાં આવ્યું છે, . આ કારણે જ રતન તાતા પોતે તાતા સન્સનો પબ્લિક ઈશ્યૂ લાવવાની વિરુધ્ધ હતા. નોએલ રતન તાતાના સાવકા ભાઈ છે, પણ રતને તેમને સગા ભાઈની જેમ સાચવ્યા છે તેથી એ રતન તાતાની પરંપરાને વળગી રહેવા માગે છે. તાતા સન્સનો પબ્લિક ઈશ્યૂ આવે તો તાતા ટ્રસ્ટ્સનું વર્ચસ્વ ઘટે તેથી નોએલ પબ્લિક ઈશ્યુ લાવવાની તરફેણમાં નથી , પણ કાયદો તેમની તરફેણમાં નથી. તાતા સન્સ પબ્લિક લિમિટેડ કંપની બને તો તાતા ટ્રસ્ટ્સના વીટો વાપર અને બોર્ડમાં ડિરેક્ટર્સ નિમવાની સત્તા સહિતના અધિકારો પણ છિનવાઈ જાય. તાતા ટ્રસ્ટસ પણ બીજા રોકાણકારો જેવું જ ગણાય તેથી કોઈ વિશેષાધિકાર ના રહે. આ સંજોગોમાં નોએલ તાતાનો વાંધો બહુ લાંબો ટકે એવો નથી. અત્યારે નોએલ તાતા કદાચ ચંદ્રશેખરનની નિમણૂકને રદ કરાવવામાં સફળ થાય તો પણ લાંબા ગાળે તો તેમનો દબદબો અને અધિકારો જવાના જ છે. નોએલ આ વાસ્તવિકતાને જેટલા ઝડપથી સ્વીકારે એટલા ફાયદામાં રહેશે. ■

## સાવકી મા-સાવકા ભાઈના પરિવારને સાચવ્યો, પણ...


રતન તાતા

તાતા ગ્રૂપના વિવાદના કારણે ચર્ચામાં આવી ગયેલા નોએલ ખુદ રતન તાતાના સાવકા ભાઈ છે. રતન તાતાના પિતા નવલ અને માતા સૂનુના ડિવોર્સ થયા ત્યારે રતન માત્ર ૧૦ વર્ષના હતા. આ કારણે રતન તાતા અને તેમના નાના ભાઈ જિમીને નવલને દત્તક લેનારાં નવજબાઈએ ઉછેર્યા છે. નવજબાઈ તાતા ગ્રૂપના સ્થાપક જમશેદજી તાતાના નાના પુત્ર સર રતનજી તાતાનાં વિધવા હતાં. રતનનાં માતા સૂનુએ ડિવોર્સ પછી સર જમસેદજી જેજીભોય સાથે લગ્ન કર્યા હતાં. આ લગ્નથી શિરીન, દીના અને ગીતા એમ ત્રણ દીકરી થઈ. રતનના પિતા નવલે સિમોન સાથે લગ્ન કર્યાં. સિમોન ફ્રાન્સમાં જન્મ્યાં અને સ્વિત્ઝરલેન્ડના જીનિવામાં મોટાં થયાં છે. કેથોલિક પરિવારના સિમોન ૧૯૫૩માં ટુરિસ્ટ તરીકે ભારત આવ્યાં ત્યારે નવલના પ્રેમમાં પડી ગયાં હતાં. બે વર્ષ પછી ૧૯૫૫માં સિમોન સાથે નવલે લગ્ન કર્યા અને મુંબઈમાં સ્થાયી થયા. નોએલ નવલ-સિમોનનું એક માત્ર સંતાન છે.

સિમોન અને નવલનાં લગ્ન વખતે તાતા ગ્રૂપના ચેરમેન તરીકે જેઆરડી તાતા હતા, તેમણે સિમોનને 'લેક્મે'ની જવાબદારી સોંપી. સિમોને ૧૯૬૨માં સાવ નાની કંપની મનાતી લેક્મેને ભારતની ટોચની કોસ્મેટિક બ્રાન્ડ બનાવી. ૧૯૯૧માં રતન તાતા ગ્રૂપના ચેરમેન બન્યા પછી ૧૯૯૬માં લેક્મે હિંદુસ્તાન લીવરને વેચી નાંખીને તેમાંથી થયેલી ૨૦૦ કરોડની આવકમાંથી 'ટ્રેન્ટ' બનાવી. સિમોન આ કંપનીના ચેરમેન હતાં જ્યારે રતને મેનેજિંગ ડિરેક્ટર તરીકે સાવકા ભાઈ નોએલને મૂક્યા. ટ્રેન્ટ પાસે અત્યારે વેસ્ટસાઈડ, ઝુડિયો, ઝારા, સ્ટાર બજાર, ઉત્સા, મિસ્બુ, સામોહ, માસ્સિમો દુત્તી, બુકર ઈન્ડિયા બ્રાન્ડના ૯૦૦થી વધારે સ્ટોર છે. રતન તાતાએ નોએલના દીકરા નેવિલને ટ્રેન્ટ સોંપી જ્યારે મોટી દીકરી લેહને ઇન્ડિયન હોટેલ્સ કંપની લિમિટેડ આપી. નોએલની બીજી પુત્રી માયાને ડિજિટલ બિઝનેસમાં આગળ કરી. આ રીતે સાવકા ભાઈ સાથે પણ રતન તાતાના સંબંધો ગાઢ હતા તેથી નોએલ તેમના રસ્તે ચાલી રહ્યા છે.

---

# ઈન્સ્ટાગ્રામની ફીડમાં સરળતાથી બદલો વિષય

## કોઈ જ પ્રકારના સેટિંગ વગર જ બદલી જશે વૉલ

ટેક વ્યૂહ

**વિરલ રાઠોડ**
feedback@bombaysamachar.com




સોશ્યલ મીડિયા એપ્લિકેશન પર દરરોજ કંઈક નવું આવે છે. આ નવા ટ્રેન્ડમાં યુવાનો હોંશભેર ભાગ લેતા હોય છે. પોતાના એકથી એક ચડિયાતા અવતાર બનાવીને મિત્રોને શેર કરે છે. એક હકીકત એવી પણ છે કે, સોશ્યલ મીડિયા પર એક્ટિવ દરેક યુઝર્સની વૉલ-ફીડ અલગ અલગ હોય છે. આ માટે અઢળક વિષયો છે, ઘણાય એવા વિષયો છે જે દરેકમાં સામાન્ય હોય છે, જેમ કે સમાચારના પેજ, લાઈફસ્ટાઈલના પેજ, માહિતી કે કંઈક નવું શીખવતા પેજ, આવા પેજ પર જ્યારે કોઈ વિઝિટ કરે છે ત્યારે કેટલા એ પેજને ફોલો કરે છે એની નાનકડી ઝલક જોવા મળે છે.

આ ઉપરાંત એ જ પેજ પર કોઈ મચ્યુઅલ ફ્રેન્ડ હોય તો એ પણ અલગથી જોવા મળે. આવા પેજના ક્રિએટર્સ માટે પણ એના વાંચકો-દર્શકો ખાસ હોય છે. આ માટે જ તે સતત એક્ટિવ રહેતા હોય છે. ઘણીવાર એવું બન્યું હશે કે, સોશ્યલ મીડિયા ખોલવાનો પણ કંટાળો આવ્યો હશે. આ પાછળનું કારણ એ છે કે, એક જ પ્રકારના વિષયો, ફીડ, વીડિયો કે ફોટોથી કંટાળો આવે એ સ્વાભાવિક છે. ઘણીવાર વારંવાર સ્ક્રોલ કરીને પણ એક જ પ્રકારના વિષયથી બોર થઈ જવાય. આવું ન થાય એ માટે સરળતાથી આવી ફીડને બદલી શકાય છે.

આ માટે નવું કંઈ સર્ચ કરવા જવાની પણ જરૂર નથી. જે વિષય ગમતો હોય એ વિષયને લઈ થોડું સર્ચ કરવાની જ જરૂર છે. સામાન્ય રીતે આવું ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ પર વધારે જોવા મળે છે... આવું થાય એ સમયે એવો તો વિચાર આવે કે, આ ફીડને સરળતાથી બદલી શકાતી હોત. આ ઈચ્છા સાકાર કરવી હવે શક્ય છે. આ માટે પેજ પરથી કે એકાઉન્ટ પરથી જેને ફોલો કરો છો એને અલફોલો કરવાની પણ જરૂર નથી.

બીજી એક વાત એવી પણ છે કે, આમ કરવાથી જૂના વિષયો જતા રહેવાનો પણ ડર હોય તો એવું બિલકુલ થતું નથી. આ પ્રોસેસના વિધિવત પગલાં લેવામાં આવે તો એ ખૂબ જટિલ છે, પણ ડિજિટલની દુનિયામાં એક જ પ્રોસેસની અલગ અલગ રીત હોય છે.

આ માટે સૌથી પહેલા જોઈએ કે, કેવી રીતે ઈન્સ્ટાગ્રામ પર કેવી રીતે હોમ બટન પર ક્લિક કરતા જ વિષયો બદલે છે. સૌથી પહેલા ઈન્સ્ટાગ્રામ મોબાઈલ એપ્લિકેશન ઓપન કરી સર્ચ બોક્સમાં જાવ. અહીંયા જે નવા વિષય વિશે જાણવું છે, જોવું છે એ ટાઈપ કરો. સર્ચનું પરિણામ એ આવશે કે જે સૌથી વધુ વિઝિટ થયું હશે કે પોપ્યુલર હશે એ પેજ પહેલા આવશે. આ પેજ પર ક્લિક કરીને એને માત્ર સ્ક્રોલ કરો, જે પોસ્ટ ગમે એમાં એક કોમેન્ટ કરી દો. બસ પછી ફોલો નહીં કરો તો પણ આ જ વિષયની ફીડ-મેસેજ, ફોટો-વીડિયો, નોટિફિકેશન બધુ જ એક જ ક્લિક પર તમારા હોમપેજ સુધી આવી જશે.

ફેસબુકમાં પણ આ વસ્તુ સરળતાથી કરી શકાય છે. આ માટે સૌથી પહેલા એ જોવાનું રહે છે કે, ફેસબુકના હોમ પર કે વૉલ પર શું આવી રહ્યું છે. સ્ક્રોલ કરતાની સાથે જ બીજા કેટલાક પેજના સજેશન આવશે. સાથે ફોલો બટન બ્લુ કલરનું દેખાશે. આવા પેજના વિષયો નોટ કરો. રસપ્રદ લાગે તો ફોલો કરી દો અથવા એના પર એક કોમેન્ટ કરી દો. આ પછી જ્યારે પણ એ પેજ પર કોઈ પોસ્ટ થશે એની અપડેટ મળતી રહેશે. ફેસબુકમાં પણ હવે વીડિયોનો વિકલ્પ મળી રહ્યો છે. અહીં પણ વીડિયો સર્ચ કરીને જે ઝોનના વીડિયોમાં રસ છે એ વીડિયો પર એક કોમેન્ટ કરી દો.

દાખલા તરીકેઃ *ઑટો, બ્યૂટી એન્ડ ફેશન, ટેક્નોલોજી, મ્યુઝિક, સિનેમા, ન્યૂઝ, ફોટોગ્રાફી આવા કીવર્ડ સર્ચ કરતા પણ જે બેસ્ટ અને પોપ્યુલર હશે એ નવી ફીડ હોમપેજ સુધી ઓટોમેટિક આવી જશે. આ માટે જરૂરી નથી કે પેજને ફોલો કરવું. જરૂરી નથી કે લાઈક કરવું, માત્ર એક કોમેન્ટ દ્વારા જ એ વિષયનો તમામ ડેટા હોમપેજ સુધી આવી જશે. એક જ દિવસમાં જુદા જુદા વિષયને લઈ ફીડ અપડેટ કરી શકાય છે. આવું બેથી ત્રણ દિવસના અંતરમાં કરવાથી આખરે ફેસબુકના હોમપેજ પર કે વૉલ પર આવતી વિષય સામગ્રી સરળતાથી બદલી જશે.* ■

**આઉટ ઓફ ધ બોક્સ**

*વર્ષ ૨૦૨૨થી ફોટો પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ, વીડિયો ફોર્મેટમાં ફેરવાયું જેમાં સૌથી વધારે આ એપ્લિકેશનના વીડિયો ફોર્મેટમાં જોવાય છે.*

---

# ઝાંખી પડતી કલામાં ફરી પુરાશે રંગ

## ભારતીય કલાને બચાવવા નવું ઝુંબેશ

ફોકસ

**નરેન્દ્ર શર્મા**
feedback@bombaysamachar.com

ભારતની ઓળખ માત્ર તેની વિશાળ ભૂમિ, રંગબેરંગી પોશાકો, અનેક પ્રકારના તહેવારો અને સેંકડો બોલીઓ તેમ જ ડઝનબંધ ભાષાઓથી જ નથી, ભારતની ઓળખનું એક મોટું અને મજબૂત માધ્યમ આપણી લોક અને પરંપરાગત કલા પણ છે. આપણે દેશના દરેક ક્ષેત્રમાં પોતાની માટી, આબોહવા, આસ્થા અને જીવનશૈલીને અનુરૂપ પોતાની અનોખી કલા પરંપરાઓ પણ વિકસાવી છે. વાસ્તવમાં આ જ કલા પરંપરાઓએ સદીઓથી ભારતીય સંસ્કૃતિના આત્માને જીવંત રાખ્યો છે. પછી તે મધુબની પેઇન્ટિંગ્સ હોય, પટ્ટચિત્ર હોય, કલમકારી હોય, વાર્લી હોય, ગોલ્ડ હોય, ફડ હોય, પીઠોરા હોય, કાંગડા હોય, તંજાવુર હોય, એપન હોય, કાવી હોય કે પછી મંજૂષા જેવી કલા હોય. આ બધું માત્ર ચિત્રો નથી, પરંતુ પોતપોતાના સમાજ અને સંસ્કૃતિની આ બધી કળાઓ જીવંત દસ્તાવેજ છે, પરંતુ બદલાતી જીવનશૈલી, ઝડપથી વધી રહેલા શહેરીકરણ અને મશીન આધારિત ઉત્પાદન તેમ જ ટેકનોલોજીએ આ પરંપરાગત કલાઓ માટે અસ્તિત્વનું સંકટ ઊભું કર્યું છે.

ઘણા લોક કલાકારો મજબૂરીવશ બીજો રોજગાર અપનાવવા માટે મજબૂર થયા છે. તેથી અનેક કળા શૈલીઓ ધીમે-ધીમે વહેવારિક ધરાતલ પરથી સમેટાઈને માત્ર સ્મૃતિઓ સુધી સીમિત થઈ રહી છે. આવા સમયે આ કળાઓના સંરક્ષણ અને પુનર્જીવનની દિશામાં શરૂ થયેલી નવી પહેલ આ કલાને જીવંત રાખવાની આશા બનીને સામે આવી છે. વાસ્તવમાં આજે સંરક્ષણનો અર્થ માત્ર જૂનાં ચિત્રો કે ભીંતચિત્રો બચાવવા પૂરતો નથી. હવે આ કલાકારોને આર્થિક રીતે સશક્ત બનાવવાનો, નવી પેઢીને આની સાથે જોડવાનો અને આધુનિક ટેકનોલોજીના માધ્યમથી તેને વૈશ્વિક મંચ સુધી પહોંચાડવાનો પ્રયાસ પણ છે. ભારતમાં અનેક યુનિવર્સિટીઓ, સંગ્રહાલયો, સાંસ્કૃતિક સંસ્થાઓ અને સ્વયંસેવી સંસ્થાઓ લોકકળાના દસ્તાવેજો તૈયાર કરી રહી છે. પહેલાં જ્યાં કોઈ કલાનું જ્ઞાન માત્ર ગુરુ-શિષ્ય પરંપરાથી આગળ વધતું હતું, ત્યાં હવે આ માધ્યમ ડિજિટલ રેકોર્ડિંગ, ઓનલાઈન આર્કાઈવિંગ અને વર્ચ્યુઅલ પ્રદર્શનો દ્વારા પણ થઈ રહ્યું છે. આનાથી આવનારી પેઢીઓ માટે આ કલાઓનું જ્ઞાન સુરક્ષિત રહેશે. સૌથી ઉત્સાહજનક પરિવર્તન એ છે કે ટેકનોલોજી હવે પરંપરાની હરીફ નથી રહી, પરંતુ તેની સહયોગી બની રહી છે.

ઉત્તરાખંડની ફેમસ એપન કળાને ડિજિટલ માધ્યમો અને વર્ચ્યુઅલ ટેકનોલોજી દ્વારા સુરક્ષિત કરવાના પ્રયાસો થઈ રહ્યા છે. આનાથી માત્ર તેની ડિઝાઇન અને પ્રતીકોના વૈજ્ઞાનિક દસ્તાવેજો જ તૈયાર નથી થઈ રહ્યા, પરંતુ યુવાવર્ગ પણ આ કલા સાથે જોડાઈ રહ્યો છે. આવી જ રીતે ગોવા અને કર્ણાટકના દરિયાકાંઠાના વિસ્તારોની પરંપરાગત કાવી કલા, જે કુદરતી લાલ માટી અને ચૂનાથી દીવાલો પર બનાવવામાં આવે છે, તે પુનર્જીવનની દિશામાં આગળ વધી રહી છે. સંરક્ષણ નિષ્ણાતો જૂનાં મંદિરો અને ઐતિહાસિક ઇમારતોમાં આ કળાને સુરક્ષિત રાખવાની સાથે-સાથે નવા કલાકારોને તેની તાલીમ પણ આપી રહ્યા છે. ભારતની અનેક લોકકલાઓને હવે ભૌગોલિક સંકેતનો દરજ્જો મળી રહ્યો છે. આનાથી તેની વિશિષ્ટ ઓળખ સુરક્ષિત રહે છે અને કલાકારોને યોગ્ય બજાર મળવાની શક્યતા વધે છે. આ પગલું નકલી ઉત્પાદનો પર રોક લગાવવાનો પણ એક જરૂરી ઉપાય બનીને સામે આવ્યું છે. આ રીતે જોવામાં આવે તો, ડિજિટલ યુગમાં સોશ્યલ મીડિયા પણ લોકકલાઓ માટે એક પ્રકારે વરદાન સાબિત થયું છે.

પહેલાં કોઈ નાના ગામનો કલાકાર પોતાની કલા વેચવા માટે એટલે કે રોજીરોટી કમાવવા માટે માત્ર પોતાના સ્થાનિક વિસ્તાર સુધી જ સીમિત હતો. પોતાના મેળા અને બજાર સુધી જ તેની કળાની કદર કરનારા લોકો હતા. પરંતુ હવે એ જ કલાકાર પોતાનાં ચિત્રો, મૂર્તિઓ કે હસ્તશિલ્પ માત્ર દેશ કે રાજ્યના કોઈ ખૂણે જ નહીં, પરંતુ ખૂબ જ સરળતાથી દુનિયાના ખૂણે-ખૂણે વેચી શકે છે. ઇન્સ્ટાગ્રામ, યુટ્યુબ અને ઓનલાઇન માર્કેટ પ્લેસે પરંપરાગત કળાને નવું બજાર આપ્યું છે. નવી શિક્ષણ નીતિએ ભારતીય જ્ઞાન પરંપરા અને સ્થાનિક કળાઓ પર આપેલા વધતા જોરે એક સકારાત્મક વાતાવરણ ઊભું કર્યું છે. અનેક શાળાઓ અને કોલેજોમાં લોકકલા આધારિત કાર્યશાળાઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ કાર્યશાળાઓમાં બાળકો માત્ર ચિત્ર બનાવતા જ નથી શીખી રહ્યા, પરંતુ તેની પાછળ છુપાયેલા ઇતિહાસ, લોકકથાઓ અને સાંસ્કૃતિક મૂલ્યોને પણ આત્મસાત કરી રહ્યા છે... અને હા, તાજેતરનાં વર્ષોમાં ટુરિઝમ પણ કલાઓના સંરક્ષણમાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે. રાજસ્થાન, મધ્ય પ્રદેશ, બિહાર, ઓડિશા, ગુજરાત અને ઉત્તરાખંડ જેવાં રાજ્યોમાં હસ્તકલા મેળાઓ અને સાંસ્કૃતિક ઉત્સવો સ્થાનિક કલાકારો માટે એક નવું પ્લેટફોર્મ પૂરું પાડી રહ્યા છે.

આ પ્રદેશોમાં ફરવા આવેલા પ્રવાસીઓ હવે આ કલાકારોને સીધા મળે છે અને તેમની સાથે તેમ જ તેમની કળા સાથે તેમનો સંવાદ થાય છે, જેનાથી માત્ર પ્રવાસીઓ દ્વારા જ સ્થાનિક કલાનું જ્ઞાન બહાર નથી જઈ રહ્યું, પરંતુ આ પ્રવાસીઓ સારી માત્રામાં કળાનાં ઉત્પાદનો ખરીદી પણ રહ્યા છે. આ રીતે પ્રવાસીઓ દ્વારા પણ સ્થાનિક કલા હવે દેશ-વિદેશની સફર ખેડી રહી છે અને પોતાની સીમાઓથી પર જઈને નવો પ્રભાવ ઊભો કરી રહી છે. જો કે, આનો અર્થ એ નથી કે આજનો યુગ દરેક પ્રકારની કળાઓ માટે સુવર્ણ યુગ છે. હજુ પણ ઘણું કામ બાકી છે. હજુ પણ અનેક પડકારો છે. ઘણા કલાકારોને યોગ્ય મહેનતાણું મળતું નથી, સસ્તા મશીન-નિર્મિત ઉત્પાદનો પરંપરાગત હસ્તકળાની હરીફાઈ વધારી રહ્યા છે.

યુવા પેઢીનો એક ભાગ આ વ્યવસાયને આર્થિક દ્રષ્ટિએ અસુરક્ષિત માને છે. જો આ બધી સમસ્યાઓનો યોગ્ય રીતે ઉકેલ લાવવામાં નહીં આવે, તો આ મશીનીકરણ ઘણી દુર્લભ કળા પરંપરાઓ માટે સંકટ બની જશે. તેથી આપણે એ વિચારવું પડશે કે કલા અને કલાકારોનું સંરક્ષણ માત્ર સરકારનું કામ નથી. સમાજ, શૈક્ષણિક સંસ્થાઓ, ખાનગી ઉદ્યોગો, કલા સંગ્રહકો અને સામાન્ય નાગરિકોએ પણ પોતાની કળાઓના ઇતિહાસ અને ભૂગોળને સુરક્ષિત અને સંવર્ધિત રાખવા માટે સક્રિય ભૂમિકા ભજવવી પડશે. કારણ કે કલા માત્ર ભૂતકાળનો વારસો નથી હોતી, તે આપણા ભવિષ્યની સાંસ્કૃતિક મૂડી પણ હોય છે. આવા સમયમાં કળાઓનું સંરક્ષણ એ તેમના પ્રત્યેનો આદર જ નહીં, પરંતુ આપણી જવાબદારી પણ છે. ભારતીય સમાજમાં આ વધુ જરૂરી છે, કારણ કે ભારતીય સમાજની સ્મૃતિ સામૂહિકતામાં રહેલી છે. આવામાં જો આપણે કલાને બચાવીશું, તો ભારતીય સમાજની સામૂહિકતા પણ બચેલી રહેશે.

આજે આટલું જ
શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# ક્યાં ખોઈ બેઠો તું તારી જાગને?!

લગભગ તો ખબર જ નથી ૯૦% ગુજરાતીઓને કે જાગ એક પૂર્ણ અભિવ્યક્તિ છે, એમાં કશાયનો વધારો કરવાથી એ કાવ્યમય અભિવ્યક્તિ ક્રિયાપદ કે વિશેષણ કે બીજું કંઈ પણ બની શકે છે, એમાંની કવિતાના ભોગે...રપાનું એક ગીત તો આવું હતું...

*આછી આછી તે મધરાતે જીવણ જોયો રે તને,*
*આછો ઊંઘમાં ઝીલાયો, આછો જાગમાં ઝીલાયો.*
*ખરબચડા આંસુથી જીવણ રોયો રે તને.*
*જાળીયે ચડીને અમે ઝૂલણતું દીઠું કાંઈ*
*ફળિયે મોંસૂઝણાનું ઝાડ*
*અમે રે જીવણ બંધ પરબીડિયુંને,*
*તમે કાગળની માલ્યલું લખાણ.*
*મારા વેણના અભાવે જીવણ, મોહ્યો રે તને,*
*ઘાસની સળીયે ભોંય વીંધતી ઊગે રે,*
*એવું અમને તો ઊગતાં ન આવડ્યું.*
*ઓછા ઓછા અડઘેરી છાતીએ ઉભાર્યા પછી*
*આપ લગી પૂગતાં ન આવડ્યું*
*પછી પાછલી પરોઢે જીવણ ખોયો રે તને.*
*- રમેશ પારેખ*

આ જાગ તંદ્રા પણ હોઈ શકે, સંમોહન પણ હોઈ શકે, દીર્ઘ બેધ્યાનપણું પણ હોઈ શકે, વશીકરણ પણ હોઈ શકે કે ચહેરા પરથી નજર હટાવવાની અશક્તિ પણ હોઈ શકે. હવે વાત કરીએ જાગવું ક્રિયાપદની તો એનાં વર્તમાન જાગે છે અને ભૂત જાગી ગયા કે જાગી અત્યંત ગદ્યાળુ છે, પણ જો જાગવું ને ચાલુ ભવિષ્યમાં મૂકો તો જાગનો ૯૦% શૃંગાર પાછો આવી જાય છે, ભલે શૃંગાર તમારી સૂઈ ગયેલી મર્દાનગી ચેતાવી-પેટાવી તમારા બાહુને શક્તિ પ્રદાન કરતો હોય... રમેશ પારેખ આવ્યા એ પહેલાં વેણીભાઈ પુરોહિત જેવા અને જેવડા પદ્યકાર પોતાની જાણ બહાર પોતાના અભાનમાંથી આવી નીપજ લઈ આવતા બેડી ફગાવવાના વિષય પર...

*આપણામાંથી કોક તો જાગે!*
*કોક તો જાગે!*
*આપણામાંથી કોક તો જાગે*
*કોક તો જાગે!*
*કોક તો જાગે આપણામાંથી*
*હાય જમાને ઝેરને પીધાં વેરને પીધાં*
*આધીનનાં અંધેરને પીધાં*
*કૈંક કડાયાં કેરને પીધાં*
*આજ જમાનો અંતરાશે એક ઘૂંટડો માગે*
*સાચ-ખમીરનો ઘૂંટડો માગે*
*આપણામાંથી કોક તો જાગે!*

*બાપદાદાની બાંધેલ ડેલી*
*એક ફળીબંધ હોય હવેલી*
*ગામની ચંત્યા ગોંદરે મેલી*
*એ ય નિરાંતે લીમડા હેઠે ઢોલિયા ઢાળી*
*સહુ સૂતાં હોય એમ કાં લાગે?*
*આપણામાંથી કોક તો જાગે!*

*સોડ તાણી સહુ આપણે સૂતાં*
*આપણે ઓશીકે આપણાં જૂતાં*
*ઘોર અંધારા આભથી ચૂતાં*
*ઘોર અંધારી રાત જેવી*
*ઘનઘોર તવારીખ સોરવા લાગે*
*આપણામાંથી કોક તો જાગે!*

*આમથી આવે ક્રોડ કોલાહલ*
*તેમથી વ્હેતાં લોહી છલોછલ*
*તોય ઊભાં જે માનવી મોસલ*
*અપરખાં, વગડાઉ ને એવાં*
*ધ્યાનબ્હેરાંનાં*
*લમણામાં મર લાઠિયું વાગે!*
*આપણામાંથી કોક તો જાગે!*



*કોઈ જાગે કે કોઈ ના જાગે*
*કોઈ શું જાગે?*
*તું જ જાગ્યો તો તું જ જા આગે*
*આપણામાંથી તું જ જા આગે!*
*-વેણીભાઈ પુરોહિત*

સુરેન ઠાકર 'મેહુલ' બહુ મોટા ભાષ્યકાર. એમના સંચાલનમાં ૧૪ ઓગસ્ટ ૧૯૭૮ના પાટકરના એક ખાનગી મુશાયરાના આયોજનમાં શામેલ હું એક ગાથા પર થઈ ગયો હતો મંત્રમુગ્ધ. ટૂંકમાં અને સાવ ગદ્યાળુ વર્ણનમાં એમની ગાથા યાદ કરું તો બૉમ્બ ફૂટવાની બીજી સવારે છાપામાં દુર્ઘટનાના સમાચાર વાંચતા ભગતસિંહના બાપા ભગતસિંહની મા ને કહે છેઃ 'અરી! સૂનતી હો?! યે અખબારમેં બૉમ્બ વિસ્ફોટ કે જિમ્મેદાર જીન લોગોંકે બારે મેં લીખા ગયા હૈ, મુઝે ડર હૈ શાયદ ઈનમેં સે એક અપના ભગત તો નહીં?'

ત્યારે મા ઘૂંઘટમાંથી મ્હોં બહાર કાઢી ઊંચા સર સાથે કહે છે : 'અબ ભી તુમ્હે સિર્ફ ડર હૈ કહીં વો અપના ભગત તો નહીં? મુઝે તો પક્કા ભરોસા હૈ કી યે કામ અપને ભગત કે સિવા કિસીકા હો હી નહીં સકતા.'

હણાવાની આગલી રાતે અભિમન્યુ માના આશીર્વાદ લેવા જાય છે અને કહે છે : 'આજ કંઈક અમંગળ મને વરતાઈ રહ્યું છે. હોઈ શકે છે કે કદાચ આવતી કાલે સાંજે હું ન પણ હોઉં અને કદાચ જેવો છું એવો પણ ન હોઉં.'

ના અભિમન્યુને પોતાના ભવિષ્યનો ડર નથી, મા કેમ લેશે એની નાની કે મોટી હાનિ એની ચિંતા છે. ત્યારે મા માત્ર એટલું જ કહે છેઃ 'તારી લાશ જોઈને મારી આંખમાંથી એક ટીપું પડે તો મારી દાસી વિશાલા મને ખંજર હુલાવી દે. અરે સુપુત્ર! આવા ધન્ય દિવસ માટે તો ક્ષત્રાણિયો સંતાનો જન્માવતી હોય છે...

૧૭મી સપ્ટેમ્બર આવી અને જતી રહી હશે. જન્મદિવસ- બેકાબૂ સંસ્થાઓ તરફ કૂચ અને બીજું ઘણું બધું થઈ ચૂક્યું હશે રવિ ૨૦ સપ્ટેમ્બરે તમે આ લેખ વાંચશો ત્યારે...

ચારે દિશાઓમાંથી સર્વને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ.

આજે આટલું જ... ■

વલો કચ્છ
ગિરિરાજ
feedback@bombaysamachar.com

# કચ્છ-વાગડની આસ્થાનો મહાકુંભઃ રવેચી મેળો

કચ્છની ભાતીગળ સંસ્કૃતિ, લોકજીવન અને ધાર્મિક પરંપરાઓ વિશ્વભરમાં આગવી ઓળખ ધરાવે છે. મોટો રણ વિસ્તાર, સમુદ્ર કિનારો અને ઐતિહાસિક ધામો ધરાવતી આ ભૂમિમાં વાગડ પંથકનું વિશેષ મહત્ત્વ છે. વાગડનો વ્યક્તિ ભુજ આવે તો કહેશે કચ્છ જઈએ છીએ એવી એક સંસ્કૃતિ કે જે કચ્છના પૂર્વમાં કચ્છની કચ્છી ઓછી ગુજરાતની ગુજરાતી સંસ્કૃતિ સાચવી બેઠું છે. પરંતુ સંસ્કૃતિક મેળાઓ પૂર્વ પશ્ચિમ છેડાને ભેગા કરવામાં ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. એ પછી પશ્ચિમ કચ્છનું માતાનો મઢ ધામ હોય કે પૂર્વ કચ્છનો રવેચી ધામ. ભાદરવી આઠમના રવેચીનો મેળો અને આસોની નવરાત્રીએ માતાના મઢે માનવ મહેરામણ ઊમટે છે. આ વખતે વાત કરવી છે, રવેચીના મેળાની.

રાપર તાલુકામાં આવેલું રવ ગામ અને ત્યાં બિરાજમાન રવેચી માતાજીનું મંદિર સમગ્ર વાગડ જ નહીં, પણ સમગ્ર પ્રદેશ અને પ્રવાસીઓ માટે પરમ આસ્થાનું કેન્દ્ર છે. દર વર્ષે ભાદરવા સુદ આઠમ (ભાદરવી આઠમ) અને નોમના દિવસે અહીં યોજાતો 'રવેચીનો મેળો' વાગડ પ્રદેશનો સૌથી મોટો અને લોક સંસ્કૃતિથી છલકાતો મેળો માનવામાં આવે છે. લોકકથાઓ અનુસાર, આ ધામનો સંબંધ દ્વાપર યુગ અને પાંડવોના અજ્ઞાતવાસ સાથે પણ જોડવામાં આવે છે. એવી લોકવાયકા છે કે પાંડવોએ પોતાના વનવાસ દરમિયાન આ ક્ષેત્રમાં ભ્રમણ કર્યું હતું અને આ પવિત્ર સ્થળે પૂજા-અર્ચના કરી હતી.

ઐતિહાસિક દૃષ્ટિએ જુઓ તો રવેચી માતાજીને વાગડના રાજપૂતો, રબારી, આહીર, ચારણ, પટેલ અને અન્ય તમામ સમાજ પોતાની કુળદેવી અથવા ઇષ્ટદેવી તરીકે પૂજે છે. મંદિર પરિસરમાં આવેલ તળાવ અને તેની આસપાસની લીલોતરી આ ધામને આધ્યાત્મિક શાંતિ અર્પે છે. વાગડ વિસ્તારમાં આઈ રવેચીને 'હરતી-ફરતી દેવી' અને 'ભક્તોના કષ્ટ હરનારી માતા' તરીકે પૂજવામાં આવે છે. સ્થાનિક લોકોમાં માતાજી પ્રત્યે એટલી ગાઢ શ્રદ્ધા છે કે કોઈ પણ શુભ કાર્યની શરૂઆત રવેચી માતાજીના સ્મરણ વગર થતી નથી. નવજાત શિશુના બાબરી હોય, નવા વાહનની પૂજા કરવી હોય કે ઘરમાં કોઈ મંગળ પ્રસંગ હોય, લોકો રવેચી ધામ આવીને માતાજીના આશીર્વાદ ચોક્કસ લે છે.

ઇન્ટરનેટ પરથી મળેલી માહિતી અનુસાર, આ મંદિર ઈ. સ. ૧૮૨૧ (સંવત ૧૮૭૮)ના વર્ષમાં ૬૩૩ પાઉન્ડ (૨૪,૦૦૦ કચ્છ કોરી)ના ખર્ચે બાંધવામાં આવ્યું હતું. આ મંદિર ૩૦ ફીટ લાંબું, ૧૭ ફીટ પહોળું અને ૫૪ ફીટ ઊંચાઈની સાથે બે ગુંબજો ધરાવે છે. જેમાં પ્રથમ ૭ ચોરસ ફીટ અને બીજો ૧૪X૭ ફીટનો છે. મંદિરનો મુખ્ય ભાગ ૧૪ ફીટ X ૧૩ ફીટ વિસ્તાર પર ૪૪ ફીટ ઊંચાઈ પર છે. તે પહેલાંના સમયનું મંદિર, જે ૯ ગુંબજ ધરાવતું હતું અને પાંડવો દ્વારા બાંધવામા આવ્યું હતું, તેનો બાબી સૈન્ય દ્વારા વિનાશ કરી દેવામાં આવ્યો હતો તેમ મનાય છે.

મંદિરમાં માતાજીની મૂર્તિ તેજોમય છે અને ભક્તો દરરોજ અહીં કૂંકુ પગલાં અને ધજા ચડાવીને પોતાની મનોકામના પૂર્ણ કરે છે. વર્ષોથી ચાલતી પરંપરા મુજબ અહીં દરરોજ સવાર-સાંજ થતી આરતીનો નાદ સમગ્ર વાતાવરણને પવિત્ર બનાવી દે છે. છેલ્લા અઠવાડિયામાં મેઘરાજાની મહેર થઈ હોવાથી આ વખતે વાગડની ધરા ઉત્સવઘેલી બની છે.

મેળામાં આવતા લોકોનો અસલ કચ્છી પહેરવેશ. રબારી, આહીર અને ભરવાડ સમાજના પુરુષો પોતાના પરંપરાગત કચ્છી ચોરણા, કેડીયાં અને માથે બાંધેલી રબારી પાઘડીમાં સજ્જ થઈને આવે છે. જ્યારે મહિલાઓ હાથે ભરેલા પરંપરાગત આભલા-ભરતકામવાળા આભલા-કાપડા, ઘાઘરા અને સોના-ચાંદીના દાગીનાઓથી સજ્જ થઈને આવે છે. મેળો જાણે વિવિધ રંગોનો મહાસાગર બની જાય છે.

હજારોની સંખ્યામાં આવતા ભક્તો માટે અહીં મહાપ્રસાદ (અન્નક્ષેત્ર)નું આયોજન કરવામાં આવે છે. વિવિધ સામાજિક સંસ્થાઓ અને ટ્રસ્ટ દ્વારા પીવાના પાણી, રહેવાની અને સ્વાસ્થ્ય સેવાઓની મફત વ્યવસ્થા કરવામાં આવે છે. કચ્છના પ્રવાસન ક્ષેત્રે રવેચી ધામનું પોતાનું એક આગવું સ્થાન છે. રણ ઉત્સવ કે ધોળાવીરા જતા પ્રવાસીઓ માટે વાગડ પ્રદેશની અસલ ભૌગોલિક અને સાંસ્કૃતિક ઓળખ સમજવા માટે રવેચી ધામની મુલાકાત લેવી જોઈએ અને વાગડની અસ્મિતા, એકતા અને સંસ્કૃતિને માણવી જોઈએ. સમય બદલાયો હોવા છતાં, રવેચીના મેળામાં આજે પણ એ જ પ્રાચીન લોકજીવનની મહેક અને શ્રદ્ધાનો ધબકારો અનુભવાય છે. જય આઈ રવેચી માતાજી!


*હે રવના થાણકવાળી રવેચી મા*
*ધન ધન રવવાળી રવરાય મા*
*તારા ગુણ ગાયે જગ*
*માત તારું શરણું સૌથી પ્યારું* ■







સન્ડે ધારાવાહિક
અનિલ રાવલ
feedback@bombaysamachar.com




ઝૈનાબે રાધાને સમંદરખાન સાથેની પોતાની રિશ્તેદારીની ચોંકાવનારી વાત કરી ત્યારે રાધાને થ્રીલર નવલકથાનો એક આંચકાદાયક અને રોમાંચક વળાંક લાગ્યો હતો. ક્યારેક સંજોગો માણસને વિચિત્ર વળાંક પર લાવીને મૂકી દતા હોય છે. ઝૈનાબની એન્ટ્રીથી ગોપાલેશ્વરના મિશનમાં એક નવું થ્રીલ ઉમેરાયું હતું. ઝૈનાબે પોતાના જ આતંકવાદી પિતરાઈ ભાઈ અજમલને મળવાનું હતું અને રાધાએ અજમલથી પોતાની ઓળખ છુપાવવાની હતી. બંનેની સ્થિતિ કફોડી હતી. આતંકવાદી હુમલાનું રહસ્ય અકબંધ હતું. હજી તો શંકર ઉર્ફ અન્વરૂલ અઝીમને ખતમ કરાયો હતો. બીજી તરફ, સમંદર ખાને અમરબાબુ બનીને ઘૂસેલા અબુ અલ-કાસિમ અને પાગલની ભૂમિકામાં ભમતા અજમલ અન્સારીને ભારતીય ઇતિહાસનો એક કલંકિત અને વરવો અંજામ આપવાનું ફરમાન કરી દીધું હતું. ખરો ખતરનાક ખેલ હવે શરૂ થવાનો હતો. ઝૈનાબે અજમલને શોધવાનો હતો... અજમલ ક્યાં મળશે? ઝૈનાબે સમંદર ખાનને પૂછેલું, પણ એનો ટૂંકો જવાબ હતોઃ 'વોહી તુમ્હે ઢૂંઢ લેગા...'

*******************

યામિની સવારે ઠંડી હવાની લહેરખીની જેમ ધરમશાળાના કાઉન્ટર પાસેથી પસાર થઈ ત્યારે એને જોઈને જગદીશની આંખો પહોળી થઈ ગઈ હતી. હજી આગલે દિવસે જે યામિનીને એણે નમાઝ પઢતાં જોયેલી એને સવાર સવારમાં ગુલાબી સાડીમાં નીરખીને, એની ખૂબસૂરતી... એનો ઠસ્સો નીહારીને જગદીશના મોંમાંથી 'તેરી પ્યારી પ્યારી સૂરત કો કિસી કી નઝર ના લગે....' ગીત ગાવાનું મન થઇ ગયું હતું...

'દર્શન કરવા?' એણે યામિનીને રોકીને થોડી વધુવાર નીરખી લેવાના આશયે પૂછ્યું.

'હા, અહીં દર્શન સિવાય બીજું શું કરવાનું હોય...?' યામિની કહીને નીકળી ગઈ. હકીકતમાં યામિની દર્શન સિવાય બીજું ઘણું કરવા નીકળી પડી હતી. એણે રાધા પાસેથી મંદિર, મંદિર પરિસર, બજાર, ખાવા-પીવાની જગ્યાઓ વિશે જાણકારી મેળવી લીધી હતી. આમ છતાં એ જાળવીને કદમ ઉઠાવી રહી હતી, કોઈ પણ ઘડીએ અજમલનો ભેટો થવાની ધાસ્તી સાથે... અજમલ મળશે પછી શું થશે એની કલ્પના સાથે...

*******************

'દૂધ કી સેવા કરાઓ, દૂધ કી સેવા... બોલો મૅડમજી...' ખભા પર દૂધ ભરેલો ઘડો રાખીને રાઘવ યામિનીની સાથે સાથે ચાલવા લાગ્યો. યામિની ચોંકી ઊઠી... એને માટે આ નવું હતું. રાધાએ આવી કોઈ સેવાની વાત કરી નહોતી.

'મૅડમજી, દર્શન કિયે કી નહીં... જાઓ પહેલે દર્શન કરો, ફિર સેવા કે લિયે મુઝ સે દૂધ લે લેના...' રાઘવ બોલ્યો. રાધા આવું કાંઈ બોલી નથી... એ ત્યાં જ ઊભી રહીને વિચારવા લાગી. રાધાએ શા માટે કહ્યું નહીં હોય તરત જ એનો જવાબ મળી જતાં એણે પૂછ્યુઃ 'કહાં જાના હૈ દર્શન કે લિયે...?'

'ઓહ નઇ હૈ આપ... સીધા જાઇએ, આગે સે બાયેં મૂડ કર ફિર સીધા જાઇએ... ગુલાબ કુંજ કે બાહર લંબી લાઇન હોગી... જલદી જાઇએ, દર્શન બંધ હો જાયેગેં.' રાઘવ બોલતો રહ્યો ને યામિની દર્શન કરવા દોડી ગઈ.

'મૈં યહીં રાહ દેખતા હું... દૂધ કી સેવા મત ભુલિયેગા...' રાઘવે મોટેથી કહ્યું.

રાઘવને ગોપાલેશ્વરમાં આવતી દરેક વ્યક્તિ આતંકવાદી લાગતી હતી.

*******************

ગોપાલેશ્વરના ગુલાબ કુંજની બહારના રસ્તા પર એક બેસૂરો અવાજ ગુંજતો હતોઃ

'પ્રભુજી તૂમ દર્શન બિન મોય ઘડી ચૈન નહીં આવે...

અન્ન નહીં ભાવે, નીંદ ન આવે, વિરહ સતાવે મોય...'

ગોપાલેશ્વરનાં દર્શને આવેલા ભાવિકોને મીરાંબાઈમાં કે મીરાંના ભજનમાં કે એના એકતારાના ટુનટુનિયામાં કોઈ રસ નહોતો... એ લોકો તો પોતાના ગિરધર ગોપાલાની ઝાંખી કરવાની ઉતાવળમાં હતા, પણ રસ્તા પર બેસીને બેસૂરા સ્વરે ગાઈ રહેલી એ મીરાંબાઈને એના ખાસ પ્રભુજીનાં દર્શન વિના ચેન પડતું નહતું... એના વિરહમાં, એના ઇન્તેજારમાં એની ઊંઘ હરામ થઈ ગઈ હતી. મીરાના સ્વાંગમાં રસ્તે રઝળતી રાધા અજમલની ઝાંખી માટે ઝંખતી હતી...

યામિની ગુલાબ કુંજના વિશાળ દ્વારમાંથી ભાવિકોની ભીડનો અનુભવ કરતી બહાર નીકળી. અન્ય દર્શનાર્થીઓની જેમ એની પણ નજર રાધા પર પડી નહીં, પરંતુ રાધાએ એને જોઈ લીધી. ઝૈનાબે ગોપાલાનાં દર્શન કર્યાં? ભજન થંભી ગયું, એકતારો અટકી ગયો. ચિશ્તીની દરગાહ પર એક હિન્દુની ચાદર ચડી શકે તો ઝૈનાબની આસ્થા મંદિરમાં પ્રવેશી કેમ ન શકે... આસ્થાને ધર્મસ્થળના ઉંબરાની બહાર ન રાખી શકાય... એને કોઈ ધર્મના દાયરામાં બાંધી ન શકાય. ઝૈનાબનું મિશન આસ્થા કે કોઈ બંદગીથી પર છે... રાધાએ વિચાર્યુ ને આપોઆપ એકતારો બજી ઉઠ્યો... ગળામાંથી ફરી અવાજ નીકળ્યોઃ 'પ્રભુજી તૂમ દર્શન બિન મોય ઘડી ચૈન નહીં આવડે...' રાધા અને ઝૈનાબની ખોજ એક જ હતી, અજમલ. પણ અજમલ એક જુદા જ સ્વાંગમાં હતો... એનાં રંગરૂપ જુદાં હતાં... એની ચાલઢાલ જુદી હતી. એ ઝૈનાબને ઓળખી શકે, પણ ઝૈનાબની ચકોર આંખોમાંથી એ છટકી શકે એમ હતો. બીજી બાજુ, રાધા અજમલને કે અજમલ રાધાને ઓળખી શકે એમ નહતાં. બંનેના સ્વાંગ અલગ હતા, રૂપરંગ અલગ હતાં, ચાલઢાલ અલગ હતી.

ઝૈનાબની આંખો અજમલને શોધી રહી હતી. કોઈને શોધતા ન હોઈએ એ રીતે કોઈને શોધવાનું અઘરું હોય છે. અચાનક એનું ધ્યાન રાધાના શબ્દો પર ગયું...

'પ્રભુજી, તૂમ દર્શન બિન મોય ઘડી ચૈન નહીં આવે...

અન્ન નહીં ભાવે, નીંદ ન આવે, વિરહ સતાવે મોય...' એને થયું કે આ બાઈ મારા મનની વાત ગાઈને કહી રહી છે... અજમલને મળવાના ખોફે એની ઊંઘ હરામ કરી નાખી હતી... એ નજીક ગઈ... એણે ધ્યાનથી જોયું... એ વધુ નજીક ગઈ... રાધા ભેશ બદલીને... એ રાધાને ઓળખી ગઈ... ને પછી હળવેકથી ત્યાંથી સરકી ગઈ. મીરાનું ભજન ને એકતારાનો અવાજ દૂર થતો ગયો. અજમલને મળવાનો ખોફ નજીક આવતો ગયો.

****************

ગોપાલેશ્વર મંદિરના ટ્રસ્ટની ઑફિસમાં દેવીપ્રસાદજી અને યમુના ધરમશાળાના મુખ્ય ટ્રસ્ટી વિશ્વનાથજી મંદિરના ટ્રસ્ટીઓની વચ્ચે બેઠા હતા.

> **આસ્થાને ધર્મસ્થળના ઉંબરાની બહાર ન રાખી શકાય, ધર્મના દાયરામાં બાંધી ન શકાય.**

'આપ બેજલમેડ અને ગોપાલેશ્વર મંદિરની સન્માનનીય વ્યક્તિ છો એટલે માફ કરજો, પણ અમારા ધ્યાનમાં આવ્યું છે કે રાધા અહુજા તમારી સિફારિશથી ધરમશાળામાં રહે છે... વિશ્વનાથજીના કહેવા મુજબ એ તમારી પાસે ચિત્રકામ શીખવા આવી છે... હકીકતમાં એ કોણ છે...? આટલો વખત કોઈ ધરમશાળામાં રહે કે ઊતરે નહીં... અમને શંકા છે...' મંદિરના મુખ્ય ટ્રસ્ટી ધરમપાલજીએ કહ્યું.

'ગઈ કાલે રાધા અહુજાની ફ્રેન્ડ યામિની લખતરિયા આવી... નવાઈની વાત એ છે કે બંને સાથે રહેવાને બદલે અલગ અલગ રૂમમાં રહે છે' વિશ્વનાથજીએ કહ્યું.

'આખરે મંદિર અને ભક્તોની સલામતીનો સવાલ છે' ધરમપાલજી બોલ્યા.

દેવીપ્રસાદજીને મીટિંગ માટે બોલાવ્યા ત્યારે જ એમને આ વાતનો અંદેશો આવી ગયો હતો.

ગોપાલેશ્વરનું સમગ્ર ચિત્ર બદલાઈ જવાની ક્ષણે એમની પીંછીને અટકાવી દેવામાં આવી રહી હતી. તેઓ ધરમપાલજીની વાતથી ધરમસંકટમાં મુકાઈ ગયા હતા.

'અમે, મંદિરના ટ્રસ્ટી મંડળે વિશ્વનાથજીને રૂમ ખાલી કરાવવાનું કહી દીધું છે...' ધરમપાલજીએ કહ્યું.

'દેવીપ્રસાદજી, મને માફ કરજો, પણ મારી પાસે બીજો કોઈ રસ્તો નથી. અમે લોકો મંદિર સિક્યૉરિટી કે પોલીસને જાણ કરવા નથી માગતા... અમે તમારી આમન્યા જાળવીએ છીએ' વિશ્વનાથજીએ કહ્યું.

'મંદિર અને લોકોની સુરક્ષાને લઈને તમારી ચિંતા હું સમજી શકું છું... હું બંનેને સારી રીતે ઓળખું છું... કોઈ અંગત કારણસર અલગ રૂમ રાખી હશે... આમેય રાધાની તાલીમ પૂરી થઈ ગઈ છે...' દેવીપ્રસાદજીએ કહ્યું.

'મેં નિયમની વિરુદ્ધ જઈને આટલા દિવસ રાખી... તમે એમને જવાનું અલ્ટિમેટમ આપી દો...' વિશ્વનાથજીએ કહી દીધું.

'અલ્ટિમેટમ આપવાની અને ખાલી કરાવવાની જવાબદારી મારી...' દેવીપ્રસાદજી બોલીને ઊભા થઈ ગયા.

*****************

મંદિરના ટ્રસ્ટીઓના નિર્ણયથી રાધા અને ટીમ મુશ્કેલીમાં મુકાઈ ગઈ. રાતે દસ વાગ્યે દેવીપ્રસાદજીના ઘરે મીટિંગ બોલાવાઈ. દેવીપ્રસાદજીએ નિર્ણય જણાવ્યો.

'ટ્રસ્ટીઓને શંકા કઈ રીતે ગઈ...?' રાધાએ પૂછ્યું.

'શંકા કઈ રીતે ગઈ એની ખબર નથી, પણ અચાનક મને વિશ્વનાથજીએ બોલાવીને તમારા અને યામિની વિશે પૂછ્યું. દેવીપ્રસાદજીની ભલામણથી જ એમણે રૂમ આપી હતી, પણ પછી શા માટે આવું કર્યું એ નથી સમજાતું?' જગદીશ બોલ્યો.

'એક કામ કરીએ રાધા અને યામિનીને મારા ઘરમાં રાખું...' દેવીપ્રસાદજીએ કહ્યું.

'ના... ના... એમ કરવા છતાં એ લોકો સિક્યૉરિટી અને પોલીસને જાણ કરી શકે છે' રાઘવે કહ્યું.

'અહીં ટેરરિસ્ટ ઘૂસેલા છે એની કોઈને પડી નથી ને જે સાચા છે એના પર શંકા કરે છે, ગજબ છે' જગદીશ બોલ્યો.

'તમે લોકો બાબુજીના તબેલાની જગ્યાએ શિફ્ટ થઈ જાઓ... છૂપી રીતે ત્યાં રહીને ઑપરેટ કરીએ' રાઘવે કહ્યું.

'એની નોબત જ નહીં આવે... મારી પાસે એક પ્લાન તૈયાર છે...' રાધા બોલી.

***************

ઝૈનાબ રાબેતા મુજબ સવારે તૈયાર થઈને અજમલની શોધમાં નીકળી પડી હતી. બજારમાં આમતેમ નજર કરતી હતી ત્યાં સામે એક ટોળું જમા થયેલું જોયું... કુતૂહલ થતાં એ નજીક ગઈ. એણે ટોળામાં ઘૂસીને જોયું પોલીસ એક પાગલને ભગાવી રહ્યો હતો.

'ચલો, નીકલો યહાં સે...' પોલીસ તાડૂકીને બોલી રહ્યો હતો.

'કોણ જાણે ક્યાંથી આવી જાય છે...?' એક ભાવિકે કહ્યું.

'રોજ બધાને તંગ કરે છે...' બીજો બોલ્યો.

'આપણે દર્શન કરવા કે ગાંડા લોકોથી બચીને ચાલવું...' ત્રીજાએ કહ્યું.

'મૈં ભગાતા હું ઇસે' પોલીસે કહ્યું અને દંડો ઉગામતો પાગલને દૂર લઈ ગયો.

પાગલની નજર ઝૈનાબ પર પડી... એ લાચાર નજરે જોઈ રહ્યો. ઝૈનાબે એને ધ્યાનથી જોયો... પાગલ દૂર થતો ગયો એમ એનો ચહેરો સ્પષ્ટ થતો ગયો...

'અજમલ...? પાગલ થઈ ગયો છે...?' ઝૈનાબ મનમાં બબડી.

'ઓહ, નો... અજમલ પાગલ નથી થયો.... એ પાગલના રોલમાં છે...' ઝૈનાબ પણ લાચાર હતી... બંને એકબીજાની સામે જોતાં રહ્યાં... (ક્રમશઃ)■

સર્જકના સથવારે

રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# આંખવગા આકાશમાં, સૂરજ સળગે સાત કોણે માંડી વાત, પ્રીત્યું તારી સાંભરે

## શબ્દ સહજતા-છંદ સહજતાના કવિ સૉલિડ મહેતા

ગુજરાતીમાં અત્યારે એટલા બધા કવિઓ ગઝલ નામના રમકડાંથી રમી રહ્યા છે કે લોકો શું પણ કવિઓ પણ એકબીજાને ઓળખતા નથી. આમાં હું તમને એમ કહું કે હરીશકુમાર પુરુષોતમભાઇ મહેતા નામના કવિ-ગઝલકારને ઓળખો છો તો નવાણું ટકા જવાબ નકારમાં જ આપશે. પણ હું એમ કહું તો આ શેર 'સૉલિડ' મહેતાનો છે તો તમે તરત કહેશો કે આ કવિને તમે વાંચ્યા છે. આ કવિની પ્રયોગશીલતા નોખી અનોખી છે પણ કોઇએ નોંધ સુધ્ધાં લીધી નથી.

આપણે સૉલિડ મહેતાઃ જીવન, સર્જન અને એમની કૃતિઓનું વિવેચન કરીએ તો ઐતિહાસિક દૃષ્ટિએ ઉપયોગી બની રહે. ગુજરાતી ગઝલના આધુનિક વિકાસમાં અનેક ગઝલકારોએ પરંપરાગત ગઝલના સ્વરૂપને જાળવી રાખીને તેમાં આધુનિક સંવેદના, અસ્તિત્વબોધ, એકાંત, આંતરિક સંઘર્ષ અને ભાષાકીય પ્રયોગશીલતા ઉમેરવાનો પ્રયાસ કર્યો છે. સૉલિડ મહેતા આ પ્રવાહમાં નોંધપાત્ર ગઝલકાર તરીકે અભ્યાસ પાત્ર રહ્યા છે.


આપણે જોયું તેમ સૉલિડનું મૂળ નામ તો હરીશકુમાર હતું. ઉપલબ્ધ સાહિત્યિક સંદર્ભોમાં તેમનો જન્મ ૧૨ જુલાઇ ૧૯૫૩માં અને અવસાન ૬ નવેમ્બર, ૨૦૧૯માં દર્શાવવામાં આવે છે.

એમની ઓળખ મુખ્યત્વે ગઝલકાર તરીકે છે તેમની કૃતિઓમાં 'શબ્દાયન', 'ચતુષ્કલ' અને 'સંભૂતિ' છે.

આ ઉપરાંત આ કવિએ 'અંતરિયાળ' કાવ્ય સંગ્રહ ૧૯૮૨માં 'સમાધાન'- સંપાદન ૧૯૯૧માં અને 'અચકો મચકો કારેલી' બાળ કાવ્યસંગ્રહ ૨૦૦૦માં આપ્યા છે.

સૉલિડ મહેતાનું સાહિત્યિક વ્યક્તિત્વ તેમની કૃતિઓ દ્વારા વધુ સ્પષ્ટ બને છે. ઉપલબ્ધ જીવનચરિત્રાત્મક સામગ્રી મર્યાદિત હોવાથી તેમના શિક્ષણ, વ્યવસાય, પારિવારિક જીવન વગેરે વિશે વિસ્તૃત ચર્ચા થઇ એમ નથી. વ્યવસાયે એ શિક્ષક હતા. ૧૯૭૯માં નિર્મળા સાથે લગ્ન કર્યાં હતા. 'સૉલિડ મહેતા' આમ તો તેમનું સાહિત્યિક ઉપનામ હતું, પણ વહેવારમાં નામ થઇ ગયું હતું.

તેમની સર્જનયાત્રાનું વિશેષ કેન્દ્ર ગઝલ રહ્યો છે. તેમની રચનાઓ પરથી જણાય છે કે તેઓ માત્ર ભાવપ્રકાશન પૂરતા ગઝલકાર નથી : છંદ, કાફિયા-રદીફ, કલ્પના અને ભાષાના સંયોજન અંગે પણ પ્રયોગશીલ વલણ ધરાવે છે.



સૉલિડ મહેતા

સૉલિડ મહેતાની મુખ્ય કૃતિઓમાં પ્રથમ છે. 'શબ્દાયન'. 'શબ્દાયન' ગઝલસંગ્રહ છે. શબ્દાયન નામ પોતે જ કવિની કાવ્યદૃષ્ટિનો સંકેત આપે છે. શબ્દક અયન-શબ્દોની યાત્રા. અર્થાત્ કવિ માટે શબ્દ માત્ર અભિવ્યક્તિનું સાધન નથી, પરંતુ અનુભૂતિ સુધી પહોંચવાનું માધ્યમ છે. બીજો સંગ્રહ છે. 'ચતુષ્કસ' નામ છંદ અને લય તરફના કવિના વિશેષ અભિગમ તરફ પણ સંકેત કરે છે. 'સંભૂતિ' પણ સૉલિડ મહેતાના કાવ્યસર્જન સાથે સંકળાયેલું પુસ્તક છે અને ગુજરાતી ગઝલના ગ્રંથસૂચિમાં તેની નોંધ મળે છે.

આ કૃતિઓને એક સાથે જોતા સૉલિડ મહેતાના સર્જનનું એક મહત્ત્વનું લક્ષણ સામે આવે છે-શબ્દ, લય અને અસ્તિત્વની અનુભૂતિનું 'આંતરસંબંધન.'

સૉલિડ મહેતાની એક ગણ કે બે ગણવાળી ગઝલો એમની વિશેષતા છે. પણ ગઝલનું મૂલ્યાંકન મુખ્યત્વે નીચેનાં પરિણામોથી કરી શકાય : આધુનિક સંવેદના, અસ્તિત્વબોધ, એકાંત અને આંતરિક સંઘર્ષ, પ્રતીકાત્મકતા, ભાષા અને શબ્દપ્રયોગ, છંદપ્રયોગ, ગઝલના પરંપરાગત સ્વરૂપ સાથેનો સંવાદ અને કલ્પનાની દૃશ્યાત્મકતા.

સૉલિડની ગઝલમાં બહારની દુનિયા કરતાં અંતરજગત વધારે મહત્ત્વનું બને છે, જેમકે :

**હોવાપણાનો કરશું ખુલાસો**
**એકાંત ભીનું પડઘાય ત્યારે**

આ શેરમાં 'હોવાપણું' અસ્તિત્વની સમસ્યાનુ પ્રતિનિધિત્વ કરે છે, જયારે 'એકાંત' માત્ર એકલા રહેવાની સ્થિતિ નથી, તે આધુનિક માનવીની આંતરિક સ્થિતિ છે. અહીં 'ભીનું પડઘાવું' અત્યંત અર્થસભર પ્રયોગ છે. સામાન્ય રીતે પડઘો ધ્વનિ સાથે જોડાય છે, પરંતુ કવિ તેને 'ભીનો' બનાવે છે. પરિણામે એકાંતને સંવેદનાત્મક અને સ્પર્શનીય અનુભવ મળે છે. આ પ્રકારની અભિવ્યક્તિ સૉલિડ મહેતાની ગઝલને માત્ર નિવેદનાત્મક બનતી અટકાવે છે.

પ્રતીકો અને કલ્પના વૈવિધ્યની વાત કરીએ તો 'સૉલિડ' પ્રકૃતિ અને રોજ-બ-રોજના જીવનમાંથી પ્રતીકો લે છે. આ જુઓ શે'ર :

**ડૂબી જશે આ ઘરમાં ઉદાસી**
**સાતે સમુદ્રો છલકાય ત્યારે**

અહીં 'ઘર' માત્ર ભૌતિક ઘર નથી. તેને માનવીના આંતરિક અસ્તિત્વનું પ્રતીક માનીએ તો શેરનો અર્થ વધારે ઊંડો બને છે. 'સાત સમુદ્ર' સામે 'ઘર'નું સંયોજન એક પ્રકારનુ વિરોધાભાસી કલ્પના વિશ્વ ઊભું કરે છે. આ ઘર-અંતરજગત, સમુદ્ર-વિશાળ ભાવવિશ્વ અને ઉદાસી-આંતરિક ખાલીપો પડે. આ રીતે નાનું ઘર અને વિશાળ 'સાત સમુદ્ર' વચ્ચેનું પ્રમાણભેદ કાવ્યાત્મક તાણ સર્જે છે.

એકાંત એ સૉલિડ મહેતાની વિશેષ સંવેદના છે. એમની ગઝલોમાં એકાંત વારંવાર અનુભવાય છે. પરંતુ આ એકાંત રોમેન્ટિક એકાંત નથી. તે અસ્તિત્વવાદી એકાંત તરફ જાય છે. આધુનિક મનુષ્ય સમાજમાં રહે છે છતાં પોતાની અંદર એકલો છે. સૉલિડ મહેતાની આ ગઝલ આવા આંતરિક વિખંડનને શબ્દદેહ આપે છે. બીજા અર્થમાં તેમની ગઝલને આધુનિક માનવની 'INNER LONLINESS' ની કવિતા તરીકે પણ જોઇ શકાય.

વિવિધ છંદ પ્રયોગ આ કવિની વિશિષ્ટતા છે. એમના સર્જનમાં છંદ પ્રત્યેનું જાગૃત વલણ ખાસ નોંધપાત્ર છે. 'ચતુષ્કલ' નામ પોતે છંદીય સંવેદનાનું સૂચક છે. ડૉ. રમણીકલાલ મારુએ નોંધ્યું છે કે આ કવિએ 'શબ્દાયન'માં માલિની, વસંતતિલકા, ઇન્દ્રવજા જેવા શુદ્ધ રૂપમેળ છંદોમાં જ નહીં, પણ ગઝલ માટે અલ્પપરિચિત કે અપરિચિત દિંડી, સોરઠ, પૃથ્વી, હંસી, ભુજંગી, હાઇકુ, તાન્કા, જેવા છંદોમાં ગઝલો સર્જીને સુફળ મેળવી આપ્યા છે. ગુજરાતી ભાષામાં પહેલીવાર સાંઇઠથી ય વધુ છંદ-ગઝલોના આ પ્રથમ સંગ્રહને આવકારતા 'ભલે ઊગા ભાણ' .. કહેતા કૃતાંજલિ થઇ જવાય છે.

આપણાં અગ્રગણ્ય વિવેચક રાધેશ્યામ શર્માએ કહ્યું છે કે રમેશ આચાર્ય જેવા કવિ 'સૉલિડની કાવ્યરૂપમાં મૂર્તિ છંદોની મહારતને પોંખે છે.' હસમુખ ગોવાણી કહે છે 'ગુજરાતી ગઝલની પરંપરા, પ્રયોગ અને પ્રવાહિતામાં ગઝલ આરાધના આ ઓલિયા કવિનો પારદર્શી પ્રાણાયમ પરમની પ્રતીતિનો પરિચાયક છે. તમારી રચનાઓમાં પ્રગટતો નવો-ન્મેશ તમારી સર્જક ચેતનાની દ્યોતક છે. શબ્દાયનની ગઝલોમાં છંદોને સાદગી અને સફાઇપૂર્વક પ્રયોજવાની તમારી કાળજી પ્રગટી છે.-'પાય મહાબાહુ.'

એમના પ્રથમ કાવ્ય સંગ્રહ 'અંતરિયાળ' વિશે રમણલાલ જોશીએ નોંધેલું : 'છંદમાં ગઝલ નિપજાવવાના પ્રયોગો લેખે' એક વસંતતિલકા ગઝલ 'એક ઇન્દ્રવજ્રા ગઝલ', 'એક પૃથ્વી ગઝલ' જેવી રચનાઓ તેમણે આપી છે. કેટલાંક ગીતોમાં પણ લયની મંજુલતા સ્વાભાવિક છે. તેમનું ભાષાકર્મ દાદ માગી લે છે.

પ્રસ્તાવનામાં માય ડિયર જયુએ કહ્યું છે : એક ભાવક તરીકે મને સૌથી વધુ આશા સૉલિડના દુહાના રચના વિધાનમાં છે. કવિચિત્રની એકલતાને, રિક્તતાને, વિકલતાને કરુણતાને દુહાબદ્ધ રચનાઓ સરસ રીતે વ્યક્ત કરી શકે છે.

'ચતુષ્કલ' ગઝલ સંગ્રહ વિશે સૉલિડના મિત્ર કવિ એસ. એસ. રાહીએ કરેલી વાત ઘણી જ અર્થગંભીર છે. રાહી કહે છે : તેમના નવા ગઝલ સંગ્રહ 'ચતુષ્કલ'ની ચાલીસ રચનાઓમાં સૉલિડ કસોટીની એરણ પર ચઢ્યા છે. તેમાંથી તેઓ કેટલેક અંશે પાર ઉતર્યા છે. લાઘવ અને સંકેત તો ગઝલનાં આભૂષણો છે. આ બે તત્ત્વો પાસેથી તેમણે ધૈર્યપૂર્વક કામ લીધું છે. માત્ર આઠ માત્રાના એક મિસ્રામાં ભાવોર્મિને ઠાંસી ઠાંસીને ભરવાનો પરિશ્રમ અહીં રંગે-બહાર લાવ્યો છે. રદીફના ચમકારા અને કાફિયાના પડકારા વચ્ચે ક્યાંક ક્યાંક શેરિયત ઝબકી ઊઠતી જણાય છે.

કવિની પ્રયોગ પ્રીતિનો સાફસૂથરો ચહેરો આ ગઝલોમાં દૃષ્ટિગોચર થાય છે. સંગ્રહની બધી જ ગઝલોના મકતાના શે'રમાં શાયરે તખલ્લુસ વણી લઇને રચનાઓની સુંદરતામાં વધારો કર્યો છે. કેટલાંક શે'રમાં ગઝલનો મૂળભૂત મિજાજ સ્વાભાવિક લ્હેજા-લ્હેકામાં વ્યક્ત થયો છે. હિન્દી-ઉર્દૂ શબ્દોની સંગાથે લોકબોલીના શબ્દોની સૃષ્ટિ નવો તાજો માહોલ ખડો કરી દે છે.

કવિ સંસ્કૃત વૃત્તોને ગઝલમાં એવી રીતે વણે છે કે જેથી કશું જ આગંતુક લાગતું નથી. એમની એક ઇન્દ્રવજ્રા ગઝલમાં થયેલો પ્રયોગ જોઇએ :

*આકાશ આખું ચકરાય ત્યારે*
*ચારે દિશાઓ તરડાય ત્યારે*
*ફૂંકાય છે લૂ હર એક શ્વાસે*
*ઇચ્છા વ્રણોમાં ઠલવાય ત્યારે*

એમના માટે ગઝલ માત્ર ભાવની મુક્ત અભિવ્યક્તિ નથી, લય અને છંદ પણ સર્જનાત્મક શિસ્ત છે. સૉલિડ મહેતાની ગઝલની શક્તિ અને મર્યાદાની વાત પણ જરૂરી છે. વિષયની પસંદગી આધુનિક અને આંતરમુખી છે. ભાવ અસ્તિત્તવવાદી અને એકાંતસભર છે. ભાષા અર્થઘન અને પ્રયોગશીલ છે. કલ્પના પ્રતીકાત્મક અને દૃશ્યાત્મક છે. છંદમાં વૈવિધ્ય, સંસ્કૃત છંદોની જાણકારી અને સફળતાથી પ્રયોજવાની આવડત. ગઝલમાં પરંપરા સાથે સંવાદ અને સાથે સાથે નવીનતાની જાગૃતિ. ક્યારેક કલ્પના કૃત્રિમ લાગે. સમગ્ર રીતે આધુનિક ગુજરાતી ગઝલમાં અભ્યાસપાત્ર પ્રયોગશીલ કવિ તરીકે એમનું સ્થાન છે.

આમ સૉલિડ મહેતાની ગઝલનું મૂળ સૌંદર્ય તેમની શબ્દ સંવેદના અને છંદ નિષ્ઠામાં છે, જયારે તેમનું સાહિત્યિક મહત્ત્વ પરંપરાગત ગઝલના માળખામાં આધુનિક અસ્તિત્વબોધને વ્યક્ત કરવાની તેમની સર્જનાત્મક આવડતમાં રહેલું છે.

સૉલિડ મહેતાની ચાર દાયકાની ગઝલ સાધનામાંથી માણવા જેવા શે'ર જોઇએ.

*સંબંધના લેબાસમાં અકબંધ છે નકશા બધા*
*ને બંધ મુટ્ઠીમાં સદા ઝૂર્યા કરે છે જિંદગી*

* * *

*એ જાણીને વાળી લીધા અપરિચિત પથ પર ચરણને મે*
*સંબંધોમાં વીંટાયેલો સકલ પગરવ છળ થઇ શકે છે*

* * *

*સ્પર્શો સુના એકાંતોની અરસપરસ અચર જ ઢળવાથી*
*મારામાં કૈ મારું હોવું અસરવશ વિહ્વળ થઇ શકે છે.*

* * *

*છે ભાર સુક્કી પાંપણે હોવાપણો*
*કૈં કેટલા આવી મળે ચ્હેરા એને*

* * *

*સહવાસના પંખી બધાં ઊઠી ગયાં*
*કેવળ રહ્યા ટહુકા તણા પડઘા અને*

* * *

*નગર તરફનો રસ્તો ન મોડી શકાશે*
*ચરણ લઇ હવા સાથે ન દોડી શકાશે*

* * *

*સકલ સ્મરણ વચ્ચે સાવ લીલી ઉદાસી*
*ચહકમહક આંખોથી હજી નીતરે છે*

* * *

*એકાંતના પોલાણમાં આહો ભરે છે જિંદગી*
*થીજી ગયેલી વેદનામાં વિસ્તરે છે જિંદગી*

* * *

*આંખવગા આકાશમાં, સૂરજ સળગે સાત*
*કોણે માંડી વાત, પ્રીત્યુ તારી સાંભરે*

* * *

*જાતને તો કદી ઓળખી ના શક્યા*
*અન્યના દોષને યાદ શું રાખવા ?*

* * *

*પિંડમાં પરહરી જે ફરી સળવળે*
*એ જ તો માતબર તે જ છે, તત્ત્વ છે*

* * *

*દોષ શું આપવો આપણે અન્યને*
*શોક કે હર્ષ છે ક્યાં વળી કાયમી ?*

* * *

*સામ - સામે રહે એકબીજા છતાં*
*જાતને કેટલા જાણતા હોય છે.*
*બિન્દાસ આ નગર છે*
*ચોપાસ કાચ ઘર છે*

* * *

*શ્વાસો વિશે છલકતું*
*એકાંત પાનખર છે*

* * *

*કો' દૃશ્યની મમતમાં*
*આકાશથી નજર છે*

* * *

*આયુષ્યની ક્ષણે ક્ષણે*
*અસ્તિત્વની અસર છે*

* * *

*સંબંધ છે ઉભયથી*
*કૈ એટલી ખબર છે*

* * *

*સમાજે જવાતુ*
*મહેંકી જવાતુ*

* * *

*રડે બેઉ આંખો*
*કશું કૈં ઘવાતું*

* * *

*ઢળે સાંજ ભારે*
*થવું આભ રાતું*

* * *

*કહો કેમ પંખી*
*સવારે જ ગાતું*

* * *

*કારણો શું હશે આંખને જાદવા*
*જાણતો હોય તો બોલ હૈ જાદવા*

* * *

*કલરવે ડૂબતું હોય આકાશ તો*
*કેમ ન થાય મન કોઇને ચાહવા*

* * *

*ભરી લે આંખોમાં સ્ખલિત ક્ષણનાં નીલ સ્મરણો*
*પ્રવેશી લોહીમાં સમય છળશે એક ક્ષણમાં*

* * *

*મને તારું હોવું અલગ કરશે જાત તુજથી*
*વળાવી સૌ પાછા સ્વજન વળશે એક ક્ષણમાં* ■

સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@bombaysamachar.com

# પરિણામની તૈયારી છે? તો ગુસ્સો કરો!

સૌરાષ્ટ્રના એક નાનકડા ગામમાં એક જ્ઞાતિની વાડીમાં લગ્ન પ્રસંગ ચાલી રહ્યો હતો. એ વખતે બાજુના શહેરની એક કેટરિંગ કંપનીની એકસરખાં કપડાંમાં સજ્જ થયેલી યુવતીઓ શૂઝ અને ચંપલ પહેરીને બધા મહેમાનોને ચા અને કૉફી પીરસી રહી હતી. વાડીના હૉલમાં ગાદલાં પાથરેલાં હતાં એના પર મહેમાનો બેઠા હતા. તમામ મહેમાનોએ પોતાનાં ચંપલ કે જૂતાં બહાર ઉતાર્યાં હતાં, પરંતુ કેટરિંગ કંપનીની છોકરીઓ શૂઝ કે સૅન્ડલ પહેરીને ચા-કૉફી પીરસી રહી હતી. એમાંની અનેક છોકરીઓનાં શૂઝ અને ચંપલ મેલાં હતાં એટલે ગાદલાં મેલાં થઈ રહ્યાં હતાં.

એ જોઈને એક યુવાને તે યુવતીઓની લીડર જેવી લાગતી એક યુવતીને કહ્યું કે 'બહેન, તમે શૂઝ અને ચંપલ કાઢીને પીરસો. અમે બધાં પણ ચંપલ કાઢીને બેઠા છીએ. તમારામાંથી અમુક બેનોનાં જૂતાં મેલાં છે એટલે બધાં જૂતાં બહાર કાઢીને પીરસો નહીં તો આ ગાદલાંઓ ખરાબ થઈ રહ્યાં છે ને એના પર હજી બીજા બધા મહેમાનો આવી રહ્યા છે તેમણે પણ અહીં બેસવાનું છે.'

આ વાત સાંભળી ન સાંભળી કરીને તે યુવતી મોં મચકોડીને જતી રહી. એના વર્તાવથી પેલા યુવાનને ગુસ્સો આવી ગયો. તેણે ઊંચા અવાજે તેને કહ્યું, 'બહેન શાંતિથી વાત કરું છું તો સમજાતું નથી?'

તેણે ગુસ્સો કર્યો એટલે તેની બાજુમાં બેઠેલા એક વડીલ તેના પર ભડકી ગયા. તેણે કહ્યું કે 'તારે આ પ્રસંગ બગાડવો છે? તારો ગુસ્સો હોય તો તારા ઘરે રાખીને આવવાનું. તારે જવું હોય તો અહીંથી જતો રહેજે, પરંતુ આ છોકરીઓનું અપમાન કરવાનો તને કોઈ અધિકાર નથી!'

એ સાંભળીને આજુબાજુના બીજા વડીલો પણ શિખામણ આપવા લાગ્યા કે 'ભાઈ, તારો સ્વભાવ જ ખરાબ છે. આ છોકરીઓ ચંપલ પહેરીને પીરસે છે એમાં તારા સિવાય કોઈને વાંધો નથી. તું ગમે ત્યાં ગુસ્સો કરવા માંડે છે. સમય અને જગ્યા તો જો. આપણે છોકરીવાળા છીએ એટલે આપણને તો કોઈ કશુંક કહી જાય તો પણ શાંતિ રાખવી જોઈએ. એને બદલે તું અત્યારે આ છોકરીઓ પર ગુસ્સો કરવા બેઠો. ચૂપચાપ બેસી રહે.'





આમ તો પેલો યુવાન સાચો હતો અને પેલી છોકરીઓ ખોટી હતી, પરંતુ તેની વાત સાંભળવા માટે કોઈ તૈયાર નહોતું. તેણે સાચી વાત માટે ગુસ્સો કર્યો હતો છતાં પણ તેણે ઠપકો સાંભળવો પડ્યો.

'ઇન્સ્ટાગ્રામ' પર 'ધ નૂર' નામના એક અકાઉન્ટમાં ગુસ્સાને કારણે ગેરસમજણનો ભોગ બનતી વ્યક્તિઓ વિશે એક વીડિયો જોયો એટલે ઉપરોક્ત ઘટના યાદ આવી.

'ઇન્સ્ટાગ્રામ'ના એ વીડિયોમાં કહેવાયું હતુંઃ 'ખબર છે લોકો જેને સૌથી વધુ ખોટા સમજતા હોય છે એ માણસો કોણ હોય છે? એ જે વધુ ગુસ્સાવાળા હોય છે. એવા માણસો માટે લોકો કહે છે કે આ માણસને ઍટિટ્યુડ છે, આ માણસ તોછડો છે, પણ સચ્ચાઈ કંઈક અલગ જ હોય છે. એ માણસ જેને ગુસ્સો જલદી આવે છે હકીકતમાં તેનું દિલ બહુ સાફ હોય છે. તેને સામે મીઠું-મીઠું બોલીને પાછળથી જુદું બોલતાં નથી આવડતું હોતું. જે લાગે છે તે બોલી નાખે છે. હા, તેની વાતોમાં નરમાશ ઓછી હોય છે, પરંતુ તેના ઇરાદાઓમાં ક્યારેય ભેળસેળ નથી હોતી. તે શબ્દોથી કડવી વાત કહી દે છે, પણ તેને કોઈને છેતરતાં નથી આવડતું. તેને ટાઇમ, જગ્યા કશું નથી દેખાતું. બસ સાચું દેખાય છે અને એ બોલી દે છે. અને કદાચ એ જ એની સૌથી મોટી ભૂલ હોય છે, કારણ કે આ દુનિયામાં લોકોને ખોટું મીઠું લાગે છે અને સાચું કડવું. ગુસ્સાવાળો સાચો માણસ તેની નજીકની વ્યક્તિઓને રોકે છે, ટોકે છે કારણ કે તેને ફરક પડે છે. નહીં તો આજના સમયમાં કોણ કોના માટે બોલે છે. તે ગુસ્સો કરે છે, ક્યારેક વધુ પડતો જ ગુસ્સો કરે છે, પણ પછી તે જ માણસ ચૂપ બેસીને વિચારે છે કે કદાચ ઓછું બોલવાની જરૂર હતી. અને ત્યાં જ તે હારી જાય છે, કારણ કે લોકો તેના ગુસ્સાને યાદ રાખે છે, તેની નિયતને નહીં. એટલે જ કદાચ આવા ગુસ્સાવાળા પણ સાચા માણસો લોકોને બહુ ઓછા પસંદ આવે છે.'

ઓશોએ આ વાત જુદી રીતે કહી છેઃ 'મનુષ્યનું સૌથી મોટું દુર્ભાગ્ય એ છે કે તેને કોઈ ઉશ્કેરે તો તે તરત પ્રતિક્રિયા આપે છે. કોઈએ તમને એક શબ્દ કહ્યો અને તમે આગ બની ગયા, કોઈએ તમારું અપમાન કર્યું અને તમે તૂટી પડ્યા. તમારો ગુસ્સો, તમારો અવાજ, તમારો ઈગો એ જ ક્ષણે સામે આવી જાય છે, પણ સાંભળો જેને ઉશ્કેરીને નિયંત્રિત કરી શકાય તે ક્યારેય સ્વતંત્ર નથી બની શકતા. તમારો ગુસ્સો તમારી કમજોરી છે. તમારું મૌન તમારી શક્તિ છે. જ્યારે દુનિયા તમને ચૅલેન્જ કરે, તમને દુઃખ પહોંચાડવાની કોશિશ કરે, તમને ભડકાવે તો તરત પ્રતિક્રિયા ન આપો. ઊભા રહો. મૌન થઈ જાઓ. મૌનનો મતલબ દબાઈ જવું નથી, મૌનનો મતલબ જોવાનું છે.'

દુનિયામાં આવું બનતું જ રહે છે કે માણસ સાચો હોય પણ તેના ગુસ્સાને કારણે તે ખોટોમાં ખપી જાય. ગુસ્સાને કારણે તેણે કોઈનું સાંભળી લેવું પડે કે નુકસાન પણ સહન કરવું પડે.

ટૂંકમાં, ગુસ્સો કરવો નહીં. અને કરવો જ હોય તો પરિણામોની તૈયારી રાખીને કરવો. ■

# અનોખા હરિહરેશ્વર મંદિરની પ્રદક્ષિણામાં પર્વત-ખડકો ને દરિયાકિનારો પણ આવે!

હેં... ખરેખર!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

હરિ = વિષ્ણુ
હર = શિવ
ઈશ્વર = પરમેશ્વર.

આ ત્રણેય શબ્દથી બનતા હરિહરેશ્વર જેવું નામ ધરાવતું એક અનોખું, વિશિષ્ટ મંદિર છે મહારાષ્ટ્રના રાયગડમાં. શ્રીવર્ધન તાલુકામાં આવેલું પ્રાચીન હરિહરેશ્વર મંદિર ભગવાન શિવને સમર્પિત પ્રસિદ્ધ તીર્થસ્થળ છે. આ મંદિર કોણે અને ક્યારે બનાવ્યું એની ચોક્કસ માહિતી ઉપલબ્ધ નથી. હા, મંદિર કેટલું જૂનું છે તેની સ્થાપના-તારીખ નિશ્ચિત નથી. મંદિરની આસપાસનો પ્રદક્ષિણા માર્ગ ચંદ્રરાવ મોરેએ બનાવ્યો હોવાનું પણ જણાવાય છે. પણ મહારાષ્ટ્ર સરકારના રાયગડ જિલ્લા પોર્ટલ મુજબ, આ મંદિરને પેશવા પરિવારના કુલદેવતા માનવામાં આવતું હતું અને તેનો જીર્ણોદ્ધાર ૧૭૨૩માં પેશવાઓએ જ કરાવ્યો હતો.

હરિહરેશ્વર મંદિર નામ કેમ પડ્યું? અહિયા 'હરિ' એટલે ભગવાન વિષ્ણુ અને 'હર' એટલે ભગવાન શિવ બંને છે. મુખ્ય મંદિર સાથે કાળભૈરવ અને યોગેશ્વરી દેવીનાં મંદિરો પણ છે. હરિહરેશ્વરના દર્શન પહેલાં કાળભૈરવના દર્શન કરવાની પરંપરાગત માન્યતા છે.

હરિહરેશ્વરની સૌથી મોટી વિશેષતા એ છે કે મંદિર અરબી સમુદ્રના કિનારે અને અદ્ભુત પ્રાકૃતિક સૌંદર્યની વચ્ચોવચ છે. અહીંની પરંપરાગત પ્રદક્ષિણા કરવા માટે પર્વત, ખડકો અને દરિયાકિનારા પાસેથી પસાર થવું પડે છે. ઘણાં સ્થળોએ પથ્થરની સીડીઓથી નીચે ઊતરવું પડે છે. આ પ્રદક્ષિણાને સામાન્ય રીતે 'કોશી/કોશ પ્રદક્ષિણા' તરીકે ઓળખવામાં આવે છે. જોકે પ્રદક્ષિણા કરતી વખતે દરિયાની સ્થિતિ એટલે કે ભરતી-ઓટને ધ્યાનમાં રાખવી પડે છે.

હરિહરેશ્વર ક્ષેત્રનાં મુખ્ય ધાર્મિક સ્થળોમાં હરિહરેશ્વર મંદિર, કાળભૈરવ મંદિર, યોગેશ્વરી દેવી મંદિર, સિદ્ધિવિનાયક મંદિર, હનુમાન મંદિર ઉપરાંત સમુદ્ર કિનારાનાં વિવિધ તીર્થસ્થાનો છે.

ભક્તિ અને શ્રદ્ધા સાથે અહીં મન-મસ્તિષ્ક પ્રસન્ન થઈ જાય એવું પ્રકૃતિનું ભારોભાર અદ્ભુત સૌંદર્ય છે. એક રસપ્રદ સંયોજન છે અહીં. ધાર્મિક વાતાવરણ અને દરિયાકાંઠાની ભૌગોલિક રચના એવી છે કે મંદિર, પર્વત અને સમુદ્ર ત્રણેય એક જ યાત્રાનો ભાગ બની જાય છે. તેથી હરિહરેશ્વર માત્ર 'મંદિર દર્શન' નહીં, પરંતુ એક સંપૂર્ણ અને અનોખો આધ્યાત્મિક-પ્રાકૃતિક અનુભવ બની રહે છે.

એક બાજુ સાવિત્રી નદીનું મુખ છે તો બીજી તરફ અરબી સમુદ્ર, આસપાસની ટેકરીઓ, નાળિયેર-સોપારીનાં વૃક્ષો અને ખડકાળ દરિયાકિનારો. આ સંગમ તેને ધાર્મિક સાથે પર્યટન સ્થળ બનાવે છે. હરિહરેશ્વર, શ્રીવર્ધન અને દિવેઆગર મળીને લોકપ્રિય કોંકણ પ્રવાસ પટ્ટો બને છે.

આ એકદમ હટકે હરિહરેશ્વર સાથે જોડાયેલી પૌરાણિક કથા પણ અત્યંત રસપ્રદ છે. (ક્રમશઃ)■



મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# એક દર્દ દીવાનીઃ સળગતાં સિલ્ક જેવી સિલ્વિયા

**ટાઇટલ્સ:**
કવિ મરે છે, કવિતા જીવે છે. (છેલવાણી)

---

**'મેં જીવનને એવી તાકાતથી ચૂમી છે**
**કે મૃત્યુ મને ઓળખે છે હવે ને હું મૃત્યુને'**

---

**'મરણ એક કળા છે ને દર્દની લાંબી તાલીમ પછી**
**હું એમાં પારંગત થતાં શીખી ગઈ છું.'**

---

**'મારો પ્રેમ કોમળ નથી, આગ જેવો છે,**
**જેને સ્પર્શે છે, એને દઝાડ્યા વિના નથી છોડતો.'**


---

આ એ સુંદર ને સંવેદનશીલ સ્ત્રીનાં કાવ્યોની એક ઝલક છે, જેણે જીવવા માટે લખ્યું ને લખવા માટે જીવ્યું.

એ છેઃ 'સિલ્વિયા પ્લાથ', જેના માટે કવિતા, ફક્ત સોળ વરસની આળસ મરડતી કમનીય કન્યાનો શૃંગાર નહોતો, ઊના શ્વાસ જેવો આક્રોશ હતો. ૧૯૩૨માં અમેરિકાના બોસ્ટનમાં જન્મેલ અદ્ભુત આઇ.ક્યૂ.વાળી સિલ્વિયાએ ૧૧ વરસે ડાયરી લખવી શરૂ કરેલી, કારણ કે ભીતર જે જે ચાલતું એ શબ્દોમાં બયાં થાય એવું સરળ નહોતું. પિતા જુવાનીમાં જ ગુજરી ગયા ત્યારથી ટીનએજ સિલ્વિયાની અંદર એક ખાલીપો ખડખડતો, જે આજીવન પૂરાયો જ નહીં.

તેજતર્રાર સિલ્વિયાને સ્મિથ યુનિવર્સિટીમાં સ્કોલરશિપ, પ્રશંસા, સફળતા બધું જ મળ્યું પણ કશુંક ખૂટતું હતું. કોમળ કવિની અંદર ને અંદર, અશબ્દ અતૃપ્તિ અથડાતી રહેતી. સ્વપ્નિલ સિલ્વિયાને લાઇફમાં બધું જ જોઈતું હતું ને 'એ બધું એકસાથે નહીં મળે તો?'- એને એ જ આશંકાનું કળતર કોરતું, સતત.

ન્યૂ યોર્કમાં 'મેડમોઝેલ' મેગેઝિનની નોકરીમાં સિલ્વિયાનો અજંપો વધ્યો. દિવસભર ગ્લેમરની ચમકતી દુનિયા ને પછી રાત્રે ભાડાની એક ખોલીમાં એકલી સિલ્વિયા બસ, ત્યારથી સંવેદનાવાળી સિલ્વિયાનું તૂટવું શરૂ થયું. માનસિક સારવાર પછી સિલ્વિયા પાછી તો આવી, પણ એની ભીતરી ભાવનાઓ ભાંગી ચુકેલીને પછી ત્યારે શબ્દો જ સિલ્વિયાનો આધાર બન્યા.



સિલ્વિયા પ્લાથ

૧૯૬૦માં પહેલો કાવ્યસંગ્રહ 'કોલોસસ' આવ્યો. જોકે હજીયે એની લાગણીઓની મુઠ્ઠી એમાં અકબંધ હતી, એક ચીસ જે ગળામાં અટવાયેલી હતી.

અમેરિકન કવિ રોબર્ટ લોવેલે કહેલુંઃ 'સિલ્વિયાની કંટ્રોલ્ડ કવિતા, વિલંબિત વિસ્ફોટ જેવી છે.'

ને પછી સિલ્વિયાની સનસનીખેજ લવસ્ટોરી. કેમ્બ્રિજની એક પાર્ટીમાં એક ઊંચા, અણઘડ, આંખોમાં આદિમ અજંપાવાળા ટેડ હ્યુઝને સાથે એ ટકરાઇ ગઇ. ટેડ ત્યારે એની ગર્લફ્રેન્ડ સાથે હતો.

સિલ્વિયા એની ફ્રેંડ સાથે પરંતુ નજરો મળી એ ક્ષણે બધું જાણે ઓગળીને અદૃશ્ય થઇ ગયું. સિલ્વિયા અને ટેડનો કોઈ પરિચય નહોતો તોય એ ટેડ પાસે ગઇ ને બેધડક એના ગાલ પર ચૂમીને દાંતથી હળવું બચકું ભર્યું. ટેડના ગાલમાંથી લોહી નીકળ્યું. ટેડ મલક્યો, એ મલકાટમાં મલકભરનો સ્વીકાર હતો. બેઉ સમજી ગયા કે આ સંબંધ બેઉની જિંદગીને ઉથલાવી નાંખશે. સિલ્વિયા માટે ટેડ માત્ર પ્રેમી નહોતો. એ પણ કવિ હતો, પણ એક અણઘડ પ્રતિભા. સિલ્વિયાની તેજસ્વિતાથી ટેડ આકર્ષાતો પણ ને અકળાતો પણ તો પછી.. પછી શું?

**ઇન્ટરવલઃ**
**મોતનીયે બાદ તારી ઝંખના કરતો રહ્યો**
**કે તું જન્નતમાં મળે, એવી દુઆ કરતો રહ્યો (બેફામ)**

કમનસીબે બેઉનાં શુભઅશુભ લગ્ન થયા. શરૂઆતમાં બધું મસ્ત હતું. બેતહાશા પ્રેમ, સરસ સેક્સલાઇફ, દિનરાત એકમેકની કવિતાઓ બધું એકસાથે ચાલ્યું. ધીમે ધીમે અલગાવ આરંભાયો.

સિલ્વિયા પોતાની જાતને સંપૂર્ણ રીતે પ્રેમમાં લૂંટાવી દેતી પણ ટેડ સ્હેજ અંતર જાળવતો.

સિલ્વિયા લખે છેઃ
'હું તને ઘર બનાવી બેઠી,
તું ઘરમાં મહેમાન બનીને રહ્યો.'

ઇંગ્લેન્ડમાં જીવન કારમું હતું. ઓછા પૈસા, ઘર નાનું, બબ્બે નાના બાળકો. સિલ્વિયાને માતૃત્વનો ઉત્સાહ પણ હતો ને બંધન પણ લાગતું. દિવસે ઘર સંભાળતી, રાત્રે લખતી. ટેડ, બહાર ભટકતો રહેતો.



આવારગીમાં આઝાદી શોધતો. સિલ્વિયા ધીમે ધીમે ચાર દીવાલોમાં એકલી પડતી ગઈને પછી ટેડના અફેરની વાત પકડાઇ.

સિલ્વિયા તરફથી કોઈ ઝઘડો નહીં. કોઈ નૌટંકી નહીં. ફક્ત સ્વીકારી લીધેલું સંબંધોનું સત્ય. ત્યારે સિલ્વિયાને લાગ્યું કે એ પ્રેમમાં નહીં, પરંતુ પોતાના પુરુષને ઓળખવામાં હારી ગઈ છે, જેના વિશે

એક કાવ્યમાં લખ્યુંઃ
**'હું તારી પત્ની નહોતી, હું તારો આધાર હતી,**
**ને આધાર તૂટી જાય, ત્યારે બધું ધરાશાયી થાય'**

છૂટાછેડા પછી સિલ્વિયા એકલી હતી ને નહોતી પણ. સાથે બે નાના બાળકો. શિયાળાની ઠંડી ને અંદર ઉકળતું દુઃખ, પરંતુ આ જ દુઃખે એની કવિતાને ધારદાર બનાવી. 'એરિયલ' કાવ્ય-સંગ્રહની કવિતા હવે મદ્ધમ સૂરમાં નહોતી. એ કવિતાઓ ચીસ પાડતી હતી, મોતની આંખમાં આંખ પરોવીને નીરખતી હતી. સિલ્વિયાનાં સુષુપ્ત મનમાં પિતા ને પતિ બેઉ એકસરખા, એક તાનાશાહના પ્રતીક બની ગયા. એ રોજ રોજ ઇન્સ્ટોલમેન્ટમાં મરતી રહી. બ્રિટિશ કવિ એલ અલ્વારેઝે કહેલુંઃ

'સિલ્વિયા મૃત્યુ વિશે લખતી નહોતી- તે મૃત્યુની અંદર રહીને લખતી હતી!'

સિલ્વિયા રોજ લખતી. ડાયરી, પત્રો, કવિતાઓ. શબ્દો વડે ખુદને બચાવવા મથતી રહેતી, પણ આખરે શબ્દો પણ થાકી ગયા. મોતના થોડા દિવસો પહેલાં સિલ્વિયાએ ઘરને સજાવ્યું. બાળકો માટે દૂધ તૈયાર કરીને મૂક્યું. પાડોશીઓને ફૂલો આપ્યાં. એના વિરક્ત વર્તનમાં કોઈ ઉતાવળ નહોતી. લાંબી થકાનની ખામોશી હતી. કદાચ એટલે જ ડાયરીમાં સિલ્વિયાએ લખેલુંઃ

'હું જીવનને ખૂબ ચાહતી હતી એટલો પ્રેમ કરતી કે જીવન પણ એને સહન ના કરી શક્યું!'

એક દિવસ કિચનના ઓવનમાં માથું મૂકીને ગેસમાં ગુંગળાઇને સિલ્વિયા ને એના દિમાગમાં દબાયેલા શબ્દો બધું જ ખતમ. આમ છતાં આજેય 'સિલ્વિયા પ્લાથ' ગઈકાલની કવિયત્રી નથી લાગતી, આજની અત્યારની ધબકતી ધૂંધવાતી સ્ત્રી લાગે છે, કારણ કે માણસ મરે છે, એની પીડા તો સદાયે પદ્ય કે પોએટ્રીનાં પ્રેત બનીને ભટકે છે.

**એન્ડ ટાઇટલ્સઃ**
**આદમઃ નવી કવિતા સંભળાવું?**
**ઇવઃ આ વાળી નહીં, બીજી કોઇ.** ■

કેનવાસ

અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# તિરાડોમાં છુપાયેલું છે અનોખું સૌંદર્ય

## સંબંધોને સાંધવાની કળા તથા જખમનો સુવર્ણ ઈતિહાસ

આપણે ત્યાં કોઈ માટીનું વાસણ કે મૂર્તિ તૂટે એટલે તરત જ તેને ખંડિત માનીને ઘરની બહાર પધરાવી દેવાનો રિવાજ છે. આપણું સામાજિક મનોવિજ્ઞાન એવું ઘડાયું છે કે જે તૂટી ગયું છે તે નકામું છે. તેને માંડમાંડ સાંધ્યા પછી પણ તેમાં પડેલી તિરાડ આપણી આંખમાં કણાની જેમ સતત ખૂંચ્યા કરે છે.

આપણે ત્યાં એક ઉક્તિ પણ છે : 'મન -મોતી ને કાચ તૂટ્યા પછી જલદી ફરી સંધાય નહીં ' આપણને દરેક વસ્તુ અકબંધ અને સંપૂર્ણ જોઈએ છે, પરંતુ, જાપાનમાં આ તૂટવાને અને તિરાડોને જોવાનો એક સાવ અલગ અને અત્યંત સુંદર દૃષ્ટિકોણ છે. ત્યાં માટીનાં વાસણો જ્યારે તૂટી જાય ત્યારે તેને ફેંકી દેવાને બદલે તેના ટુકડાઓને ભેગા કરીને, તેને સાંધવા માટે લાખ અને સોનાના પાઉડરના મિશ્રણનો ઉપયોગ કરવામાં આવે છે. કળાની આ વિશિષ્ટ પદ્ધતિ ' કિંત્સુગી' તરીકે ઓળખાય છે. (આ કળા વિશે 'મુંબઈ સમાચાર' અગાઉ વિગતવાર લખી ગયું છે )



આ કિંત્સુગી માત્ર કોઈ વાસણ સાંધવાની ટેકનિક નથી, પણ જીવનને જોવાની એક બહુ મોટી અને ગહન ફિલોસોફી છે. આ કળાનો મૂળ ઉદ્દેશ્ય તિરાડોને છુપાવવાનો નથી, બલ્કે તેને સોનાથી ભરીને વધુ ઉજાગર કરવાનો છે. જાપાનમાં માને છે કે જ્યારે કોઈ વસ્તુ તૂટે છે અને ફરીથી જોડાય છે, ત્યારે તેનો ઇતિહાસ વધુ સમૃદ્ધ બને છે. એ તિરાડ એ વાસણની કમજોરી નથી, પણ તેની અસ્તિત્વ ટકાવી રાખવાની જિજીવિષાનો પુરાવો છે. સોનાથી મઢાયેલી એ તિરાડો વાસણને પહેલાં કરતાં પણ વધુ મૂલ્યવાન અને અદ્વિતીય બનાવી દે છે. જેણે આઘાત સહન કર્યો છે અને છતાં જે ફરીથી આકાર પામ્યું છે, તેનું સૌંદર્ય કોઈ કોરી અને અકબંધ વસ્તુ કરતાં અનેકગણું વધારે હોય છે.

આજના આધુનિક સમયમાં આપણે આ ભાવના સાવ ગુમાવી બેઠા છીએ. આપણે એક એવા યુગમાં જીવી રહ્યા છીએ જેને 'યુઝ એન્ડ થ્રો' સંસ્કૃતિ કહી શકાય. અગાઉના સમયમાં ઘરમાં કોઈ વસ્તુ બગડે તો તેને ફરીથી ચાલુ કરવા પાછળ દિવસો ગાળવામાં આવતા. હવે આપણી પાસે સાંધવાની ધીરજ ખૂટી ગઈ છે. બજાર આપણને શીખવે છે કે જૂનું બગડે એટલે તરત નવું લઈ આવો. દુર્ભાગ્યે, બજારની આ માનસિકતા આપણા સામાજિક અને અંગત વ્યવહારોમાં પણ પ્રવેશી ચૂકી છે.

આજે સંબંધોમાં સહેજ પણ તિરાડ પડે, વિચારોની ટકરામણ થાય કે કોઈની નાની સરખી ભૂલ પકડાય, તો આપણે તરત જ એ સંબંધને તોડી નાખીએ છીએ. આપણે માણસોને બહુ આસાનીથી બદલી નાખતા શીખી ગયા છીએ. નવા અને અકબંધ વિકલ્પોની શોધમાં આપણે એ ભૂલી જઈએ છીએ કે સંપૂર્ણતા એ માત્ર એક ભ્રમ છે.

કોઈ પણ લાંબો સંબંધ ક્યારેય આજીવન અકબંધ નથી રહી શકતો. વર્ષોના વહાણા વાય એટલે બે વ્યક્તિઓ વચ્ચે ગેરસમજ, અહંકારનો ટકરાવ કે પરિસ્થિતિઓને કારણે તિરાડો પડવી સ્વાભાવિક છે, પરંતુ આધુનિક માણસ આ તિરાડોથી ડરી જાય છે. તેને લાગે છે કે જે સંબંધમાં એકવાર કડવાશ આવી ગઈ, તે હવે ક્યારેય પહેલો હતો તેવો નહીં થઈ શકે.

વાત સાચી પણ છે, સંબંધ પહેલા જેવો ક્યારેય નથી થતો. પણ જો બે વ્યક્તિ વચ્ચે ક્ષમા, સમજણ અને સમયનું સોનું રેડવામાં આવે, તો તે સંબંધ પહેલાં કરતાં પણ વધુ પરિપક્વ અને મજબૂત બની શકે છે. સંબંધોમાં પડેલી તિરાડ એ અંત નથી, પણ એકબીજાને નવા સ્વરૂપે સમજવાની તક છે. જે સંબંધે ક્યારેય કોઈ વાવાઝોડું જોયું જ નથી અને જે ક્યારેય તૂટવાની અણી પર નથી આવ્યો, તેની મજબૂતાઈ પર ક્યારેય પૂરો ભરોસો ન કરી શકાય.

માત્ર સંબંધો જ નહીં, માણસનો પોતાનો આત્મા પણ જીવનની થપાટો ખાઈને ઘણીવાર ખંડિત થઈ જતો હોય છે. નિષ્ફળતા, કોઈ અંગત સ્વજનની અણધારી વિદાય કે આર્થિક પછડાટો માણસની અંદર ઊંડા જખમ કરી જાય છે. આપણે આ જખમોને દુનિયાથી છુપાવવા માટે નકલી સ્મિતના મહોરાં પહેરીએ છીએ. આપણે આપણા જખમથી શરમાઈએ છીએ, પણ આ ફિલોસોફી શીખવે છે કે તમારાં જખમો એ તમારી કમજોરી નથી, એ તમારો અનુભવ છે. એ તિરાડોમાં તમારી સહનશક્તિ અને તમારી જીવવાની તાકાત છુપાયેલી છે. એ જખમોને છુપાવવાને બદલે તેને ગર્વથી સ્વીકારો. જિંદગીના આ સફરમાં જે માણસ સાવ અકબંધ અને ડાઘરહિત રહ્યો છે, તેણે કદાચ જિંદગી પૂરેપૂરી જીવી જ નથી. પવનની થપાટોથી જેના પાંદડા ખરી ગયા છે અને છતાં જે ઊભું છે એ વૃક્ષનું સૌંદર્ય અલગ જ હોય છે.

સંબંધ હોય કે પોતાનું અસ્તિત્વ, તેને સાંધવાની કળા માણસને વધુ ગહન બનાવે છે. જ્યારે તમે કોઈ સંબંધને તૂટતા બચાવો છો અને તેમાં પડેલી તિરાડને પ્રેમથી ભરો છો, ત્યારે તે સંબંધ સામાન્યમાંથી અત્યંત મૂલ્યવાન બની જાય છે. કોઈને છોડી દેવા કે જિંદગીમાંથી કાઢી મૂકવા એ બહુ જ સહેલું કામ છે, પરંતુ તૂટેલા ટુકડાઓને વીણીને, તેને હૂંફ અને સ્વીકારથી ફરી એકાકાર કરવા એ સર્જનની સૌથી મોટી પ્રક્રિયા છે. આગામી વખતે જ્યારે જિંદગીમાં કોઈ સંબંધ કે કોઈ આશા તૂટેલી લાગે, ત્યારે તેને ફેંકી દેવાની ઉતાવળ કરવાને બદલે, તેની તિરાડોમાં સમજણનું સોનું ભરી જોજો, કારણ કે, દુનિયાની સૌથી સુંદર વસ્તુઓ એ જ છે, જે એકવાર તૂટ્યા પછી અત્યંત કાળજીથી ફરીથી સાંધવામાં આવી હોય. ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે

સમીર જોશી
feedback@bombaysamachar.com

# નેતૃત્વમાં બદલાવ... એક વ્યૂહાત્મક નિર્ણય

**હાલમાં** કોર્પોરેટની દુનિયામાં ટાટા ગ્રૂપના ચેરમેન એન. ચંદ્રશેખરન સાહેબે રાજીનામુ આપ્યું. જ્યારે આવા મોટા બદલાવ નેતૃત્વમાં આવે અને તે પણ વર્ષો સુધી તે સ્થાન સફળતાથી સંભાળ્યા બાદ, ત્યારે તે સંસ્થામાં કામ કરતા કર્મચારીઓમાં શું થશે હવે તે જાણવાની ઉત્સુકતા કરતાં ઘણીવાર ભીતિ વધુ હોય છે. નવી વ્યક્તિ આવી કેવા બદલાવ લાવશે, તેમાં પોતાનું સ્થાન રહેશે કે નહિ, વગેરે વિચારથી તે બધા વધુ ચિંતિત થાય એ સ્વાભાવિક છે. કોર્પોરેટની દુનિયામાં એક ટર્મિનોલોજી છેઃ ' ચેન્જ મેનેજમેન્ટ' અહીં ચંદ્રશેખરનજીના આ રાજીનામાનાં કારણો વિવિધ હોઈ શકે, પણ મોટે ભાગે સફળ કોર્પોરેટ હંમેશાં લાંબાગાળાનો વિચાર કરે છે. સમયના બદલાવ સાથે નવી વિચારધારાના સહારે વેપારને નવા શિખરે લઇ જવા નવો સુકાની, નવી પ્રતિભા જોઈએ, નવા લીડરને સમય આપવો પડે, તેને ઘડવો પડે.

કોઈ પણ સંસ્થામાં પરિવર્તન અનિવાર્ય છે. ભલે તે નેતૃત્વમાં ફેરફાર હોય, નવી પ્રોડક્ટ લોંચ હોય અથવા મર્જર અથવા એક્વિઝિશન હોય, વેપારમાં ફેરફાર વિક્ષેપજનક અને પડકારજનક હોઈ શકે છે. નેતૃત્વ પરિવર્તન એ ભવિષ્ય માટે દિશા બતાવવા, માર્ગદર્શન પ્રદાન કરવા અને પરિવર્તન સામેના પ્રતિકારને દૂર કરવા વિશે છે. જો કોઈ વ્યવસાય અને તેનું નેતૃત્વ અસરકારક રીતે સંચાલન કરવા માટે તૈયાર ન હોય, તો તે કર્મચારીઓમાં નીચું મનોબળ અને નબળા ગ્રાહક અનુભવ તરફ પણ દોરી શકે છે.

ચેન્જ મેનેજમેન્ટની પ્રક્રિયા ભવિષ્યલક્ષી છે. સિનિયર પોઝિશન પર બેઠેલી વ્યક્તિ જો ધાર્યા પરિણામ ન આપતી હોય તો એને દૂર કરી બીજાને બેસાડવી તેને ચેન્જ મેનેજમેન્ટ કહેવું યોગ્ય નહિં હોય. જયારે જૂની પેઢી નવી પેઢીના હાથમાં ધુરા સોંપવાનું નક્કી કરે, પ્રોફેશનલ કંપનીમાં સીઈઓ ઘણાં વર્ષોથી હોય તે પરિણામ પણ આપતો હોય પણ જો તેની ઉંમર, કાર્યક્ષમતા, સમય સાથે બદલાવ, આવનારા સમયની ઝાંખી જો તે ના કરી શકતો હોય ત્યારે બદલાવ જરૂરી થઇ જાય છે. ચેન્જ મેનેજમેન્ટ રાતોરાત ના થઇ શકે તેને સમય આપવો પડે. જૂની વિચારધારાની કામની વાતો રાખી તેમાં નવી વિચારધારાને ભેળવવાની કળા એટલે ચેન્જ મેનેજમેન્ટ. નવું નેતૃત્વ પોતાના કૌશલ્ય અને અનુભવના સહારે વૃદ્ધિ અને વિસ્તરણના સંદર્ભમાં ફાયદાકારક બની શકે છે.




આ મહત્ત્વનો હેતુ છે ચેન્જ મેનેજમેન્ટનો. એની સામે ચેન્જ મેનેજમેન્ટનો મોટો પડકાર એટલે જૂની પેઢીનું નિયંત્રણ અને કંપનીનું કલ્ચર અને વેલ્યૂ. આમાં સૌથી અગત્યની વાત એટલે નવી વિચારધારાને છુટ્ટો દોર આપવો. કંપનીનું કલ્ચર, વેલ્યૂ આની સ્પષ્ટતા નવી આવનાર વ્યક્તિને સમજાવવાનું કામ જૂની પેઢીનું છે. આ બધામાં બાંધછોડ ન થાય તેનું ધ્યાન રાખવું આવશ્યક છે.

આ જેટલું કહેવું સહેલું છે તેટલું આને અમલમાં મૂકવું અઘરું છે. પોતાના બાળકને બીજાને સોંપવાની વાત છે, પણ લાંબાગાળાના ફાયદા માટે આ પગલું સમયસર લેવું જરૂરી છે. આવા સમયે શું કરવું તે પ્રશ્ન થાય.

આવે વખતે સૌપ્રથમ એક સ્પષ્ટ યોજના હોવી જરૂરી છે. આ યોજનામાં વિગતવાર ઉત્તરાધિકાર વ્યૂહરચના શામેલ હોવી જોઈએ, જેમાં સ્થાપક, અનુગામી અને અન્ય કોઈપણ મુખ્ય હિસ્સેદારોની જવાબદારી અને ભૂમિકાની સ્પષ્ટ રૂપરેખા હોય. બીજું, આ પ્રક્રિયા માટે નિશ્ચિત સમયરેખા રાખો જેથી ફોકસ જળવાયેલું રહે. ત્રીજી અગત્યની વાત જૂના અને નવા નેતૃત્વ વચ્ચે પારદર્શક સંવાદ આ પ્રક્રિયા દરમિયાન થવો જોઈએ જેના થકી આવનારા સમયમાં કોઈ ગેરસમજ ઊભી ના થાય.

આથી આગળ જયારે બદલાવ આવતો હોય છે ત્યારે સૌથી વધુ તણાવમાં સંસ્થાના કર્મચારીઓ હોય છે, કારણ કે તેમને ખબર નથી હોતી કે શું થઇ રહ્યું છે, શું થશે અને તેમનું ભવિષ્ય સુરક્ષિત છે કે નહિ. આને લઈને સ્ટાફ સાથે સંવાદ જરૂરી છે, તેમને વિશ્વાસ આપો કે જે થઇ રહ્યું છે તે સૌના ઉજળા ભવિષ્ય માટે થઇ રહ્યું છે અને તેમની જોબ સુરક્ષિત છે. તેમના વગર આ આખી પ્રક્રિયા પાર પાડવી મુશ્કેલ છે તેની ખાતરી આપો અને તેમને આ પ્રક્રિયામાં સકારાત્મકતાથી જોડો. કદાચ નવી વિચારધારા માટે નવી ટીમ હયાત કર્મચારીઓમાંથી પણ ઊભી થઇ શકે, જે હંમેશાં કશુંક નવું કરવાની ઈચ્છા ધરાવતા હોય. અમુક લોકો જે ઘણા સમયથી સંસ્થા સાથે જોડાયેલા હોય તે નારાજ થઇ સંસ્થાને છોડી ચાલ્યા પણ જઈ શકે છે. નેગેટિવ પબ્લિસિટી પણ થઇ શકે છે આવા સમયે કઠોર નિર્ણયો લેવા પણ પડે જે લાંબાગાળા માટે આવશ્યક હોય.

ચેન્જ મેનેજમેન્ટને સંસ્થાઓએ ગંભીરતાથી લેવાની અને તેને પ્રાથમિકતા આપવાની જરૂર છે. સંસ્થાના લીડર્સ પરિવર્તન દ્વારા નેતૃત્વ કરવા માટે જેટલા વધુ તૈયાર હશે, તેટલા કર્મચારીઓ, ગ્રાહકો અને સંસ્થા સાથે સંબંધિત

જે કોઈપણ હશે તેમને વધુ સારા અનુભવો થશે. આયોજનબદ્ધ જો આ પ્રક્રિયા થાય તો નવું નેતૃત્વ; નવી વિચારધારા, નવી ઊર્જા અને સકારાત્મક વાતાવરણ ઊભું કરશે જે આવનારા સમયના સંસ્થાના વિકાસ અને વૃદ્ધિ માટે મહત્ત્વનો ભાગ ભજવશે. ■

મિલકતની નોંધપોથી

નજમુદ્દીન મેઘાણી (એડવોકેટ)
feedback@bombaysamachar.com

# ...એમ દીકરીના અધિકારો નષ્ટ ન કરી શકાય !

**પ્રવર્તમાન** સમયમાં જમીન-મિલકતોના હકક, અધિકાર બાબતે સગા-સંબંધીઓમાં ખૂબ મોટા પ્રમાણમાં તર-તકરારો, દાવા-દુવીના પ્રકરણો સામે આવી રહ્યાં છે. ખાસ કરીને દાદા યા પિતા તરફથી આવતી વડીલોપાર્જિત મિલકતને લઈને દીકરા-દીકરીઓ વચ્ચે હિસ્સાની તકરાર, દાવાનાં પ્રકરણો જોવા મળે છે.

જયારે કોઈ વ્યક્તિ વિલ કર્યા વિના યાને બિનવસિયતી મૃત્યુ પામે ત્યારે તેની સ્થાવર તેમ જ જંગમ મિલકતો કોના ભાગે કેટલી વહેંચાય- મિલકતોમાં કોનો કેટલો હકક લાગે અને કોનો હકક નહીં લાગે- મરનાર વ્યક્તિના સીધીલીટીના વારસદારોમાં કોણ ગણાય- તેમનો કેટલો હિસ્સો ગણાય વગેરે બાબતનું સામાજિક પરંપરા અને પ્રણાલિકા મુજબ અમલીકરણ કરવામાં આવતુ હતું.

'હિન્દુ વારસાહકક અધિનિયમ-૧૯૫૬'ના કાયદામાં સ્પષ્ટતા કરેલ છે કે દીકરીને દીકરા જેટલું જ વારસાઈ હકક પ્રાપ્ત થાય છે યાને સમાન વારસ હકક મળે છે. પિતાની મિલકતમાંથી દીકરાને જેટલો ભાગ મળે તેટલો જ ભાગ દીકરીને પણ મળે આ કાયદાથી કોઈ બાળક તેની માતાના ગર્ભમાં હોય, યાને હજુ જન્મેલ પણ ન હોય તેવા ગર્ભમાં રહેલા બાળકનો હકક આપવામાં આવે છે.

હિન્દુ વારસાહકક અધિનિયમમાં સને-૨૦૦૫માં થયેલા સુધારા મુજબ પણ કુટુંબની વડીલોપાજીર્ત મિલકતમાં દીકરાઓની જેમ દીકરીઓને પણ દીકરાઓ જેટલો જ સહીયારી માલીકી તરીકે હકક, અધિકાર મળે છે. દીકરીઓને પણ હવે દીકરાઓ જેટલો જ સરખો હિસ્સો મળે છે.

હિન્દુ વારસાહકક અધિનિયમમાં ૯ સપ્ટેમ્બર, ૨૦૦૫માં થયેલા સુધારા હેઠળના હક્કો હયાત પુત્રીને લાગુ પડે છે, ભલે પછી એ ગમે ત્યારે જન્મી હોય. માત્ર હયાત સમાંશિતોની હયાત દીકરીઓ જ વડીલોપાર્જિત મિલકતમાં હિસ્સાની માગણી કરવા હક્કદાર રહેશે. હિન્દુ વારસા અધિનિયમ હેઠળ દીકરીઓ સરખો હિસ્સો તો જ માંગી શકે, જો તેમના પિતા અને પોતે ૨૦૦૫ ના સુધારાની તારીખે હયાત રહ્યા હોય.

જોકે હિન્દુ વારસા અધિનિયમનો વર્ષ ૨૦૦૫નો સુધારો અમલી બનવાના સમયે દીકરી હયાત હોય તો તેણી સહમાલિક તરીકેના સમાન અધિકારની હકકદાર છે, તેવો અધિકાર દીકરી જન્મથી જ પ્રાપ્ત કરે છે ભલે પછી પિતાનું મૃત્યુ ગમે ત્યારે થયું હોય. ઉપરાંત દીકરીના આવા કાયદાકીય અધિકારને સમયમર્યાદાના આધારે નષ્ટ કરી શકાય નહીં, ખાસ કરીને જયારે વિભાજનનું હુકમનામું આખરી બન્યું ન હોય ત્યારે.

**(સંદર્ભઃ મલ્લેશ્વરી વિ. કે. સુગુણા - નામદાર સુપ્રીમ કોર્ટ)** ■




## બાયોમિથેનેશનઃ શ્રદ્ધા - સાયન્સનો સથવારો



મુંબઈના પ્રખ્યાત લાલબાગચા રાજા સાર્વજનિક ગણેશોત્સવ મંડળ ખાતે મુંબઈ મહાનગરપાલિકા દ્વારા ‘પ્રસાદથી ઊર્જા’ નામની પહેલ શરૂ કરવામાં આવી. ઉત્સવ દરમિયાન અન્ન, છત્ર અને પ્રસાદ કક્ષમાં ભેગા થતા ભીના કચરાને વિખૂટો પાડી કસ્તુરબા, જીટીબી અને સાયન હૉસ્પિટલના બાયોમિથેનેશન પ્લાન્ટમાં મોકલવામાં આવે છે. દસ દિવસમાં આશરે ૮૦ ટન ભીના કચરા પર પ્રક્રિયા કરી એમાંથી લગભગ ૭૭૪૪ યુનિટ રિન્યુએબલ વીજળીનું ઉત્પાદન કરવાનું આયોજન છે. બાયોમિથેનેશન પ્રક્રિયાથી ઉત્પન્ન થતી વીજળીનો ઉપયોગ હૉસ્પિટલના દર્દીના રૂમ, કોરિડોર તથા અન્ય કોમન વિસ્તારમાં લાઈટિંગ માટે કરવામાં આવશે. ટૂંકમાં ‘પ્રસાદથી ઊર્જા’ પહેલનો હેતુ વિશાળ પાયે ઉજવાતા જાહેર તહેવારો દરમિયાન ઉત્પન્ન થતા ભીના કચરાને ઊર્જા ઉત્પન્ન કરવા માટે વૈજ્ઞાનિક રીતે પ્રક્રિયા કરી શકાય છેએ દર્શાવવાનો છે. એનાથી પરંપરાગત કચરાના નિકાલ પ્રણાલીઓ પરનો બોજ ઘટે છે.

### આ બાયોમિથેનેશન છે શું?

બાયોમિથેનેશન પ્લાન્ટના વપરાશથી પ્રદૂષણમાં ઘટાડ થાય છે. કચરો ખુલ્લામાં સડવાને બદલે પ્લાન્ટમાં વપરાતો હોવાથી મિથેન સીધો વાતાવરણમાં ભળતો નથી, જેથી ગ્રીનહાઉસ અસરમાં ઘટાડો થાય છે. વેસ્ટ - બગાડમાં ઘટાડો થાય છે. પાલિકાનો ભીનો કચરો, છાણ અને કૃષિ કચરાનું યોગ્ય વ્યવસ્થાપન થાય છે. હાનિકારક ગ્રીનહાઉસ વાયુઓનું પ્રમાણ ઘટે છે અને પ્રદૂષણ મુક્ત ગ્રીન એનર્જી મળે છે. મુંબઈના ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર (બીએઆરસી) દ્વારા વિકસાવાયેલું નિસર્ગરુણ મોડલ આનું ઉત્તમ ઉદાહરણ છે. જે કચરો રહિત (Zero-Garbage) વ્યવસ્થા પ્રદાન કરે છે. નિસર્ગરુણ પ્લાન્ટ શું છે? મુંબઈનો ભાભા એટમિક રિસર્ચ પ્લાન્ટ (બીએઆરસી) નવીન પદ્ધતિ અમલમાં મૂકવા સહિત વિવિધ કારણસર ખ્યાતિ ધરાવે છે. અહીંનો નિસર્ગરુણ બાયોગેસ પ્લાન્ટ બીએઆરસી દ્વારા વિકસિત કરવામાં આવેલી અત્યાધુનિક ટેકનોલોજી છે. આ ટેકનોલોજી શહેરો અને સંસ્થાઓમાં ઉદ્ભવતા જૈવિક કચરા (Biodegradable waste - organic waste)નું સ્થળ પર જ યોગ્ય વ્યવસ્થાપન કરવાનો છે. સંસ્કૃતમાં ‘નિસર્ગરુણ’ શબ્દનો અર્થ થાય છે કુદરતનું ઋણ ચૂકવવું. આ પદ્ધતિથી કોઈ કચરો નથી થતો અને ઝીરો પ્રદૂષિત પાણીના સિદ્ધાંત પર કામ કરે છે.

## હા..આઆકછીઃ સાયન્સની દૃષ્ટિએ શુભ



શહેરમાં રહેતા લોકો કોઈ છીંક ખાય અને ‘બ્લેસ યૂ’ કહે, પણ કાઠિયાવાડમાં તો ‘ઘણી ખમ્મા’ સંભળાય. છીંક શરીરની એક અત્યંત મહત્ત્વપૂર્ણ રક્ષણાત્મક પ્રણાલી છે. આપણા નાકની અંદરની ત્વચામાં કોઈ પણ પ્રકારની બળતરા અથવા બાહ્ય કણો પ્રવેશે ત્યારે શરીર તેને બહાર ફેંકવા માટે આ પ્રક્રિયા કરે છે.

છીંક આવવા પાછળનું વિજ્ઞાન સમજવા જેવું છે. નાકની અંદર ધૂળના રજકણો, પરાગરજ, ધુમાડો, તીખા મસાલા (જેમ કે મરી) અથવા વાયરસ પ્રવેશે ત્યારે નાકની અંદર બળતરા થાય છે. બળતરા થતાં જ ચહેરા પરની નસ મગજના નીચેના ભાગમાં આવેલા સ્નીઝ સેન્ટરને સંદેશો મોકલે છે કે નાકમાં કંઈક ગરબડ છે અને સાફ કરવાની જરૂર છે. આંખો, ગળું અને મોં આપોઆપ બંધ થઈ જાય છે. છાતીના સ્નાયુઓ સંકોચાય છે અને ફેફસાં પર દબાણ આવે છે અને ફેફસાંમાંથી હવા અત્યંત તીવ્ર વેગ સાથે નાક અને મોં વાટે બહાર નીકળે છે. નાકની અંદર રહેલા કચરો, લાળ અને જંતુઓ બહાર ફેંકાઈ જાય છે.

છીંકના અજીબોગરીબ પ્રકાર છે. ફક્ત ધૂળ કે કચરાથી જ નહીં, પણ અન્ય વૈજ્ઞાનિક કારણસર પણ લોકોને છીંક આવે છે. કેટલાક લોકો સૂર્યના તેજસ્વી પ્રકાશ સામે જોતા જ છીંક ખાવા લાગે છે. કેટલાક લોકોને વધુ પડતું જમી લીધા પછી પેટ ભરાઈ જતાં જ છીંક આવે છે. ભ્રમરના વાળ ખેંચતી વખતે પણ છીંક આવી શકે છે. છીંકતી વખતે હંમેશાં મોં આડે રૂમાલ રાખવાથી જંતુઓ હવામાં અન્ય લોકો સુધી ન ફેલાય અને એમને તકલીફ ન થાય.

આટલું વાંચ્યા પછી જો તમે મહત્ત્વપૂર્ણ કામ માટે ઘરની બહાર નીકળી રહ્યા હો અને અચાનક કોઈને છીંક આવે તો તેને કામમાં અવરોધનો સંકેત માનવાની ભૂલ નહીં કરતા, કારણ કે છીંક તો ખરાબી દૂર કરે છે એટલે એ શુભ ગણવી જોઈએ, શું કયો છો?

## લાઈટના બિલમાં યુનિટની હાજરી

તમે જો લાઈટનું બિલ ધ્યાનથી જોયું હશે તો એમાં ઢગલાબંધ વિગત આપવામાં આવી હોય છે. એમાંની એક વિગત બિલ ચુકવણીની રકમ નક્કી કરે છે - તમે કેટલા યુનિટ્સ વાપર્યા? એ યુનિટની સંખ્યા બિલની રકમ નક્કી કરે છે - ટૂંકમાં કેટલા પૈસા ભરવાના એ જણાવ્યું હોય છે. પ્રતિ યુનિટ વીજળીના દર નક્કી હોય છે અને એને યુનિટ સાથે ગુણાકાર કરતા બિલની મૂળ રકમ નક્કી થાય છે. ત્યારબાદ એમાં વિવિધ ચાર્જીસ ઉમેરી બિલ તૈયાર થાય છે.

### એક યુનિટ વીજળી એટલે શું એ જાણો છો?

એક યુનિટ વીજળી એટલે એક કિલોવોટ - અવર (1 kWh) ઊર્જા. ૧૦૦૦ વોટ (1 Kilowatt)નો પાવર ધરાવતું કોઈ ઉપકરણ સતત એક કલાક સુધી ચાલુ રાખો ત્યારે જે વીજળી વપરાય એ એક યુનિટ કહેવાય છે. સરળ ભાષામાં સમજીએ તો ૧૦૦ વોટનો બલ્બ ૧૦ કલાક ચાલુ રહે ત્યારે એક યુનિટ વીજળી વપરાય છે. નહાવા જતી વખતે તમે ગરમ પાણી માટે ગીઝર વાપરો છો એ સામાન્યપણે ૨૦૦૦ વોટનું હોય છે. આ ગીઝર અડધો કલાક ચાલુ રહે તો એક યુનિટ વીજળી વપરાય. સીલિંગ ફેન - છત પરના પંખા




સામાન્યપણે ૫૦ વોટના હોય છે અને એ ૨૦ કલાક ચાલુ રહે ત્યારે એક યુનિટ વીજળી વપરાય. દોઢ ટનનું એર - કન્ડિશનર એક કલાક વાપરવા સરેરાશ ૧.૫ યુનિટ વીજળી લાગે. હવે ખ્યાલ આવ્યો ને કે ગીઝર અને એસીના વપરાશમાં રેશનિંગ - મર્યાદા કેમ રાખવામાં આવે છે?

## સૌથી યુવાન ગ્રહની ઉંમર છે ફક્ત ૧૦ લાખ વર્ષ!

સંસ્કૃતનું એક સુભાષિત છે કે ग्रहा राज्यं प्रयच्छन्ति ग्रहा राज्यं हरन्ति च। મતલબ કે ગ્રહો (પ્રસન્ન થાય તો) રાજ્ય આપે અને (અપ્રસન્ન હોય તો) ગ્રહો રાજ્ય હરી લે છે. જોકે, ખગોળ વિજ્ઞાન આની સાથે સહમત નથી થતું. વિજ્ઞાન માટે ગ્રહ એટલે વિશાળ કુદરતી ખગોળીય પિંડ કે જે કોઈ તારા (દા.ત. સૂર્ય)ની આસપાસ નિશ્ચિત ભ્રમણકક્ષામાં પ્રદક્ષિણા કરતો હોય. આપણા સૌર મંડળમાં આઠ ગ્રહ (બુધ, શુક્ર, પૃથ્વી, મંગળ, ગુરુ, શનિ, પ્રજાપતિ અને વરુણ) છે. પહેલા નવ હતા પણ પછી વૈજ્ઞાનિક વ્યાખ્યામાં ખરો ન ઉતરવાને કારણે પ્લુટોની ૨૦૦૬માં ગ્રહ તરીકે હકાલપટ્ટી કરવામાં આવી હતી. તાજેતરમાં ખગોળશાસ્ત્રીઓએ બ્રહ્માંડમાં અત્યાર સુધીનો સૌથી યુવા ગ્રહ (Youngest Exoplanet) શોધી કાઢ્યો છે, જેનું નામ Elias 2-24 બ રાખવામાં આવ્યું છે. આપણા સૌર મંડળથી બહાર હોવાને કારણે એક્ઝોપ્લેનેટ કહેવાય છે. આ નવો શોધાયેલો ‘બેબી’ ગ્રહ ૧૦ લાખ વર્ષ કરતાં પણ ઓછી ઉંમરનો હોવાથી તેણે અત્યાર સુધીના સૌથી યુવા ગ્રહ હોવાનો રેકોર્ડ તોડી નાખ્યો છે. આપણી પૃથ્વી અંદાજે ૪.૫ અબજ વર્ષ જૂની છે.પૃથ્વીથી આ ગ્રહ ૪૫૦ પ્રકાશ વર્ષ દૂર છે. આ ગ્રહ બ્રહ્માંડના રહસ્યો અને પૃથ્વી પર જીવનની શરૂઆત કેવી રીતે થઈતે સમજવામાં મદદરૂપ થઈ શકે છે. ■




## તહેવાર મારો-તમારો કે આપણો?

જૂઈ પાર્થ feedback@bombaysamachar.com

એક દો તીન ચાર, ગણપતિ કા જયજયકાર; પાંચ છે સાત આઠ, ગણપતિ હમારે સાથ; ઈક્કીસ બાઈસ તેઈસ ચોબીસ, ગણપતિ હમારી ચૉઈસ; ગણપતિ બાપ્પા મોરિયા, મંગલમૂર્તિ મોરિયા, બોલો શ્રી ગણપતિ ગજાનન મહારાજ કી જય!

સમગ્ર પારેખ અને શિંદે પરિવારે ભાવપૂર્વક ગણપતિની આરતી સંપન્ન કરી.

કલ્યાણીબેટા, ચાલો બધાને આરતી આપી પ્રસાદ આપી દો, પછી બધા સાથે જમવા બેસીએ. ભાવનાબહેનના કહ્યા પ્રમાણે કલ્યાણીએ કર્યું અને પછી મિત્રો પરિવાર સાથે જમવા બેઠાં.

સાસુવહુએ મળીને ગુજરાતી-મહારાષ્ટ્રિયન ભાણાની શ્રેષ્ઠ વાનગીઓ બનાવી હતી. ભોજન બાદ સહુએ ભજન કીર્તન કર્યું, ભેગાં આનંદ કરીને પછી છૂટાં પડ્યાં.

આજથી બે વર્ષ પહેલાં પારેખ પરિવારમાં ગણેશ ઉત્સવનું નામોનિશાન નહોતું. ભાવનાબહેન જરા જુનવાણી પ્રકારનાં સાસુ. કલ્યાણી મહારાષ્ટ્રિયન હતી. એનાં અને હેમાંગનાં પ્રેમ લગ્ન હતાં. લગ્ન કરવા બંનેના પરિવારનો સખત વિરોધ હતો, પણ હેમાંગ-કલ્યાણીએ ધીરજપૂર્વક એ લોકોની હા પાડવાની રાહ જોઈ અને છેવટે બેય પરિવારે ના-મને પણ એમનાં લગ્ન કરાવ્યાં. કલ્યાણી સંસ્કારી અને ખૂબ હોંશીલી. લગ્નના છ મહિનામાં ગણેશોત્સવ આવ્યો. એણે ભાવનાબહેન સમક્ષ ઘેર ગણપતિ તેડવાની ઇચ્છા વ્યક્ત કરી, કારણ કે વર્ષોથી કલ્યાણી એના પિયરમાં એ જ સંસ્કાર સાથે ઊછેરી હતી. આ બનાવ સમયે એને કહી દેવામાં આવ્યું હતું કે જે ઘરમાં પરણીને આવ્યા હો એના જ નિયમો માનવાના હોય. આપણા ઘરમાં ક્યારેય આ પ્રકારની ઉજવણીઓ થઈ નથી અને થશે પણ નહીં.

ભાવનાબહેનની આ વાતથી કલ્યાણીની લાગણી ખૂબ દુભાઈ હતી. એ વર્ષે એ કંઈ ના બોલી. બીજા વર્ષે એ કોઈને પૂછ્યા વિના ગણપતિની નાનકડી મૂર્તિ લઈ આવી. પોતે એકલી બેસીને પૂજાપાઠ કરે અને કોઈને પ્રસાદ સુધ્ધાંનું દબાણ ના કરે. ઘરના બધા આ જોયા કરે, પણ ભાવનાબહેને ગયા વર્ષે કહ્યું હતું એની વિરુદ્ધ કલ્યાણીનો સાથ આપવાની કોઈની હિંમત ના ચાલે. અંતે વિસર્જનના દિવસે કલ્યાણી સાથે હેમાંગ જોડાયો. હેમાંગને જોઈ એના પપ્પા પણ અને ગણપતિ બાપ્પાના વિસર્જનની પહેલી ડૂબકી સમયે ભાવનાબહેન પણ જોડાયાં. એમણે કલ્યાણીની માફી માગી અને કહ્યું કે બેટા, ભગવાનનાં કામમાં આડી આવનારી હું કોણ? હવેથી આપણે તારા અને અમારા બધા તહેવારોને આપણા બનાવીને ધામધૂમથી સાથે મળીને ઊજવીશું.

આપણા સમાજમાં એક વણબોલી પ્રચલિત પ્રથા પ્રવર્તે છે કે દીકરીમાંથી વહુ બને એટલે પિયરનું ભૂલીને સાસરાના જ વહેવારો અને તહેવારો, રીતરિવાજો, સામાજિક પ્રસંગો સાચવવાના ને ઊજવવાના. જે દીકરી વીસ-પચીસ-ત્રીસ વર્ષ સુધી જે જોતી મોટી થઈ છે એ ઘડીભરમાં ભૂલવું શક્ય છે? લગ્ન આંતરજ્ઞાતીય હોય કે પોતાની જ જ્ઞાતિમાં, ઘેર ઘેર વારતહેવાર ઊજવવાની રીત થોડી તો અલગ પડે જ, પરંતુ એના કારણે નવાને આવકાર ના આપવો એ કેટલી હદે ઉચિત ગણાય એ વિચારવા જેવું છે. કહેવાય છેને કે લગ્ન માત્ર બે વ્યક્તિઓનું નહીં, બે પરિવારો અને બે સંસ્કારોનું મિલન છે. તો પછી તહેવારો હોય કે રોજિંદી રીતભાત કે ખાણીપીણી, એમાંથી બાકાત કેવી રીતે રહી શકે! અરે, રસોડું સંસ્કૃતિઓને જોડવાનું સુંદર માધ્યમ બની શકે, ખાસ કરીને આંતરજ્ઞાતીય લગ્નોમાં. જ્યારે બંને પક્ષની શ્રેષ્ઠતમ વસ્તુઓ અપનાવવાનો અને માણવાનો મોકો મળે ત્યારે નવા તરફ ઉદાસીનતા રાખવી એ થોડું ખૂંચે છે.

તહેવારોનો મૂળ ભાવ છે કે સગાંસંબંધીઓ મિત્રો જે સામાન્ય સંજોગોમાં નથી મળતાં એમને મળી સાથે ઉજવણી કરી શકાય. એમા મારું તમારું નહીં ફક્ત આપણું જ હોઈ શકે. પરંપરા વારસામાં મળે છે, પણ પરિવારો તેને નવીરીતે જીવંત રાખે છે. તો પછી નિયમો પણ પરિવાર તરીકે સહુનું મન અને માન જળવાય એવા હોય તો સાચે જ ઘર મંદિર લાગે. એ સમજવાની જરૂર છે કે નવું અપનાવવું એટલે જૂનાનો અંત નહીં પણ એમાં નવાનો ઉમેરો.

લગ્ન પછી વહુને સાસરીના રીતરિવાજ અપનાવવાની અપેક્ષા રાખીએ છીએ, તો ક્યારેક એના પિયરના એકાદ રિવાજને પણ અપનાવી શકાય, કારણ કે વહુ પણ કોઈની દીકરી છે. જે વાતાવરણમાં એ નાનપણથી ઉછરી છે એ વાતાવરણ એની પાસેથી છીનવી લીધા કરતાં એનું પોતાનામાં ભેળવી દેવું શું ખોટું? સંસ્કારનો અર્થ પોતાની પરંપરાને પકડીને બીજાની પરંપરાને નકારી દેવાનો નથી. સંસ્કારનો સાચો અર્થ તો બીજાના ભાવને સમજવાનો છે. ઘરમાં ગણપતિની મૂર્તિ મોટી હોય કે નાની, આરતી કોઈ પણ ભાષાની કેમ ન હોય, પ્રસાદમાં મોદક હોય કે લાડુ, આનાથી ભગવાન સુધી પહોંચતી પ્રાર્થનામાં ફેર પડવાનો? ફરક તો આપણા મનમાં ઊભી કરેલી દીવાલોમાં છે. એ આ દીવાલો તોડી દઈએ તો કદાચ સમજાય કે તહેવારો વહેંચવાથી ઓછા નથી થતા, પણ ઉજવણીઓ વધતી જાય છે.

**આ વિશે બોલો, તમે શું કહો છો?** ■

ફોકસ પ્લસ

**શાહિદ એ ચૌધરી**

feedback@bombaysamachar.com

## દૂરના ટાપુથી આવેલું પાન છે ભારતીય સંસ્કૃતિનો એક ભાગ

જ્યારે હનુમાનજી ભગવાન રામના સંદેશ સાથે લંકાના અશોક વાટિકા પહોંચ્યા ત્યારે સંદેશ મેળવીને માતા સીતા ખૂબ જ ખુશ થઈ ગયાં હતાં અને આ બદલ તેમણે હનુમાનજીને કોઈ ભેટ આપવા માગતાં હતાં, પરંતુ આસપાસ કોઈ ફૂલ મળ્યું નહીં. એટલા માટે તેમણે આંકડાના પાનના છોડમાંથી તાજાં પાન તોડીને તેનો હાર બનાવીને હનુમાનજીના ગળામાં પહેરાવ્યો હતો. શુદ્ધ પ્રેમનું આ પ્રતીક સીધું માતા સીતા પાસેથી આવ્યું હોવાથી આ પાન હનુમાનજીને ખૂબ જ પ્રિય બન્યાં, કારણ કે તે તેમની માતા પાસેથી આવ્યાં હતાં.

તેથી જ્યારે પૂજા દરમિયાન હનુમાનજીને આંકડાના પાનનો હાર પહેરાવવામાં આવે છે ત્યારે તેઓ ખૂબ જ ખુશ થઈ જાય છે કારણ કે તે તેમને માતા સીતાની યાદ અપાવે છે અને ભક્તને શાંતિ અને સારું સ્વાસ્થ્ય આપવા ઉપરાંત, અવરોધો પણ દૂર કરે છે.

પાન, જેને ઐતિહાસિક રીતે તંબુલા તરીકે પણ ઓળખવામાં આવે છે, તેનો ઉલ્લેખ પ્રાચીન સંસ્કૃત અને તમિળ સાહિત્યમાં અને પાંચમી સદીમાં કાલિદાસનાં લખાણોમાં જોવા મળે છે. ચરક સંહિતા જેવા પ્રાચીન આયુર્વેદિક ગ્રંથોમાં પાનની પ્રશંસા કરવામાં આવી છે, જેમાં કહેવામાં આવ્યું છે કે તે પાચનમાં મદદ કરે છે, શ્વાસને તાજગી આપે છે અને શરીરના દોષોને સંતુલિત કરે છે. કામસૂત્રમાં જણાવાયું છે કે પાન ચાવવાથી રોમાંસ વધે છે.

આ પૃષ્ઠભૂમિમાં પાન ભારતીય સંસ્કૃતિનો અભિન્ન ભાગ બનવું સ્વાભાવિક હતું, જ્યાં સુધી પ્રાચીન અને મધ્યયુગીન હિન્દુ રાજ્યો (જેમ કે કન્નૌજ)માં, રાજા પાસેથી પાન લેવું એ શાહી સન્માન માનવામાં આવતું હતું. સ્વાગત અને વિદાય દરમિયાન વપરાતા પાનની સંખ્યા દ્વારા સ્થિતિ દર્શાવવામાં આવતી હતી - રાજા માટે ૩૨ પાન, રાજકુમાર માટે ૨૪, વિદ્વાન વ્યક્તિ માટે ૧૨ અને સામાન્ય વ્યક્તિ માટે ચાર. ઔપચારિક સમારંભોમાં યજમાન બંને હાથે પાન અર્પણ કરતો હતો અને બીજાઓની સામે પાન ખાવું અથવા તેને અર્પણ કરવાનો ઇનકાર કરવો તે અભદ્ર માનવામાં આવતું હતું.

હરીફ પાસેથી પાન સ્વીકારવાની ફરજ પાડવામાં આવવી એ અપમાનજનક માનવામાં આવતું હતું. જાતિ પર પણ આ જ તર્ક લાગુ પડે છેઃ નીચલી જાતિના વ્યક્તિ પાસેથી પાન સ્વીકારવું એ ઉચ્ચ જાતિના વ્યક્તિને પ્રદૂષિત માનવામાં આવતું હતું. મહિલા દ્વારા પુરુષને પાન આપવું તેને આમંત્રણ ગણાતું હતું.



મુઘલ કાળ દરમિયાન પાનનો વપરાશ લલિત કલાના સ્તરે પહોંચ્યો. ચાંદી અને સોનાના પાનદાન કુલીન જીવનનો એક આવશ્યક ભાગ બની ગયા. થોમસ રો જેવા યુરોપિયન પ્રવાસીઓએ લખ્યું હતું કે સમ્રાટ જહાંગીરના પોતાના પાનદાન પાસેથી પાન મેળવવું એ અપાર રાજદ્વારી સન્માનનું પ્રતીક હતું. દિલ્હી અને લખનઉમાં નવાબી યુગ દરમિયાન પાન શેર-ઓ-શાયરી (બોક્સ જુઓ), સંગીત અને ગણિકાઓની સંસ્કૃતિનો એક ભાગ બની ગયું - ‘પાન ખાયે સૈયા હમારો, સાંવલી સુરતિયા, હોઠ લાલ લાલ, હાય, હાય, મલમલ કા કુર્તા, મલમલ કે કૂર્તે પે છિંટ લાલ લાલ.’

બ્રિટિશ કાળ દરમિયાન, પાનનો ભદ્ર સાંસ્કૃતિક દરજ્જો ઘટવા લાગ્યો. બ્રિટિશ વહીવટી અને સેનિટરી દૃષ્ટિકોણ પાનને ‘ગંદા સ્વદેશી રિવાજ’ તરીકે જોતા હતા. છાલ અને તમાકુ ધરાવતાં પાન ખાવાની આદત મોં અને ગળાના કૅન્સર સાથે જોડાયેલી હતી, પરંતુ આ ‘કોલોનિયલ કલંક’ હોવા છતાં પાનનો વપરાશ રોજિંદા સ્ટ્રીટ ફૂડ તરીકે (તમને દેશના લગભગ દરેક શહેરમાં પાનની દુકાન મળશે), ભોજન પછીની પાચન વાનગી તરીકે અને લગ્ન, તહેવારો અને ઉજવણીઓમાં મહેમાનોનું મનોરંજન કરવાના માર્ગ તરીકે ચાલુ રહ્યો.

જ્યારે અગાઉ ફક્ત ત્રણ પ્રકારનાં પાન ખાવામાં આવતાં હતાંઃ મીઠા પાન (ગુલકંદ, તલ, નાળિયેર વગેરે સાથે), સાદા પાન (માત્ર કાથો, ચૂનો અને સોપારી) અને જુર્દા પાન (તમાકુ સાથે) તો હવે ચૅકલેટ, ફ્રૂટ ફ્લેવર અને અગ્નિ પાન પણ ઉપલબ્ધ બન્યાં છે.

પશ્ચિમ બંગાળ વગેરેમાં આવાં પાન વેચાય છે જે અંગે દાવો કરવામાં આવી રહ્યો છે કે તે જાતીય શક્તિમાં વધારો કરે છે. સુહાગરાતના દિવસે તેને ખાવાનું ચલણ છે. જેની કિંમત પ્રતિ પાન ૫,૦૦૦ રૂપિયા કે તેથી વધુ છે.

રસપ્રદ વાત એ છે કે પાન ભારતીય છોડ નથી. તે ઇન્ડોનેશિયન ટાપુઓ અને મલય દ્વીપકલ્પથી વેપારી જહાજો દ્વારા ભારતમાં આવ્યું હતું. કર્ણાટકના બેલુરમાં આવેલ ચેન્નાકેશવ મંદિર (૧૨મી સદીમાં હોયસાલા રાજવંશ દ્વારા બંધાયેલું) તેની બાહ્ય દીવાલો પર એક મહિલાને પાન પકડીને દર્શાવે છે, જે દર્શાવે છે કે ભારતમાં પાનને કેટલી ઝડપથી સ્વીકૃતિ મળી અને હવે કોઈ પણ હિન્દુ સમારંભ તેના વિના પૂર્ણ થતો નથી.

પૌરાણિક કથાઓ અને સંસ્કૃતિ પરનાં લગભગ ૫૦ પુસ્તકોના લેખક દેવદત્ત પટનાયકે લખ્યું છે કે વૈદિક સાહિત્ય, રામાયણ કે મહાભારતમાં ક્યાંય પણ પાનનો કોઈ ઉલ્લેખ નથી, કારણ કે તે સંસ્કૃતનો ભાગ નહોતાં. તેમના મતે પાન સંસ્કૃત ગ્રંથોમાંથી આવ્યા અગાઉ પૂર્વી અને દક્ષિણ ભારતમાં લોકપ્રિય હતાં.

તમિલ સંગમ કવિતા સોપારીના પાનથી પરિચિત ૨,૦૦૦ વર્ષ જૂના વિશ્વનું વર્ણન કરે છે. પતિયોંલાઈ કવિતામાં પાનના વ્યસ્ત બજારોનું વર્ણન છે જ્યાં પાન વેચાતાં હતાં. મદુરાઈકાંચી કવિતામાં પાનની ખેતી અને વેચાણનો ઉલ્લેખ મળે છે, જ્યારે કુરુમ્બિકાઈ કવિતામાં કહેવામાં આવ્યું છે કે સોપારી સાથે પાન આપવું એ આતિથ્ય અને પ્રેમનું પ્રતીક હતું.

અગરમમાં મહેમાનોને સૌપ્રથમ સોપારી આપવામાં આવતી હતી. ભૂટાનમાં જ્યારે બે લોકો મળે છે ત્યારે તેઓ ડોમા ચાવવા (અને સોપારી અને પાન વહેંચવા) આપતા હોય છે. પટનાયકનું કહેવું છે કે દૂરના ટાપુઓથી સમુદ્ર માર્ગે આવેલો એક છોડ, જેનો વેદોમાં ઉલ્લેખ નથી, છતાં હોયસાલા મંદિરોની દીવાલો પર જોવા મળે છે, તે ત્રિમૂર્તિ, લક્ષ્મી અને યમના નિવાસસ્થાન અને માનવ સંબંધોના વ્યાકરણનું પ્રતીક બની ગયું. તેવી જ રીતે ભારતે હંમેશાં વિદેશી પ્રભાવોને અપનાવ્યા છે - સંપૂર્ણપણે અને તેના દત્તક લેવાની કોઈ યાદ નથી.

આનો અર્થ એ થયો કે સીતા અને હનુમાન, અને દ્રૌપદી અને અન્યત્ર પાન વિશેની વાર્તાઓને વધુ પ્રસિદ્ધિ મળી જ્યારે ઉત્તર ભારતમાં પણ પાનનું ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને આયુર્વેદિક મહત્ત્વ વધ્યું હતું. ■



## મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# મર્દાનગીને બ્રેકની જરૂર છે!

## એ એક માત્ર રોડ અકસ્માત ન હતો - એક પુરુષ કારચાલકનો અહમ્ હતો



૧૩ સપ્ટેમ્બરે દિલ્હી નજીક આવેલા હરિયાણાના ગુરુગ્રામમાં ગોલ્ફ કોર્સ રોડ પર સવારે એક આઘાતજનક ઘટના બની. એક મહિલા બાઇકર પોતાની મોટરસાઇકલ પર જઈ રહી હતી ત્યારે એક કારે તેને જોરદાર ટક્કર મારી. ટક્કર એટલી જોરદાર હતી કે મહિલા બાઇક પરથી ઊછળીને રસ્તા પર પટકાઈ પડી અને તેની મોટરસાઇકલ કેટલાય મીટર સુધી રસ્તા પર ઘસડાતી ગઈ. સૌથી ચોંકાવનારી વાત એ હતી કે કારચાલકે ગાડી ઊભી રાખીને ઈજાગ્રસ્ત મહિલાની મદદ કરવાને બદલે ત્યાંથી ભાગી જવાનું પસંદ કર્યું.

આ અકસ્માત નહોતો. કાર ચાલકને ગુસ્સો આવ્યો હતો અને તેણે બાઈક સવાર મહિલાને સબક શીખવાડવા માટે પોતાની કાર અથડાવી હતી. બાઈક પર કેમેરા ફીટ કરેલો હતો અને તેમાં આ આખી ઘટના રેકોર્ડ થઇ. તેનો વીડિયો સોશ્યલ મીડિયા પર બહુ વાયરલ થયો પછી પોલીસે મહિલાના હત્યાના પ્રયાસના ગુના હેઠળ કાર ચાલકની ધરપકડ પણ કરી..

આ ઘટનાને જોતી વખતે દરેકના મનમાં એક અસ્વસ્થ કરી નાખતો પ્રશ્ન ઊભો થયો: આખરે એક પુરુષ ડ્રાઈવરના મનમાં એવું શું બને કે એક મહિલા સામેનો ગુસ્સો તેને એટલી હદે લઈ જાય કે તેની કાર જ તેના માટે હિંસાનું સાધન બની જાય?

ભારતમાં આવી ઘટનાઓને આપણે 'રોડ રેજ' કહીએ છીએ- વાહન ચલાવતી વખતે પડતી મુશ્કેલીના કારણે આવતો ગુસ્સો. ભારતમાં લાખો લોકો રોડ પર એકબીજા સાથે ઝઘડતા હોય છે, હોર્ન વગાડતા હોય છે, એકબીજાનો રસ્તો કાપતા હોય છે, ધમકીઓ અને ગાળો આપતા હોય છે, પણ મોટા ભાગના લોકો તેમનાં વાહનનો ઉપયોગ હથિયાર તરીકે નથી કરતા.

એટલે સવાલ કેવળ ગુસ્સાનો નથી. સવાલ એ છે કે પોતાનું વાહન બીજી વ્યક્તિને અથડાવી દેવાની હિંસા પાછળ કઈ માનસિકતા હોય છે?

ગુરુગ્રામમાં આવું જ કંઈક બન્યું હતું. બાઈકર યુવતીના કેમેરામાં કેદ થયેલાં દૃશ્યોમાં દેખાય છે કે એક કાર સતત તેની બાઈકની આસપાસ રહીને જાણે તેની સાથે રેસ કરી રહી હતી. યુવતી વારંવાર હાથના ઈશારાથી તેને દૂર રહેવા અને પોતાની બાઈકથી અંતર જાળવવા કહી રહી હતી. એટલે કે, તે કોઈ મુકાબલો કરવા માગતી નહોતી. ઊલટું, તે સ્પષ્ટપણે કહી રહી હતી- મારી નજીક ન આવો, મને મારી રીતે જવા દો. પણ કદાચ કારમાં બેઠેલા પુરુષ માટે આ માત્ર એક સામાન્ય વિનંતી નહોતી. તેને જાણે આ ઈશારો પોતાની સત્તા સામેના પડકાર જેવો લાગ્યો. 'મારી વાત કેમ નથી માનતી? અને તે પણ બાઈકવાલી?'નો અહેસાસ 'આને પાઠ ભણાવવો જોઈએ' સુધી પહોંચ્યો અને ક્ષણભરનો અહંકાર એવી હિંસામાં ફેરવાઈ ગયો, જેની કિંમત એક નિર્દોષ યુવતીને પોતાના શરીરથી ચૂકવવી પડી. તે ફંગોળાઈ ગઈ. નસીબ જોગે ગ્લોવ્ઝ અને હેલ્મેટના કારણે તે બચી ગઈ.

કદાચ પેલાને અંદાજ પણ નહોતો કે તેની આવી નિષ્ઠુર 'મર્દાનગી' રેકોર્ડ થઇ રહી છે.

અહીંથી એક મોટો સામાજિક પ્રશ્ન ઊભો થાય છે- એક સ્ત્રીનું 'દૂર રહો' કહેવું પણ કોઈ પુરુષના અહંકાર માટે એટલો મોટો પડકાર કેમ બની જાય છે?!

આપણા સમાજમાં છોકરાઓને નાનપણથી જ ઘણી બાબત સીધી કે પરોક્ષ રૂપે ભણાવવામાં આવે છે કે પોતાની વાત મનાવો. કોઈની સામે નમો નહીં. હાર ના માનો. મર્દ બનો. આવી 'શિક્ષા'ની સાથે તેમને એટલી મજબૂતીથી એવું નથી શીખવાડવામાં આવ્યું કે 'ના' સાંભળવી તે પણ મર્દ હોવાનો જ હિસ્સો છે. અસહમતીનો સ્વીકાર કરવો તે પણ તાકાત છે. કોઈ મહિલા તમને ના કહી દે તો તે પુરુષ હોવાનું અપમાન નથી.

અહીંથી એક સમસ્યા શરૂ થાય છે. એક આત્મવિશ્વાસી છોકરી જ્યારે બાઈક પર રેસિંગ કરતી હોય, એકલી ડ્રાઈવ કરતી હોય, કોઈ પુરુષને છેટા રહેવાનું કહેતી હોય અથવા તેના વ્યવહાર પ્રત્યે આપત્તિ વ્યક્ત કરતી હોય તો એક સાધારણ પુરુષ માટે આ એકદમ સામાન્ય વાત છે, પણ જે બાવડેબાજ પુરુષનો આત્મવિશ્વાસ તેના મર્દ હોવા પર ટકેલો હોય, તેના માટે આ વાત 'અપમાન' જેવી બની જાય. તે છોકરીની વાત નથી સાંભળતો - તે પોતાના અહમ્‌ને સાંભળતો હોય છે : 'તું મને હુકમ કરે છે?'

એવી જ રીતે પેલામાં એક ખતરનાક ભાવ પેદા થયો હતો- 'આને બતાવવું પડશે કે અહીં કોની તાકાત ચાલે છે!'

આ કેવળ વ્યક્તિગત કે એકલદોકલ સમસ્યા નથી. આ એ સામાજિક સંસ્કારની વાત છે, જેમાં પુરુષને અધિકાર અને સ્ત્રીને ચલાવી લેવાનું શીખવાડવામાં આવે છે. છોકરીને કહેવામાં આવે છે- દલીલ ના કરીશ, વધુ ના બોલીશ, સહન કરી લેજે. છોકરાને કદાચ એટલી ગંભીરતાથી એ નથી શીખવાડવામાં આવતું કે કોઈ છોકરી તને ના પાડે, દલીલો કરે કે સામો જવાબ આપે, તો તું ત્યાં અટકી જજે અથવા પાછળ હટી જજે.

બીજી તરફ, છોકરીઓને તો એ શીખવાડવામાં આવે છે કે પુરુષોના વ્યવહારથી કેવી રીતે બચવું, પણ છોકરાઓને એ નથી કહેવામાં આવતું કે સ્ત્રી સાથે કેવી રીતે પેશ આવવું.

અહીં વર્ણવેલી આ ઘટનાનું એક બીજું પણ દુઃખદ પાસું છે. અગર કોઈ વ્યક્તિથી દુર્ઘટના થઇ પણ જાય તો દુર્ઘટના પછી કેવી રીતે વ્યવહાર કરવો? એ ત્યાં ઊભો રહી જાય. ઘાયલ વ્યક્તિને જુએ. મદદ માગે. એમ્બ્યુલન્સને બોલાવે, પણ મોટાભાગના કિસ્સામાં અપરાધી ઘટનાસ્થળ છોડીને ભાગી જાય છે અને એટલે જ એ ઘટના ક્ષણિક ગુસ્સાની કે 'રોડ રેજ'ની નથી રહેતી. તેમાં પોતાની જવાબદારીથી બચવાની માનસિકતા દેખાય છે. તાકાત એ નથી કે કમજોરને ડરાવો. તાકાત એ છે કે ગુસ્સા પર બ્રેક મારો. કોઈ મહિલા તમને દૂર હટી જવાનું કહે તો અપમાનિત મહેસૂસ ન કરવું એ તાકાત છે. સડક પર હાર-જીતનો ફેંસલો નહીં કરવાનો ભાવ તાકાત છે અથવા 'મારાથી ભૂલ થઇ ગઈ' કહેવું એ તાકાત છે.

આપણા સમાજમાં પુરુષોને આવી ભાવના તો આપવામાં આવી છે, પણ ભાવનાઓને સંભાળવાની શિક્ષા ઓછી આપવામાં આવી છે. તેમને અધિકાર તો આપવામાં આવ્યા છે, પણ અસ્વીકાર સહન કરવાની તાકાત આપવામાં નથી આવી. તેમને હરીફાઈ તો શીખવાડવામાં આવી છે, પણ પરાજય સહન કરવાની વૃત્તિ આપવામાં નથી આવી. તેમને તાકાત કોને કહેવાય તે તો ભણાવ્યું છે, પણ સંયમ શું કહેવાય તેની સમજ નથી આપવામાં આવી એટલા માટે ગુરુગ્રામની સડક દુર્ઘટનાને એક મહિલા રેસર અને એક વાહન ચાલકનો ઝઘડો ગણીને ભૂલી જવાનું આસાન છે, પણ થોડા ઊંડા ઊતરીને વિચારીએ તો તે આપણા સમાજનો એક આયનો છે. સવાલ એ નથી કે એ દિવસે પેલાને કેટલો ગુસ્સો આવ્યો હતો; સવાલ એ છે કે આપણે આપણા છોકરાઓમાં ગુસ્સા, અસ્વીકાર અને સ્ત્રી સ્વતંત્રતા વિશે શું ભરી રહ્યા છીએ?

કારણ કે અસલી મર્દાનગી કોઈ છોકરીને સડક પર પાડી દેવામાં નથી- અસલી મર્દાનગી એ ક્ષણે મર્દાનગી પર બ્રેક મારી દેવામાં છે. ■




ભરત મહેતા feedback@bombaysamachar.com

# સ્પેસ ડેટા સેન્ટર્સ: ધરતીના બોજને હળવો કરતી બ્રહ્માંડની ક્રાંતિ

બાળપણમાં જ્યારે દાદીમા આકાશ તરફ આંગળી ચીંધીને કહેતાં કે 'ત્યાં ઉપર બધું જ સચવાય છે' ત્યારે એ વાત કોઈ પૌરાણિક કલ્પના લાગતી, પરંતુ આજે જ્યારે વિજ્ઞાન અને ટેક્નૉલૉજીના આરે ઊભા રહીને જોઈએ છીએ ત્યારે એ વાત શબ્દશઃ સાચી પડતી દેખાય છે. માનવજાત પોતાની સૌથી અમૂલ્ય સંપત્તિપોતાના વિચારો, સંવેદનાઓ, સર્જનાત્મકતા અને સ્મૃતિઓને હવે પૃથ્વીની ધૂળિયા સીમાઓમાંથી મુક્ત કરીને અનંત બ્રહ્માંડના ખોળામાં મૂકવા જઈ રહી છે. દાદીમા જે 'ક્લાઉડ'ની વાતો કરતાં હતાં, તે હવે વાસ્તવમાં પૃથ્વીના વાયુમંડળને ભેદીને અવકાશમાં પોતાનું કાયમી ઘર બનાવી રહ્યું છે.

આજે એક સામાન્ય માણસ જ્યારે પોતાના સ્માર્ટફોન પર એક નાનકડો ફોટો સેવ કરે છે કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) સાથે સંવાદ સાધે છે ત્યારે એ સહેલી પ્રક્રિયા પાછળ પૃથ્વી પર એક મોટો ભોગ અપાતો હોય છે. વિશ્વભરમાં પથરાયેલા ગીગાવાટ ક્ષમતાના ટેરા-સ્કેલ ડેટા સેન્ટર્સ આજે હજારો મેગાવોટ કોલસા કે પરમાણુ ઊર્જાનો વ્યય કરી રહ્યા છે.

### સૌથી ગંભીર પ્રશ્ન થર્મલ મૅનેજમેન્ટનો છે

હાઈ-પર્ફોર્મન્સ કમ્પ્યુટિંગ (HPC) ક્લસ્ટર્સ અને લાખો પ્રોસેસર્સ જ્યારે રાત-દિવસ ગણતરીઓ કરે છે ત્યારે અસહ્ય ગરમી પેદા થાય છે. આ સિલિકોન ચિપ્સને ઠંડી રાખવા માટે દરરોજ કરોડો લિટર મીઠું પાણી ચિલિંગ પ્લાન્ટ્સ અને કૂલિંગ ટાવર્સમાં વરાળ બનીને ઊડી જાય છે. એક બાજુ ગ્લોબલ વૉર્મિંગ અને પાણીની કટોકટી અને બીજી બાજુ ઝેટાબાઇટ્સમાં વિસ્તરતી માનવ ડિજિટલ ભૂખધરતી માતા હવે આ ભાર વેંઢારવા અસમર્થ બની રહી છે.

### શૂન્યાવકાશનું વરદાન ને સૌર ઊર્જાનો અખૂટ પ્રવાહ

આ સંકટમાંથી મુક્તિનો માર્ગ બતાવે છે અંતરીક્ષનું ભૌતિકશાસ્ત્ર. લો અર્થ ઑર્બિટ (LEO)



એટલે કે પૃથ્વીથી ૫૦૦થી ૧,૦૦૦ કિલોમીટરની ઊંચાઈએ સ્થાપિત થનારા આ ઑર્બિટલ ડેટા સેન્ટર્સ પાસે બે અદ્ભુત કુદરતી વરદાન છે;

### અખૂટ સૌર ઊર્જા

વાતાવરણની ગેરહાજરી અને વાદળોના અવરોધ વગર, હાઈ-એફિશિયન્સી ગેલિયમ આર્સેનાઇડ (GaAs) મલ્ટિ-જંક્શન સોલાર પેનલ્સ ચોવીસે કલાક અવિરત અને પૂર્ણ ક્ષમતાથી વીજળી પેદા કરી શકે છે. પૃથ્વી પર જે સોલાર સેલ ૨૦% ક્ષમતા આપે છે તે અવકાશમાં ડબલ કરતાં વધુ કાર્યક્ષમતાથી ઊર્જા સિંચે છે.

### રેડિયેટિવ કૂલિંગ

અંતરીક્ષમાં હવા નથી હોતી, તેથી ત્યાં કન્વેક્શન દ્વારા ઠંડક ન થઈ શકે; પરંતુ થર્મલ રેડિયેશન પૅનલ્સ દ્વારા સર્વર્સની ગરમીને સીધી માઇનસ ૨૭૦ ડિગ્રી સેલ્સિયસ (-૨૭૦°C) ધરાવતા ડીપ સ્પેસના શૂન્યાવકાશમાં ફેંકી શકાય છે. એક ટીપું પણ પાણી વાપર્યા વિના, પ્રકૃતિના પોતાના નિયમથી સુપરકમ્પ્યુટર્સ શીતળ રહી શકે છે.

### રેડિયેશન-લેઝર લિંક્સ-ગતિશીલ એન્જિનિયરિંગ

અંતરીક્ષ એ સ્વપ્ન જેવું સુંદર છે એટલું જ ક્રૂર પણ છે. ત્યાં ઇલેક્ટ્રૉનિક્સ ઉપકરણ મોકલવાં એ બાળકના રમકડાં જેવું નથી. અવકાશમાં ભટકતા સોલાર ફ્લેયર્સ, કૉસ્મિક કિરણો અને વાન એલન બેલ્ટના આયનાઇઝિંગ રેડિયેશન સિલિકોન સેમિકન્ડક્ટર્સને ક્ષણભરમાં બાળી નાખે કે મેમરીના બિટ્સ ઉલટાવી દે (સિંગલ ઇવેન્ટ અપસેટ - SEU) અને ડેટાને કરેપ્ટ કરી નાખે.

આ માટે સામાન્ય સર્વર્સ નહીં, પણ રેડિયેશન-હાર્ડન્ડ (Rad-Hard) ચિપ્સ, સિલિકોન-ઓન-ઇન્સ્યુલેટર (SOI) ટેક્નૉલૉજી અને ગેલિયમ નાઇટ્રાઇડ (GaN) આધારિત અત્યંત સક્ષમ પાવર અમ્પ્લિફાયર્સ તેમ જ ફોલ્ટ-ટોલરન્ટ આર્કિટેક્ચરની જરૂર પડે છે. ડેટા ટ્રાન્સફર માટે હવે જૂની રેડિયો ફ્રિક્વન્સી (RF) ટાઈ પડી રહી છે. ફ્રી-સ્પેસ ઑપ્ટિકલ કમ્યુનિકેશન (FSOC), એટલે કે અત્યંત પાતળા લેઝર બીમ દ્વારા અવકાશ અને પૃથ્વી વચ્ચે ગીગાબિટ્સ નહીં, પરંતુ સેંકડો ટેરાબિટ્સ પ્રતિ સેકન્ડ (Tbps)ની ઝડપે ડેટાનું આદાન-પ્રદાન શક્ય બને છે. ઓછી ઊંચાઈ ધરાવતી LEO ભ્રમણકક્ષાને કારણે લેટન્સી (Latency)એટલે કે સંદેશો પહોંચવામાં થતો સમયગાળો ઘટીને માત્ર ૧૫થી ૨૫ મિલિસેકન્ડ્સ થઈ જાય છે, જે સામાન્ય યુઝરને પૃથ્વીના લોકલ નેટવર્ક જેટલી જ સરળ અને ઝડપી અનુભૂતિ આપે છે.

### સહિયારા આકાશમાં માનવ ચેતનાનું અમરત્વ

આ માત્ર હાર્ડવેર, ફોટોનિક્સ કે થર્મલ ફ્લક્સની વાત નથી- આ માનવ અસ્તિત્વના રક્ષણની કથા છે. પૃથ્વી પર આપણો ડેટા ધરતીકંપ, પૂર, જ્વાળામુખી કે માણસે રચેલાં યુદ્ધો અને સરહદી વિવાદોની ભીતિમાં જીવે છે. અંતરીક્ષ કોઈ એક દેશની સીમામાં બંધાયેલું નથી- તે સમગ્ર માનવજાતનું મુક્ત આકાશ છે. ત્યાં તરતા આ ડિજિટલ સંગ્રહાલયોમાં આપણી સાહિત્યિક કૃતિઓ, સંગીત, ઐતિહાસિક તસવીરો અને પૃથ્વીના દરેક બાળકના હાસ્યની ડિજિટલ છાપ સુરક્ષિત રહેશે. કાલે જ્યારે આપણી પૃથ્વી પર કોઈ મહાસંકટ આવે ત્યારે પણ માનવજાતની સામૂહિક બુદ્ધિમત્તા અને સંવેદનાઓ તારાઓની વચ્ચે સુરક્ષિત રહેશે.

આવતીકાલે જ્યારે તમે મોડી રાત્રે તમારા સ્માર્ટફોન પર વ્હાલભર્યો સંદેશ ટાઇપ કરશો ત્યારે એ શબ્દો કદાચ પૃથ્વીના કોઈ અંધારા કેબલમાંથી નહીં, પણ અવકાશમાં ધ્રુવના તારા જેવી ચમકતી કોઈ કમ્પ્યુટિંગ પ્રણાલીને સ્પર્શીને, બ્રહ્માંડના મૌન આશીર્વાદ લઈને તમારા સ્વજન સુધી પહોંચશે. વિજ્ઞાન જ્યારે માનવ હૃદય સાથે જોડાય છે ત્યારે આવી જ એક શાંત, ભવ્ય અને સુરક્ષિત ક્રાંતિનો જન્મ થાય છે. ■




જયેશ ચિતલિયા feedback@bombaysamachar.com

# NSEમાં શા માટે લાંબાગાળાનું રોકાણ કરવું જોઈએ?

## એનએસઈ (નેશનલ સ્ટોક એક્સચેંજ) શૅર્સનું એલોટમેન્ટ મેળવવા અસંખ્ય લોકો ઉત્સુક હશે. એનો IPO આવતી કાલે સોમવારે (૨૧ સપ્ટેમ્બરે) બંધ થઈ જશે, એ પહેલાં કેટલીક વાત જાણીને સમજી લેવી જોઈએ.

સૌપ્રથમ બધાએ જાણી લેવું જોઈએ કે આ ઈસ્યૂ મારફત એનએસઈને કોઈ ફંડ મળવાનું નથી. એક્સચેંજ તેના સંસ્થાકીય રોકાણકારોના શૅર્સને પબ્લિક માટે ઓફર કર્યા છે, જેથી ફંડ આ સંસ્થાઓને ફાળે જશે. કમાશે પણ આ સંસ્થાઓ જ, પરંતુ એક લિસ્ટેડ કંપની બન્યા બાદ એનએસઈમાં રોકાણ કરવા માટે નાના-મોટા રોકાણકારો આવતા જશે અને ટ્રેડર્સ પણ સક્રિય બનશે. પરિણામે એનએસઈની પારદર્શકતા અને જવાબદારી વધશે. એનાં શૅર્સ સતત ડિવિડંડ આપે અને તેના ભાવમાં વૃદ્ધિ થતી રહે એવી વિશાળ રોકાણકાર વર્ગની અપેક્ષા પણ વધશે. જેને પૂર્ણ કરવા અને પોતાના વિકાસ માટે એક્સચેંજે સતત બિઝનેસ વધારવા-આવક અને નફો વધારવા સક્રિય રહેવું જોઈશે. હવે તેની પરીક્ષા જાહેરમાં થશે. અલબત્ત, એનએસઈ એક સજ્જ અને સક્ષમ કંપની છે, પણ તેને રોકાણકારોએ સમય આપવો પડશે.

એક પત્રકાર પરિષદમાં એક્સચેંજનું સફળ ટ્રાન્સફોર્મેશન કરનાર મેનેજિંગ ડિરેકટર અને સીઈઓ આશિષકુમાર ચૌહાણે કહ્યું હતું કે એક્સચેન્જની અગ્રતા એક નિયમનકારની ભૂમિકા નિભાવવાની રહેશે અને ત્યારબાદ તે કમર્શિયલ એન્ટીટી-કંપની તરીકેની. હવે પછી એનએસઇ બિઝનેસ માટે વધુ વિકલ્પો તરફ ધ્યાન વધારશે એમ જણાવતા આશિષકુમાર ચૌહાણે ઉમર્યુ હતું કે એક્સચેંજ કોમોડિટીઝ, કરન્સી, ઈટીએફ અને ઇજીઆર જેવી પ્રોડકટસની વૃદ્ધિની તકો ચકાસી રહ્યું છે, જેથી આવકના સ્રોતોમાં વિવિધતા આવે.

### ▶ નવાં સાધનો મારફત આવક પર ફોકસ

અત્યાર સુધી એક્સચેંજની મોટાભાગની આવક ટ્રાન્ઝેક્શન ફીમાંથી આવતી રહી છે. તેમાં વૈવિધ્ય લાવવા માટે ઇલેક્ટ્રિસિટી ફ્યુચર્સ, ઇજીઆર અને કોમોડિટીઝ જેવાં નવાં નાણાકીય સાધનો અજમાવાઈ રહ્યા છે. આની સફળતાને આધારે માત્ર ટ્રાન્ઝેક્શન ચાર્જિસ પરની એક્સચેંજની નિર્ભરતા ઘટશે. એક્સચેન્જના ડેટા મુજબ છેલ્લા પાંચ વર્ષમાં તેની કુલ આવકમાં ટ્રાન્ઝેક્શન ચાર્જનો હિસ્સો ૭૯ ટકા રહ્યો હતો. જોકે આવકનાં નવાં સ્રોતો ઝડપથી વધી રહ્યાં છે. નોંધનીય વાત એ પણ ખરી કે એનએસઈના લિસ્ટિંગનો લાભ બીએસઈને પણ ભરપૂર મળશે.

### ▶ વેલ્યુએશન કેવા બદલાશે?

એનએસઇની ઓફર ફોર સેલ ૨૧ સપ્ટેમ્બર સુધી રહેશે, પ્રાઇસ બેન્ડ શૅરદીઠ રૂ.૧૭૦૦ થી ૧૭૮૫ છે, એક્સચેંજ આ ઓફર માર્ગે રૂ. ૨૨,૫૬૧.૫ કરોડ એકત્ર કરવાનો લક્ષ્યાંક રાખે છે. આમાં એનએસઈને કોઈ ફંડ મળતું નથી, પણ આ ઓફર અને લિસ્ટિંગને પગલે એકસચેંજનું વેલ્યુએશન નકકી થશે. પ્રાઇસ બેન્ડની ઉપલી મર્યાદા એટલે કે રૂ.૧૭૮૫ના ભાવને ગણતરીમાં લઈએ તો આ વેલ્યુએશન રૂ. ૪.૪૨ લાખ કરોડનું રહેશે.

જોકે તેની સામે મોટો પડકાર ડેરિવેટિવ્ઝ ટ્રેડિંગની આવક જાળવી રાખવાનો પણ છે અને નવાં આવકનાં સાધનો ઊભાં કરવાનો પણ છે. તેનો પ્રયાસ વધુ રોકાણકારોને ઇક્વિટી ડેરિવેટિવ્ઝમાં લાવવાનો પણ રહેશે. તે રિટેલ-નાના રોકાણકારોને વધુ નિયંત્રિત રીતે ડેરિવેટિવ્ઝનો લાભ લેવામાં મદદ મળી શકે એવો પ્રયાસ કરશે. રોકાણકારોનું જોખમ ઘટે અને અવેરનેસ વધે એ પણ તેનો એક ઉદેશ રહેશે. એનએસઈ એક્સચેંજ ટ્રેડેડ ફંડ (ઇટીએફ)ના વિકાસની ઊંચી શક્યતા જોઈ રહ્યું હોવાથી તેને વિકસાવવાનો પ્રયાસ કરશે. આપણા દેશમાં ઇટીએફ ઉદ્યોગનું કદ ખૂબ જ નાનું હોવાથી, ફાઇનાન્સીએલાઇઝેશન વધવાની સાથે તેમાં પણ વિસ્તરણનો ભરપૂર અવકાશ હોવાનું નિષ્ણાતો માને છે.

### ▶ ગોલ્ડ માર્કેટ પર જોર

એનએસઇએ ફિઝિકલ ગોલ્ડને પ્રમાણિત એક્સચેન્જ-ટ્રેડેડ ફોર્મેટમાં લાવવાના ઉદ્દેશ્ય સાથે ઇજીઆર (ઇલેક્ટ્રોનિક ગોલ્ડ રિસિપ્ટ) શરૂ કર્યા છે. આ પ્રોડકટ શુદ્ધતા, પ્રમાણિકતા અને પારદર્શકતા સંબંધી વિશ્વાસ ઊભો કરે છે અને સોનાના વેપારની કાર્યક્ષમતામાં પણ સુધારો કરે છે. એક્સચેન્જ ઇજીઆરનો ઉપયોગ કોલેટરલ તરીકે અને સિક્યોરિટીઝ ધિરાણ લેવામાં પણ થઇ શકે તેવી સંભાવના છે. અલબત્ત, આ વિષયમાં સોના પરના જીએસટીની સમસ્યાનો ઉકેલ શોધવો જરૂરી છે, જો આ મામલો સ્પષ્ટ થાય તો સોનાની બજારનું કદ વધુ મોટું બની શકે છે.

### NSE વિશે જાણવા જેવું

એનએસઈનો શૅર બીએસઈ પર લિસ્ટેડ થવાનો હોવાથી તેના સોદાઓનો લાભ બીએસઈને મળશે. અલબત્ત, એનએસઈની એન્ટ્રી સાથે બીએસઈની ટોચની દસ વેલ્યુએબલ કંપનીઓમાં એનએસઈનું સ્થાન હશે. વિશ્વમાં હાલ લિસ્ટેડ એકસચેંજીસમાં બીએસઈ, લંડન સ્ટોક એકસચેંજ, નાસદાક, ન્યુયોર્ક સ્ટોક એકસચેંજ,

ઈન્ટરકોન્ટિનેન્ટલ એક્સચેંજ, જપાન એક્સચેંજ ગ્રૂપ, હોંગકોંગ એક્સચેંજ, ટીએમએકસ કેનેડાનો સમાવેશ થાય છે. એમાં હવે એનએસઈ ઉમેરાશે.

એનએસઈની ઓફર અને લિસ્ટિંગ સાથે ભારતીય મૂડીબજારમાં ઈતિહાસનું નવું પ્રકરણ શરૂ થશે. જેમને એલોટમેન્ટ ન મળે તેમણે આ શૅર સમય જોઈ બજારમાંથી લાંબા ગાળા માટે લઈ રાખવામાં પણ શાણપણ રહેશે.

### ▶ આગામી દાયકામાં આવી રહેલા કેટલાક ફેરફાર

આશિષકુમારના મતે ટેકનોલોજી તો સતત વિકસતી રહેશે. બજારના ફેસિલિટેટર તરીકે અમે એક એક્સચેન્જ તરીકે મૂળતઃ રોકાણકાર વર્ગ અને વેપાર સાહસિકો વચ્ચે એક વિશ્વાસનું વાતાવરણ સર્જીએ છીએ. આગામી સમયમાં ઘણા બધા ટેકનોલોજિકલ, રેગ્યુલેટરી, કંપ્લાયન્સના ફેરફારો એમ અનેક બાબતોમાં પરિવર્તનો જોવા મળશે, જેમાં મોટા ભાગની કામગીરી આપોઆપ (ઓટોમેશન મારફત) થતી હશે. એનએસઇનું મેનેજમેન્ટ માને છે કે દેશમાં ફાઈનાન્સિયલ માર્કેટના વિકાસની અઢળક સંભાવના રહેલી છે, જેમાં એનએસઈ મહત્ત્વની ભૂમિકા ભજવવાનો વિશ્વાસ ધરાવે છે. આમ તો આ કંપની (એનએસઈ) હાલ દેશનું નંબર વન એકસચેંજ છે, અનેકવિધ સીમચિન્હો તેના નામે નોંધાઇ ગયા છે. ડેરિવેટિવ્ઝ ટ્રેડિંગ વોલ્યુમથી લઈ માર્કેટ કેપ અને ટર્નઓવરથી લઈ ગ્લોબલ ફલક સુધી એનએસઈની વિકાસ ગાથા જાણીતી છે.

બાકી એનએસઈના ઈન્વેસ્ટર્સ અવેરનેસ કેમ્પેઈનમાં વપરાતા શબ્દો : 'સોચ-સમજકર ઈન્વેસ્ટ કરના'.નો પ્રયોગ કરીને કહીએ તો હાલ એનએસઈના ભૂતકાળ કરતા તેના વર્તમાન અને ભાવિ તરફ જોવાનો સમય આવી ગયો છે. ■

# હાસ્ય વિનોદ

વિનોદ ભટ્ટ
feedback@bombaysamachar.com

# ડાબા હાથનો ખેલ...

ડાબા હાથનો ખેલ- જમણા હાથથી લગભગ ૫૬ વર્ષ સુધી લખ્યું. વિનોદ ભટ્ટ જેવું નામ કમાવા માટે જમણા હાથે મને અડધી સદી કરતાંય વધારે સમય સુધી મદદ કરી. આજે મારું નામ સુધ્ધાં એ હાથ વડે હું હવા પર લખી શકું છું. પણ કાગળ પર લખી શકતો નથી. કહેવતમાં કહ્યું છે કે નામ છે તેનો નાશ છે ને પેલા નાટ્યકાર શેકસપિઅરે પણ વગર પૂછે કહી દીધું છે કે 'વ્હોટ ઇસ ધેર ઇન એ નેમ? નામમાં શું બળ્યું છે?' જોકે પોતાના આ વિધાન હેઠળ તે પોતાનું નામ લખવાનું નથી ચૂક્યો ને પાછો દોઢ નહીં, પોણા બે ડાહ્યો થઇને આપણને ઉપદેશ આપે છે કે નામની પાછળ માણસે દોડવું નહીં. અમારું નામ ભલે રતિલાલ નથી. પણ અમે તો આત્મરતિના માણસ છીએ. અમને એ પણ ખબર છે કે અમે જે-જે છાપામાં લખ્યું ને આજે પણ જે છાપામાં લખીએ છીએ તે વાંચી રહ્યા બાદ (ઇનામી કુપન કાપી લીધા પછી)પસ્તીના ઢગલામાં પહોંચી જાય છે ને. પસ્તીવાળો એ લઇ જવા આવે એની રાહ જોવાય છે.

હા, જમણા હાથની વાત આગળ. એ હાથ પહેલાં તો સાજોસમો હતો. એય લહેરથી ખાતો હતો. પીતો હતો ને જનોઇ વગરના બ્રાહ્મણનો હાથ હતો. એટલે માગે એને કવોટાના માપમાં રહીને આશીર્વાદ પણ આપતો હતો. પછી એવું થયું કે આપણા સાહિત્યકાર 'દર્શક' આપેલ શિખામણ આ પામર મનુષ્ય ભૂલી ગયો. 'સોક્રેટિસ' નવલકથા લખનાર 'દર્શક' કહ્યું છે કે 'મફત મળતું હોય એથી કંઇ ઝેર ન પિવાય' (સોક્રેટિસની તો જાણે એ નિયતિ હતી. એને તો એ રીતે ઇતિહાસ બની જવાનું હતું.) પણ ૨૦૦૮ના વર્ષમાં અમને અમેરિકા જવાનું નોતરું મળ્યું. યજમાને ખોંખારીને જણાવ્યું હતું કે તમે અમારા મહેમાન. આ નિમંત્રણથી વિપ્ર રાજી થઇ ગયો. કારણ એ જ કે ઘણાં લોકો મને પૂછ્યા કરતા હતા કે હજી લગણ તમે અમેરિકા ગયા નથી? તમને ત્યાં કોઇ બોલાવતું નથી? આ સવાલ સાંભળતી વખતે એવો ચચરાટ થતો કે તમે B.A.પાસ પણ નથી? બહુ કહેવાય? અમેરિકા જઇ આવવું. અમેરિકા - રિટર્ન હોવું એ અહીં ડિગ્રી મેળવવા બરાબર ગણાય છે. સ્ટેટસ સિમ્બોલ મનાય છે. અમે તો ગયા. પણ અમેરિકા અમને માફક ન આવ્યું. ત્યાં એક મહિના કાઢવો આકરો પડી ગયો. ત્યાંની ઠંડી લાગી ગઇ. જમણો ખભો ને હાથ પકડાઇ ગયા. ત્યારથી જમણો હાથ પાર્ટટાઇમ રિટાયર્ડ થઇ ગયો છે. મારા નહીં લખવાથી સાહિત્યને સહેજ પણ ફેર પડવાનો નથી. એની મને ખબર છે. હું લખું છ એને સાહિત્ય કહેવાય એવો પણ કોઇ ભ્રમ રાખતો નથી. (એથી જોકે તબિયત પણ પ્રમાણમાં ઠીક રહે છે.) હું 'સ્વાન્તઃ સુખાય' લખું છું. એવું ગપ્પું મારવાનુંય મને નથી ગમતું. કેમ કે ખરેખર જો એમ જ હોત તો છપાવાને બદલે લખ્યા બાદ મારાં લખાણો એક બાટલામાં (ના. બાટલી નાની પડે એટલે બાટલામાં) નાખી એર ઍન્ડ વૉટર ટાઇટ બૂચ મારીને સાબરમતી નદીમાં પધરાવ્યા કરત. નદીમાં કચરાની જોડે એને પણ વહી જવા દેત. પછી એ કચરામાંથી કોઇ બીજો જ વિનોદ ભટ્ટ ઊભો થાત. (એ તો જેવું ગુજરાતી સાહિત્ય તેમ જ સાહિત્ય પરિષદનું નસીબ-તો પણ ગુ. સા. પ. ને આવો પ્રમુખ તો ન જ મળ્યો હોત - બોલો, લાગી શરત સો-સો રૂપિયાની?) પણ સાચું કહું તો લગભગ અડધી સદી કરતાંય વધારે સમયથી મને મારું છપાયેલું નામ વાંચવાની લત પડી ગઇ છે, હું એના નશામાં જીવું છું.

જમણા હાથે પરાણે લખવા જતાં મને તો કષ્ટ પડતું જ હતું. પણ એ છાપનારને મારા કરતાંય વધારે આપદા પડતી. પ્રૂફરીડર કોઇ વાર મને ફોન પર પૂછતોય ખરો કે તમે પાના ચાર પર શું લખ્યું છે? 'પથદર્શક' કે 'પરામર્શક'? માત્ર પહેલો અક્ષર 'પ' અને છેલ્લો અક્ષર 'ક' જ ઉકેલી શકાય છે. આ સાંભળીને હું પણ મૂંઝાઈ જતો, કારણ કે આવા અઘરા શબ્દો હું લખવામાં વાપરતો નથી. આ પ્રકારના ભારેખમ શબ્દો હસાવવા માટે મને ખપમાં આવતા નથી. નક્કી કોઈ ભળતોસળતો શબ્દ જ લખાઈ ગયો હશે, જેની ભાળ હજી સુધી મળી નથી.

અને મારા અક્ષરો! મારે નમ્રતાનો અંચળો ફગાવીને કહી દેવું જોઈએ કે ભલે ગાંધીબાપુ મહાત્મા ગણાયા ને અમે આ ક્ષણે પણ અલ્પાત્મા છીએ. કિન્તુ ખરાબ અક્ષર કાઢવામાં બાપુ કરતાં અમે ઘણાં આગળ. બાપુના અક્ષર ભલે ખરાબ હતા, પણ તેઓ પોતાનું લખેલું વાંચી શકતાં, એટલું જ નહીં, તેમનું લખાણ તો મહાદેવ દેસાઈ ને કાકાસાહેબ કાલેલકર પણ ઉકેલી શકતાં, જ્યારે મારા કિસ્સામાં તો પોતાનું લખેલું સ્વયં વાંચી શકતો નથી ને મારા નઠારા અક્ષરો ઉકેલી શકે એવો કોઈ મહાદેવ દેસાઈ મને હજી સુધી જડ્યો નથી.

જોકે હવે મારે એની જરૂર પણ નથીઃ કેમ કે જમણા હાથ જોડે મારે હવે અણબનાવ થઈ ગયો છે. એના વિકલ્પે-ના, એની અવેજીમાં કમ્પ્યુટર નહીં, પણ ડાબા હાથ સાથે છેલ્લા થોડાક દિવસોથી વાટાઘાટ ચાલી રહી છે. એય હાથ તો મારો જ છે, એટલે થોડાં લાડ કરીને માની તો જશે. અલબત્ત, આની પ્રેરણા મને ગાંધીબાપુમાંથી મળી છે એ મારે કબૂલ કરવું જોઈએ. કહે છે કે બાપુ સવ્યસાચી હતા. તેઓ જમણે ને ડાબે હાથે લખવાનું શરૂ કરી દેતાં. જોવાની ખૂબી પાછી એ હતી કે તેઓ બંને હાથે ખરાબ અક્ષરોનું સાતત્ય જાળવતા, તેઓ એટલે સુધી કે વાંચનારને ખબર જ ન પડે કે કયા અક્ષર વધારે ખરાબ છે! બંને સરખા લાગે. આમ તો આ પણ એક સિદ્ધિ જ ગણાય.

કિન્તુ મારી બાબતમાં થોડી ગરબડ છે. જોનારા એવું કહે છે કે પેલા હાથ કરતાં આ હાથે લખાયેલ અક્ષરો ઘણાં જ સારા છે. (ઘણાં જ સારા, એટલે કે કષ્ટ વગર વાંચી શકાય એવા એમ સમજવાનું,) આ તો હજી શરૂઆત છે. ધીરેધીરે સુધરી જશે, અર્થાત્ પહેલાં જેટલા જ ખરાબ થઈ જશે. લખતી વખતે કેટલીક વાર મને લાગે છે કે હું હજી કક્કો ઘૂંટું છું, ક્ષ,ઘ,જ્ઞ અને ઋ જેવા અક્ષરો સાવ અજાણ્યા જણાય છે.

જોકે એનોય રોમાંચ થાય છે. કેટલીક વાર તો ડાબો હાથ જમણા, હાથને પૂછી નાખે છે કે 'હેં ભાઈ જમુ, 'જ્ઞ' કેમ લખાય?' હું ડાબા હાથે ધીમેધીમે લખતો હતો એ ટાણે એક ડૉક્ટર મિત્ર મળવા આવ્યા. આ રીતે લખતો જોઈને તેમણે મને માહિતી આપી કે આપણે જ્યારે ડાબા હાથે લખતા હોઈએ ત્યારે જમણી બાજુએ આવેલ મગજ સક્રિય બને છે ને જમણા હાથે લખતા હોઈએ એ સમયે ડાબી તરફ આવેલ મગજનું ડોમિનન્સ વધી જાય છે. ચાલો, મારી જમણી બાજુ પણ મગજ છે ને તે ચાલે છે પણ ખરું એ જાણીને હું એકદમ રાજી થઈ ગયો. જોકે લખતી વખતે કેટલીક વાર હું એવું 'ફીલ' કરું છું કે મગજ આવીને મારાં ટેરવાં પર બેસી જાય છે ને 'આ નહીં, પેલો શબ્દ લખ.' એવો આદેશ પણ આપે છે. આમ મગજ વતી હાથનાં ટેરવાં વિચારતાં હોવાની અનુભૂતિ થાય છે.

આ તો પાછી સત્યઘટના છે. ૩૦ વર્ષ કરતાંય જૂની છે આ ઘટના.

'ભારત યુવક નિકેતન' સંચાલિત સુલેખન સ્પર્ધાના ઈનામ વિતરણ સમારંભમાં અમને પણ આમંત્રણ મળેલું- બોલવા માટે... આ કાર્યક્રમમાં અમે પણ વક્તવ્ય આપવાના છીએ એમ જાણીને એક મિત્રે ટકોર કરી : 'સુલેખનમાં તમે બોલવા જશો? તમારા અક્ષર તો સારા નથી...' આ સાંભળીને મન થોડું વિચારમાં પડી ગયું ક્ષણભર તો થયું કે સુલેખનના નિયામકને ના પાડી દઉં, કહી દઉં કે મારા અક્ષરો જરાય સારા નથી, એટલે આ કાર્યક્રમમાં હું બોલવાને લાયક નથી... પણ પછી એ પત્રિકામાં વાંચ્યું કે આ સુલેખન-સંસ્થાની શરૂઆત જ ગાંધીશતાબ્દીના વર્ષમાં થઈ છે. શરૂઆત જ ખોટી થઈ છે- ગાંધીજીના બરાબરી હું અક્ષરોની બાબતમાં તો કરી જ શકું છું. તેથી એટલા પૂરતો મને બોલવાનો અધિકાર ખરો. આમ તો ગાંધીબાપુ મૌન પાળતા, પણ મૌન વિશેય તેઓ ઘણું બોલ્યા છે. ખરાબ અક્ષરો વિશે પણ બોલ્યા છે. તેમણે કહ્યું છેઃ 'ખરાબ અક્ષર એ અધૂરી કેળવણીની નિશાની છે.' જોકે એ વાતનો તો અમને આનંદ છે કે ગાંધીબાપુએ એટલું તો કબૂલ કર્યું છે કે ખરાબ અક્ષર એ અધૂરી પણ કેળવણી તો છે. ગાંધીજીના અક્ષરો ખરાબ હતા, હશે, પણ એટલા બધા ખરાબ નહીં હોય, નહીં તો 'ખરાબ અક્ષર એ અધૂરી કેળવણીની નિશાની છે.' એ વાક્ય આપણા સુધી પહોંચી શક્યું ન હોત. ગાંધીજી તો કદાચ પોતાના અક્ષરો ઉકેલી શકતા હતા, પણ એક વાર લખ્યા પછી ખુદ અમારા અક્ષરો ઉકેલવામાં અમને ત્રાસ પડે છે. એક વાર 'કુમાર'ના તંત્રી બચુભાઈ રાવતે કાગળ લખીને અમને બોલાવ્યા : 'તમારા લેખમાં એક શબ્દ બેસતો નથી તો રૂબરૂ મળી જશો.' તેમણે અમારા હાથમાં લેખ મૂક્યો. શબ્દ ઉકલ્યો નહીં. ઓશિયાળા ચહેરે અમે બચુભાઈ સામે જોયું. તેમણે હસીને કહ્યું 'જે કંઈ લખો એ સ્પષ્ટતાપૂર્વક લખો...' તરત એ શબ્દ ઊકલી ગયો! 'આ શબ્દ સ્પષ્ટતા છે...' પછી અમે સ્પષ્ટતા કરી.

લખવા માટે હાથ જમણો હોય કે ડાબો એનું ખાસ મહત્ત્વ નથી. મહત્ત્વ તો કોઈપણ હાથે લખવાનું છે. છેલ્લે મારે એટલું જ કહેવાનું છે કે મારો આ લેખ, 'ડાબા હાથનો ખેલ' એ મારા ડાબા હાથે લખાયેલ પહેલો જ લેખ છે. હવે હું છડેચોક કહી શકીશ કે હાસ્યલેખ લખવો એ મારા માટે હવે ડાબા હાથનો ખેલ થઈ ગયો છે. ■

## ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# ડોશીમાનો દાબડો ખવડાવે શીરો ને લાડવો

ડોશી - ડોસી એટલે વૃદ્ધ અથવા ઘરડી સ્ત્રી. એની પાસે કદાચ ભણતર ઓછું હોય પણ ગણતર ઘણું હોય, અનુભવનું પોટલું નહીં, પણ પટારો હોય. **ડોસીમાનું વૈદું** એટલે નાના બાળકોને થતા રોગોના ઉપાય. સમાજની આ વિશિષ્ટ પરંપરા છે. ઘણી વખત આ ઉપાય બહુ જ અસરકારક નીવડે છે ગુજરાતી લોકસાહિત્યમાં **ડોશીમાનો દાબડો ખવડાવે શીરો ને લાડવો** કહેવત ખૂબ જાણીતી છે. આ કહેવત પાછળ એક નાની પણ ખૂબ જ સચોટ બોધ આપતી લોકવાર્તા છુપાયેલી છે.




એક ગામમાં વૃદ્ધ ડોશીમા રહેતા હતા. ઉંમર થઈ હોવાથી શરીર સાથ ન આપતું હોવાથી બહુ કામ કરી શકતા નહોતા. તેમની પાસે એક નાનો અને સુંદર દાબડો (લાકડા કે ધાતુની નાની પેટી) હતો. ડોશીમા આ દાબડાને ખૂબ જ સાચવીને રાખતા. દીકરા, વહુ કે બાળકો આવે ત્યારે ડોશીમા છૂપી રીતે એ દાબડો ખોલીને જોઈ હસીને પાછો બંધ કરી દેતા. કુતૂહલવશ સવાલ કરવામાં આવતા તેઓ કહેતા કે 'આ દાબડામાં મારી જિંદગી આખીની કમાણી અને ખૂબ જ કિંમતી ઘરેણાં-રૂપિયા છે. જેની સેવા અને વર્તનથી ખુશ થઈશ, તેને હું આ દાબડો આપીશ.'

ડોશીમાની વાત લોભામણી હતી. ઘરના દીકરા અને વહુના મનમાં લોભ જાગતા વિચારવા લાગ્યા કે જો ડોશીમાને ખુશ નહીં રાખીએ તો આ કિંમતી દાબડો બીજા કોઈને મળી જશે. આ ધનની લાલચમાં બધી વહુઓ ડોશીમાની ખૂબ સેવા ચાકરી કરવા લાગી. રોજ ભાવતા ભોજન જમાડવામાં આવતા. એ આશય સાથે કે ડોશીમા ખુશ થઈને પેલો દાબડો તેમને આપી દે! જીવ્યા ત્યાં સુધી ડોશીમાએ સુખ ભોગવ્યું. ડોશીમાનું અવસાન થયું ત્યારે આખા પરિવારે ભેગા થઈને ખૂબ જ ઉત્સુકતાથી એ રહસ્યમય દાબડો ખોલ્યો. પણ દાબડો ખોલતા બધા ચોંકી ગયા. દાબડાની અંદર કોઈ સોનું - ઘરેણાં કે રૂપિયા નહોતા, કેવળ થોડા પથ્થર અને ઠીકરાં ભરેલા હતા! સાથે એક નાની ચિઠ્ઠી હતી જેમાં લખ્યું હતું **'મારો દાબડો, ખવડાવે શીરો ને લાડવો.'**

આ વાર્તા જીવનમાં જોવા મળતા લાલચ અને સ્વાર્થ તરફ આંગળી ચીંધે છે. લાલચ કે સ્વાર્થથી પ્રેરાઈને કામ કરતો માણસ ઘણીવાર છેતરાય છે. વહુઓ પ્રેમથી નહીં પણ ધનની લાલચમાં ડોશીમાને શીરો - લાડવો ખવડાવતી હતી. એના બદલામાં તેમને માત્ર પથ્થરો જ મળ્યા. કહેવતમાં વહેવારુ બુદ્ધિ (ચતુરાઈ) પણ ડોકિયાં કરે છે. ડોશીમાએ વૃદ્ધાવસ્થામાં ચતુરાઈ વાપરી. ધનનો ભ્રમ ઊભો કરીને જીવનના અંતિમ દિવસો સુખ અને માન-સન્માન સાથે વિતાવ્યા.ટૂંકમાં કોઈ કાલ્પનિક કે ખોટી આશા બતાવીને સ્વાર્થસિદ્ધિ કરી લેવી અથવા ચતુરાઈપૂર્વક પોતાનું કામ કઢાવી લેવું એ આ કહેવતનો ભાવાર્થ છે.

## ભાષા વૈભવ

# हिन्दी दिवस

**१४ सितंबर १९४९ को संविधान सभा ने देवनागरी लिपि में लिखी हिन्दी को भारत की राजभाषा के रूप में स्वीकार किया था। शुरुआत: देश में पहला हिन्दी दिवस आधिकारिक तौर पर १४ सितंबर १९५३ को मनाया गया था।** ભારતમાં દર વર્ષે ૧૪ સપ્ટેમ્બર હિન્દી દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે ભારતીય સંવિધાન સભા દ્વારા દેવનાગરી લિપિમાં લખવામાં આવતી હિન્દી ભાષાને દેશની સત્તાવાર રાજભાષા તરીકે સ્વીકારવામાં આવી હતી. આ દિવસ ઉજવવાનો મુખ્ય હેતુ દેશમાં હિન્દી ભાષાના પ્રચાર-પ્રસારને પ્રોત્સાહન આપવાનો અને તેના પ્રત્યે જાગરૂકતા લાવવાનો છે. હિન્દી - ગુજરાતી ભાષાના કેટલાક શબ્દોમાં ઘણું સામ્ય જોવા મળે છે. **हिन्दी में भाई, बहन, मित्र-दोस्त कहा जाता है।** ગુજરાતીમાં ભાઈ, બહેન, મિત્ર - દોસ્ત સંબોધન વપરાય છે. **हिन्दी में पानी,खाना, घर, किताब-पुस्तक, पवन, कागज प्रचलित है ।** આ જ શબ્દો ગુજરાતીમાં પાણી, ખાણું, ઘર, કિતાબ - પુસ્તક,પવન, કાગળ તરીકે જાણીતા છે. રસપ્રદ વાત એ છે કે બંને ભાષામાં રૂઢ થયેલો કિતાબ પુસ્તક મૂળ અરબી છે અને એ જ સ્વરૂપે સમાવેશ થયો છે. કેટલીક પ્રચલિત કહેવતોના હિન્દી સ્વરૂપ પણ જાણવા જેવા છે. ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન એ કહેવત અનેક લોકો જાણતા હશે. હિન્દીમાં આ કહેવત **अंधो में काना राजा** સ્વરૂપમાં હાજર છે. બંનેનો ભાવાર્થ




વિદ્વાનની અછત હોય ત્યાં ઓછી બુદ્ધિવાળો પણ ઉત્તમ ગણાય છે એ જ છે. અધૂરો ઘડો છલકાય ઘણો / ખાલી ચણો વાગે ઘણો કહેવતનો ભાવાર્થ છે ઓછી યોગ્યતા કે જ્ઞાન ધરાવતો માણસ વધુ દેખાવ કરે છે. આ જ ભાવાર્થવાળી હિન્દી કહેવત છે **अधजल गगरी छलकत जाए/थोथा चना बाजत घना.** સંપ અથવા એકતામાં જ ખરી શક્તિ અને શાંતિ છે ભાવના દર્શાવતી ગુજરાતી કહેવત છે સંપ ત્યાં જંપ. **एक और एक ग्यारह होते है.** આ કહેવતનું હિન્દી સ્વરૂપ છે. આવા બીજા પણ ઘણા ઉદાહરણ છે. ઝાઝી કીડીઓ સાપને તાણે - **अकेला चना भाड नहीं फोड सकता,** ડુંગરા દૂરથી રળિયામણા - **दूर के ढोल सुहावने होते है,** પાણી પહેલાં પાળ બાંધવી - **आग लगने पर कुआ खोदना.** વગેરે વગેરે. જોકે, બંને ભાષામાં એવા પણ કેટલાક શબ્દો છે જેના દેખાવમાં ગજબનું સામ્ય છે પણ અર્થમાં ફરક છે. ગુજરાતીમાં દવાખાનું એટલે એવી જગ્યા જ્યાં દર્દીના ઈલાજ - સારવાર કરવામાં આવે. હિન્દીમાં **दवाख़ाने याने जहाँ डॉक्टर की सलाह पर दवाइयाँ दी जाती है या बेची जाती है.** ફાર્મસી અથવા મેડિકલ સ્ટોર. અલબત્ત ઈલાજ કે સારવારના સ્થળનો અર્થ પણ છે. **बहार** - બહાર વચ્ચેનો તફાવત પણ સમજવા જેવો છે. **बहार** એટલે વસંત ઋતુ જ્યારે ફૂલો ખીલે અને હરિયાળી છવાઈ જાય. ગુજરાતીમાં બહાર એટલે અંદર નહીં ઘરની કે ઓફિસની બહાર. આ ભાવ સાથેનો હિન્દી શબ્દ છે **बाहर** ભાષાઓ મધુર હોવા સાથે મજેદાર પણ હોય છે. ■

## ફોકસ

સંધ્યા સિંહ
feedback@bombaysamachar.com

# સોશ્યલ મીડિયા પર રીલ્સથી બદલાયો ભારતીય રસોડાનો ટ્રેન્ડ...



ક્યારેક રસોડામાં કોઈ નવી વાનગી બનાવવી એ પોતાની રીતે જ એક મોટી ઘટના ગણાતી. પાડોશના ભાભીએ કંઈક નવું બનાવ્યું, સગાં-સંબંધીઓ પાસેથી કોઈ ખાસ રેસિપી મળી, માતાએ કોઈ જૂના રસોઈયા પાસેથી તેની રીત શીખી અથવા તો રવિવારે બજારમાંથી કોઈ નવી શાકભાજી આવી ગઈ. બસ, આટલું જ કાફી હતું. આજે કહાની બદલાઈ ગઈ છે. સવારે મોબાઈલ ખોલતાં જ કોઈ વસ્તુ તવા પર શેકાઈ રહી હોય છે, કોઈ કડાઈમાં ચીઝ ઓગાળી રહ્યું હોય છે તો કોઈ બે મિનિટમાં એવી ડિશ તૈયાર કરી દે છે જેને જોઈને લાગે છે કે અત્યાર સુધી આપણને રસોઈ બનાવતા આવડતું જ નહોતું.

સોશ્યલ મીડિયાએ આપણા રસોડાને એક રીતે ૨૪ કલાક ખુલ્લું રહેતું ડિજિટલ કુકિંગ શો બનાવી દીધું છે. ઇન્સ્ટાગ્રામ રીલ્સ, યુટ્યૂબ શોર્ટ્સ, ફેસબુક વીડિયો અને અન્ય પ્લેટફોર્મ્સ પર રેસિપીઝનો એવો બોમ્બમારો થાય છે કે દરરોજ કોઈ નવો સ્વાદ આપણી સામે દસ્તક આપે છે.

સવાલ એ છે કે શું આ રેસિપીએ ખરેખર આપણા ખાનપાનને બદલી નાખ્યું છે? જવાબ છે ઘણે અંશે હા. સૌથી મોટો બદલાવ કદાચ એ આવ્યો છે કે હવે નવી ડિશની શોધ માટે કોઈ પુસ્તક કે અનુભવી વ્યક્તિની જરૂર નથી પડતી. મોબાઈલની સ્ક્રીન જ આપણી રેસિપી બુક છે. પહેલાં લોકો નક્કી કરતા હતા કે આજે શું બનાવવું અને પછી તેની રીત શોધતા હતા. હવે અવારનવાર ઊલટું થાય છે. રીલ સામે આવે છે અને તે નક્કી કરે છે કે આજે શું બનશે.

આ જ કારણ છે કે એવી ઘણી વસ્તુઓ કે જે ક્યારેય ઘરના રસોડામાં મુશ્કેલીથી જોવા મળતી હતી, તે અચાનક લોકપ્રિય થઈ જાય છે. કોઈ દિવસે મિલેટ્સની રેસિપી વાયરલ થાય છે, તો પછીના દિવસે કોરિયન નૂડલ્સ, ત્યાર પછી કોઈ દેશી ફ્યુઝન અને પછી પાંચ મિનિટમાં બનતો નાસ્તો. એક રેસિપી વાયરલ થઈ નથી કે હજારો ઘરોમાં તેના પ્રયોગો શરૂ થઈ જાય છે. આ સોશ્યલ મીડિયાએ સ્વાદની આપણી વ્યાખ્યાને પણ વિસ્તૃત કરી છે. પહેલાં ભોજનનો સ્વાદ ઘણે અંશે સ્થાનિક સંસ્કૃતિ અને પસંદગીથી નક્કી થતો હતો. હવે દિલ્હીમાં બેઠેલી વ્યક્તિ દક્ષિણ ભારતીય, બંગાળી, ગુજરાતી કે કાશ્મીરી વાનગીઓ જ નહીં, પણ દુનિયાના અલગ-અલગ ભાગોની વાનગીઓથી પણ સરળતાથી પરિચિત થઈ શકે છે. કોઈ નાનાં શહેરનાં રસોડામાં પણ હવે પિઝાથી લઈને પાસ્તા અને મોમોઝથી લઈને જાપાની શૈલીની વાનગીઓ સુધીના પ્રયોગો થવા લાગ્યા છે.

પરંતુ સોશ્યલ મીડિયાના રસોડાએ માત્ર વિદેશી સ્વાદો જ નથી બદલ્યા. રસપ્રદ વાત એ છે કે તેણે જૂની ભારતીય વાનગીઓની વાપસી પણ કરાવી છે. દાદી-નાનીના સમયના મિલેટ્સ, સત્તુ, બાજરાનો રોટલો, જવ, પરંપરાગત પીણાં, દેશી ચટણી અને પ્રાદેશિક વાનગીઓ પણ હવે નવા અંદાજમાં સોશ્યલ મીડિયા પર જોવા મળી રહી છે. જે ખોરાકને ક્યારેય પછાતપણાની નિશાની માનવામાં આવતો હતો, તે જ હવે 'ટ્રેડિશનલ', 'ઓથેન્ટિક' અને 'હેલ્ધી' બનીને નવી પેઢી સામે પાછો ફરી રહ્યો છે. અહીં સોશ્યલ મીડિયાની એક મોટી હકારાત્મક અસર જોવા મળે છે. ઘણા યુવાનોએ કદાચ પહેલીવાર એ જાણ્યું કે ભારતીય રસોડું માત્ર દાળ-ભાત અને રોટલી-શાક સુધી સીમિત નથી. દરેક વિસ્તાર પાસે પોતાનું અદ્ભુત ખાદ્ય વિશ્વ છે. ડિજિટલ માધ્યમે એ વિશ્વને ઘરના રસોડા સુધી પહોંચાડવાનું કામ કર્યું છે.

પરંતુ ચિત્રની બીજી બાજુ પણ છે. રીલ્સની દુનિયામાં ખોરાક અવારનવાર સ્વાદ કરતાં દૃશ્ય અનુભવ વધુ બની જાય છે. પનીર ખેંચાતું દેખાવું જોઈએ, ચોકલેટ વહેતી હોવી જોઈએ, ચીઝ ઓગળવું જોઈએ અને પરોઠાનું પડ કેમેરાની સામે ખૂલવું જોઈએ. મતલબ એ કે ખાવાનું હવે માત્ર ખાવાની વસ્તુ નથી, જોવાની અને બતાવવાની વસ્તુ પણ બની ગયું છે. અહીંથી જ ખાનપાનની ટેવો પર સોશ્યલ મીડિયાનો પ્રભાવ થોડો જટિલ બની જાય છે. આકર્ષક વીડિયો આપણને એવી વસ્તુઓ બનાવવા માટે પ્રેરે છે જે આપણે સામાન્ય સંજોગોમાં કદાચ ન બનાવીએ. વધુ પડતું ચીઝ, વધુ પડતો સોસ, વધુ પડતું માખણ, ડીપ ફ્રાય કે અત્યંત મીઠા પ્રયોગો જોવામાં ખૂબ જ આકર્ષક લાગી શકે છે. સમસ્યા રેસિપીમાં નથી, પરંતુ એ માની લેવામાં છે કે જે સ્ક્રીન પર સુંદર અને સ્વાદિષ્ટ દેખાઈ રહ્યું છે, તે રોજિંદા ભોજન માટે પણ એટલું જ યોગ્ય છે.

સોશ્યલ મીડિયાએ ઘરમાં રસોઈ બનાવવાની ઇચ્છાને પણ વધારી છે. ઘણા લોકો તૈયાર ખાવાનું મંગાવવાને બદલે રીલ્સ જોઈને પોતે જ પ્રયોગો કરવા લાગ્યા છે. યુવાનો પણ રસોડામાં હાથ અજમાવી રહ્યા છે. ક્યારેક 'મને રસોઈ બનાવતા નથી આવડતી' કહેવાતી વ્યક્તિ પણ મોબાઈલ સામે રાખીને નવી ડિશ તૈયાર કરી લે છે. આ બદલાવ ખાસ કરીને એવા લોકો માટે મહત્ત્વપૂર્ણ છે કે જેમની પાસે પરંપરાગત રીતે રસોઈ શીખવાની તક નહોતી. બીજી તરફ, રેસિપીઝની આ બહુમતીએ એક નવું દબાણ પણ ઊભું કર્યું છે. દરરોજ કંઈક નવું બનાવવાનું દબાણ. સાદા દાળ, શાક અને રોટલી ક્યારેક આપણને ખૂબ સાધારણ લાગવા માંડે છે. સોશ્યલ મીડિયા સતત એવો અહેસાસ કરાવે છે કે આપણી થાળીમાં કંઈક નવું, અનોખું અને આકર્ષક હોવું જોઈએ. ભોજનમાં વિવિધતા હોવી સારી વાત છે, પરંતુ રોજિંદા નવા સ્વાદની શોધ પરંપરાગત અને સાદા ભોજનના મહત્ત્વને ઓછું ન કરી દેવી જોઈએ.

સૌથી મોટો ફેરફાર કદાચ આપણી ખાદ્ય કલ્પનામાં આવ્યો છે. હવે ભોજન માત્ર ભૂખ સંતોષવાનું સાધન નથી રહ્યું. તે મનોરંજન છે, પ્રયોગ છે, કન્ટેન્ટ છે અને ક્યારેક ઓળખનો એક ભાગ પણ છે. લોકો પોતાના બનાવેલા ભોજનના ફોટા અને વીડિયો શેર કરે છે, એટલે કે રસોડામાંથી નીકળેલી થાળી હવે સીધી સોશ્યલ મીડિયાની દુનિયામાં પહોંચી રહી છે. આની અસર બજાર પર પણ પડી છે. કોઈ સામગ્રી કે ડિશ વાયરલ થતાં જ તેની માંગ વધી શકે છે. એવામાં સોશ્યલ મીડિયા માત્ર આપણી પસંદગી જ નથી બદલી રહ્યું, પરંતુ એ પણ પ્રભાવિત કરી રહ્યું છે કે આપણે બજારમાંથી શું ખરીદીએ છીએ. છતાં પણ આ આખી વાર્તામાં સૌથી મહત્ત્વની વાત કદાચ એ જ છે કે રેસિપી જોઈને ખોરાક બદલવો ખોટો નથી, પરંતુ રેસિપીને પોતાની જરૂરિયાત મુજબ બદલવી જરૂરી છે. સોશિયલ મીડિયા આપણને નવા સ્વાદથી પરિચિત કરાવી શકે છે, પરંતુ આપણી થાળીનો અંતિમ નિર્ણય તો આપણી જરૂરિયાત, સ્વાસ્થ્ય, ઋતુ, સ્થાનિક ઉપલબ્ધતા અને પારિવારિક પસંદગીથી જ થવો જોઈએ. ■

# આઈઆઈટી બૉમ્બેના સ્ટુડન્ટે આત્મહત્યા કરીઃ ગુનો દાખલ

## મૃત્યુ આસપાસના સંજોગોની તપાસની માગણી

મુંબઈઃ પવઇમાં ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (આઇઆઇટી) બોમ્બેના સ્ટુડન્ટે પરીક્ષામાં મોબાઇલનો ઉપયોગ કરતા પકડાયા બાદ હોસ્ટેલની રૂમમાં આત્મહત્યા કરી હતી. આ ઘટના બાદ વિદ્યાર્થીઓએ કેમ્પસમાં આંદોલન કર્યું હતું અને મૃત્યુની આસપાસના સંજોગોની તપાસની માગણી કરી હતી. મૃતકના પિતાએ આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે આત્મહત્યા માટે પ્રવૃત કરવાનો ગુનો દાખલ કર્યો હતો.

દરમિયાન મૃતકની માતાએ આક્ષેપ કર્યો હતો કે તેને પુત્રને ટોર્ચર કરવામાં આવ્યો હતો અને તેની હત્યા કરાઇ હતી. તેની માતાએ ન્યાયની માગણી કરી છે.

પવઇ કેમ્પસમાં હોસ્ટેલ નંબર-૪ની રૂમમાં શુક્રવારે સાંજના સાહિલ વાકોંડે (૨૨) પંખા સાથે ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. યવતમાળ જિલ્લાનો રહેવાસી સાહિલ એનર્જી સાયન્સ એન્ડ એન્જિનિયરિંગ વિભાગમાં બીજા વર્ષનો બીટૅકનો સ્ટુડન્ટ હતો.

આઇઆઇટી બોમ્બના નિવેદન અનુસાર સ્ટુડન્ટે પરીક્ષામાં પ્રશ્નોના જવાબ મેળવવા ચૅટજીટીપીનો ઉપયોગ કર્યો હતો.

અધિકારીના જણાવ્યા અનુસાર સાહિલની રૂમમાંથી કોઇ પ્રતિસાદ ન મળતાં રૂમમેટ્સને શંકા ગઇ હતી અને તેમણે તાત્કાલિક સત્તાવાળાઓને એલર્ટ કર્યા હતા. ત્યાર બાદ પોલીસને જાણ કરવામાં આવતાં અધિકારીઓ ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા. ■

## કેમ્પસમાં વિરોધ પ્રદર્શન

મુંબઈઃ મુંબઈના પવઈ સ્થિત આઈઆઈટી બૉમ્બેમાં એક વિદ્યાર્થી દ્વારા આપઘાત કરવામાં આવ્યા બાદ આજે પણ તેની અસર સમગ્ર કેમ્પસમાં જોવા મળી હતી. ઘટનાના વિરોધમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ આંદોલન શરૂ કર્યું હતું, જેના કારણે આઈઆઈટી કેમ્પસમાં થોડા સમય માટે તણાવપૂર્ણ સ્થિતિ સર્જાઈ હતી.

પ્રાથમિક માહિતી અનુસાર, બી.ટેકના વિદ્યાર્થીનું નામ સાહિલ વાકોંડે હોવાનું જણાવાઈ રહ્યું છે. વિદ્યાર્થીને પરીક્ષા દરમિયાન કથિત રીતે નકલ કરતા પકડવામાં આવ્યો હોવાની માહિતી સામે આવી હતી. ત્યારબાદ શિક્ષકોએ તેની સામે કાર્યવાહી થઈ શકે છે તેમ જણાવ્યું હતું. આ પછી વિદ્યાર્થી હોસ્ટેલમાં ગયો હતો અને સાંજના સમયે તેણે કથિત રીતે આપઘાત કરી લીધો હતો.

વિદ્યાર્થીના આપઘાતના મામલે કેટલાક વિદ્યાર્થીઓ હજુ પણ કેમ્પસમાં વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. ■

# માતાએ ન્યાયની માગ કરી, કહ્યું- 'મારા દીકરાને મારી નાખવામાં આવ્યો'

મુંબઈઃ આઈઆઈટી બોમ્બેના વિદ્યાર્થી સાહિલ વાકોડેના મોતના મામલે તેની માતાએ તેના પર ત્રાસ ગુજારવાના આક્ષેપો કર્યા છે. મૃતક વિદ્યાર્થીની માતાનું કહેવું છે કે તેમના દીકરાને મારવામાં આવ્યો છે અને તેમણે સમગ્ર મામલે ન્યાયની માગ કરી છે. સાહિલ વાકોડે આઈઆઈટી બોમ્બેમાં બી.ટેકનો વિદ્યાર્થી હતો અને હાલમાં તેની પરીક્ષાઓ ચાલી રહી હતી. અહેવાલ મુજબ, પરીક્ષા દરમિયાન સાહિલને કથિત રીતે નકલ કરતા પકડવામાં આવ્યો હતો. ત્યારબાદ શિક્ષકોએ તેની સામે કાર્યવાહી કરવાની વાત કરી હતી. આ ઘટનાથી પરેશાન થઈને તે હોસ્ટેલ પરત ગયો હતો અને સાંજે તેના આત્મહત્યાના સમાચાર સામે આવ્યા હતા.

આઈઆઈટી બોમ્બેના વિદ્યાર્થી સાહિલ વાકોડેના મોત બાદ તેની માતાએ પોતાના દીકરા સાથે કથિત રીતે ત્રાસ ગુજારવામાં આવ્યો હોવાના આક્ષેપ કર્યા છે અને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માગ કરી છે, જેથી તેમના દીકરાને ન્યાય મળી શકે. આ ઘટનાની વિરોધમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ આંદોલન શરૂ કર્યું હતું. ■

## 'શૈક્ષણિક કારકિર્દી પર કોઈ પ્રતિકૂળ અસર નહીં પડે' એવો વિશ્વાસ અપાયો હતો

આઈઆઈટી બોમ્બેના જણાવ્યા અનુસાર, આ મામલે વિદ્યાર્થી સામે કોઈ શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવી નહોતી. સંબંધિત શિક્ષક અને વિભાગના વડાએ સાહિલ સાથે વાતચીત કરી હતી, તેને કાઉન્સેલિંગ આપવામાં આવ્યું હતું અને આ ઘટનાની તેની શૈક્ષણિક કારકિર્દી પર કોઈ પ્રતિકૂળ અસર નહીં પડે એવો વિશ્વાસ અપાવ્યો હતો. આ વાતચીત બાદ સાહિલ પોતાના હોસ્ટેલના રૂમમાં પરત ગયો હતો. જોકે, મોડી સાંજે તે પોતાના રૂમમાં મૃત હાલતમાં મળી આવ્યો હતો. વિદ્યાર્થીના નિધન પર આઈઆઈટી બોમ્બેએ ઊંડું દુઃખ વ્યક્ત કર્યું છે. ■

# મુંબઈમાં ૧ ઓક્ટોબરથી ૩૯,૧૧૧ ઝૂંપડાં સામે કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈના ૩૯,૧૧૧ ઝૂંપડાના ગેરકાયદે બાંધકામને તોડી પાડવાની કાર્યવાહી મુંબઈ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવવાની છે. પહેલી ઑક્ટોબરથી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬ એમ ત્રણ મહિના સુધી વિશેષ ઝુંબેશ હાથ ધરાશે, જે અંતર્ગત ૧૪ ફૂટ અને તેના કરતા વધુ ઊંચાઈના ઝૂંપડાઓ સામે કાર્યવાહી કરીને ગેરકાયદે બાંધકામને તોડી પાડવામાં આવશે.

મુંબઈ મહાનગરપાલિકાના કમિશનર અશ્વિની ભીડેના નિર્દેશ અનુસાર પહેલી ઑક્ટોબરથી ઝૂંપડાઓ સામે વિશેષ ઝુંબેશ શરૂ કરવામાં આવવાની છે. પાલિકા ૧૪ ફૂટ અને તેનાથી વધુ ઊંચા બાંધકામ સામે જાતે કાર્યવાહી કરીને તોડી પાડે તે પહેલા જ તેમાં રહેતા સંબંધિત લોકોએ જાતે જ તેને તાત્કાલિક તોડી પાડવા અન્યથા આકરા પગલાં લેવામાં આવશે એવી અપીલ પ્રશાસન દ્વારા કરવામાં આવી છે.

મુંબઈમાં ગેરકાયદે બાંધકામ વિરોધમાં મહાનગરપાલિકાના પ્રશાસકીય વિભાગ મારફત વોર્ડ સ્તરે કાર્યવાહી ચાલી રહી છે. ૨૪ ઑગસ્ટથી ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધીના સમયગાળામાં કુલ ૧૨૮ ગેરકાયદે બાંધકામ તોડી પાડવામાં આવ્યા હતા. તો ૧૪૦ ગેરકાયદે બાંધકામ વિરુદ્ધ કાર્યવાહી બહુ જલદી શરૂ કરવામાં આવશે.

મુંબઈમાં ૩૯,૧૧૧ ઝૂંપડા ૧૪ફૂટથી ઊંચા

પાલિકાના આસિસ્ટન્ટ કમિશનર (વિજિલન્સ) દેવેન્દર સિંહના જણાવ્યા મુજબ બૃહન્મુંબઈ (મુંબઈ શહેર અને ઉપનગર) વિસ્તારમાં કુલ ૨,૨૩,૧૫૦ ઝૂંપડા આવેલા છે, તેમાંથી ૩૯,૧૧૧ ઝૂંપડાં ૧૪ ફૂટ અને તેના કરતા વધુ ઊંચાઈના હોવાનું જણાઈ આવ્યું છે. તેમાંથી ૩,૩૪૮ ઝૂંપડાં શહેર વિભાગમાં અને ૪,૩૪૮ ઝૂંપડાં પશ્ચિમ ઉપનગરમાં અને ૩૧,૨૨૭ ઝૂંપડાં પૂર્વ ઉપનગરમાં આવેલા છે. અત્યાર સુધી ૪,૫૮૪ ઝૂંપડાં સામે પહેલાં જ કાર્યવાહી કરવામાં આવી છે. ૬૧૧ ઝૂંપડાઓને નોટિસ ફટકારવામાં આવી છે. બાકીના ઝૂંપડામાં રહેતા લોકોને સંબંધિત બાંધકામ જાતે જ તોડી પાડવાની અન્યથા આકરી કાર્યવાહીનો સામનો કરવા તૈયાર રહેવાનું કહેવામાં આવ્યું છે. ■

# આઈઆઈટીઓમા ૨૦૨૬માં ૧૩ વિદ્યાર્થીઓનું અકાળે મૃત્યુ

## શિક્ષણ પદ્ધતિ સામે સવાલો

**૭** મહિનામાં આ જ કેમ્પસનો **૩**જો કિસ્સો

**૫** વર્ષ **૧૫** આઈઆઈટી **૭૪** વિદ્યાર્થીઓએ જીવન ટુંકાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આઈઆઈટી બોમ્બેમાં સાહિલ વાકોંડેની આત્મહત્યા બાદ દેશની પ્રતિષ્ઠિત આઈઆઈટી સંસ્થાઓમાં વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને કેમ્પસ સપોર્ટ સિસ્ટમનો મુદ્દો ગરમાયો છે. ૨૦૨૬નું વર્ષ હજુ પૂરું થયું નથી, પરંતુ ૧૮ સપ્ટેમ્બર સુધી વિવિધ આઈઆઈટીમાં વિદ્યાર્થીઓની આત્મહત્યાના ૧૩ કેસ નોંધાયા છે. સપ્ટેમ્બર ૨૦૨૧થી ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીના આંકડાઓ મુજબ ૧૫ આઈઆઈટી કેમ્પસમાં અત્યાર સુધીમાં કુલ ૭૪ કેસ નોંધાયા હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. આઈઆઈટી બોમ્બેના બીજા વર્ષના બીટેક વિદ્યાર્થી સાહિલ વાકોંડેની ૧૮ સપ્ટેમ્બરની આત્મહત્યા બાદ બહાર આવેલા આંકડાઓથી પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં વિદ્યાર્થીઓના કથળતા જતાં માનસિક સ્વાસ્થ્ય પર ગંભીર સવાલો નિર્માણ કર્યા છે.

એનર્જી સાયન્સ એન્ડ એન્જિનિયરિંગ વિભાગના વિદ્યાર્થી સાહિલે પરીક્ષા દરમિયાન મોબાઇલ ફોન અને ચેટજીપીટીના ઉપયોગ અંગેની ઘટનાના ગણતરીના કલાકો બાદ હોસ્ટેલમાં જીવન ટૂંકાવી લીધું હતું. પોલીસે હાલ આ સમગ્ર ઘટનાની તપાસ શરૂ કરી છે. તપાસના ભાગરૂપે વિદ્યાર્થીનો મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યો છે અને કેમ્પસના સીસીટીવી ફૂટેજ પણ એકત્ર કરવામાં આવી રહ્યા છે. હાલ ઘટનાની સંપૂર્ણ પરિસ્થિતિ તપાસ હેઠળ છે. ■

### ૧૮ સપ્ટેમ્બર સુધી વિવિધ આઈઆઈટીમાં ૧૩ કેસ

| | |
|---|---|
| ૨૦૨૬ | ૧૩ |
| ૨૦૨૫ | ૧૬ |
| ૨૦૨૪ | ૧૪ |
| ૨૦૨૩ | ૧૪ |
| ૨૦૨૨ | ૧૪ |
| ૨૦૨૧ (સપ્ટે.-ડિસે.) | ૩ |

**૫ વર્ષનો કુલ આંકડોઃ ૭૪**

### પાંચ વર્ષમાં કઈ આઈઆઈટીમાં કેટલા કેસ?

| | | | |
|---|---|---|---|
| આઈઆઈટી ખડગપુર | ૧૩ | આઈઆઈટી રૂરકી | ૪ |
| આઈઆઈટી કાનપુર | ૯ | આઈઆઈટી હૈદરાબાદ | ૪ |
| આઈઆઈટી દિલ્હી | ૯ | આઈઆઈટી પટના | ૩ |
| આઈઆઈટી મદ્રાસ | ૭ | આઈઆઈટી ધનબાદ | ૩ |
| આઈઆઈટી ગુવાહાટી | ૬ | આઈઆઈટી ભુવનેશ્વર | ૨ |
| આઈઆઈટી બોમ્બે | ૬ | આઈઆઈટી ગોવા | ૧ |
| આઈઆઈટી-બીએચયુ વારાણસી | ૫ | આઈઆઈટી રોપર | ૧ |
| | | આઈઆઈટી ઇન્દોર | ૧ |

### આઈઆઈટી બોમ્બેમાં આત્મહત્યાના નોંધાયેલા કેસ

- ૨૦૨૬ સાહિલ વાકોંડે, બીટેક, એનર્જી સાયન્સ એન્ડ એન્જિનિયરિંગ, ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૬
- ૨૦૨૬ નમન અગ્રવાલ, બીટેક, સિવિલ એન્જિનિયરિંગ, ૪ ફેબ્રુઆરી ૨૦૨૬
- ૨૦૨૬ સોહિલ રાજકુમાર સાંગવાન, બીટેક, મટિરિયલ એન્જિનિયરિંગ, ૨૮ જુલાઈ ૨૦૨૬
- ૨૦૨૫ રોહિત સિન્હા, બીટેક, મટિરિયલ એન્જિનિયરિંગ, ૨ ઓગસ્ટ ૨૦૨૫
- ૨૦૨૩ દર્શન સોલંકી, બીટેક, કેમિકલ એન્જિનિયરિંગ, ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૩
- ૨૦૨૨ દર્શન માલવિયા, એમટેક, ડિઝાઇન, ૧૭ જાન્યુઆરી ૨૦૨૨

## મહારાષ્ટ્ર ટીઈટી પેપર લીક

# જૂતાના સોલમાં છુપાવી પ્રશ્નપત્રો પ્રેસમાંથી બહાર કઢાયાઃ ચાર્જશીટ

થાણેઃ મહારાષ્ટ્ર ટીચર એલિજિબિલિટી ટેસ્ટ (ટીઇટી)ના પ્રશ્નપત્રો આગ્રાના પ્રિન્ટિંગ પ્રેસમાંથી બે કર્મચારી દ્વારા માત્ર ૮,૦૦૦ રૂપિયાના બદલામાં જૂતાના સોલમાં છુપાવીને બહાર કાઢવામાં આવ્યા હતા, એમ થાણે શહેર પોલીસે ભિવંડીની સ્થાનિક કોર્ટમાં શુક્રવારે દાખલ કરેલીદ્ર ૩,૫૦૦ પાનાંની ચાર્જશીટમાં જણાવવામાં આવ્યું છે. ચાર્જશીટમાં માસ્ટરમાઇન્ડ બિજેન્દ્ર ગુપ્તા સહિત ૧૮ આરોપીનાં નામ છે. ગુપ્તા અગાઉ ઓડિશા પેપર લીકમાં સંડોવાયેલો હતો. તપાસ ચાલી હોવાથી ૧૬ શંકાસ્પદની પહેલેથી ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે બે મુખ્ય સાથીદાર અશોક સાવ અને પ્રકાશ મિસાળ ફરાર છે.વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે તપાસ આગળ વધતા સપ્લિમેન્ટરી ચાર્જશીટ દાખલ કરવામાં આવશે. ૨૮ જૂનના નિર્ધારિત પરીક્ષાના એક દિવસ પહેલા આ રેકેટ પ્રકાશમાં આવ્યું હતું ■

# રાજ્યમાં આવતા અઠવાડિયે વરસાદનું જોર વધશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ સહિત મહારાષ્ટ્રના અમુક જિલ્લામાં ગયા અઠવાડિયે વરસાદે ફરી હાજરી પૂરાવી હતી, છતાં હજી અનેક વિસ્તારોમાં જોરદાર વરસાદ પડે તેની રાહ જોવાઈ રહી છે ત્યારે બંગાળના ઉપસાગરના હવામાનમાં થયેલા ફેરફારને કારણે રાજ્યમાં ફરી વરસાદનું આગમન થવાની શક્યતા છે. આગામી ૨૦થી ૨૫ સપ્ટેમ્બર દરમ્યાન મહારાષ્ટ્ર અને ગોવામાં વરસાદનું જોર વધવાની શક્યતા છે. તેથી રાજ્યના અનેક જિલ્લાને રાહત મળવાની શક્યતા છે. ૧૯ સપ્ટેમ્બરથી ૨૨ સપ્ટેમ્બર દરમ્યાન સાંગલી, સાતારા, કોલ્હાપૂર અને પુણે જિલ્લામાં મધ્યમથી મુશળધાર વરસાદની શક્યતા છે. ૨૧ સપ્ટેમ્બરના નાશિકમાં મધ્યમ વરસાદની શક્યતા છે. અહિલ્યાનગર, મરાઠવાડા અને વિદર્ભના અમુક વિસ્તારમાં વરસાદની શક્યતા છે. ૨૨ સપ્ટેમ્બરના મરાઠવાડામાં વરસાદ પડશે. તો ૨૧થી ૨૮ સપ્ટેમ્બર દરમ્યાન મહારાષ્ટ્રના મોટાભાગના વિસ્તારમાં સારો વરસાદ પડવાની શક્યતા છે. ■

# રવિવારે મધ્ય રેલવેમાં નો-બ્લોક

મુંબઈઃ મુંબઈ અને ઉપનગરોમાં ગણેશોત્સવની ધૂમ ચાલી રહી છે ત્યારે લાખો ભક્તો લાલબાગચા રાજા, ગણેશગલી, પરેલચા રાજા સહિત વિવિધ પ્રખ્યાત પંડાલોમાં બાપ્પાના દર્શન માટે ઊમટી રહ્યા છે. આ દરમિયાન લોકલ ટ્રેનમાં રાહતના સમાચાર સામે આવ્યા છે. દર રવિવારની જેમ આવતીકાલે એટલે કે ૨૦મી સપ્ટેમ્બરના રોજ ગણેશોત્સવ દરમિયાન પ્રવાસીઓની ભારે ભીડને ધ્યાનમાં રાખીને મધ્ય રેલવે અને પશ્ચિમ રેલવે દ્વારા નિયમિત રવિવારનો મેગા બ્લોક રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ■

# પરિવારના સભ્યોને માન ન આપવા બદલ પતિએ ગળું દબાવીને પત્નીની હત્યા કરી

થાણેઃ થાણે જિલ્લાના ભિવંડી વિસ્તારમાં પરિવારના સભ્યોને યોગ્ય માન ન આપવા બદલ પતિએ શનિવારે ગળું દબાવીને પત્નીને મોતને ઘાટ ઉતારી દીધી હતી. આરોપીની ઓળખ તબરેઝ જમશેદ આલમ (૨૨) તરીકે થઇ હતી, જે તેની મૃત પત્ની સૈનબને ઇન્દિરા ગાંધી મેમોરિયલ હોસ્પિટલમાં લાવ્યા બાદ ઘટના પ્રકાશમાં આવી હતી.

દરમિયાન સૈનબના ગળા પર નિશાન અને ચહેરા પર ઇજાના નિશાન જોઇને ડોક્ટરોને શંકા ગઇ હતી. આથી હોસ્પિટલ દ્વારા પોલીસને તેની જાણ કરવામાં આવી હતી. નારપોલી પોલીસ સ્ટેશનના અધિકારીઓ ત્વરિત ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા અને તબરેઝની પૂછપરછ કરી હતી, જેમાં તેણે કબૂલ્યું હતું કે તેની પત્ની પરિવારના સભ્યોને યોગ્ય માન આપતી ન હોવાથી તેણે ગળું દબાવીને તેની હત્યા કરી હતી. ■

## બીએમસીની ચોમાસા બાદ શિયાળાની તૈયારી

# વાયુ પ્રદૂષણને રોકવા રસ્તા ધોવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં સામાન્ય રીતે ચોમાસાની વિદાય દરમ્યાન તહેવારોની ઊજવણી સાથે વાતાવરણમાં પ્રદૂષણનું પ્રમાણ વધવાનું શરૂ થઈ જાય છે. હવાની ગુણવત્તા કથળી જતી હોય છે. તેથી આ વર્ષે 'પાણી પહેલા પાળ' મુજબ પાલિકા કમિશનરે શિયાળાના આગમન પહેલા જ હવા અને ધૂળના પ્રદૂષણને રોકવા માટે એકથી ૧૫ ઑક્ટોબર દરમ્યાન રસ્તા ધોવા માટે વિશેષ ઝુંબેશ ફરી શરૂ કરવાનો નિર્દેશ આપ્યો છે. તેમ જ આ ઝુંબેશ હેઠળ જ ગલીઓ અને રસ્તાઓની સફાઈની સાથે જ મોટા પ્રોજેક્ટની આસપાસ કવર લગાવવા અને પ્રદૂષણ ફેલાવતી પ્રવૃત્તિઓ પર નજર રાખવા માટે નોડલ અધિકારીની નિમણૂક કરવામાં આવવાની છે. મુંબઈમાં ચોમાસું લગભગ પૂરું થઈ ગયું છે ■

# બિઝનેસમૅનને પ્રેમજાળમાં ફસાવી ૧.૮ કરોડ રૂપિયા પડાવ્યા

થાણેઃ ૫૭ વર્ષના બિઝનેસમૅનને પ્રેમજાળમાં ફસાવી છેલ્લાં બે વર્ષમાં ૧.૮ કરોડ રૂપિયા પડાવવા બદલ ૩૦ વર્ષની મહિલા વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. મહિલાએ બળાત્કારનો ખોટો કેસ દાખલ કરવાની ધમકી આપીને બિઝનેસમૅન પાસેથી વધુ ૧.૭૫ કરોડ રૂપિયાની માગણી કરી હતી, એમ પોલીસે જણાવ્યું હતું.

પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ મહિલાએ ઑગસ્ટ, ૨૦૨૪થી સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન પરસ્પર સંમતિથી બિઝનેસમૅન સાથે શારીરિક સંબંધ બાંધ્યા હતા અને આ સમયગાળામાં વિવિધ કારણો બતાવીને તેણે રૂપિયા પડાવ્યા હતા.

જ્યારે મહિલા તેને બ્લૅકમેઇલ કરવા લાગી ત્યારે પરિસ્થિતિ વણસી હતી. મહિલાએ બિઝનેસમૅન સામે બળાત્કારનો ખોટો કેસ દાખલ કરવાની અને તેના વાંધાજનક ફોટા તેમ જ વીડિયો તેના પરિવારના સભ્યોને મોકલવાની ધમકી આપી હતી અને તેની પાસેથી ૧.૮ કરોડ રૂપિયા પડાવ્યા હતા, એમ ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો.

દરમિયાન મહિલાની હેરાનગતિ અટકી નહોતી. તેણે વાંધાજનક ફોટા અને વીડિયો ડિલિટ કરવાના અને પોલીસમાં કેસ દાખલ ન કરવાના બદલામાં બિઝનેસમૅન પાસે વધારાના ૧.૭૫ કરોડ રૂપિયા માગ્યા હતા.

મહિલાની વારંવારની ધમકી અને પૈસાની માગણીથી કંટાળી બિઝનેસમૅને પોલીસનો સંપર્ક સાધ્યો હતો અને મહિલા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

થાણેના કાસારવડવલી પોલીસ સ્ટેશનમાં ગુરુવારે મહિલા વિરુદ્ધ છેતરપિંડી, ખંડણી માગવી અને ગુનાહિત ધાકધમકી સહિત ભારતીય ન્યાય સંહિતાની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કરાયો હતો. આ કેસની તપાસ ચાલી રહી છે અને મહિલાની ધરપકડ કરવામાં આવી નથી, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ) ■

# યુપીઆઈ ચુકવણી પર ટેક્સ ગ્રાહકો માટે ડિજિટલ છેતરપિંડીઃ રાજ ઠાકરે

મુંબઈઃ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના પ્રમુખ રાજ ઠાકરેએ શનિવારે કેન્દ્રના ચોક્કસ યુપીઆઈ વ્યવહાર પર ફી લાદવાના નિર્ણયને ભારતીય વેપારીઓ અને ગ્રાહકો માટે ડિજિટલ છેતરામણી ગણાવી એ કોઈ દબાણ હેઠળ લાગુ કરવામાં આવ્યો હોવાની જણાવી સરકારના ઇરાદા પર પ્રશ્ન ઉઠાવ્યો છે. સરકારે ૧૫ ઓક્ટોબરથી વેપારીઓને કરવામાં આવતા બે હજાર રૂપિયાથી વધુના યુપીઆઈ પેમેન્ટ પર ૦.૪ ટકા ફી લાગુ કરી છે. ■

# રાહુલજી, પહેલા અરીસા સામે ઊભા રહો

## કૉંગ્રેસ ઉમેદવારની ધરપકડ પર ફડણવીસનો જવાબ

નાગપુરઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શનિવારે પશ્ચિમ બંગાળના નંદીગ્રામ પેટાચૂંટણીમાં વિપક્ષના ઉમેદવારની ધરપકડ બાદ ભાજપ પર રાજકીય બદલો અને લોકશાહીની હત્યા જેવી ટિપ્પણીઓ માટે કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીની ટીકા કરી હતી. કૉંગ્રેસના ઉમેદવાર મિલન પ્રધાનની ધરપકડ સંબંધિત રાહુલ ગાંધી પર પ્રશ્નોની ઝડી વરસાવનારા મુખ્ય પ્રધાને કહ્યું કે લોકસભામાં વિપક્ષના નેતાએ પહેલા પોતાને ચકાસી લેવા જોઈએ. પશ્ચિમ બંગાળ પોલીસના જણાવ્યા અનુસાર ૨૦૦૭માં નંદીગ્રામમાં જમીન સંપાદન વિરોધી આંદોલન દરમિયાન રમખાણો, હત્યા અને ગુનાહિત ધાકધમકી સંબંધિત ચાર કેસમાં પ્રધાનની ધરપકડ કરવામાં આવી હતી.છઠ્ઠી ઓક્ટોબરની નંદીગ્રામ પેટાચૂંટણી પહેલા થયેલી આ ધરપકડ પેન્ડિંગ વોરંટ સાથે જોડાયેલી હતી.

શુક્રવારે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પરની પોસ્ટમાં રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે 'નંદીગ્રામ પેટાચૂંટણી માટે કૉંગ્રેસના ઉમેદવાર મિલન પ્રધાનની ધરપકડ કોઈ સંયોગ નથી, બલકે રાજકીય બદલો છે, લોકશાહીની હત્યા છે.' આ પોસ્ટ વિશે પૂછવામાં આવતા ફડણવીસે કહ્યું હતું કે 'રાહુલ ગાંધીજીને મારો સવાલ છે કે તમારા ઉમેદવારની કયા આરોપોમાં ધરપકડ કરવામાં આવી હતી? ■

# શરદ પવારના પક્ષે કેન્દ્રને યુએસ ટૅરિફ ધમકીના આર્થિક પરિણામો સ્પષ્ટ કરવા કહ્યું

મુંબઈઃ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એનસીપી - એસપી)એ શનિવારે કેન્દ્ર સરકાર રશિયન ઊર્જા ખરીદતા દેશો પર ૧૦૦ ટકા સુધીના ટૅરિફને અધિકૃત કરતા નવા યુએસ કાયદાના કારણે ભારતના આર્થિક જોખમનું વિગતવાર મૂલ્યાંકન જાહેર કરે એવી માગણી કરી હતી.

પક્ષના વરિષ્ઠ નેતા અને પ્રવક્તા મહેશ તાપસેએ દ્વિપક્ષીય રાજદ્વારી સંબંધોની અસરકારકતા પર સવાલ કરી ચેતવણી આપી કે વોશિંગ્ટનના દબાણ હેઠળ ભારતને રશિયન તેલની આયાત ઘટાડવા દબાણ કરવાથી નાગરિકો પર બળતણના ઊંચા ખર્ચનો બોજ આવી પડશે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે ગુરુવારે રશિયા અને ઈરાન પર પ્રતિબંધ મૂકવાના કાયદા પર હસ્તાક્ષર કર્યા હતા. આ કાયદો મોસ્કો અને તેના ટોચના ઊર્જા ખરીદદારો જેમ કે ચીન અને ભારત પર ભારે જકાત વસૂલ કરવા અંગે છે. આ કાયદો રશિયન મૂળના ક્રૂડ તેલ અથવા કુદરતી ગેસની ખરીદી સંબંધિત ચોક્કસ શરતોને પૂર્ણ કરતા દેશોના માલ પર ૧૦૦ ટકા સુધી ટૅરિફ લાદવાની સત્તા આપે છે. તાપસેએ નિવેદનમાં એમ પણ જણાવ્યું હતું કે "જો નવી દિલ્હીને હવે અમેરિકન દબાણ હેઠળ આ ખરીદીઓ પાછી ખેંચવાની ફરજ પાડવામાં આવે તો સામાન્ય નાગરિકોને બળતણના ઊંચા ભાવ ચૂકવવા પડશે. મોદી સરકાર દેશને અંધારામાં ન રાખવો જોઈએ." રશિયા અને ઈરાન પર પ્રતિબંધ મૂકવાના કાયદાથી ભારતને ફાળ પડી છે ■

# ‘અમારે ત્યાં પધારો...’: જાપાનમાં ઍથ્લીટોને રહેવા માટે ૨,૦૦૦ ભારતીય મૂળના લોકોની ઑફર

નાગોયા: જાપાનમાં એશિયન ગેમ્સના આયોજન વિશે ધાંધિયા છે ત્યારે જાપાનમાં રહેતા ભારતીય મૂળના લોકોએ આ રમતોત્સવમાં ભાગ લેવા આવેલા ભારતીય ઍથ્લીટોને રહેવાની સુવિધા પૂરી પાડવાની ઑફર કરી છે. લગભગ ૨,૦૦૦ જેટલા ભારતીય મૂળના નિવાસીઓને ત્યાં સ્પર્ધકોના રહેવાની વ્યવસ્થા થઈ શકે એવી ગોઠવણ થઈ રહી છે.

### ગેમ્સ વિલેજ નથી એટલે ધાંધિયા

જાપાનમાં ભારતથી ૫૦૦થી પણ વધુ ઍથ્લીટો-ખેલાડીઓ એશિયન ગેમ્સમાં ભાગ લેવા ગયા છે. તેમની સાથે ૨૦૦થી પણ વધુ કોચિંગ સ્ટાફ સહિતના અધિકારીઓ છે. ઍથ્લીટો માટેની રહેવાની વ્યવસ્થા બાબતમાં નાગોયામાં ગેરવ્યવસ્થા છે. સામાન્ય રીતે કોઈ પણ મોટા રમતોત્સવ પહેલાં ઍથ્લીટો અને ખેલાડીઓ માટે ગેમ્સ વિલેજ બનાવવામાં આવતું હોય છે, પરંતુ જાપાનના સત્તાધીશોએ ખર્ચમાં કાપ મૂકવાના હેતુથી એશિયન ગેમ્સ વિલેજ નથી બનાવ્યું અને સ્પર્ધકો માટે ક્રૂઝ શિપમાં અથવા લાકડાંના તથા લોખંડના કન્ટેનર્સમાં બનાવવામાં આવેલા રૂમોમાં રહેવાની વ્યવસ્થા કરી છે. જોકે ૪૫ દેશના ૧૭,૦૦૦ જેટલા સ્પર્ધકો તથા અધિકારીઓ જાપાનમાં આવ્યા છે જેમાંના ઘણાએ રહેવા માટેની વ્યવસ્થા બાબતમાં નારાજગી અને વિરોધ વ્યક્ત કર્યા છે. તેમના મતે પોતાની કિટ રાખવા જેટલી પણ જગ્યા નથી એટલા બધા નાના રૂમ ફાળવવામાં આવ્યા છે તેમ જ પલંગની સાઇઝ પણ ઠીક નથી.

ઇન્ડિયન ઑલિમ્પિક અસોસિયેશન (આઇઓએ)એ કેટલાક ભારતીય ઍથ્લીટોને કન્ટેનરના રૂમમાંથી હૉટેલમાં રહેવાની વ્યવસ્થા કરી આપી છે તેમ જ બીજી કેટલીક હૉટેલ-રૂમો બુક કરી રાખી છે.

આઇઓએના ખજાનચી અને જાપાનમાં ભારતીય સંઘના ચીફ સહદેવ યાદવે કહ્યું છે, ‘ભારતીય ઍથ્લીટો માટે જો રૂમ પૂરતી નહીં હોય તો અહીં ઘણા ભારતીય પરિવારો છે જેમને ત્યાં તેમની રહેવાની વ્યવસ્થા થઈ શકશે. આ પરિવારો ઍથ્લીટોને પોતાને ત્યાં રહેવાની વ્યવસ્થા કરી આપવા ઉત્સુક છે.’

ભારતના પુરુષ ક્રિકેટરો રવિવારે જાપાન જવા રવાના થયા બાદ બાવીસમીએ જાપાન સામે ઐતિહાસિક મૅચ રમશે. એશિયન ગેમ્સમાં શ્રેયસ ઐયરના સુકાનમાં ભારતની પ્રથમ મૅચ ૨૮મી સપ્ટેમ્બરે રમાશે. ■

## એશિયન ગેમ્સનો જાપાનીઝ સ્ટાઈલમાં આરંભ



એશિયાડની હાઇ-ટેક ઓપનિંગ સેરેમનીમાં જાપાનના સાંસ્કૃતિક અને વર્તમાન સમયના પોશાકમાં સજ્જ પર્ફોર્મર્સ.

# તેજિન્દરપાલને બદલે પવન સેહરાવત કેમ ભારતનો ધ્વજવાહક બન્યો?

નાગોયા: અહીં એશિયન ગેમ્સની શનિવારની ઓપનિંગ સેરેમનીમાં ધ્વજવાહક તરીકે ભારતીય ઍથ્લીટોના સંઘનું નેતૃત્વ ઑલિમ્પિક્સ મેડલ વિજેતા મનુ ભાકરની સાથે ગોળા ફેંકનો ચંદ્રક વિજેતા તેજિન્દરપાલ સિંહ તૂર જોડાવાનો હતો, પરંતુ છેલ્લી ઘડીએ ભારતીય સત્તાધીશો દ્વારા ફેરફાર કરવામાં આવ્યો અને તૂરના સ્થાને કબડ્ડી ખેલાડી પવન સેહરાવતને મનુ ભાકરની સાથે જોડાઈ જવા કહેવામાં આવ્યું હતું જેનું કારણ અનોખું, હાસ્યાસ્પદ અને ચર્ચાસ્પદ છે.





નાગોયામાં ગઈ કાલે ધ્વજવાહકો મનુ ભાકર અને પવન સેહરાવત. તેજિન્દરપાલ તૂર (ઉપર) આ બહુમાનથી વંચિત રહ્યો છે.

તેજિન્દરપાલ સિંહ તૂર ગોળા ફેંકનો ઍથ્લીટ છે અને તેનો સમાવેશ ભારતના ઍથ્લેટિક્સ સાથે સંકળાયેલા સ્પર્ધકોમાં થાય છે. આ તમામ ઍથ્લીટો પાસે ઓપનિંગ કે ક્લોઝિંગ સેરેમનીને લગતી કિટ હતી જ નહીં, કારણકે તેઓ ભારતીય એશિયન ગેમ્સના આયોજકોના શેડ્યૂલ મુજબ આ બેમાંથી કોઈ પણ સેરેમનીમાં ભાગ નહોતા લેવાના એટલે ઍથ્લીટોને માત્ર તેમની સ્પર્ધા માટેની કિટ આપવામાં આવી હતી. તૂરની પ્રસંગ સંબંધિત કિટ ભારતમાં જ પડી હતી. જોકે શુક્રવારે (છેલ્લી ઘડીએ) નક્કી કરવામાં આવ્યું હતું કે મનુ ભાકરની સાથે તેજિન્દરપાલ સિંહ તૂર ભારતીય સંઘનું ધ્વજ સાથે નેતૃત્વ સંભાળશે.

તેજિન્દરપાલ સિંહ તૂરે પત્રકારોને કહ્યું, ‘સેરેમનીને લગતી મારી કિટ જાપાનમાં નાગોયા વિમાનીમથકે બપોરે ૩.૦૦ વાગ્યે પહોંચવાની હતી. ત્યાંથી એ કિટ મેળવીને ઓપનિંગ સેરેમનીના સ્થળે સમયસર પહોંચવું મારા માટે શક્ય નહોતું એટલે મેં આયોજકોને વાકેફ કરી દીધા હતા કે મારી કિટ નથી આવી એટલે હું ધ્વજવાહક તરીકે હાજરી નહીં આપી શકું.’

ભારતીય ઍથ્લીટો ટોક્યો શહેરની ત્સુકુબા યુનિવર્સિટીમાં તાલીમ લઈ રહ્યા છે, જ્યારે ઓપનિંગ સેરેમનીનો સમારોહ નાગોયામાં યોજાયો હતો. ફ્લૅગબેરર તરીકે મનુ ભાકરની સાથે તૂરને બદલે કબડ્ડીના ચૅમ્પિયન ખેલાડી પવન સેહરાવતના નામની જાહેરાત કરાઈ હતી. પાછલી એશિયન ગેમ્સમાં ભારત કબડ્ડીનો ગોલ્ડ મેડલ જીત્યું હતું અને પવન સેહરાવત એ વિજેતા ટીમમાં હતો. ■

# ૨૦મા એશિયાડમાં ભારતનું આજનું ૨૦ હરીફાઈનું શેડ્યૂલ: મહિલા ક્રિકેટમાં જંગ

નાગોયા: જાપાનમાં ગઈ કાલે સત્તાવાર રીતે શરૂ થયેલી અને ચોથી ઑક્ટોબર સુધી ચાલનારી ૨૦મી એશિયન ગેમ્સમાં ભારતના ૫૦૧ ઍથ્લીટ-ખેલાડી ભાગ લેશે અને તેમાંના ઘણા સ્પર્ધકોની આજે (૨૦મી સપ્ટેમ્બરે) ૨૦ હરીફાઈ નિર્ધારિત છે.



(૧) બૅડમિન્ટન: મહિલાઓનો ટીમ પ્રારંભિક રાઉન્ડ, ભારત વિરુદ્ધ કઝાખસ્તાન, સવારે ૧૧.૩૦

(૨) ટી-૨૦ ક્રિકેટ: મહિલાઓની બાંગ્લાદેશ સામે સેમિ સવારે ૧૦.૩૦

(૩) હૉકી: મહિલાઓમાં ભારત વિરુદ્ધ ઉઝબેકિસ્તાન, સવારે ૭.૩૦

(૪) હૉકી: પુરુષોમાં ભારત વિરુદ્ધ ઇન્ડોનેશિયા, સવારે ૧૧.૩૦

(૫) શૂટિંગ: મહિલાઓની ૧૦ મીટર ઍર રાઇફલ, વ્યક્તિગત ક્વૉલિફાઇંગ રાઉન્ડ અને ટીમ ફાઇનલ, સવારે ૬.૧૫

(૬) શૂટિંગ: મહિલાઓની ૧૦ મીટર ઍર રાઇફલ, વ્યક્તિગત ફાઇનલ (એલાવેનિલ વલારિવન, સોનમ મસ્કર, વિદર્સા વિનોદ), સવારે ૧૧.૦૦

(૭) ટેબલ ટેનિસ: મહિલાઓનો ટીમ મુકાબલો, ભારત વિરુદ્ધ ઇન્ડોનેશિયા, સવારે ૬.૩૦

(૮) ટેબલ ટેનિસ: પુરુષોનો ટીમ મુકાબલો, ભારત વિરુદ્ધ ઇન્ડોનેશિયા, સવારે ૯.૦૦

(૯) ટેબલ ટેનિસ: મહિલાઓનો ટીમ મુકાબલો, ભારત વિરુદ્ધ સિંગાપોર, બપોરે ૧૨.૩૦

(૧૦) ટેબલ ટેનિસ: પુરુષોનો ટીમ મુકાબલો, ભારત વિરુદ્ધ ઇરાન, બપોરે ૩.૦૦

(૧૧) મિક્સ્ડ માર્શલ આર્ટસ: મહિલાઓમાં ક્વૉર્ટર ફાઇનલ, સુચિકા તરિયાલ વિરુદ્ધ મોંગોલિયાની અલ્તાનશિમેગ, સવારે ૭.૧૦

(૧૨) મિક્સ્ડ માર્શલ આર્ટસ: પુરુષાલેમાં ક્વૉર્ટર ફાઇનલ, વરુણ સાન્યાલ વિરુદ્ધ હરીફ હવે નક્કી થશે, બપોરે ૨.૦૦

(૧૩) સેપાક ટેક્રો: પુરુષોની ટીમ હરીફાઈ, સવારે ૫.૩૦

(૧૪) સ્વિમિંગ: પુરુષોની ૧૦૦ મીટર ફ્રીસ્ટાઇલ, આકાશ મની, સવારે ૭.૨૨

(૧૫) સ્વિમિંગ: પુરુષોની ૧૦૦ મીટર બૅકસ્ટ્રોક, ઉત્કર્ષ પાટીલ અને રિષભ દાસ, સવારે ૭.૩૭

(૧૬) ટેકબૉલ: મહિલાઓની સિંગલ્સ, ક્વિમ્સી ડિસોઝા વિરુદ્ધ જાપાનની યુઇના સાકામોતો, સવારે ૬.૩૦

(૧૭) મિક્સ્ડ ડબલ્સ: ક્વિમ્સી ડિસોઝા/મોહમ્મદ અનસ બેગ વિરુદ્ધ વિયેટનામના હોઆન્ગ મિન/જિઆ ટ્રિન, સવારે ૭.૦૦

(૧૮) વુશુ: પુરુષોની ચેન્ગક્વાન ફાઇનલ, સૂરજ સિંહ મયંગલમ્બમ, સવારે ૫.૩૦

(૧૯) વુશુ: મહિલાઓનો રાઉન્ડ-૧૬નો મુકાબલો, અપર્ણા વિરુદ્ધ ઇરાનની સૉગેન્દ, બપોરે ૩.૧૦

(૨૦) વુશુ: પુરુષોનો રાઉન્ડ-૧૬નો મુકાબલો, વિક્રાંત બાલિયાન વિરુદ્ધ ઇરાનનો સોહેલ મોઉસાવી, સાંજે ૪.૫૦.

## શ્રેષ્ઠ ક્ષમતાથી રમજો અને ઝળકી જજો: મોદીની શુભેચ્છા

નવી દિલ્હી: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ એશિયન ગેમ્સમાં ભાગ લેવા જાપાન ગયેલા ઍથ્લીટો-ખેલાડીઓને સોશ્યલ મીડિયા મારફત શ્રેષ્ઠ શુભેચ્છા પાઠવી છે અને પોસ્ટમાં જણાવ્યું હતું કે આપણા ઍથ્લીટો તનતોડ મહેનતથી અને નિષ્ઠાપૂર્વક પોતાની રમતની હરીફાઈમાં ભાગ લઈને દેશને ગૌરવ અપાવી રહ્યા છે. ભારતે એશિયન ગેમ્સમાં ૫૦૧ ઍથ્લીટ-ખેલાડી મોકલ્યા છે. મોદીએ ‘એક્સ’ પરની પોસ્ટમાં જણાવ્યું, ‘જાપાનના આઇચી-નાગોયામાં એશિયન ગેમ્સ શરૂ થઈ રહી છે જેમાં ભાગ લઈ રહેલા સમગ્ર ભારતીય સંઘને હું શ્રેષ્ઠ શુભેચ્છા પાઠવું છું. પ્રત્યેક ઍથ્લીટે આ રમતોત્સવ માટે પ્રૅક્ટિસમાં જબરદસ્ત સંકલ્પશક્તિ બતાવી છે. ભારતને તેઓ પર ખૂબ ગર્વ છે. ઍથ્લીટો-ખેલાડીઓને એટલું જ કહેવું છે કે તમે શ્રેષ્ઠ ક્ષમતાથી રમજો અને ઝળકી જજો.’ ■

## ગુજરાત

# ગુજરાત સરકારે ગોધાવી માટેની ટીપી સ્કીમને મંજૂરી આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સરકારે અમદાવાદમાં ગોધાવી માટે પ્રીલિમિનરી ટાઉન પ્લાનિંગ (ટીપી) સ્કીમ નંબર ૪૫૭ને મંજૂરી આપી છે, જેમાં અંતિમ પ્લોટ વિસ્તારો, સીમાઓ, સ્થાનો અને જમીન-ઉપયોગની જોગવાઈઓમાં ઘણા ફેરફારો કરવામાં આવ્યા હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગે તાજેતરમાં ગુજરાત ટાઉન પ્લાનિંગ અને અર્બન ડેવલપમેન્ટ ઍક્ટ, ૧૯૭૬ની કલમ ૬૫ હેઠળ એક જાહેરનામું બહાર પાડ્યું છે. આ યોજના અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઑથોરિટી (ઔડા) દ્વારા તૈયાર કરવામાં આવી હતી અને ટાઉન પ્લાનિંગ ઓફિસર દ્વારા સબમિટ કરવામાં આવી હતી.

મંજૂર થયેલા સુધારાના ભાગ રૂપે, અંતિમ પ્લોટ ફાળવતા પહેલા ઘણા કિસ્સાઓમાં મૂળ જમીનના ટુકડામાંથી ૧૦% કપાત લાગુ કરવામાં આવી છે. સરકારે ઘણા અંતિમ પ્લોટના કદમાં પણ ફેરફાર કર્યા છે.

સરકારે નિર્દેશ આપ્યો હતો કે પ્રારંભિક ટીપી સ્કીમ, તેના નકશામાં પણ ફેરફાર કરી તેને અપડેટ કરવામાં આવે. મંજૂર કરાયેલી યોજના કામકાજના દિવસોમાં કામકાજના કલાકો દરમિયાન ઔડા ઑફિસમાં જાહેર જનતા માટે પણ ખુલ્લી રાખવામાં આવશે, તેવી માહિતી પણ સૂત્રોએ આપી હતી.

આ યોજના ગોધાવી અને આસપાસના વિસ્તારોમાં રોડ નેટવર્ક અને અન્ય માળખાગત સુવિધાઓના વિકાસને સરળ બનાવશે તેવી અપેક્ષા છે. પ્રસ્તાવિત રમતગમત સંબંધિત પ્રવૃત્તિઓ અને આગામી રમતગમત સંકુલને ધ્યાનમાં રાખીને, આ વિસ્તારને કેઝેડ-૩ શ્રેણી હેઠળ પણ નિયુક્ત કરવામાં આવ્યો છે. કોમનવેલ્થ ગેમ્સ અને ઓલિમ્પિક ગેમ્સ સહિતની મુખ્ય આંતરરાષ્ટ્રીય રમતગમતની ઘટનાઓ પહેલા રમતગમતના માળખાગત સુવિધાઓ વિકસાવવાની યોજનાઓના સંદર્ભમાં આ ટીપી યોજના લાગુ કરવામાં આવી રહી છે. ■

# ગાંધીધામના ‘કાસેઝ’માં કરોડોના ઓવર વેલ્યુએશન કૌભાંડ પર કસ્ટમ એસઆઈઆઈબી ત્રાટકી

### મુંબઈ-અમદાવાદ કનેક્શન અને ડમી યુનિટની આશંકાથી ખળભળાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કંડલા સ્પેશિયલ ઈકોનોમિક ઝોન ખાતે કથિત રીતે મોટા પાયે ચાલી રહેલા ઓવર વેલ્યુએશનના મોટા આર્થિક કૌભાંડ સામે કંડલા કસ્ટમ વિભાગે લાલ આંખ કરી છે. કસ્ટમ્સની સ્પેશિયલ ઈન્ટેલિજન્સ ઍન્ડ ઈન્વેસ્ટિગેશન બ્રાન્ચની ટીમે શનિવારે વહેલી સવારે આકસ્મિક દરોડો પાડી કાસેઝ સ્થિત એક એકમમાં ધામા નાખતાં ગેરરીતિ આચરતા કૌભાંડીઓ અને દાણચોરોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, કાસેઝના ચોક્કસ યુનિટ દ્વારા માલ-સામાનના નિકાસ કે આયાતમાં ઓવર વેલ્યુએશન કરવામાં આવી રહ્યું હોવાની સચોટ બાતમી એસઆઈઆઈબી ટીમને મળી હતી. આ બાતમીના આધારે અધિકારીઓની ટુકડીએ વહેલી સવારથી જ કંપની પરિસરમાં તપાસ હાથ ધરી હતી અને યુનિટના તમામ મહત્ત્વપૂર્ણ દસ્તાવેજો, હિસાબી ચોપડાઓ, કોમ્પ્યુટર ડેટા અને બિલિંગ વ્યવહારોની ઊંડાણપૂર્વક છાનબીન શરૂ કરવામાં આવી છે.

પ્રાથમિક તપાસમાં આ કૌભાંડના તાર ગુજરાત બહાર સુધી લંબાયેલા હોવાના ચોંકાવનારા સંકેતો મળી રહ્યા છે.

અમદાવાદ સ્થિત યુનિટધારક માત્ર કાગળ પર જ હોવાની, એટલે કે ‘ડમી’ હોવાની પ્રબળ આશંકા સેવાઈ રહી છે, જ્યારે આ સમગ્ર રેકેટનું અસલ સંચાલન મુંબઈ સ્થિત માથાંઓ દ્વારા કરવામાં આવી રહ્યું હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. આ ઉપરાંત, સ્થાનિક સ્તરે ક્લિયરન્સ અને અન્ય ગોઠવણો કરી આપતા વચેટીયાઓ તેમ જ ગોઠવણીકારોની ભૂમિકા પણ કસ્ટમ્સની શંકાના દાયરામાં આવી ગઈ છે.

તપાસ પૂર્ણ થયા બાદ આ બહુચર્ચિત કૌભાંડમાં મોટા ખુલાસાઓ અને નાણાકીય ગોટાળાઓ બહાર આવવાની પૂરી સંભાવના છે. જોકે, આ દરોડા અંગે કાસેઝના જનસંપર્ક અધિકારીએ તેને નિયમિત (રૂટીન) તપાસ ગણાવી હતી. છતાં એસઆઈઆઈબીની સઘન તપાસને પગલે સ્થાનિક નેટવર્ક પૂરું પાડનારા મદદગારો સામે કાયદાનો ગાળિયો ક્યારે કસાશે તેના પર સૌની નજર ટકેલી છે. ■

# લગ્નની ઓનલાઈન કંકોતરી ડાઉનલોડ કરતા સાવધાની રાખજો, વૃદ્ધે ₹ ૧૫.૪૫ લાખ ગુમાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દેશમાં સાયબર ગઠિયાઓ હવે લોકોને છેતરવા માટે નવા નવા કીમિયા અજમાવી રહ્યા છે. અત્યાર સુધી આરટીઓ ચલણ, લાઈટ બિલ સહિતની વિવિધ એપીકે ફાઈલ મોકલીને સાયબર ઠગાઈ કરવામાં આવતી હતી, ત્યારે હવે ફરી લગ્નની ઓનલાઈન કંકોત્રીના નામે એપીકે ફાઈલ મોકલીને છેતરપિંડીનો કિસ્સો બહાર આવ્યો છે.

મણિનગરમાં રહેતા ૬૪ વર્ષીય વૃદ્ધ નિવૃત્ત છે. પહેલા તેઓ જ્યાં નોકરી કરતા હતા ત્યાંના એક પરિચિત વ્યક્તિના મોબાઈલ નંબર પરથી તેમના વૉટ્સઍપ પર વેડિંગ ઈન્વિટેશન કાર્ડના નામે એપીકે ફાઈલ આવી હતી. પરિચિતના નંબર પરથી મેસેજ આવ્યો હોવાથી વૃદ્ધને શંકા ગઈ નહોતી. તેમણે એપીકે ફાઈલ ડાઉનલોડ કરીને તેના પર ક્લિક કર્યું હતું. જોકે, ફાઈલ ખોલ્યા બાદ તેમણે તરત જ તે બંધ કરી દીધી હતી. ફાઈલ ડાઉનલોડ કર્યાના આશરે એક મહિના બાદ વૃદ્ધના મોબાઈલ ફોનમાં એક પછી એક અનેક ઓટીપી આવવા લાગ્યા હતા. તે સમયે વૃદ્ધ ધ્રાંગધ્રા ગયા હોવાથી તેમણે પત્નીને બૅંકમાં મોકલી ખાતાની પાસબૂક પ્રિન્ટ કરાવવા કહ્યું હતું. જોકે, બૅંકમાં હડતાળ હોવાથી બે દિવસ સુધી પાસબૂક પ્રિન્ટ થઈ શકી નહોતી. બે દિવસ બાદ પાસબૂક પ્રિન્ટ કરાવતાં વૃદ્ધના ખાતામાંથી અલગ અલગ ૨૬ ટ્રાન્ઝેક્શન થયા હોવાનું સામે આવ્યું હતું. યુપીઆઈ મારફતે કુલ રૂ. ૧૫.૪૫ લાખ તેમના ખાતામાંથી ટ્રાન્સફર કરી લેવામાં આવ્યા હતા. આ જોઈ પરિવારજનો ચોંકી ગયા હતા.

વૃદ્ધે કંકોતરીની ફાઈલ મોકલનાર પરિચિત વ્યક્તિનો સંપર્ક કરતાં તેનો ફોન પણ હેક થયો હોવાનું જાણવા મળ્યું હતું. ગીર-સોમનાથના યુઝરને પણ આ રીતે મિત્રના દીકરાના લગ્નની ફાઈલ આવી હતી, પરંતુ નજીકના લોકો પણ વોટ્સ એપ પર લગ્નનું આમંત્રણ આપે તે ન ગમતું હોવાથી તેમણે ફાઈલ ખોલી ન હતી. થોડી મિનિટો બાદ વોટ્સ એપ ગ્રૂપમાંથી માહિતી મળી હતી કે મિત્રનો ફોન હેક થયો છે અને આવો કોઈ લગ્નપ્રસંગ ઘરમાં નથી. ■

# ₹ ૧૦ હજારમાં ૧૦ વર્ષની જીમ મેમ્બરશિપ, જીમ માલિકને કર્મચારીઓએ ₹ ૧.૬૬ કરોડનો ચૂનો લગાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના જીમ લોંજના માલિક સાથે તેમના જ બે કર્મચારીએ મળી ૧.૬૬ કરોડની છેતરપિંડી કરી હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ હોવાની માહિતી મળી હતી. મળતી વિગતો અનુસાર જીમ લોંજના વિજય સેંગર દ્વારા જીમની ૧૦મી વર્ષગાંઠ નિમિત્તે ૧૦ હજારમાં ૧૦ વર્ષની મેમ્બરશિપ આપવાની ઓફર રાખવામાં આવી હતી. જોકે, ૧ જુલાઈથી ૧૦ જુલાઈ સુધીની આ ઓફર સમયમર્યાદા પૂરી થતાં બંધ કરી દેવામાં આવી હતી. ત્યારબાદ જીમના માલિક વિજય સેંગર નવા પ્રોજેક્ટના કામે બે મહિના માટે બહારગામ ગયા હતા. તેમની ગેરહાજરીનો લાભ લઈ સેન્ટર હેડ જૈનિશ શુક્લા અને બ્રાન્ચ મેનેજર મનીષ શર્માએ બંધ થયેલી સ્કીમ ફરી શરૂ કરી ૧૫૦૦ લોકોને મેમ્બરશીપ વેચી ૧.૬૬ કરોડ રૂપિયા કથિત રીતે ઘરભેગા કરી દીધા હતા, જે અંગે સેંગરે ક્રાઇમ બ્રાંચમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે વધુ તપાસ આદરી છે.

વિજય સેંગર ૧૦ સપ્ટેમ્બરે પરત આવ્યા ત્યારે જીમમાં એવા ગ્રાહકો આવતા જોવા મળ્યા જેમણે અગાઉની સ્કીમમાં રજિસ્ટ્રેશન કરાવ્યું ન હતું, પરંતુ તેમની પાસે જીમની ફી ભર્યાના પુરાવા હતા. આ રકમ જીમના સત્તાવાર બૅંક ખાતામાં જમા થઈ ન હોવાનું ધ્યાનમાં આવતા તેમણે તપાસ કરાવી હતી. તપાસ દરમિયાન માલિકની ગેરહાજરીમાં બંધ થયેલી સ્કીમ ફરી શરૂ કરવામાં આવી હોવાનું જણાયુ હતું. સેંગરની ફરિયાદ મુજબ બ્રાન્ચ મેનેજર મનીષ શર્મા ગ્રાહકોને એજન્ટ તરીકે મળતો હતો અને ૧૦ હજારમાં ૧૦ વર્ષની મેમ્બરશિપની સ્કીમ સમજાવી યુપીઆઈ તથા રોકડથી નાણાં મેળવી મેમ્બરશિપ આપી દેતો હતો. આ ઉપરાંત તમામ બ્રાન્ચના સ્ટાફને પણ સ્કીમ ચાલુ હોવાની જાણ કરવામાં આવી હતી. જૈનિશ શુક્લાએ ગ્રાહકોમાં વિશ્વાસ ઊભો કરવા પોતાની પત્ની ભારતી શુક્લા સાથે મળીને જીમમાં ભાગીદારી હોવાનું ખોટું એગ્રીમેન્ટ બનાવ્યું હતું, જે એગ્રીમેન્ટના આધારે જીમ લોંજના મળતા નામથી બૅંક ખાતું ખોલાવવામાં આવ્યું હતું અને મેમ્બરશિપની રકમ આ ખાતામાં લેવામાં આવતી હતી. સેંગરની ગેરહાજરીમાં તેમના જ કર્મચારીઓ જૈનિશ શુક્લા, મનીષ શર્મા અને ભારતી શુક્લાએ મળીને બે મહિના દરમિયાન ૧૫૦૦થી વધુ ગ્રાહકોને મેમ્બરશિપ આપી હોવાનો અને અને રૂ. ૧.૬૬ કરોડથી વધુ રકમ મેળવવામાં આવી હોવાનો આક્ષેપ છે. સમગ્ર મામલે વિજય સેંગરે ક્રાઇમ બ્રાંચની આર્થિક ગુના નિવારણ શાખામાં ફરિયાદ નોંધાવતા પોલીસે ફરિયાદના આધારે તપાસ શરૂ કરી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ■

# અંબાજીમાં ભાદરવી પૂનમનો મેળો, શ્રદ્ધાળુઓ માટે વિવિધ સુવિધા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના પ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજીમાં તા. ૨૦થી ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન યોજાનારા ભાદરવી પૂનમ મહામેળાને લઈને તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી છે.

ગુજરાત સરકાર અને ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા વિવિધ વિભાગો સાથે સંકલન કરીને મહામેળા દરમિયાન યાત્રાળુઓને વધુ સારી સુવિધાઓ મળી રહે, તે માટે રેસ્ટ શેલ્ટર, પાર્કિંગ, શૌચાલય, પીવાનું પાણી, આરોગ્ય સેવા, સુરક્ષા વ્યવસ્થા, સીસીટીવી, મોબાઇલ ચાર્જિંગ અને ફ્રી ફૂડ શેલ્ટર સહિતની વિવિધ સુવિધાઓનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજ્ય સરકારે આપેલી વિગતો અનુસાર મેળા દરમિયાન લાંબી યાત્રા કરીને આવતા ભક્તોને આરામ મળી રહે, તે માટે કુલ ૧૨,૩૦૦ ચો.મી. વિસ્તારમાં રેસ્ટ શેલ્ટર તૈયાર કરવામાં આવ્યા છે. પીવાના પાણી માટે મુખ્ય હાઇવે અને યાત્રામાર્ગો પર કુલ ૩૦ વોટર પેગોડા બનાવાયા છે.

લાખો યાત્રાળુઓની અવરજવરને ધ્યાનમાં રાખીને સ્વચ્છતા વ્યવસ્થા પણ સુદૃઢ કરવામાં આવી છે. રેસ્ટ શેલ્ટર ખાતે ૮ ટોઇલેટ બ્લોક બનાવાયા છે, જેમાં કુલ ૮૦ બાથ યુનિટ, ૮૦ ડબલ્યુસી યુનિટ, ૨૪ યુરિનલ અને ૩૨ હેન્ડવોશ યુનિટની વ્યવસ્થા છે. મહામેળા દરમિયાન મોટી સંખ્યામાં વાહનો અંબાજી પહોંચવાના હોવાથી વાહન વ્યવસ્થાપન માટે કુલ ૨,૬૭,૨૬૫ ચો.મી. વિસ્તારમાં પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી છે. તમામ સુવિધાઓ હડાદ રૂટ અને દાંતા રૂટ પર પૂરતા પ્રમાણમા ઉપલબ્ધ કરવામાં આવી હોવાનું સરકારે જણાવ્યું હતું. આ સાથે તબીબી સુવિધાઓ, ૧૨૫ ફાયર એક્સ્ટિંગ્વિશર સહિત જરૂરી વિદ્યુત અને પ્રકાશ વ્યવસ્થાઓ પણ ગોઠવાઈ છે. રેસ્ટ શેલ્ટરોમાં મલ્ટિપલ મોબાઇલ ચાર્જિંગ પોઇન્ટ્સ ઉપલબ્ધ રહેશે. સાથે જ નોંધણી પેગોડા, પાણીના કાઉન્ટર, માહિતી અને માર્ગદર્શન માટેના સાઇનેજ સહિતની વિવિધ સુવિધાઓ પણ છે. સ્થાનિક કારીગરો અને વેપારીઓને વ્યવસાયિક તકો મળી રહે તે માટે મેળા વિસ્તારમાં આશરે ૧,૩૦૦ ચો.મી. વિસ્તારમાં ક્રાફ્ટ સ્ટોલ્સ ઊભા કરાયા છે. તેમાં ૨ + ૩ મીટરના આશરે ૨૧૬ સ્ટોલ્સનો સમાવેશ થાય છે, તેવી માહિતી સરકારે આપી હતી. ■

# ફેડરલે વ્યાજદર વધાર્યા છતાં ક્રૂડતેલના ભાવ ઊંચા મથાળેથી પાછા ફરતાં સોના-ચાંદીની તેજીને ટેકો મળ્યો



કોમોડિટી

રમેશ ગોહિલ

વીતેલા સપ્તાહના આરંભે પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવમાં વધારો થવાથી એક તબક્કે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ વધીને બેરલદીઠ ૧૦૭ ડૉલર સુધી પહોંચી જવાથી ફુગાવામાં વધારો થવાની ચિંતા સપાટી પર આવી હોવાથી સોનાના ભાવ દબાણ હેઠળ રહ્યા હતા. વધુમાં અમેરિકી ફેડરલ રિઝર્વની ઓપન માર્કેટ કમિટીએ ગત ૧૫-૧૬ સપ્ટેમ્બરની બેઠકના અંતે બજારની અપેક્ષાનુસાર વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો વધારો કરવાની સાથે સાથે ભવિષ્યમાં વ્યાજદરમાં વધુ વધારો કરવાના પણ સંકેત આપતાં ન્યૂ યોર્ક ખાતે સોનાના ભાવમાં બે ટકા જેટલો કડાકો બોલાઈ ગયો હતો. જોકે, ત્યાર બાદ સઉદી અરેબિયા તેની પૂર્વ-પશ્ચિમની પાઈપલાઈન દ્વારા તેનો ક્રૂડતેલનો પ્રવાહ પુનઃ સ્થાપિત કરવા કાર્ય કરી રહ્યું હોવાના અહેવાલો વહેતા થતાં ક્રૂડતેલના ભાવમાં વધ્યા મથાળેથી ઘટાડો નોંધાતા વૈશ્વિક બજારમાં સોના અને ચાંદીના ભાવમાં પણ ઘટ્યા મથાળેથી ફરી સુધારો જોવા મળ્યો હતો. આમ વૈશ્વિક બજારને અનુસરતા સ્થાનિક ઝવેરી બજારમાં પણ બેતરફી વધઘટને અંતે બન્ને કિંમતી ધાતુઓમાં સાપ્તાહિક ધોરણે સુધારો નોંધાયો હતો.

ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભે વેરારહિત ધોરણે હાજરમાં ૧૦ ગ્રામદીઠ ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૧૧મી સપ્ટેમ્બરના રૂ. ૧,૫૩,૨૮૭ સામે ઘટીને રૂ. ૧,૫૧,૦૫૦ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૧,૫૦,૯૦૨ અને ઉપરમાં સપ્તાહના અંતે રૂ. ૧,૫૩,૭૨૭ના મથાળે બંધ રહેતા સાપ્તાહિક ધોરણે ભાવમાં ૦.૨૮ ટકાનો અથવા તો રૂ. ૪૪૦નો વધારો થયો હતો. તે જ પ્રમાણે ૯૯૯ ટચ ચાંદીના વેરારહિત ધોરણે કિલોદીઠ ભાવ આગલા સપ્તાહના અંતના રૂ. ૨,૩૩,૬૪૨ સામે ઘટીને રૂ. ૨,૨૭,૬૫૦ની સપાટીએ ખૂલ્યા બાદ નીચામાં રૂ. ૨,૨૭,૬૫૦ અને ઉપરમાં સપ્તાહના અંતે રૂ. ૨,૩૬,૯૦૮ના મથાળે બંધ રહેતા ભાવમાં સાપ્તાહિક ધોરણે કિલોદીઠ રૂ. ૩૨૬૬ની અથવા તો ૧.૩૯ ટકાની વૃદ્ધિ જોવા મળી હતી. જોકે, અમેરિકી ફેડરલ રિઝર્વે તંગ નાણાનીતિના અણસાર આપ્યા હોવાથી ભાવઘટાડાના આશાવાદ હેઠળ સ્થાનિકમાં ખાસ કરીને સોનામાં જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની લેવાલી શુષ્ક રહી હતી અને માત્ર રોકાણકારોની રોકાણલક્ષી છૂટીછવાઈ માગ જોવા મળી હતી, જ્યારે ચાંદીમાં ઔદ્યોગિક વપરાશકારોની ખપપૂરતી અને સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ માગ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

વિશ્વ બજારમાં ગત સપ્તાહ દરમિયાન ક્રૂડ તેલના ભાવઘટાડાને ટેકે સોનાના ભાવમાં ટકાથી વધુનો વધારો થયો હતો, જ્યારે ચાંદીમાં લગભગ ત્રણ ટકા જેટલો વધારો થયો હતો. એક તરફ ક્રૂડતેલના ભાવમાં ઘટાડાથી ફુગાવાની ચિંતા ઓછી થઈ અને બીજી તરફ અમેરિકી બોન્ડની યીલ્ડ ઓછી થવાથી સોના અને ચાંદી સહિતની તમામ કિંમતી ધાતુઓને ટેકો મળ્યો હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ ઍન્ડ ઍડ્વાઈઝર્સ વિશ્લેષકે જણાવતા ઉમેર્યું હતું કે સઉદી અરેબિયા તેની પૂર્વ-પશ્ચિમ પાઇપલાઇન દ્વારા ક્રૂડતેલનો પુરવઠા પ્રવાહ પુનઃસ્થાપિત કરવા માટે કામ કરી રહ્યું હોવાથી ક્રૂડ ઓઇલના ભાવ સતત ત્રીજા સત્રમાં ઘટી આવ્યા હતા. વધુમાં અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ આગામી સપ્તાહે અખાતી દેશોનાં નેતાઓને મળવાના છે, જેમાં મધ્ય પૂર્વમાં વિકાસનો મુદ્દો કેન્દ્ર સ્થાને રહેવાની શક્યતા વ્યક્ત કરતાં તેમણે ઉમેર્યું હતું કે યુએસ ટ્રેઝરી યિલ્ડ પણ એક કરતાં વધુ વર્ષની ઊંચી સપાટીએથી પાછી ફરી છે. ગત અઠવાડિયાની શરૂઆતમાં થોડા સમય માટે પાંચ ટકાની ઉપર ગયા પછી ઘટીને ૪.૯૩ ટકા આસપાસની સપાટીએ રહી હતી. યિલ્ડના ઘટાડાથી સોના અને ચાંદીને થોડી રાહત મળી છે, જોકે નાણાકીય નીતિ માટેનો અંદાજ અનિશ્ચિતતા પેદા કરી રહ્યો છે. હાલમાં રોકાણકારો ત્રણ વર્ષમાં પ્રથમ વખત વ્યાજ દરમાં વધારા બાદ ફેડરલ રિઝર્વના નીતિ દૃષ્ટિકોણનું મૂલ્યાંકન કરી રહ્યા છે. ફેડરલ રિઝર્વે સંકેત આપ્યો હતો કે ફુગાવાના દબાણને રોકવા માટે વધુ તંગ નાણાનીતિ જરૂરી હોઈ શકે છે. જોકે, બજાર વર્તુળો હાલના તબક્કે આગામી ઓક્ટોબરમાં બીજા દરમાં વધારાની ૫૩ ટકા શક્યતા જોઈ રહ્યા છે. જોકે, ફેડરલ સિવાય ગત સપ્તાહે બેંક ઓફ ઈંગ્લેન્ડે ગુરુવારે વ્યાજ દર યથાવત્ રાખવાની સાથે ચેતવણી આપી છે કે વધુ વધારો કરવાની જરૂર પડી શકે છે, જ્યારે બેંક ઓફ જાપાને પણ ગત શુક્રવારે દર ૩૧ વર્ષના ઉચ્ચ સ્તરે વધારવાની સાથે ફુગાવાના જોખમોને પહોંચી વળવા માટે વધુ વ્યાજદર વધારાની શક્યતા નકારી ન શકાય, એમ જણાવતા તેમણે ઉમેર્યું હતું કે અમારા મતાનુસાર આગામી સપ્તાહે કૉમેક્સ વિભાગ પર સોનાના ઔંસદીઠ ભાવ ૪૨૫૦થી ૪૫૧૦ની રેન્જમાં અને ચાંદીના ભાવ ઔંસદીઠ ૬૨થી ૬૮ ડૉલરની રેન્જમાં રહે તેવી શક્યતા છે, જ્યારે સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયાદમાં ભાવની રેન્જ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૪૯,૫૦૦થી ૧,૫૬,૬૦૦ની અને ચાંદીના ઓનલાઈન વાયદાની રેન્જ કિલોદીઠ રૂ. ૨,૩૦,૦૦૦થી ૨,૪૮,૦૦૦ની રહે તેવી શક્યતા જણાય છે.

દરમિયાન ગત સપ્તાહના અંતે ક્રૂડતેલના ભાવઘટાડાને ટેકે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર હાજરમાં સોનાના ઔંસદીઠ ભાવ આગલા બંધ સામે ૧.૨ ટકા વધીને ૪૩૯૦.૧૧ ડૉલર અને ડિસેમ્બર ડિલિવરી વાયદામાં ભાવ ૦.૬ ટકા વધીને ૪૪૨૪.૯૦ ડૉલર રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૨.૩ ટકાની તેજી સાથે ઔંસદીઠ ૬૬.૭૦ ડૉલર આસપાસના મથાળે રહ્યા હતા.

હાલમાં ક્રૂડતેલના ભાવ ઘટી આવતા ફુગાવાલક્ષી દબાણ હળવું થઈ રહ્યું હોવાથી સોનાના ભાવના સુધારાને ટેકો મળી રહ્યો છે, વધુમાં અગાઉ જે ખેલાડીઓની ઓવરસોલ્ડ પોઝિશન હતી તે વેચાણો કપાવાને કારણે પણ સુધારો જોવા મળી રહ્યો હોવાનું એવરબૅન્કનાં વૈશ્વિક બજારનાં પ્રમુખ ક્રિસ ગેફનીએ જણાવ્યું હતું. એકંદરે મધ્ય પૂર્વના દેશોમાં તણાવ વધવાને કારણે સઉદી અરેબિયાથી તેલના પુરવઠાની ચિંતા સપાટી પર આવતા ફુગાવામાં વધારાનું જોખમ તોળાઈ રહ્યું હતું, ગત સપ્તાહના અંતિમ ત્રણ સત્રમાં ક્રૂડતેલના ભાવમાં ઘટાડો આવ્યો હોવાથી ફુગાવાની ચિંતા ઓછી થતાં સોના અને ચાંદી સહિતની કિંમતી ધાતુઓમાં ભાવ ઘટતા અટકી સુધારાતરફી જોવા મળ્યા હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું. ■

# વિદેશી હૂંડિયામણની અનામતમાં ૪.૯૨૪ અબજ ડૉલરનો ઘટાડો



મુંબઈઃ ગત ૧૧મી સપ્ટેમ્બરના રોજ પૂરા થયેલા સપ્તાહમાં ખાસ કરીને દેશની વિદેશી ચલણી અસ્ક્યામતો અને સોનાની અનામતોમાં ઘટાડો થવાને કારણે કુલ અનામત ૪.૯૨૪ અબજ ડૉલરના ઘટાડા સાથે ૭૮૦.૭૮૨ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત ૪૪.૯૦૩ અબજ ડૉલરના જંગી ઉછાળા સાથે ૭૮૫.૭૦૬ અબજ ડૉલરની ઐતિહાસિક ઊંચી સપાટીએ રહી હતી.

નોંધનીય બાબત એ છે કે અગાઉ ગત ફેબ્રુઆરીના અંતે વિદેશી હૂંડિયામણની અનામત વિક્રમ સપાટીએ પહોંચી હતી, પરંતુ ત્યાર બાદ અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ થતાં ક્રૂડતેલના ભાવમાં આવેલા વધારાને કારણે ડૉલર સામે રૂપિયામાં થતાં ધોવાણને અટકાવવા રિઝર્વ બૅન્કનો હાજર બજારમાં હસ્તક્ષેપ રહેતાં અનામતમાં સતત ઘટાડો થઈ રહ્યો હતો. જોકે, ત્યાર બાદ વિદેશી હૂંડિયામણની અનામતનું ભંડોળ વધારવા માટે રિઝર્વ બૅન્કે કન્સેસ્નલ સ્વેપ ફેસિલિટી શરૂ કરતાં ૧૩૬ અબજ ડૉલરનો આંતરપ્રવાહ રહ્યો હોવાથી એકંદરે વિદેશી હૂંડિયામણના ભંડોળમાં વૃદ્ધિ થઈ હતી.

દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ અનામતોમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૨.૩૭૨ અબજ ડૉલરના ઘટાડા સાથે ૬૪૫.૭૯૬ અબજ ડૉલરના સ્તરે રહી હતી. જોકે, વિદેશી ચલણી અસ્ક્યામતોમાં સપ્તાહ દરમિયાન ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યેન જેવાં અન્ય મુખ્ય ચલણો સામે થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન દેશની સોનાની અનામતો ૨.૫૯૧ અબજ ડૉલર ઘટીને ૧૧૧.૨૨૫ અબજ ડૉલરા સ્તરે રહી હતી, જ્યારે ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૩.૯ કરોડ ડૉલર વધીને ૧૮.૮૪૫ અબજ ડૉલરના સ્તરે અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત ૪.૯૧૬ અબજ ડૉલરની સપાટીએ રહ્યા હોવાનું રિઝર્વ બૅન્કે યાદીમાં ઉમેર્યું હતું. ■

# નવી અદ્યતન ટૅક્નોલૉજીનો ઉપયોગ ખનન અને ધાતુના ક્ષેત્રની કાયાપલટ કરી શકે

નવી દિલ્હીઃ ભારતના ખાણકામ અને ધાતુનાં ક્ષેત્રને વધુ ઉત્પાદક અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવામાં નવાં યુગની એઆઈ અને વિશ્વસનીય ડેટા જેવી ટેક્નોલૉજી પરિવર્તનકારી ભૂમિકા ભજવી શકે છે, એમ કોલસા, ખાણ અને સ્ટીલ પરની સંસદીય સ્થાયી સમિતીનાં એક સભ્યએ જણાવ્યું હતું.

અત્રે ફિક્કિ દ્વારા આયોજિત ડિજિટલાઈઝેશન,એઆઈ ઑટોમેશન ઍન્ડ ટેક્નોલૉજી ઈન્ટિગ્રેશન ઓન માઈનિંગ ઍન્ડ મેટલ્સ અંગેનાં પરિસંવાદને સંબોધતા રાજ્યસભાના સાંસદ અને કોલસા, ખાણ અને સ્ટીલ પરની સંસદીય સ્થાયી સમિતિનાં સભ્ય સસ્મિત પાત્રાએ જણાવ્યું હતું કે ડિજિટલાઈઝેશન આ ક્ષેત્રને વધુ પારદર્શક બનાવવામાં પણ મદદ કરશે.

એઆઈ અને ડિજિટલ ટેક્નોલૉજી ખાણકામમાં પરિવર્તકારી ભૂમિકા ભજવી શકે છે, જે અમને કામગીરીનું અસરકારક રીતે નિરિક્ષણ કરવામાં, સંસાધનોનો જવાબદારીપૂર્વક ઉપયોગ કરવામાં અને વિશ્વસનીય પારદર્શક ડેટા એકત્રિત કરવામાં મદદ કરી શકે છે. વધુમાં ટેક્નોલૉજી તમામ હિસ્સેધારકોમાં સલામતી, ટકાઉપણું અને વિશ્વાસ મજબૂત કરાવામાં મદદરૂપ થઈ શકે છે.

એઆઈ અને ડિજિટલાઈઝેશન સહિતની ટેક્નોલૉજીમાં વધુ સારી દેખરેખ, પારદર્શક નિર્ણય લેવાની અને સંસાધન વ્યવસ્થાપનને સક્ષમ કરીને ખનન ક્ષેત્રમાં પરિવર્તન લાવવાની ક્ષમતા છે. જો આપણે ટેક્નોલૉજીનો અસરકારક ઉપયોગ કરીએ તો તે આપણને સુરક્ષિત, ટકાઉ અને જવાબદાર ખનનની ઈકોસિસ્ટમ બનાવવામાં મદદ કરી શકે છે, એમ તેમણે જણાવતા ડેટા આધારિત અને ટેક્નોલૉજી સક્ષમ ખાણકામ, પર્યાવરણીય અને ઉત્પાદક કાર્યક્ષમતા તરફ દોરી જશે, પરિણામે ખાણકામ ઉદ્યોગ સાથેના સમુદાયના જોડાણમાં વધારો થશે, એમ તેમણે ઉમેર્યું હતું. ■

# વર્તમાન નાણાકીય વર્ષ માટે મૂડીઝે ભારતના વૃદ્ધિદરનો અંદાજ વધારીને સાત ટકા મૂક્યોઃ ક્રૂડતેલ અને અલ નિનોને કારણે ફુગાવાનું જોખમ

નવી દિલ્હીઃ અગ્રણી રેટિંગ એજન્સી મૂડીઝે વર્તમાન નાણાકીય વર્ષ માટે ભારતના વૃદ્ધિદરનો અંદાજ તીવ્રપણે વધારીને સાત ટકાનો મૂકવાની સાથે જી૨૦ રાષ્ટ્રોમાં સૌથી વધુ ઝડપી વૃદ્ધિદર રહેવાની શક્યતા વ્યક્ત કરી છે. એકંદરે મધ્ય પૂર્વના દેશોમાં સંઘર્ષ હોવા છતાં ભારતીય અર્થતંત્રની મજબૂતીને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે. જોકે, મૂડીઝે ક્રૂડતેલના ઊંચા ભાવ અને અલ નિનોને કારણે ફુગાવામાં વધારાના જોખમના સંકેતો પણ આપ્યા હતા.

મૂડીઝે ભારતના બી ડબલ એ૩ સોવરિન રેટિંગ્સની સમયાંતરે થતી સમીક્ષા પશ્ચાત્ એક યાદીમાં જણાવ્યું હતું કે મધ્ય પૂર્વની ઘટનાઓની અસર સામે રાજકોષીય નીતિમાં જોવા મળેલા સંયમિત પ્રતિસાદ એ સરકારની રાજકોષીય ખાધને ઘટાડીને ૪.૩ ટકાની લક્ષ્યાંકિત સપાટી સુધી જાળવી રાખવાની પ્રતિબદ્ધતા દર્શાવે છે. વધુમાં મૂડીઝે જણાવ્યું હતું કે મધ્ય પૂર્વનાં તણાવને કારણે વૈશ્વિક સ્તરે સર્જાયેલી અસ્થિરતા સામે ભારતીય અર્થતંત્રએ જે મજબૂતી દાખવી છે તેને પરિણામે અમે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટેના વાસ્તવિક જીડીપી વૃદ્ધિના અમારા અનુમાનને અગાઉના છ ટકાથી વધારીને સાત ટકા કર્યો છે.

મૂડીઝનાં સાત ટકાના અંદાજની સરખામણીમાં રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ વર્તમાન નાણાકીય વર્ષ માટે ૬.૭ ટકાનો, એસ ઍન્ડ પી ગ્લોબલ રેટિંગ્સે ૬.૬ ટકાનો, અને ફિચ રેટિંગ્સે ૬.૪ ટકા વૃદ્ધિદરનો અંદાજ મૂક્યો છે.

નોંધનીય બાબત એ છે કે ગત નાણાકીય વર્ષમાં ભારતનો આર્થિક વૃદ્ધિ દર ૭.૮ ટકા રહ્યો હતો.

વર્તમાન કેલૅન્ડર વર્ષ ૨૦૨૬ના પહેલા છમાસિકગાળામાં ખાસ કરીને મજબૂત ખાનગી વપરાશ, માળખાકીય રોકાણ અને સર્વિસીસ ક્ષેત્રની મજબૂતીને ટેકે દેશનો વૃદ્ધિદર ગત સમગ્ર કેલૅન્ડર વર્ષ ૨૦૨૫ના ૭.૩ ટકાના વૃદ્ધિદર સામે ૮.૨ ટકાની સપાટીએ રહ્યો હતો. એકંદરે વર્તમાન નાણાકીય વર્ષમાં ભારતની વૃદ્ધિ જી-૨૦ના અર્થતંત્રો અને આજ પ્રકારનું રેટિંગ ધરાવતા અન્ય દેશો પૈકી સૌથી ઝડપી રહેવાની શક્યતા વ્યક્ત કરતાં મૂડીઝે અહેવાલમાં ઉમેર્યું હતું કે તાજેતરમાં ક્રૂડતેલના વધેલા ભાવને કારણે વર્તમાન નાણાકીય વર્ષમાં સરેરાશ ફુગાવાનો અંદાજિત ૪.૮ ટકા કરતા વધુ રહે તેવી શક્યતા છે. જોકે, ગત નાણાકીય વર્ષ ૨૦૨૬માં સરેરાશ ફુગાવો ૨.૪ ટકાના સ્તરે રહ્યો હતો.

વધુમાં અલ નિનોને કારણે ચોમાસું અનિયમિત રહેતાં ખાદ્ય ચીજોના ભાવ વધી આવતા તેની માઠી અસર ખાનગી વપરાશ અને આર્થિક પ્રવૃત્તિ પર પડવાની ચેતવણી મૂડીઝે ઉચ્ચારી છે.

ઉલ્લેખનીય બાબત એ છે કે ગત ૨૮મી ફેબ્રુઆરીથી પશ્ચિમ એશિયામાં યુદ્ધના મંડાણ સાથે ક્રૂડતેલના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે. યુદ્ધ પૂર્વે ક્રૂડતેલના ભાવ જે બેરલદીઠ ૭૨ ડૉલર હતા તેની સામે આ મહિનામાં ભાવ બેરલદીઠ ૧૦૦ ડૉલરની સપાટી પાર કરી ગયા છે.

મૂડીઝનાં જણાવ્યાનુસાર ભારતનું સ્થિર આઉટલૂક રાજકોષીય સ્તરે મક્કમપણે સુધારા અને અને મક્કમ વૃદ્ધિદરના આશાવાદનો સંકેત આપે છે.

આ મહિનાના આરંભમાં જાપાનીઝ ક્રેડિટ રેટિંગ એજન્સી જેસીઆરએ ભારતનું સૉવરિન રેટિંગ્સ ૩૫ વર્ષનાં લાંબા સમયગાળા પછી અપગ્રેડ કરીને એ- આપ્યું હતું જે મજબૂત આર્થિક વૃદ્ધિ અને મજબૂત નાણાકીય સ્થિતિના સંકેત આપે છે. આ સિવાયની બે વૈશ્વિક રેટિંગ એજન્સી એસ ઍન્ડ પી અને ફિચે ભારતનું ઈન્વેસ્ટમેન્ટ ગ્રેડ ટ્રીપલ બી રેટિંગ્સ જાળવી રાખ્યું જે ઝડપી વૃદ્ધિ , મજબૂત અર્થતંત્ર, નીતિવિષયક સ્થિરતા અને ઊંચા માળખાકીય રોકાણનો નિર્દેશ આપે છે. ■

# ખાંડમાં છૂટાછવાયા કામકાજે મિશ્ર વલણ

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના અંતે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ ઉપરાંત રિટેલ સ્તરની લેવાલી છૂટીછવાઈ ખપપૂરતી રહેતાં હાજર ભાવમાં મિશ્ર વલણ રહેતા સ્મોલ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. આઠનો સુધારો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ૧૮થી ૪૦નો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની મુખ્યત્વે સ્મોલ ગ્રેડની ખાંડમાં માગને ટેકે ભાવ ક્વિન્ટલે રૂ. ૩૦ વધી આવ્યા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો ઘટાડો આવ્યો હતો. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની લેવાલી છૂટીછવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. આઠના સુધારા સાથે રૂ. ૪૫૫૦થી ૪૬૭૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૮ અને ઉપલા મથાળેથી રૂ. ૪૦ના ઘટાડા સાથે રૂ. ૪૬૩૨થી ૪૮૫૨માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૦ના સુધારા સાથે રૂ. ૪૩૫૦થી ૪૪૦૦માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ચારના ગુણવત્તાલક્ષી ઘટાડા સાથે રૂ. ૪૪૨૦થી ૪૪૮૦માં થયાના અહેવાલ હતા. ■

# કોપર અને નિકલ સહિતની ચોક્કસ ધાતુઓમાં આગળ ધપતો સુધારો

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ ઉપરાંત કોપરમાં પુરવઠાખેંચની ભીતિ હેઠળ લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ધાતુઓમાં તેજીનું વલણ રહેતું હોવાના નિર્દેશોને ધ્યાનમાં લેતા આજે સપ્તાહના અંતે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી હોવા છતાં કોપર, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, નિકલ અને ઝિન્ક સ્લેબમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૧૦નો સુધારો આગળ ધપ્યો હતો. જોકે, આજે સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ હેઠળ લીડ ઈન્ગોટ્સમાં કિલોદીઠ રૂ. ત્રણનો અને નિરસ માગે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં કિલોદીઠ રૂ. એકનો ઘટાડો આવ્યો હતો, જ્યારે બ્રાસ શીટ કટિંગ્સ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ટીનમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ વધીને રૂ. ૯૬૦, કોપર કેબલ સ્ક્રેપ અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. આઠ વધીને અનુક્રમે રૂ. ૧૩૯૬ અને રૂ. ૧૩૭૬, કોપર સ્ક્રેપ હેવી અને નિકલના ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને અનુક્રમે રૂ. ૧૩૮૫ અને રૂ. ૧૬૧૦, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૧૨૮૮ અને રૂ. ૧૪૭૯ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૪૪૫ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે વેચવાલીના દબાણ સામે સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૧૯૯ના મથાળે અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે રૂ. ૩૫૮ના મથાળે રહ્યા હતા. ■

# મર્યાદિત કામકાજે ખાદ્યતેલમાં ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયા તેલના વાયદામાં ૯૮ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં સપ્તાહના અંતિમ સત્રમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો અત્યંત પાંખાં રહ્યા હોવાથી હાજરમાં દેશી-આયાતી તેલના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. વધુમાં હાલ ગણેશોત્સવ ચાલી રહ્યો હોવાથી તેમ જ સપ્તાહના અંતને કારણે વેપારી આલમની હાજરી પણ પાંખી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૨૫, ગોકુલ એગ્રોના ઑક્ટોબર ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૮૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૫૦, ભારત ફૂડ્સના સોયા રિફાઈન્ડના ઑક્ટોબર ડિલિવરી શરતે રૂ. ૧૪૩૫ અને સચિન ઈન્ટરનેશનલના ૨૨થી ૩૦ સપ્ટેમ્બર ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૭૫૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૭૫૦માં થયા હતા, જ્યારે રાજકોટ મથકે ૯૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૬૫૦માં થયા હતા. વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર સોયાસીડની ૧૦,૦૦૦થી ૧૧,૦૦૦ ગૂણી નવા માલ સહિતની કુલ અંદાજે ૩૦,૦૦૦ ગૂણીની આવક હતી, જેના મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૫૫૦૦થી ૫૮૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૫૮૦૦થી ૫૯૦૦માં થયાના અહેવાલ હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૪૮૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૦, સન રિફાઈન્ડના રૂ. ૧૭૩૦, સિંગતેલના રૂ. ૧૮૦૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૬૫૫ અને સરસવના રૂ. ૧૭૭૦ના મથાળે ટકેલા રહ્યા હતા. ■



# ₹ ત્રણ લાખ સુધીનાં કન્સાઈન્મેન્ટની નિકાસ માટે આરસીએમ સર્ટિફિકેટની આવશ્યકતા નથીઃ વાણિજ્ય મંત્રાલય

નવી દિલ્હીઃ નવાં અને નાના નિકાસકારો પર પ્રક્રિયાઓનું ભારણ હળવુ કરવા માટે સરકારે રૂ. ત્રણ લાખ સુધીનાં મૂલ્યના કન્સાઈન્મેન્ટની નિકાસ માટે કરવા માટે હવે રજિસ્ટ્રેશન કમ મેમ્બરશીપ સર્ટિફિકેટની આવશ્યકતા ન હોવાનું વાણિજ્ય મંત્રાલયે એક અધિકૃત યાદીમાં જણાવ્યું છે.

વાણિજ્ય મંત્રાલયના જણાવ્યાનુસાર આ પગલાંથી ટપાલ, કુરિયર અને અન્ય ઊભરતા માધ્યમો દ્વારા માલની નિકાસ પણ સરળ બનશે. સામાન્યપણે આ સર્ટિફિકેટ કૉમૉડિટી બોર્ડસની એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ દ્વારા જારી કરવામાં આવે છે અને તે એ બાબતની પુષ્ટિ કરે છે કે નિકાસકાર અધિકૃતપણે સંબંધિત નિકાસ સંસ્થામાં નોંધાયેલ છે.

નાના મૂલ્યની નિકાસ કરતાં નવા અથવા તો ક્યારેક જ નિકાસ કરતાં નિકાસકારો માટે આ પ્રક્રિયામાં પાલન માટેનું એક વધારાનું પગલું સામેલ છે, જેમાં યોગ્ય નોંધણી સંસ્થાની ઓળખ કરવી, નિર્ધારિત દસ્તાવેજો રજૂ કરવા અને નિકાસ શરૂ કરતાં પહેલાં નોંધણી પ્રક્રિયા પૂર્ણ કરવાનો સમાવેશ થાય છે. જોકે, ડિરેક્ટોરેટ જનરલ ઑફ ફોરેન ટ્રેડે વિદેશ વેપાર નીતિ, ૨૦૨૩માં ફેરફાર અથવા તો સુધારા કરીને ફ્રી ઑન બોર્ડ ધોરણે રૂ. ત્રણ લાખ સુધીનાં મૂલ્યની નિકાસ કરનારને રજિસ્ટ્રેશન કમ મેમ્બરશીપ સર્ટિફિકેટ અથવા તો સર્ટિફિકેટ ઑફ રજિસ્ટ્રેશનની આવશ્યકતા ન હોવાનું જણાવતા ઉમેર્યું હતું કે રૂ. ત્રણ લાખથી વધુ મૂલ્યની નિકાસ માટે સર્ટિફિકેટની આવશ્યકતા રહેશે.

છેલ્લાં પાંચ વર્ષની અથવા તો વર્ષ ૨૦૨૧-૨૨થી ૨૦૨૫-૨૬ દરમિયાન થયેલી કુલ નિકાસમાં ઓછા મૂલ્યની નિકાસનો ફાળો નોંધપાત્ર સ્તરનો રહ્યો છે. દા.ત રૂ. ત્રણ લાખ સુધીના શિપમેન્ટ બિલમાં હિસ્સો ૦.૪૩ ટકાનો હોય, પરંતુ દેશની કુલ મર્કન્ડાઈઝ નિકાસમાં તેનો હિસ્સો ૦.૮૬ ટકા જેટલો હોય છે. ■

# ભુજ નજીક મિરજાપરના જંગલમાં ગેરકાયદે બાંધકામો પર બુલડોઝર ફેરવી ₹૧૫ કરોડની જમીન મુક્ત કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: નજીક આવેલા મિરજાપર અનામત જંગલ વિસ્તારમાં સરકારી જમીન પચાવી પાડવાના ઇરાદે ઊભા કરાયેલા ગેરકાયદે બાંધકામો સામે વન વિભાગે લાલ આંખ કરી છે. વન વિભાગના કાફલાએ વહેલી પરોઢે કડક પોલીસ બંદોબસ્ત વચ્ચે ત્રાટકી ધાર્મિક સ્થળોની આડમાં ખડકી દેવાયેલાં પાકાં બાંધકામો તોડી પાડી આશરે રૂ ૧૫ કરોડની બજારમૂલ્ય ધરાવતી ૩,૦૦૦ ચોરસ મીટર અનામત વનભૂમિને દબાણમુક્ત કરાવી હતી. વિભાગીય સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો અનુસાર, ભુજ પશ્ચિમ રેન્જ હેઠળ આઈ.ટી.આઈ. કોલેજ નજીક આવેલા મિરજાપર અનામત જંગલના રક્ષિત વિસ્તારમાં લાંબા સમયથી ગેરકાયદે દબાણો ખડકાઈ ગયાં હતાં. વન વિભાગ દ્વારા અગાઉ સંબંધિતોને કાયદેસરની નોટિસો ફટકારી સ્વેચ્છાએ દબાણ હટાવી લેવા મુદત અપાઈ હતી. નોટિસની સમયમર્યાદા પૂર્ણ થતાં જ ૧૯ સપ્ટેમ્બરના રોજ વહેલી પરોઢે ૪ ૨ ૭ વાગ્યે વનતંત્રની ટીમોએ જેસીબી મશીનરી સાથે દરોડો પાડ્યો હતો. અહીં હઝરત મિશ્કીન્સા વલી તેમજ હઝરત મામુસાઈ દરગાહના નામે ખડકી દેવાયેલાં પાકાં ધાર્મિક સ્ટ્રક્ચર તેમજ તેની આસપાસની અન્ય ગેરકાયદે ઓરડીઓ અને બાંધકામોને જમીનદોસ્ત કરી દેવાયાં હતાં. આ મેગા ડિમોલિશન દરમિયાન આશરે ૩,૦૦૦ ચોરસ મીટર જેટલી કિંમતી વન જમીન ખાલી કરાવી વિભાગે પોતાનો કાયદેસરનો બોર્ડ-તાર ફેન્સિંગ સાથેનો કબજો સ્થાપિત કર્યો હતો. ખાલી કરાવેલી આ જમીનની અંદાજિત કિંમત રૂ.૧૫ કરોડ આંકવામાં આવી છે. આ સંયુક્ત ઓપરેશનમાં વન કર્મચારીઓનો મોટો કાફલો જોડાયો હતો. ડિમોલિશન વેળાએ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ભુજ શહેર પોલીસનો ચુસ્ત બંદોબસ્ત તૈનાત રખાયો હતો. સુરક્ષિત વન વિસ્તારના કુદરતી સંસાધનો અને વન્યજીવોના રહેઠાણનું રક્ષણ કરવા માટે આગામી દિવસોમાં પણ ગેરકાયદે દબાણો સામે ઝુંબેશ યથાવત રહેશે તેવો સ્પષ્ટ સંદેશ તંત્ર દ્વારા અપાયો છે. ■

# આર્થિક તંગીથી કંટાળી જૂનાગઢમાં પતિ-પત્નીએ ઝેરી દવા ગટગટાવી આયખું ટૂંકાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

જૂનાગઢ: શહેરમાં એક હૃદયદ્રાવક ઘટના બની હતી. એક દંપતીએ આર્થિક સંકડામણથી કંટાળીને ઝેરી ટીકડા પીને જીવન ટૂંકાવ્યું હતું. હાલમાં દંપતીના મોતને લઈને પરિવારજનોમાં શોકનો માહોલ વ્યાપી ગયો હતો. મળતી માહિતી મુજબ, આર્થિક સંકડામણના કારણે દંપતીએ આ પગલું ભર્યું હતું. જોકે, જીવન ટૂંકાવવાના ચોક્કસ કારણ અંગે પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. દંપતીને કયા સંજોગોમાં આર્થિક મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો અને ઘટનાની પાછળ અન્ય કોઈ કારણ હતું કે કેમ તે અંગે પણ તપાસ કરવામાં આવી રહી છે. ઝેરી ટીકડા ખાધા બાદ દંપતીની તબિયત લથડતાં તેમને સારવાર માટે હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તબીબોની સારવાર છતાં બંનેની સ્થિતિમાં સુધારો ન થતાં અંતે બંનેનું મોત થયું હતું. ઘટનાની જાણ થતાં પોલીસ પણ હૉસ્પિટલ ખાતે પહોંચી હતી અને સમગ્ર મામલે જરૂરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી હતી. પોલીસે દંપતીના મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડવાની કાર્યવાહી હાથ ધરી હતી. પોસ્ટમોર્ટમ બાદ બંનેના મૃતદેહ પરિવારજનોને સોંપવામાં આવશે. ઘટનાને લઈને પોલીસ દ્વારા પરિવારજનો તથા નજીકના લોકોની પૂછપરછ કરવામાં આવી રહી છે. તપાસ પૂર્ણ થયા બાદ જ જીવન ટૂંકાવવાના ચોક્કસ કારણ અંગે વધુ સ્પષ્ટતા થઈ શકશે. જૂનાગઢમાં બનેલી આ ઘટનાને પગલે પોલીસ દ્વારા સમગ્ર મામલે તપાસ હાથ ધરવામાં આવી છે. ઘટનાસ્થળેથી કોઈ નોંધ, અન્ય પુરાવા અથવા ઘટનાને લગતી મહત્વની માહિતી મળી છે કે કેમ તે દિશામાં પણ તપાસ કરવામાં આવી રહી છે. ■

# ભાવનગરના તળાજા, વલભીપુર અને ઉમરાળામાં અડધો ઇંચ વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર : ગોહિલવાડ પંથકમાં છેલ્લા થોડા દિવસોના વિરામ બાદ આજે ફરી એકવાર વરસાદી માહોલ જામ્યો છે. ભાવનગર જિલ્લાના તળાજા, વલભીપુર અને ઉમરાળા પંથકમાં શનિવાર બપોર પછી મેઘરાજાએ પધરામણી કરી હતી અને અડધો ઇંચ જેટલો વરસાદ ખાબક્યો હતો. ત્રણ દિવસના વિરામ બાદ ફરી વરસાદી માહોલ સર્જાતા સમગ્ર પંથકના વાતાવરણમાં મોડી સાંજે આહલાદક ઠંડક પ્રસરી ગઈ હતી, જ્યારે વિરામ બાદ પડેલા આ વરસાદથી સ્થાનિક ખેડૂતોમાં પણ ભારે રાહતની લાગણી જોવા મળી રહી છે. મળતી માહિતી મુજબ, તળાજા શહેર સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારો જેવા કે વેળાવદર, ગોરી, ત્રાપજ અને રોયલ સહિતના ગામોમાં આજે બપોર બાદ ધોધમાર વરસાદ વરસ્યો હતો. ટૂંકા સમયમાં પડેલા જોરદાર વરસાદને કારણે ગ્રામ્ય અને શહેરી વિસ્તારોના નીચાણવાળા રસ્તાઓ પર પાણી વહેતા થઈ ગયા હતા. આજે સવારે ૬ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધીના ૧૨ કલાક દરમિયાન ભાવનગર જિલ્લાના વિવિધ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ નોંધાયો છે. ■

# જામનગરમાં હોટલ-રેસ્ટોરન્ટમાંથી ૧૧૮ પેઢીના નમૂના લઈ તપાસ, 303 કિલો અખાદ્ય ચીજવસ્તુઓનો નાશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગર : મહાનગરપાલિકા કમિશનર દીપેશ કેડિયાના માર્ગદર્શન હેઠળ શહેરના નાગરિકોને હેલ્ધી અને હાઇજીનિક ફૂડ મળી રહે તે માટે ફૂડ શાખા દ્વારા હોટલ-રેસ્ટોરન્ટ તથા ફાસ્ટ ફૂડ/બેકરીમાં વપરાતા તેલ, પ્રિન્ટેડ પેક્ડ ખાદ્ય પદાર્થો તેમજ હોટલ-રેસ્ટોરન્ટમાં વપરાતા વાસી ફૂડ અંગે સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી.

મહાનગરપાલિકાની ફૂડ સેફ્ટી ઓફિસરની ટીમ દ્વારા ખોડિયાર કોલોની, દિગ્જામ સર્કલ, એસ.ટી. રોડ, સુમેર ક્લબ રોડ, દિગ્વિજય પ્લોટ, પ્રદર્શન મેદાન, ગુલાબનગર, ગાયત્રી ચોક, નવાગામ ઘેડ, સેન્ટ્રલ બેંક રોડ, હવાઈ ચોક, લાલપુર બાયપાસ, નંદનવન, ૫૮ દિગ્વિજય પ્લોટ, જોડીયા બંગલો તથા ઉદ્યોગનગર સહિતના વિવિધ વિસ્તારોમાં આવેલા હોટલ-રેસ્ટોરન્ટ, ફરાસાણ તથા બેકરીની તપાસ કરવામાં આવી હતી.

તપાસ દરમિયાન કુલ ૧૧૮ પેઢીની તપાસ કરવામાં આવી હતી. જેમાં અખાદ્ય હોવાનું જણાતા કુલ ૩૦૩ કિલો જેટલી ચીજવસ્તુઓનો સ્થળ પર નાશ કરવામાં આવ્યો હતો.

ઉપરાંત ટીપીસી ૨૫થી વધુ જણાતા ૧૦ કિલો તેલનો નાશ કરવામાં આવ્યો હતો. તેમજ ૫૯ કિલો પેકેટ પસ્તીનો પણ નાશ કરી સાફ-સફાઈ અને સ્વચ્છતાના ઉચ્ચતમ ધોરણો જાળવવા તાકીદ કરવામાં આવી હતી. ફૂડ શાખા દ્વારા કરવામાં આવેલી સમગ્ર કાર્યવાહીમાં કુલ ૧૧૮ પેઢીમાંથી ૧૬ પેઢીમાં અખાદ્ય પેકેજિંગ જણાતા કુલ રૂ. ૭૭,૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો હતો.

તપાસ દરમિયાન ટીમ સાથે રહીને કુલ ૭૨ સેમ્પલ લઈને લીકરા ખાતે તપાસ અર્થે મોકલવામાં આવ્યા છે, જ્યારે ૧૧ નમૂના વડોદરા ખાતે ટેસ્ટિંગ અર્થે મોકલવામાં આવ્યા છે. રિપોર્ટના પરિણામ આધારે એફએસએસએઆઈના નિયમો અનુસાર આગળની કાર્યવાહી કરવામાં આવશે.

મહાનગરપાલિકાની ફૂડ શાખાએ હોટલ-રેસ્ટોરન્ટ અને ખાદ્યપદાર્થોના વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓને ખાદ્ય પદાર્થોની ગુણવત્તા, સ્વચ્છતા અને સલામતીના નિયમોનું પાલન કરવા તાકીદ કરી છે. ■

# ભાવનગરના શેત્રુંજી ડેમના ૨૦ દરવાજા ખોલાયા, ૪,૮૦૦ ક્યૂસેક પાણી છોડાયું, ૧૭ ગામને અલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર : જિલ્લાના પાલિતાણા તાલુકાના રાજસ્થળી ખાતે આવેલો શેત્રુંજી ડેમ તેની પૂર્ણ સપાટીએ ભરાઈ ગયો છે. ઉપરવાસમાંથી સતત પાણીની આવક થઈ રહી હોવાથી ડેમનું રૂલ લેવલ જાળવવા માટે વહીવટી તંત્ર દ્વારા પાણી છોડવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. શેત્રુંજી ડેમના ૨૦ દરવાજા એક-એક ફૂટ (૦.૩૦ મીટર) જેટલી ઊંચાઈએ ખોલવામાં આવ્યા છે અને ડેમમાંથી નદીમાં અંદાજે ૪,૮૦૦ ક્યુસેક પાણીનો પ્રવાહ છોડવામાં આવી રહ્યો છે. ડેમમાંથી પાણી છોડવામાં આવતા નદીના પટ અને નીચાણવાળા વિસ્તારોમાં પાણીનું સ્તર વધવાની શક્યતા છે. જેને પગલે ભાવનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પાલિતાણા અને તળાજા તાલુકાના ૧૭ ગામોને હાઈ એલર્ટ કરવામાં આવ્યા છે. તંત્ર દ્વારા નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને નદીના પટમાં ન જવા, નદી-નાળા ઓળંગવાનો પ્રયાસ ન કરવા તેમજ સાવચેતી રાખવા સૂચના આપવામાં આવી છે. સ્થાનિક તંત્ર દ્વારા પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે. ■

# સુરેન્દ્રનગરમાં સંકલન બેઠકમાં લોકપ્રશ્નોના ઝડપી ઉકેલ સાથે સેવા-સ્વચ્છતા અભિયાનની કામગીરી માટે કલેક્ટરની સૂચના

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગર : જિલ્લા કલેક્ટર જી. એચ. સોલંકીના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લા સંકલન સહ ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં જિલ્લાના નાગરિકોને સ્પર્શતા વિવિધ પ્રશ્નો, લોકફરિયાદો તેમજ પ્રગતિ હેઠળના વિકાસકાર્યો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. લોકપ્રતિનિધિઓ દ્વારા રજૂ કરવામાં આવેલા વિવિધ પ્રશ્નો અંગે સંબંધિત અધિકારીઓ પાસેથી વિગતો મેળવી સમયસર નિકાલ માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

બેઠક દરમિયાન ગત સંકલન બેઠકમાં કરવામાં આવેલી સૂચનાઓના અમલની સમીક્ષા પણ કરવામાં આવી હતી. કલેક્ટરએ અધિકારીઓને લોકપ્રશ્નો પ્રત્યે સંવેદનશીલ રહીને બાકી ફરિયાદોનો સત્વરે નિકાલ કરવા તેમજ સરકારી હુકમોનું ચુસ્તપણે પાલન કરવા નિર્દેશ આપ્યો હતો.

આ ઉપરાંત આગામી ૧૭ ઓક્ટોબર સુધી યોજાનારા સેવા સંકલ્પ અભિયાન અને સ્વચ્છતા અભિયાનને સફળ બનાવવા માટે પણ વિસ્તૃત આયોજન અંગે ચર્ચા થઈ હતી. સમગ્ર જિલ્લામાં સઘન સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવા, વધુમાં વધુ જનભાગીદારી સુનિશ્ચિત કરવા તથા સેવાકીય પ્રવૃત્તિઓ અને લોકકલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના નાગરિકો સુધી પહોંચાડવા કલેક્ટરશ્રીએ સૂચના આપી હતી.

તમામ વિભાગો વચ્ચે અસરકારક સંકલન રહે, સેવા સેતુ કેમ્પોનું સુચારૂ સંચાલન થાય અને અભિયાનની કામગીરીનું દૈનિક મોનિટરિંગ કરવામાં આવે તે અંગે પણ ભાર મૂકાયો હતો. વિભાગીય અધિકારીઓ સાથેની બેઠકમાં સરકારી કર્મચારીઓના પેન્શન કેસો, ખાનગી અહેવાલોનું લેખન, તાબાની કચેરીઓનું નિરીક્ષણ, સરકારી લેણાંની બાકી વસૂલાત તથા વિવિધ અરજીઓના નિકાલ સહિતના મુદ્દાઓની સમીક્ષા કરવામાં આવી હતી.

તકેદારી આયોગની અરજીઓ, આરટીઆઈ અરજીઓ, એ.જી. ઓડિટ પેરા તેમજ કલેક્ટર કચેરી દ્વારા મોકલાયેલા પત્રોની સ્થિતિ અંગે પણ વિગતો મેળવી ઓનલાઈન ડેટા એન્ટ્રી સમયસર પૂર્ણ કરવા સૂચના આપવામાં આવી હતી. ■

ઈન્ડેન્ટ સામે માત્ર ૧૦ ટકા જથ્થો મળતો હોવાનો આક્ષેપ

# રાજકોટની સિવિલ-જનાના હૉસ્પિટલમાં દવાઓ અને સિરિંજની અછત

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ : શહેરની સિવિલ અને જનાના હોસ્પિટલમાં દવાઓ અને મેડિકલ સામગ્રીની અછત હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. હોસ્પિટલના વોર્ડમાં દર્દીઓ માટે ઉપયોગમાં લેવાતી સામાન્ય દવાઓ, જેમાં દુખાવાની તેમજ ઉલટી-ઉબકાની દવાઓનો સમાવેશ થાય છે, પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ ન હોવાની ફરિયાદો ઉઠી છે. આ ઉપરાંત સિરિંજનો જથ્થો પણ ઓછો હોવાના કારણે દર્દીઓ અને વોર્ડ સ્ટાફને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

મળતી માહિતી મુજબ, વિવિધ વોર્ડમાંથી જરૂરી દવાઓ અને મેડિકલ સામગ્રી માટે સ્ટોરમાં ઇન્ડેન્ટ મોકલવામાં આવે છે. જોકે, ઇન્ડેન્ટમાં માંગવામાં આવેલા જથ્થાની સામે માત્ર આશરે ૧૦ ટકા જેટલો જ જથ્થો આપવામાં આવતો હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. જેના કારણે વોર્ડમાં દવાઓ અને જરૂરી મેડિકલ વસ્તુઓની અછત સર્જાતી હોવાનું જાણવા મળ્યું હતું. સરકારી હોસ્પિટલમાં મોટી સંખ્યામાં ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓ સારવાર માટે આવે છે. ત્યારે સામાન્ય દવાઓ અને સિરિંજ જેવી આવશ્યક વસ્તુઓનો પૂરતો જથ્થો ઉપલબ્ધ ન હોવાના કારણે દર્દીઓ તેમજ તેમના પરિવારજનોને મુશ્કેલી પડી રહી છે. બીજી તરફ, જીએમએસએલ કોર્પોરેશન તરફથી દવાઓ અને મેડિકલ સામગ્રીનો પૂરતો સપ્લાય ન થતો હોવાના આક્ષેપો પણ બહાર આવ્યા છે. સપ્લાયમાં અછતના કારણે હોસ્પિટલના સ્ટોર અને વોર્ડ વચ્ચે પણ મુશ્કેલી ઊભી થઈ રહી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. દર્દીઓના સગા-સંબંધીઓએ જણાવ્યું હતું કે, સરકારી હોસ્પિટલમાં સારવાર માટે આવતા દર્દીઓમાં મોટાભાગના લોકો આર્થિક રીતે નબળા હોય છે. ત્યારે જો હોસ્પિટલમાં જ જરૂરી દવાઓ ઉપલબ્ધ ન હોય તો બહારથી દવા ખરીદવાનો વધારાનો ખર્ચ તેમના માટે મુશ્કેલીરૂપ બને છે. હવે સવાલ એ છે કે રાજકોટની સિવિલ અને જનાના હોસ્પિટલમાં દવાઓ તથા સિરિંજની અછત કેમ સર્જાઈ અને દર્દીઓને પૂરતો જથ્થો ક્યારે ઉપલબ્ધ થશે? હોસ્પિટલ તંત્ર અને સંબંધિત વિભાગ દ્વારા આ અંગે શું કાર્યવાહી કરવામાં આવે છે તે જોવું મહત્વપૂર્ણ રહેશે. ■

# રાજકોટમાં બ્યુટી પાર્લર સંચાલિકાનો હત્યાનો ભેદ ઉકેલાયો, યુપીના બે ભાઈએ લૂંટના ઈરાદે હત્યા કરી હતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ : શહેરના કાલાવડ રોડ પર મટુકી રેસ્ટોરન્ટ પાછળ આવેલા સીતારામ પાર્કમાં રહેણાંક મકાનમાંથી બ્યુટીપાર્લર ચલાવતી મહિલાનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી હતી. ધારદાર હથિયારથી ગળું કાપી કરાયેલી ચકચારી હત્યાનો ભેદ પોલીસે ગણતરીના દિવસોમાં ઉકેલી નાખ્યો હતો. પડોશમાં જ રહેતા અને કેટરિંગના વ્યવસાય અર્થે આવેલા ઉત્તર પ્રદેશના આગ્રાના બે સગા ભાઈઓએ જ લૂંટના ઇરાદે આ હત્યાકાંડ આચર્યો હોવાનો પર્દાફાશ થયો હતો. ક્રાઇમ બ્રાન્ચે બંને હત્યારા ભાઈઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મૂળ જૂનાગઢના વંથલી તાલુકાના મોટા કાદલીયારા ગામના વતની અને હાલ કાલાવડ રોડ પર બાપા સીતારામ પાર્ક પ્લોટ નં. ૮૩માં રહેતા ગીતાબેન કિશોરભાઈ વાંજા (ઉં.વ. ૫૫) બ્યુટી પાર્લર ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. ગત મોડીરાત્રે અજાણ્યા શખ્સોએ ઘરમાં ઘૂસી ધારદાર હથિયારના ઘા ઝીંકી તેમનું અડધું ગળું કાપી નિર્મમ હત્યા કરી નાખી હતી. આ બનાવ સંદર્ભે મૃતકના પતિ કિશોરભાઈ રવજીભાઈ વાંજાની ફરિયાદ પરથી પોલીસે અજાણ્યા શખ્સો વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

પોલીસની વિવિધ ટીમોએ મૃતકના પતિ, બંને પુત્રો આશિષ અને જીતુ, સમાજના અગ્રણી સુરેશભાઈ તેમજ આસપાસના પડોશીઓની પૂછપરછ શરૂ કરી હતી.

આ સાથે વિસ્તારના સીસીટીવી ફૂટેજ ચકાસી તપાસનો દોર આગળ વધારાયો હતો. આ દરમિયાન મૃતકની પડોશમાં રહેતા અને એક મહિના પહેલાં જ આગ્રાથી રાજકોટ કેટરિંગના કામે આવેલા બે સગા ભાઈઓની હિલચાલ શંકાસ્પદ જણાતાં પોલીસે તેમની અટકાયત કરી આગવી ઢબે પૂછપરછ હાથ ધરી હતી.

પોલીસ પૂછપરછમાં આરોપી રામનરેશ હસમુખ જાટવ અને તેના ભાઈ સની હસમુખ જાટવે સમગ્ર ગુનાની કબૂલાત કરી લીધી હતી. આરોપી રામનરેશે વતનમાં બે લાખની લોન લીધી હોય, તે ચૂકવવા માટે પૈસાની તાતી જરૂર હતી. ગત ૧૪મી તારીખે ગીતાબેન બહારથી ઘરેણાં પહેરીને ઘરે પરત આવ્યા હતા, જે આ બંને ભાઈઓએ જોઈ લીધા હતા અને તેમના ઘરમાં ચોરી કરવાનો મનસૂબો ઘડ્યો હતો. તા. ૧૬-૧૭મીની મધરાત્રે ગીતાબેન ઘરમાં એકલા હોવાની તક ઝડપી બંને ભાઈઓ રાત્રે ૨ વાગ્યે છરી લઈને ઘરમાં ઘૂસ્યા હતા. તેમણે ગીતાબેનને જગાડી પૈસાની માંગણી કરી હતી. જોકે ગીતાબેને પ્રતિકાર કરતાં આરોપીઓએ ઉશ્કેરાઈ જઈ છરીના ઘા ઝીંકી તેમનું ગળું કાપી ઘાતકી હત્યા કરી નાખી હતી. ત્યારબાદ ઘરમાંથી રોકડા રૂ. ૪૦,૦૦૦ ની લૂંટ ચલાવી બંને ફરાર થઈ ગયા હતા.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, હત્યાકાંડ આચર્યા બાદ બંને આરોપીઓએ પુરાવાનો નાશ કરવા માટે પોતાના લોહીવાળા કપડાં સળગાવી નાખ્યા હતા. પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી લીધી હતી અને હત્યામાં વપરાયેલી છરી તેમજ લૂંટ કરાયેલી રૂ. ૪૦,૦૦૦ રોકડ રકમ રિકવર કરવા માટે કાયદેસરની તજવીજ હાથ ધરી છે. ■

# પાકિસ્તાન જેલમાં મૃત્યુ પામેલા ઉનાના માછીમારનો મૃતદેહ વતન પહોંચ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ગીર સોમનાથ : પાકિસ્તાનની જેલમાં બીમારીના કારણે મૃત્યુ પામેલા ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના કોબ ગામના માછીમાર બીજલ કરશનભાઈ ભાલીયાનો મૃતદેહ કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ભારત લાવવામાં આવ્યો હતો. અમૃતસર બોર્ડર પર ફિશરીઝ વિભાગના અધિકારીઓએ મૃતદેહ સ્વીકાર્યા બાદ દિલ્હીથી વિમાન મારફતે અમદાવાદ અને ત્યાંથી એમ્બ્યુલન્સ મારફતે મોડી રાત્રે કોબ ગામે પહોંચાડવામાં આવ્યો હતો. મૃતદેહ ઘરે પહોંચતા જ પરિવારજનોમાં હૈયાફાટ રુદન સાથે સમગ્ર ગામમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો મળતી માહિતી મુજબ, બીજલભાઈનું પાકિસ્તાનની કરાચી સ્થિત હોસ્પિટલમાં સારવાર દરમિયાન તા. ૨૫ ઓગસ્ટના રોજ અવસાન થયું હોવાની માહિતી પરિવારજનોને મળી હતી. બાદમાં મૃતદેહ દિલ્હીથી અમદાવાદ એરપોર્ટ લાવવામાં આવ્યા બાદ એમ્બ્યુલન્સ મારફતે કોબ ગામે લાવવામાં આવ્યો હતો. મોડી રાત્રે આશરે ૧૩૦ વાગ્યે મૃતદેહ ઘરે પહોંચતા વાતાવરણ ગમગીન બની ગયું હતું. ■

# રાજકોટ મનપાની આવાસ યોજનામાં ફાળવણી મુદ્દે ફરી વિવાદ, જનરલ બોર્ડમાં કૉંગ્રેસે ઉઠાવ્યા સવાલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ : મહાનગરપાલિકાની આવાસ યોજનાઓને મુદ્દે છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહેલો વિવાદ શનિવારે મળેલી જનરલ બોર્ડની બેઠકમાં વધુ ઉગ્ર બન્યો હતો. આવાસના લાભાર્થીઓની પસંદગી, ક્વાર્ટરની ફાળવણી, પાત્રતા ચકાસણી અને કેટલાક લાભાર્થીઓ દ્વારા આવાસના ઉપયોગ અંગે કોંગ્રેસ દ્વારા મનપાના સત્તાધીશો અને તંત્ર સામે ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા હતા. કોંગ્રેસ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, જરૂરિયાતમંદ અને ઘરવિહોણા લોકો માટે બનાવવામાં આવેલી આવાસ યોજનામાં નિયમોનું પાલન થયું છે કે નહીં તેની તપાસ જરૂરી છે. ખાસ કરીને કેટલાક રાજકીય પદાધિકારીઓ અને કોર્પોરેટરો સાથે સંકળાયેલા નામો આવાસની ફાળવણીમાં બહાર આવતા સમગ્ર પ્રક્રિયાની પારદર્શિતા સામે સવાલો ઉભા થયા છે. કોંગ્રેસે એવો આક્ષેપ કર્યો હતો કે લાભાર્થીઓની યાદી તૈયાર કરતી વખતે દસ્તાવેજોની ચકાસણીમાં બેદરકારી થઈ છે અથવા તો કોઈ સ્તરે મિલીભગત થઈ હોવાની આશંકા છે. ટેબલ નીચેથી વહીવટ કરી લાભાર્થીઓની યાદીમાં ગેરરીતિ આચરાઈ હોય તો સમગ્ર આવાસ ફાળવણીની પ્રક્રિયાની નિષ્પક્ષ તપાસ થવી જોઈએ તેવી માંગ પણ કોંગ્રેસ દ્વારા કરવામાં આવી હતી.

આ સમગ્ર મામલામાં મહત્વની બાબત એ છે કે સપ્ટેમ્બર મહિનાની શરૂઆતમાં રાજકોટ મનપા દ્વારા કરાયેલા આવાસના ડ્રોમાં ૧૬૫ લાભાર્થીઓને આવાસ ફાળવાયા બાદ ગેરરીતિની આશંકા ઊભી થતાં ડ્રો રદ કરવામાં આવ્યો હતો. અહેવાલો મુજબ, ફાળવણીમાં ગોલમાલ અથવા આર્થિક વ્યવહારની આશંકાને પગલે આ નિર્ણય લેવાયો હતો.

અત્રે ઉલ્લેખનીય છેકે, તાજેતરમાં ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણીના નામે આવાસ હોવાના મુદ્દે આક્ષેપો થઈ રહ્યા છે. મીડિયા અહેવાલ મુજબ નટરાજનગરની આવાસ યોજનાના એક ફ્લેટ સાથે તેમનું નામ જોડાયું છે અને હાલ ત્યાં અન્ય વ્યક્તિ રહેતી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. તે વ્યક્તિએ આ આવાસ રૂ.૬ લાખમાં ખરીદ્યો હોવાનો દાવો પણ કર્યો છે. આ દાવાની સત્તાવાર દસ્તાવેજી પુષ્ટિ થવી હજુ જરૂરી છે. ■

# નેપાળની પૂર હોનારતમાં સંપર્કવિહોણા બનેલા જાફરાબાદના ગોમતીદાસ બાપુ હેમખેમ પરત ફર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમરેલી : જિલ્લાના જાફરાબાદ તાલુકાના ખંઢેરા હનુમાનજી મંદિરના મહંત કમત્રપ્રસાદ બાબુલાલ ઉર્ફે ગોમતીદાસ બાપુ નેપાળમાં સર્જાયેલી પૂર હોનારત દરમિયાન સંપર્કવિહોણા બન્યા બાદ આખરે હેમખેમ જાફરાબાદ પરત ફર્યા હતા. લાંબા સમય સુધી બાપુનો સંપર્ક ન થતાં સેવકગણ, સાધુ સમાજ તેમજ ભક્તોમાં ચિંતાની લાગણી વ્યાપી હતી. જોકે, ગોમતીદાસ બાપુ સુરક્ષિત પરત ફરતા સમગ્ર પંથકમાં હર્ષની લાગણી છવાઈ છે. પ્રાપ્ત વિગતો મુજબ ગોમતીદાસ બાપુ ૧૦ સપ્ટેમ્બરના રોજ સાધુ સમાજના સંતો સાથે અયોધ્યાથી નેપાળની યાત્રાએ ગયા હતા. નેપાળમાં પૂર જેવી કુદરતી હોનારત સર્જાયા બાદ અનેક વિસ્તારોમાં જનજીવન પ્રભાવિત થયું હતું. આ દરમિયાન ગોમતીદાસ બાપુનો પરિવારજનો, સેવકો અને ભક્તો સાથેનો સંપર્ક તૂટી ગયો હતો. પરિણામે તેમના સ્વજનો અને ભક્તોમાં ચિંતા વધુ ઘેરી બની હતી. નેપાળમાં પૂર હોનારત બાદ સંપર્કવિહોણા બનેલા લોકો અંગે તૈયાર કરવામાં આવેલી સત્તાવાર યાદીમાં ગોમતીદાસ બાપુનું નામ ૨૦મા ક્રમે નોંધાયું હોવાનું બહાર આવ્યું હતું. આ સમાચારને પગલે જાફરાબાદ અને આસપાસના વિસ્તારમાં તેમના ભક્તોમાં ચિંતાનો માહોલ સર્જાયો હતો. બાપુ સલામત હશે કે નહીં તે અંગે સેવકો અને ભક્તો સતત માહિતી મેળવવાનો પ્રયાસ કરી રહ્યા હતા. દરમિયાન ગોમતીદાસ બાપુ નેપાળની યાત્રા પૂર્ણ કરીને સુરક્ષિત રીતે પરત ફર્યા હોવાની માહિતી મળતાં જ ભક્તોમાં રાહતની લાગણી પ્રસરી હતી. ગોમતીદાસ બાપુ જાફરાબાદ પરત ફરતા તેમના અનુયાયીઓ અને ભક્તો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. ■

# કચ્છની ૧૨ શૈક્ષણિક છાત્રાલયોમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગનું મેગા ચેકિંગ, ૧૦ જેટલા શંકાસ્પદ નમૂના સીલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ : રાજ્ય સરકારના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા વિદ્યાર્થીઓના આરોગ્ય અને ભોજનની ગુણવત્તાને ધ્યાને રાખીને કચ્છ જિલ્લાની ૧૨ જેટલી જાણીતી શૈક્ષણિક હોસ્ટેલોમાં વ્યાપક આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી છે. ફૂડ સેફ્ટી ઓફિસરની ટુકડીએ અચાનક દરોડા પાડી રસોડાંની સ્વચ્છતાની સમીક્ષા કરી ૧૦ જેટલા ખાદ્ય પદાર્થોના સેમ્પલ મેળવી પૃથક્કરણ અર્થે લેબોરેટરીમાં મોકલી આપ્યા છે.

મળતી માહિતી મુજબ, ફૂડ સેફ્ટી ઓફિસર એમ. એમ. પટેલના નેતૃત્વમાં રચાયેલી ટુકડીએ કચ્છ યુનિવર્સિટી પરિસર સ્થિત અન્નપૂર્ણા ભવન, ભુજની સરકારી બોયઝ હોસ્ટેલ, જી.કે. જનરલ સંલગ્ન અદાણી મેડિકલ કોલેજ હોસ્ટેલ, લેવા પટેલ બોર્ડિંગ (ભચાઉ) તેમજ માંડવી સ્થિત વીરાયતન વિદ્યાપીઠ સહિત કુલ ૧૨ છાત્રાલયોની મેસ અને કિચનમાં સઘન સરપ્રાઇઝ ચેકિંગ હાથ ધર્યું હતું. આ દરમિયાન વપરાતા તેલ, મસાલા, અનાજ તેમજ તૈયાર ભોજન સહિતના ૧૦ જેટલા શંકાસ્પદ નમૂના સીલ કરવામાં આવ્યા હતા.

તપાસ દરમિયાન મેસના રસોઇયા તેમજ ભોજન પીરસતા તમામ કર્મચારીઓ માટે માથા પર કેપ/ટોપી, હાથમાં સર્જિકલ ગ્લોવ્ઝ અને સ્વચ્છ એપ્રોન પહેરવા સહિતના ફૂડ સેફ્ટીના અનિવાર્ય નિયમોના પાલનની ચકાસણી કરવામાં આવી હતી. અધિકારીઓએ છાત્રાલય સંચાલકોને પીવાના કે રસોઈના શુદ્ધ પાણીનો જ ઉપયોગ કરવા, રાસાયણિક કે કૃત્રિમ રંગોનો ઉપયોગ સંપૂર્ણપણે ટાળવા તેમજ વાસી, સડેલાં શાકભાજી કે ખુલ્લી ચટણીઓ ન પીરસવા સ્પષ્ટ અને કડક તાકીદ કરી હતી.

તંત્ર દ્વારા જારી કરાયેલી સત્તાવાર યાદીમાં સ્પષ્ટ જણાવાયું છે કે, વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા કોઈપણ તત્વોને બક્ષવામાં નહીં આવે. આગામી દિવસોમાં પણ આ પ્રકારની આકસ્મિક તપાસ ડ્રાઇવ સમગ્ર જિલ્લામાં ચાલુ રહેશે અને જો પ્રયોગશાળાના અહેવાલમાં કોઈ ક્ષતિ જણાશે કે નિયમોનો ઉલાળિયો થયેલો માલૂમ પડશે, તો સંબંધિત છાત્રાલય મેસ સંચાલકો સામે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડડ્ર્સ એક્ટ હેઠળ કડક ફોજદારી અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ■

# કચ્છમાં ચાલુ વર્ષે સર્પદંશના ૩૦૨ કિસ્સા નોંધાયા, ભુજ તાલુકામાં સૌથી વધુ કેસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છ જિલ્લામાં ઉનાળાની આકરી ગરમીમાં જમીન તપવાથી અને ત્યારબાદ ચોમાસાની ઋતુમાં દરોમાં વરસાદી પાણી ભરાઈ જવાના કારણે બહાર નીકળતા ઝેરી-બિનઝેરી સાપોના કરડવાના બનાવોમાં નોંધપાત્ર વધારો થયો છે. ચાલુ વર્ષ દરમિયાન જિલ્લાભરમાં સર્પદંશના કુલ ૩૦૨ કિસ્સા ચોપડે નોંધાયા છે. જોકે, રાહતની બાબત એ છે કે, આરોગ્ય તંત્રની સમયસરની સારવારના પગલે એક પણ દર્દીનું મોત નીપજ્યું નથી. સર્પદંશના મોટાભાગના બનાવો ગ્રામીણ વિસ્તારો અને વાડી-ખેતરોમાં મજૂરીકામ કરતા ખેતમજૂરો અને શ્રમિકો સાથે બન્યા હોવાનું સામે આવ્યું છે. જિલ્લા આરોગ્ય વિભાગના આંકડા અનુસાર, કચ્છમાં સૌથી વધુ ૧૬૧ કેસ એકલા ભુજ તાલુકામાં નોંધાયા છે, જ્યારે સૌથી ઓછો માત્ર ૧ કિસ્સો સરહદી લખપત તાલુકામાં સામે આવ્યો છે. અન્ય વિસ્તારોની વાત કરીએ તો ગાંધીધામ મહાનગરપાલિકા વિસ્તારમાં ૩૩, ભચાઉ તાલુકામાં ૨૮, માંડવીમાં ૨૨, અબડાસામાં ૧૯, નખત્રાણામાં ૧૮, અંજારમાં ૧૫, રાપરમાં ૩ અને મુંદરા તાલુકામાં ૨ વ્યક્તિ સર્પદંશનો ભોગ બન્યા હતા.

જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. કેશવકુમાર સિંઘે વિગતો આપતાં જણાવ્યું હતું કે, જિલ્લાની તમામ સરકારી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો, સબ-ડિસ્ટ્રિક્ટ અને ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલોમાં સાપના ઝેર સામે રક્ષણ આપતાં એન્ટિ સ્નેક વેનમ ઇન્જેક્શનનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ રાખવામાં આવ્યો છે. ■